શ્રી વિશ્વવંદ્યવિચારરત્નાકર

પ્રથમ રાશિ

રચનાર :

શ્રી વિશ્વવંદ્ય

શ્રી છોટાલાલ જીવનલાલ)

પ્રસિદ્ધ કરનાર:

શ્રી ઉપેન્દ્રભગવત્સ્મારક પ્રવૃત્તિપ્રવર્તક

શ્રેયસ્સાધકો

શ્રીમદ્ ઉપેન્દ્રભગવત્સ્મારક ગ્રંથાવલિ, ગ્રંથાંક : ૪૫

શ્રી વિશ્વવંદ્યવિચારરત્નાકર

પ્રથમ રાશિ

•

રચનાર :

શ્રી વિશ્વવંદ્ય

(શ્રી છોટાલાલ જીવનલાલ)

પ્રસિદ્ધ કરનાર :

શ્રી ઉપેન્દ્રભગવત્સ્મારક પ્રવૃત્તિપ્રવર્તક

શ્રેયસ્સાધકો

: પ્રથમ આવૃત્તિ :
મૂલ્ય રૂા. ૨-૧૨-૦
સર્વાધિકાર સ્વાધીન

: પ્રકાશક :
ચીમનલાલ રાધેકૃષ્ણ ત્રિવેદી
મુદ્રણસ્થાન :
અરુણ પ્રિન્ટરી. નવાબજાર,
વ ડો દ રા.
તા. ૫-૩-૧૯૪૮

પ્રાસ્તાવિક ઉલ્લેખ

શ્રી **મહાકાલ** માસિકના તંત્રી **શ્રી છોટાલાલ જીવનલાલ** એક **તત્ત્વવિદ્** મહાપુરુષ હતા, અને **યોગિનીકુમારીની** અદ્ભુત રસભરીવાર્તા અને તેમના વિવિધ બોધપ્રદ લેખોપ્રતિ સમગ્ર ગુજરાતની જનતાનું પ્રબલ આકર્ષણ હતું એ સર્વવિદિત છે. માત્ર તત્ત્વવિદ્યાના જ નહિ પરંતુ મનુષ્ય જીવનને ઉન્નત કરવામાં અત્યંત ઉપયોગી થાય તેવી સર્વ વિદ્યાકલાના વિષયો **મહાકાલ** માસિકમાં પ્રતિમાસ તેમની રસભરી લેખિનીથી લખાતા, અને ગુજરાતની જનતા તેમના લેખો માટે ગ્રીષ્મથી તપેલા જેમ વર્ષાની રાહ જુએ તેમ એક માસ વીતતાં તો અત્યંત આતુરતાપૂર્વક રાહ જોતી. ગુજરાતી ભાષાને સુંદર, સરળ, અર્થઘન અને રસમય શૈલીથી અલંકૃત કરવાનું કાર્ય આરંભમાં તેમણે જ કરેલું છે, એ સાક્ષરવર શ્રીયુત **ર. વ. દેશાઈ** જ નહિ પરંતુ અનેક વિદ્વાનો આજે સ્વીકારતા થયા છે. તેઓશ્રીની લેખિનીનો આ પ્રભાવ પ્રધાનપણે સંવત્ ૧૯૬૦પછી વધારે અનુભવમાં આવ્યો છે. શ્રી **મહાકાલ** માસિકપ્રતિ તે પછી સંસ્કારી જનતાનું અત્યંત પ્રબલ આકર્ષણ થયું છે. **યોગિનીકુમારીની** કથાનો આરંભ ત્યારથી જ થયો છે અને તદુપરાંત અનેક ચમત્કૃતિપૂર્ણ લેખો લખાયા છે. આ રીતે આરોગ્યશાસ્ત્ર, વિજ્ઞાન, રસશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને વિદ્યાકલાની અનેક શાખાઓમાં વિવિધ લેખોથી ગુજરાતી સાહિત્યને તેમણે એટલું સમૃદ્ધ કર્યું છે કે આવી અનેક શાખાઓમાં ઉન્નતિ કરનાર સાહિત્ય-સર્જક તરીકે તેમનું સ્થાન અદ્વિતીય છે. પ્રત્યેક વિષયને ચર્ચવાની તેમની સરળ શૈલી અને વિષયનું સર્વદેશી સ્પષ્ટીકરણ, ગહન વિષયોમાં પણ સામાન્ય મતિને પ્રબુદ્ધ કરવા સમર્થ છે.

તેઓશ્રીની લેખિનીનો પ્રભાવ ચમત્કારિક છે! એમના શબ્દો ચૈતન્યથી ભરેલા છે. તે જડમાં પણ પ્રાણ પૂરવા સમર્થ છે. દુઃખીને સુખાનુભવમાં રમતમાં મૂકી દે છે. શોકાતુરને ક્ષણમાં હસતો કરે છે, માંદાને આરોગ્યના માર્ગે ચઢાવી દે છે! આવી અસાધારણ શક્તિશાળી તેમની લેખિની! એમના લેખો વાંચવા કોણ આતુર ન હોય? જેણે **મહાકાલ** માસિક વાંચ્યાં છે, તે તો નિત્ય ઝંખી રહ્યા છે: **શ્રીમન્ માસ્તર સાહેબ** (**શ્રીમાન્ છો. જી.**) નું સર્વ સાહિત્ય એકત્રિત ગદ્યરૂપે પ્રકટ થવું જ જોઈએ. સંવત્ ૧૯૬૮ના માર્ગશીર્ષ કૃષ્ણ૦ ૫મીએ તેઓશ્રીના દેહવિલયપછી, **શ્રીમદ્ ઉપેન્દ્ર ભગવાન્** પ્રતિ, અનેક સજ્જનો, સંભાવિત, પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ તે માટે વિજ્ઞપ્તિ કરી છે. સંયોગો-

વશાત્ અદ્યાપિ તે કાર્ય થઈ શક્યું નહિ! આજે થાય છે, તેમાં કોઈ વિલક્ષણ સંકેત દૃષ્ટિએ આવે છે! શ્રેયસ્સાધકઅધિકારિવર્ગની સંયમના માર્ગે બહુ ત્વરિત પ્રગતિ થાય અને નિઃશ્રેયસ્‌ની સત્વર સિદ્ધિ સધાય, તેમાટે સંવત્ ૧૯૫૬ (ઈ. સ. ૧૯૦૦)થી એમની પ્રેરણાથી શ્રેયસ્સાધકવર્ગ **શ્રી સાધનસમારંભ** નામનો ઉત્સવ પ્રતિવર્ષ ફાલ્ગુન શુક્લ૦ પૂર્ણિમા (હોલિકા)થી આરંભી સાત દિવસપર્યંત પાલન કરે છે! આ ઉત્સવના એ આદ્યદ્રષ્ટા છે! એ ઉત્સવ તેઓશ્રીના સ્મારકરૂપે પણ શ્રી **વિશ્વવંદ્ય**-ઉદ્યાનમાં સંવત્ ૧૯૬૮ના વૈશાખ માસમાં વિશેષઉત્સવરૂપે ઊજવવામાં આવ્યો હતો. આ ઉત્સવને આ વર્ષે ૫૦ વર્ષ થાય છે. સાધનસમારંભનો વસ્તુતઃ આ સુવર્ણમહોત્સવ છે. પૂ. **શ્રીમતી જયંતીદેવી**ના ભગવત્સ્વરૂપમાં શમનના કારણથી તેમ જ અન્ય પરિસ્થિતિ પણ અનુકૂળ ન જણાવાથી આ વર્ષે તે ઉત્સવ વિશેષરૂપે ઊજવવા વિચાર છતાં તે કાર્ય બંધ રાખવું પડે છે તેથી થતા અસંતોષમાં પણ એક સંતોષનું કારણ મળે છે કે એ ઉત્સવના આદ્યદ્રષ્ટા **શ્રીમાન્ વિશ્વવંદ્ય–શ્રીમન્ માસ્તર સાહેબ**ના લેખોના સંગ્રહનું પ્રથમ પુસ્તક આ પ્રસંગે પ્રકટ કરવાનો સુયોગ પ્રાપ્ત થાય છે!

તેમના લેખોનો સંગ્રહ '**વિશ્વવંદ્યવિચારરત્નાકર**' એ નામથી પ્રસિદ્ધ કરવાનું ઉચિત લાગ્યું છે. વિશ્વવંદ્ય સંજ્ઞાદ્વારા શ્રેયસાધકઅધિકારિવર્ગના સંસ્થાપક **શ્રીમન્ નૃસિંહાચાર્યજી**એ તેમના ભૌતિક તનુના સંકેતને સ્પષ્ટ કરેલો છે અને સાથે સાથે તેમના આધ્યાત્મિક જીવનની ઉચ્ચ કક્ષાની લક્ષણા કરાવી છે. મનુષ્યનું અંતઃકરણ ભક્તિજ્ઞાનના સંસ્કારોથી પલટાઈ નવીન રૂપ ધારણ કરે છે. આ તેનો નૂતન જન્મ છે. પાશ્ચાત્ય તત્ત્વચિંતકો પણ આ આધ્યાત્મિક પુનર્જન્મ (Spiritual rebirth)ને સ્વીકારે છે. અને એ નવીન દેહની લક્ષણા કરાવવા કેટલાંક ગૂઢવિદ્યાની ઉપાસનાઅર્થે સ્થપાયેલ મંડળોમાં દીક્ષાસમયે નવીન નામની સંજ્ઞા આપે છે. જર્મન લેખક કેરેલ વેનફરટર (Karel weinfarter) 'Man's Highest Purpose' (મનુષ્યનું સર્વોત્તમ ધ્યેય) એ નામના પુસ્તકમાં જણાવે છે કે આવાં નામમાં વિશેષ મહત્ત્વ નથી; પરંતુ એ નામ જ્યારે અંતરાત્મારૂપ ગુરુ સ્ફુરાવે છે ત્યારે તે વિશેષ મહત્ત્વપૂર્ણ હોય છે, અને તે મનુષ્યની ઉચ્ચ કક્ષાનું દ્યોતક થઈ રહે છે. કૅથલિક ધર્મ વગેરેમાં દીક્ષા વખતે અપાતાં નામસંબંધમાં સ્પષ્ટતા કરતાં તે જણાવે છે:

These names are meaningless, while the name given by God contains that sacred magical power, which at

the same time expresses the inner individuality of the mystical student. ભાવાર્થ–આ જે નામ આપવામાં આવે છે તેનો કંઈ અર્થ નથી. પરંતુ અંતર્યામી ઈશ્વર જે નામ તેનામાં સ્ફુરાવે છે તેમાં ચમત્કારિક સામર્થ્ય રહેલું હોય છે અને તે નામ તે અધ્યાત્મવિદ્યાના ઉપાસકના આંતર-જીવનને સ્પષ્ટ કરે છે. આગળ જણાવે છે: The imparting of a new name means the transformation of the mystic into a new man. This name is impressed upon the mystic with the divine stamp and remains fixed for ever on his soul. નવા નામની સંજ્ઞા ઉપાસકના જીવનના પરિવર્તનની સૂચક છે. આ સંજ્ઞા એના ઉપર દૈવી મુદ્રારૂપે અંકિત થાય છે અને તેના આત્માઉપર સ્થાયી સ્થપાઈ રહે છે.

શ્રીમન્ નૃસિંહાચાર્યજીની રચેલી સ્તુતિ જે પુષ્પાંજલિ રૂપે ગાવામાં આવે છે તેમાં 'મુદ્રા તપાવી અતિ સદ્ય નૃસિંહ ચાંપો' એ પંક્તિ છે, તેમાં આ દૈવી મુદ્રાનું જ સૂચન સ્પષ્ટ થાય છે.

આ નૂતન દેહનો જન્મ શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવા મહાપુરુષયોગ-દૃષ્ટિથી જોઈ શકે છે. 'શું આ આંખે ઈશ્વરનું દર્શન થઈ શકે છે?' એવા એક શિષ્યને ઉત્તર આપતાં એ મહાપુરુષ જણાવે છે: "સ્થૂલ નેત્રોવડે તેને જોઇ શકાતો નથી. સાધનભજન કરતાં કરતાં એક પ્રકારનો પ્રેમનો દેહ ઘડાય છે. તેનાં નેત્ર, તેના કાન, સર્વ પ્રેમનાં બનેલાં હોય છે. એ નેત્રવડે ઈશ્વરને જોઇ શકાય છે–એ કાનવડે તેની વાણી સંભળાય છે..."

દિવ્યદૃષ્ટિથી શ્રીમન્નૃસિંહાચાર્યજીએ શ્રીમન્ માસ્તર સાહેબને અર્પેલી સંજ્ઞા આ પ્રમાણે અત્યંત અર્થસૂચક છે અને તે સંપૂર્ણ ચરિતાર્થ થયેલી અનુભવમાં આવેલી હોવાથી શ્રેયસ્સાધકો શ્રી વિશ્વવંદ્યના નામથી જ તેમના વિષેનો સર્વ વ્યવહાર કરે છે અને તેમના લેખોનો સંગ્રહ એ નામસંજ્ઞાથી યુક્ત કરી ઉપર જણાવ્યું તે નામથી પ્રસિદ્ધ કરવાની યોજના વિચારી છે. શ્રેયસ્સા-ધકોને તો આ વસ્તુ સ્પષ્ટ છે પરંતુ તટસ્થ જનતાને માટે આ સ્પષ્ટીકરણની અગત્ય સ્વીકારી છે.

તેઓશ્રીના સર્વ લેખો એક જ ગ્રંથરૂપે પ્રસિદ્ધ કરવાનુ અનેક રીતે અનુકૂલ પડે તેમ નથી અને તેથી વિભાગરૂપે પ્રકટ કરવામાં આવશે. આ પ્રથમ વિભાગ એ રત્નાકર–રત્નની ખાણમાંનો પ્રથમ રાશિ–સમૂહ છે. આ પ્રથમ રાશિમાં મુખ્ય બે લેખો પ્રસિદ્ધ થાય છે. **સુખનાં સરળ સાધનો** અને **વિચારરત્નરાશિ.**

સુખનાં સરળ સાધનો

સુખ એ પ્રાણીમાત્રની ઇચ્છાનો વિષય છે. એ સુખની પ્રાપ્તિમાટે જ જીવનભર તે પ્રયત્ન કરતો રહે છે, છતાં સુખ તેનાથી દૂર ને દૂર જતું તેને ભાસે છે. સુખરૂપ એક સુંદર ફલ છે. પરંતુ જે તરુઉપર તે રહેલું છે તે તરુ બહુ જ ચમત્કારિક છે. સુખની પ્રાપ્તિ માટે–તે સુંદર મોહક ફલને લેવાને માટે તે જ્યાં હાથ લંબાવે છે ત્યાં તે તરુવર પણ ઊંચું જતું જાય છે. પરિણામે તે ફલ તેને પ્રાપ્ત થતું નથી. અંતે નિરાશામાં તેનું આયુષ્ય પૂર્ણ થાય છે. આમ થવામાં તે ફલની પ્રાપ્તિ માટે કોઈ અપૂર્વ શક્તિ–સામર્થ્યની તેને જરૂર છે. એ સામર્થ્ય પ્રાપ્ત થતાં તે સુંદર ફલ તેને સહજમાં હસ્તગત થાય છે. આ શક્તિ–સામર્થ્ય તે **અધ્યાત્મશક્તિ** છે. તે સામર્થ્યનું મૂલ પરમતત્ત્વ **પરમાત્મા** છે. તેમાંથી એ સામર્થ્ય પ્રાપ્ત થતાં મનુષ્ય સુખસ્વરૂપ થઈ રહે છે. આ પરમતત્ત્વમાંથી એ સામર્થ્ય પ્રાપ્ત કરવાનાં સરળ સાધનો જો મનુષ્યને પ્રાપ્ત થાય તો તે બહુ સરળતાથી આ અદ્ભુત ફલને પ્રાપ્ત કરી શકે. આવાં સરળ સાધનો દર્શાવવાનો **શ્રીમાન્ વિશ્વવંદ્યનો** પ્રયત્ન છે. તેમના અંતઃકરણમાં એક જ ઊર્મિ પ્રબળપણે ઉછાળા મારતી: 'મનુષ્ય પોતાની આધ્યાત્મિક, માનસિક, શારીરિક અને આર્થિક ઉન્નતિના શિખરે ચઢી અત્યંત ઉત્કૃષ્ટ સુખાનુભવમાં અખંડ સ્થિતિ કરે, તે માટે તેને બહુ સરળ રાજમાર્ગ ઉપર ચઢાવી દેવો જોઈએ.' આવા રાજમાર્ગની શોધ માટે નિરંતર તેમની જિજ્ઞાસા રહેતી અને એના પરિણામે એમના અંતર્યામી ઈશ્વરને પ્રાર્થતાં–જે ઈશ્વર એમના પ્રેમદેહની કે જ્ઞાનદેહની દિવ્યદૃષ્ટિને પ્રત્યક્ષ હતા તેમને પ્રાર્થતાં જે સુંદર વિચારશ્રેણી તેમને અંતરમાં સ્ફુરેલી છે તે જ આલેખવાનો પ્રયત્ન કર્યો છે એ પુસ્તકના આરંભમાં જ વાચકને જણાશે.

આપણાં શાસ્ત્રો તો ડિંડિમ વગાડીને કહે છે: **પરમાત્મા આનંદઘન–સુખઘન** છે. તેમાં તન્મયતા થતાં મનુષ્ય અવર્ણનીય આનંદોપભોગ કરવા સુભાગી થાય છે. તે જ પ્રમાણે બાઇબલ પણ કહે છે:–Seek ye first the kingdom of God, and all these things shall be added unto you. પ્રથમ પરમેશ્વરનું પદ પ્રાપ્ત કરો અને પછી ઇહપરલોકનાં સર્વસુખ તમારા માટે જ છે! બંધુઓ, આ અચલ સિદ્ધાંત છે. **શ્રીમાન્ વિશ્વવંદ્યની** લેખિની તમને એ અદ્ભુત સુખના સિંધુમાં નિમજ્જન કરવાની અનેક સરળ યુક્તિઓ આપવા સમર્થ હતી. પરંતુ આ ગ્રંથ શ્રી **મહાકાલ** માસિકના છએક અંકમાં જ પ્રકટ થઈ પછી અપૂર્ણ રહ્યો છે તેથી નિરાશ

થવાની અગત્ય નથી. જે ચાળીશેક પૃષ્ઠ પ્રસિદ્ધ થયેલાં છે તેમાં પણ પરમાત્માના સ્વરૂપને એવું સુંદર અને સરળપણે તેમણે સ્પષ્ટ દર્શાવવા પ્રયત્ન કર્યો છે કે તમે જો બુદ્ધિપૂર્વક સ્થિરતાથી તેને અવલોકશો તો પરમાત્મા જે તમને અત્યારે અત્યંત દૂર દૂર ભાસે છે, તે પરમાત્મા તમને નિકટમાં નિકટ, તમારા હૃદયમાં, પ્રત્યક્ષ દેખાવા માંડશે !

આ ઉપરાંત એ પરમાત્માના અનુભવ માટે એક સુંદર ભાવના તેમાં બતાવેલી છે. એ ભાવના જેમ જેમ તમે શાંતિથી, ધૈર્યથી, એકાગ્રતાથી, અન્ય ચિંતનો ત્યાગીને કરતા જશો તેમ તેમ તમે એ પરમાત્માના સ્વરૂપમાં તન્મયતા અનુભવતા જશો. અને જેમ જેમ એ અનુભવની કલા વૃદ્ધિંગત થતી જશે તેમ તેમ તમે સુખની ઉત્કૃષ્ટ–ઉત્કૃષ્ટતર કલાને અનુભવતા જશો.

સુખને–અવિચલ સુખને પામવાનો આ જ રાજમાર્ગ છે. એ રાજયોગ છે. એક જ ચાવી સુખના અમૂલ્ય રત્નના ભંડારને ખોલી દેશે. વાંચો–વિચારો, અભ્યાસમાં જોડાઓ–નૈરંતર્યપૂર્વક અભ્યાસ કરો. ફલ ઈશ્વર આપ્યા વિના રહેનાર નથી.

વિચારરત્નરાશિ

પ્રિય સુહૃદ્ ! સુહૃદ્ શબ્દનો અર્થ જાણો છો ? મિત્ર ખરો, પણ મિત્ર એટલે ? જેનું હૃદય સુ અર્થાત્ શોભન છે, સુંદર છે તે. તમે શુદ્ધ સંસ્કારી, વિશુદ્ધ પ્રેમાત્મા છો જાણી તમને સંબોધી આ સુંદર, મૂલ્યવાન નહિ પણ અમૂલ્ય, રત્નરાશિ માટે કહેવા વૃત્તિ પ્રેરાય છે. જગત્ આખું ઐશ્વર્ય, વિભૂતિને ઇચ્છે છે. પૃથ્વીપટ-ઉપરની ખાણોનાં રત્નો–વાસ્તવ દૃષ્ટિએ પથ્થર–સંગ્રહવા યત્ન કરે છે ! હીરા, માણેક, નીલમ, પન્ના વગેરેનો સંગ્રહ જેમ વિશેષ તેમ પોતાને મનુષ્ય સુખી માને છે. પરંતુ આવા મૂલ્યવાન રત્નોના ભંડારભરેલા ઘરમાં મનુષ્યો પરમ સુખાનુભવી છે, એમ શું તમારી વૃત્તિ સ્વીકારે છે ? દુ:ખ, વ્યાધિ, મૃત્યુ, હર્ષ, ભય, શોકના પ્રસંગોએ તેમને આ રત્ન–ભંડારોની મધ્યમાં પારાવાર દુ:ખમાં ડૂબેલા નથી જોતા ? શાથી ? આ રત્નો સાચાં રત્નો નથી–પથ્થર છે ! પરંતુ વિચારન જે અમૂલ્ય રત્નો આ સુંદર ગ્રંથમાં ભરેલાં છે, તેમાથી એકએક રત્ન પણ જો તમે ધારણ કરશો તો તમારા ઐશ્વર્યનો પ્રકાશ એવો વિસ્તરશે કે તમને તેનાથી આશ્ચર્ય ઉત્પન્ન થયા વિના નહિ રહે ! આ એકએક વિચાર રત્ન નથી–ચિંતામણિ છે. તેના વડે તમે રત્નોના ભંડારના ભંડાર તમારે સ્વાધીન કરી શકો છો. **જગતનું સામ્રાજ્ય નહિ. વિશ્વનું સામ્રાજ્ય ખરીદ કરી શકો છો.**

જુઓ **શ્રીમાન્ ગાંધીજીએ** એક જ અહિંસા-અથવા વિશુદ્ધ પ્રેમના એ ચમત્કારિક બલવડે મહાભયંકર શસ્ત્રાસ્ત્રોઉપર પણ વિજય મેળવ્યો છે એ તો તમે પ્રત્યક્ષ જોયું ને? સત્ય, પ્રેમ, શ્રદ્ધા, અને આત્મવિચારનાં અણમૂલાં આવાં અનેક રત્નો આ રત્નરાશિમાં ભરેલાં છે. તે રત્નો ધારણ કરતાં તમે જગત્ના મહાન પુરુષના પદને પ્રાપ્ત કરવા સમર્થ થશો એ નિર્વિવાદ છે. એ ધારણ કરવાની કલા છે. તે કલા આ સુંદર ગ્રંથ તમને સ્વાધીન કરશે.

ધારણ કરવાનો અર્થ જાણો છો? તમારા **જીવનમય** બનાવવાં. એ એક વિચાર તમારા જીવનના તારેતારમાં વણાઈ જાય એ જ તેને ધારણ કર્યો કહી શકાય. **શ્રી ગાંધીજીના** જીવનના એકેએક પ્રસંગમાં અહિંસાત્મક નહિ એવું વર્તન કદી તમે જોયું છે? એનું નામ એ વિચારરત્ન ધારણ કર્યું કહી શકાય!

આ ગ્રંથ આ રીતે છૂટાં અમૂલ્ય રત્નોનો સમૂહ છે. એક સળંગ શાસ્ત્રીય પ્રક્રિયાનો આ **ગ્રંથ નથી. પરંતુ** શાસ્ત્રીય **વિચારશ્રેણીથી** ભરેલા ગ્રંથો તો વાચકને શબ્દજાલમાં એવા ગૂંચવી નાંખે છે કે તેમાથી **મુક્ત** થઈ મનુષ્ય પોતાના કર્તવ્યની દિશામાં પ્રયાણ કરી શકતો જ નથી. એટલા જ માટે **ભગવાન્ શંકરાચાર્ય** જેવાએ પણ કહ્યું છે:

शब्दजालं महारण्यम् चित्तविभ्रमकारकम् ।
अतः प्रयत्नात् ज्ञातव्यं तत्त्वज्ञात् तत्त्वमात्मनः ॥

શબ્દજાલ મહા અરણ્ય જેવી છે. ચિત્તને ભ્રમિત કરનારી છે. **આત્મતત્ત્વનું** જ્ઞાન તેથી આત્મદર્શી તત્ત્વજ્ઞ પુરુષો પાસેથી જ પ્રયત્નવડે જાણી લેવું જોઈએ.

પ્રિયબંધુ! આ સુંદર **વિચારો** અધ્યાત્મવિદ્યાના-બ્રહ્મવિદ્યાની સિદ્ધિના માર્ગમાં લઈ જનારા પરમ શ્રેયસ્કર વિચારો છે. શ્રીમાન્ **વિશ્વવંદ્ય** જેવા તત્ત્વદર્શી **મહાપુરુષ અદ્ભુત સરળતાથી** તમારા જીવનમાં ઉતારવાની અપૂર્વ કલા તમને હસ્તગત કરે છે! હાથ લંબાવો. વિચાર લઈ લો. તમારા જીવનમાં વણી લો. ધારણ કરો. તમારા જીવનને તેથી અલંકૃત કરો. તમે જગત્માં કોઈ અદ્ભુત કાર્યો કરી શકશો. જોયું ને **ગાંધીજીના** સિદ્ધાંતનું પ્રાબલ્ય? એમનો વિજય એ **અધ્યાત્મવિદ્યાનો જ વિજય છે. ભારતવર્ષનો** તો એ યુગયુગ જૂનો મહામંત્ર છે. **અધ્યાત્મશક્તિ એ જગત્માં સર્વોપરી શક્તિ છે.** એ ઈશ્વરી શક્તિ છે. એનુ સામર્થ્ય અમાપ છે. એ અધ્યાત્મશક્તિ પ્રાપ્ત કરાવનાર આ '**વિચારરત્નરાશિ**'નાં સુંદર ચમત્કૃતિપૂર્ણ વિચારોને **વાંચી** ધારણ કરો. વિજય, શ્રી, યશ, **ઐશ્વર્ય** તમારા ચરણમાં છે!

श्री विश्ववंद्यविचाररत्नाकर

(प्रथम राशि)

॥ ॐ ॥

॥ तत् सत् ॥

॥ श्री सद्गुरवे परमात्मने नमः ॥

सुखनां सरल साधनो

સુખસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ પરમાત્મન્! આપને હૃદયમાં અભેદભાવે યજું છું. સર્વશક્ત તથા અનાદ્યનંત પ્રભો! આ કલ્યાણકારક ગ્રંથ લખવામાં આપ આ મતિમાં એવો પ્રકાશ નાંખવા કૃપા કરજો કે જેથી આ સ્થળે સત્ય વચનો જ લખવા તે સમર્થ થાય. આપનો અનંત જ્ઞાનપ્રકાશ આ અંતઃકરણમાં આવવામાં જે જે અંતરાયો નડે તેને દૂર કરવા આપ કૃપાળુ થજો. જગત્નાં મનુષ્યો જે આપનાં જ સ્વરૂપો છે, તેમને આપનું યથાર્થ જ્ઞાન પ્રકટે, તથા જે અર્થે તેમનો આ જગત્માં ઉદય છે, તે અર્થ સિદ્ધ કરી તેઓ આપના સ્વરૂપનો અખંડ અભેદ અનુભવ કરી અખંડ સુખમય થઈ રહે, એવાં વચનો લખવા આ મતિમાં બળ આપવા આપ જ સમર્થ છો. આ શરીર, મતિ તથા વાણી આપનાં યંત્રો છે. આપ ચાલક પરમાત્મા તેમને જનસમુદાયનું હિત સધાય, તે માર્ગે પ્રવર્તાવજો. આ સત્પ્રયત્ન આપના જ યશનો વિસ્તાર કરનાર હો.

પ્રિય વાંચનાર! પરમાત્માની પ્રેરક સત્તાથી આં સ્થળે સુખનાં સરલ સાધનો લખવાનો ઉપક્રમ કરવામાં આવે છે. આજ સુધીમાં અસંખ્ય પરોપકારી મહાપુરુષોએ જનસમુદાય કેમ સુખી થાય, તે ઉપાયોને અસંખ્ય ગ્રંથો લખી વર્ણવ્યા છે. આજે પણ અનેક સત્પુરુષો પોતાનું પરોપકારી જીવન એ અર્થે ગાળે છે. તે સર્વેએ સુખના જે ઉપાયો વર્ણ્યા છે, તેથી આ ઉપાય કંઈ જુદા પ્રકારના છે, એમ નથી જ. જેમ ભૂખને હરનાર અને પોષણને આપનાર આહારના પદાર્થો અસંખ્ય પ્રકારના હોય છે, પરંતુ તેમાં પોષણને આપનાર તત્ત્વો તો એક જ પ્રકારનાં હોય છે, તેમ દુઃખને ટાળનાર અને સુખને આપનાર અસંખ્ય ગ્રંથો લખાયા છે, પરંતુ તેમાં સુખને આપનાર ઉપાયોનું તત્ત્વ તો એક જ પ્રકારનું હોય છે. ઉપાયોને વર્ણવવાની રીતમાં જ ભેદ હોય છે. કોઈ ઘઉંનો એવા પ્રકારનો ખાવાનો પદાર્થ બનાવે છે કે તે કોઈને ભાવે છે, અને કોઈને નથી ભાવતો. તેમ કોઈ પરોપકારી પુરુષો સુખનાં સાધનોને એવા પ્રકારે વર્ણે છે, કે તે કેટલાકને રુચિકર થાય છે, ત્યારે કેટલાકને તે અણગમો અથવા

ત્રાસ ઉપજાવનાર થઈ પડે છે. જે પદાર્થો દાંતવાળા હોંસે હોંસે ખાય છે, તે જ પદાર્થો દાંતવિનાનાં બાળકો તથા વૃદ્ધોને પ્રિય લાગતા નથી, તેમ સાધનોનું પણ હોય છે. કેટલાંક સાધનો કેટલાકને બહુ પ્રિય લાગે છે, ત્યારે બીજા કેટલાકને તેનો અભાવ હોય છે; પરંતુ જેમ દાંતવિનાના મનુષ્યોને સોપારી કે એલચી કે એવી જ વસ્તુઓ ખાંડણીમાં ઝીણી કૂટીને આપવામાં આવે છે, તો તે જ પદાર્થોને તે પ્રીતિથી ગ્રહણ કરે છે, તેમ અપ્રિય ભાસતાં સાધનો પણ જ્યારે મનુષ્યોને સરળ કરીને આપવામાં આવે છે, ત્યારે તેઓ તેનું પ્રીતિથી સેવન કરે છે. આમ હોવાથી અત્ર પૂર્વ મહાપુરુષોએ સુખનાં જે સાધનો વિવિધ ગ્રંથોમાં લખ્યાં છે, તેને જુદા પ્રકારથી સરળ રૂપમાં વર્ણવવાનો પ્રયત્ન કરવા ધાર્યું છે.

આવો પ્રયત્ન પૂર્વે કોઈએ નહિ કર્યો હોય તથા આજે કોઈ નથી કરતું એમ કહેવાનું તાત્પર્ય નથી. સર્વકાળે મહાપુરુષો આવો પ્રયત્ન કરે જ છે, અને જે સમયે તે પ્રયત્ન થયો હોય છે, તે સમયે તો તે સમયના મનુષ્યોને રુચિકર થઈ પડે એવા પ્રકારે જ બહુધા તે પ્રયત્ન થયો હોય છે. પરંતુ તે સમય બદલાતાં, અને ભિન્ન પ્રકૃતિનાં મનુષ્યો ઉત્પન્ન થતાં પછી તે પ્રયત્ન તે નવીન મનુષ્યોને બહુ ઉપયોગી થઈ પડતો નથી. આ પ્રમાણે સમયે સમયે વિવિધ પ્રકૃતિનાં મનુષ્યો ઉત્પન્ન થતાં રહેતાં હોવાથી જ એકની એક વાતને વર્ણવનાર અસંખ્ય પ્રકારના ગ્રંથો લખાયા છે, અને લખાય છે.

સુખનાં સરલ સાધનો આ ગ્રંથમાં જે રીતે લખવા પ્રયત્ન આદર્યો છે, તે જ પ્રકારે અન્ય કોઈએ લખ્યું હશે અથવા આજે લખે છે તેથી આ ગ્રંથ ન લખવો, એમ કંઈ નીકળતું નથી, કારણ કે એક ગામમાં જેમ એક જ જાતનો માલ તૈયાર કરનાર અનેક મનુષ્યો હોવા, એ કંઈ અયોગ્ય ગણાતું નથી, અથવા એક જ જાતના માલને વેચનાર વ્યાપારીઓની દશવિશ દુકાનો હોવાથી કોઈ ને તેમાં દોષ કાઢવા જેવું જણાતું નથી, તેમ આ પ્રકારનો પ્રયત્ન બીજા કોઈએ કરેલો હોય તોપણ તેથી આ પ્રયત્ન દોષવાળો ગણવાનું, અથવા નિરર્થક ગણવાનું કશું જ પ્રયોજન નથી.

સુખને મેળવવાનો ઉપાય જ્ઞાન છે, એમ સર્વ સત્પુરુષો તથા શાસ્ત્રો એકે અવાજે કહે છે, અને જનસમુદાય તે વાર્તાને સ્વીકારે પણ છે, કારણ કે મનુષ્યો જ્યાંત્યાં સુખને મેળવવા માટે કંઈ પણ જાણવાના પ્રયત્નને જ કરતા જોવામાં આવે છે. પરંતુ અખંડ સુખને આપનારું જ્ઞાન કયે ઉપાયે, શું કર્યે, ક્યાં ગમે

મળતું હશે, એ વિષે અસંખ્ય મનુષ્યોને ભારે મુઝવણ થાય છે. તેઓ આ જ્ઞાન મેળવવાને ઘડીકમાં એક ગ્રંથ વાંચે છે, તો ઘડીકમાં બીજો વાંચે છે, ઘડીકમાં એક વિદ્વાનને પૂછે છે, તો ઘડીકમાં બીજાને પૂછે છે, ઘડીકમાં એક સત્પુરુષનો આશ્રય ગ્રહણ કરે છે, તો ઘડીકમાં બીજાને ત્યાં જાય છે, ઘડીકમાં શાસ્ત્રો વાંચે છે, તો ઘડીકમાં કથાઓ સાંભળવા જાય છે, ઘડીકમાં એક મંડળમાં દાખલ થાય છે, તો ઘડીકમાં બીજા સમાજમાં જાય છે, ઘડીકમાં આ વક્તાનાં વ્યાખ્યાનો સાંભળે છે, તો ઘડીકમાં બીજા વક્તાનાં વ્યાખ્યાનો સાંભળે છે, ઘડીકમાં જપ કરે છે, તો ઘડીકમાં કીર્તન કરે છે, ઘડીકમાં ધારણાધ્યાનને સેવે છે, તો ઘડીકમાં પ્રાણાયામ પાછળ પડે છે, ઘડીકમાં મૂર્તિને સેવે છે, તો ઘડીકમાં ઈશ્વિર નિરાકાર હશે એમ માની નિરાકારનું ધ્યાન ધરવા પ્રયત્ન આરંભે છે. આજે આ તો કાલે બીજું, પરમ દહાડે ફલાણું તો ચોથે દહાડે અમુક, એમ અસ્થિર ચિત્તથી જુદા જુદા ઉપાયો કરે છે. શું કરવું તે અસંખ્ય મનુષ્યોને સૂઝતું નથી. શાસ્ત્રોમાં જ્ઞાનના ઉપાયો વર્ણ્યા છતાં તેમાંથી બુદ્ધિની અપક્વતાથી તેમને સીધો સરળ માર્ગ જણાતો નથી. જ્ઞાનની ઇચ્છા તો નિરંતર થયા કરે છે, પરંતુ કઈ દિશા લેવી તેનું સ્પષ્ટ ભાન થતું નથી. ચકલીના બચ્ચા પાસે ખાવાનો પદાર્થ પડ્યો છે, પણ ચાંચમાં ચાવી ઝીણો કરી તેના મુખમાં મૂકી આપનાર માતા નથી; અને બચ્ચું ક્ષુધાથી કોમળ સ્વરે ચીંચીં કરે છે.

પૂર્વે જે પોશાકને લોકો શોભા આપનાર માનતા હતા, તેને પહેરતાં આજે ઘણાને અત્યંત શરમ ઊપજે છે. એક અંગ્રેજી ભણેલા મનુષ્યને આજે પુષ્કળ ઘેરવાળો જામો પહેરવા કહ્યું હોય, અથવા લાંબી ચાંચવાળા જોડા પહેરવા આપ્યા હોય, તો તેથી તેને ભારે અપ્રસન્નતા થાય છે. શરીર ઢાંકવાનું તથા પગનું રક્ષણ કરવાનું કાર્ય જેટલું કોટ તથા બૂટ કરે છે, તેટલું જ જામો તથા જોડા કરે છે, પરંતુ જામો તથા જોડા આજના કેળવાયલા સમયમાં લોકોને પ્રિય નથી. આથી કાળને અનુસરીને, તથા લોકોની રુચિને જોઈને જેમ દરજી તથા મોચી વસ્ત્રો સીવવાની તથા જોડા કરવાની પોતાની રીત બદલે છે, તેમ પ્રત્યેક યુગમાં સુખના સાધનો વર્ણવનાર પુરુષો પણ તે સાધનોને લોકોની રુચિને પ્રિય લાગે એવા રૂપમાં ગોઠવવા પ્રયત્ન આદરે છે. જેમ ગામડિયા ઘાટના ગણાતા જોડાનું તથા જામાનું, તથા કોટનું તથા બૂટનું પ્રયોજન સરખું જ હોય છે, તથા જેમ બમન્નેનાં વસ્ત્ર તથા ચામડું જ વપરાય છે, તેમ એક સમયે લોકોની રુચિઅનુસાર વર્ણાયલાં સાધનોનું તથા બીજે સમયે તે સમયના લોકોની રુચિઅનુસાર

વર્ણાયેલાં સાધનોનું પ્રયોજન સરખું હોય છે, તથા સ્વરૂપે ભિન્ન જેવાં ભાસતાં છતાં રહસ્યમાં તથા ક્રિયામાં ભેદવાળાં હોતાં નથી.

આ લેખમાં આજની પ્રજાને અનુકૂળ થઈ પડે, તેવી રીતે સાધનોને વર્ણવવાનો પ્રયત્ન કરવા ઉદ્દેશ રાખ્યો છે. આથી એમ કહેવું નથી કે પૂર્વ પુરુષોએ વર્ણવેલાં સાધનોનાં સ્વરૂપો પ્રજાને અનુકૂળ પડતાં નથી. જેમને તે અનુકૂળ ભાસતાં હોય તેમણે સુખેથી તેનો સ્વીકાર કરવો. તેમને માટે આ ગ્રંથ નથી. પણ જેમને તે અનુકૂળ ન ભાસતાં હોય તેમને કર્તવ્યની કંઈક દિશા દર્શાવવા માટે આ ગ્રંથનો ઉદ્દેશ છે.

પૂર્વે કહ્યું તેમ સુખેચ્છક મનુષ્યોમાંથી ઘણાને સુખ મેળવવા શું કરવું તે આજે સૂઝતું નથી. સુખના માર્ગમાં શરૂઆત ક્યાંથી કરવી, એકેક પગલું આગળ કેવી રીતે ભરવું, અને પરિણામે પહોંચવાના સ્થળે શી રીતે પહોંચવું, એની ઘણાને ગમ પડતી નથી. ગીતા વાંચે છે તો તેમાં તેમને વિરોધ જણાય છે, ભાગવત કંઈક જુદું જ કહેતું હોય એમ તેમને ભાસે છે, વેદાંતના જુદા જુદા ગ્રંથોમાંથી વળી ત્રીજો જ સિદ્ધાંત નીકળતો હોય એમ તેમને લાગે છે. કોઈ યોગની જરૂર કહે છે, કોઈ કર્મોની જરૂર કહે છે, કોઈ ભક્તિવિના સઘળું નિષ્ફળ છે એમ કહે છે, કોઈ કેવળ જ્ઞાનથી જ સુખનો સંભવ સૂચવે છે, અને આ ડખામાં તેમનું ચિત્ત ડહોળાઈ જાય છે. વાયુપ્રકૃતિવાળા મનુષ્યને જેમ ચગડોળમાં બેસવાથી ફેર આવે છે, તેમ શાસ્ત્રોમાંથી સત્ય નિશ્ચયોને તથા કર્તવ્યને તારવી કાઢવામાં અસમર્થ મનુષ્યોને આ શાસ્ત્રો જોઈને તથા હજારો મનુષ્યોની હજારો વાતો સાંભળીને ભારે ભ્રાંતિ થાય છે. અને ઘણી વખતે તેઓની અતોભ્રષ્ટ તથા તતોભ્રષ્ટ જેવી સ્થિતિ થાય છે.

આવી કરુણાજનક સ્થિતિમાંથી સુખને ઇચ્છનાર સરળ મનના મનુષ્યોને કાઢવાને અર્થે, તથા તેઓને સુખ મેળવવા માટે શું કરવું, તે દર્શાવવા માટે સુખનાં સરલ સાધનો એ નામના કલ્યાણકારક તથા અપૂર્વ ફળને આપનારા ગ્રંથનો આરંભ કરીએ છીએ. એમાં વર્ણવવામાં આવનાર સાધનોનો સમજણમાં આવેલાં બાળકો, યુવાનો, વૃદ્ધો તથા સ્ત્રીઓ સર્વ એકસરખી રીતે ઉપયોગ કરી શકે એમ છે. એ સાધનો એવાં નથી કે જેમાં શરીરનું બળ જોઈએ, કે લાંબી વિદ્યા જોઈએ કે પૈસા જોઈએ. સહજ કેળવાયલી બુદ્ધિ તથા સરળ અંતઃકરણ એ બંને હોય તો બહુ છે. સરળ અંતઃકરણનો અર્થ એવો નથી કે

શુદ્ધ, દોષવિનાનું નિષ્પાપ અંતઃકરણ; પણ સરળ અંતઃકરણનો અર્થ એટલો જ છે કે ખોટી હઠ ધારણ કર્યા વિના જે કાંઈ કહેવામાં આવે તે વિચારવડે સમજવાને પ્રીતિપૂર્વક તત્પર રહેવું. બુદ્ધિ જે વાતનો સ્વીકાર ન કરે તે વાત માનવી એવું કહેવાનું તાત્પર્ય નથી. યથાર્થ ઉપદેષ્ટા પુરુષો એવું મનાવવાનો આગ્રહ કરતા જ નથી, પરન્તુ ઘણાનો એવો નઠારો સ્વભાવ પડી ગયો હોય છે કે કહેનાર શું કહે છે તે સાંભળવું જ નહિ, અને પોતાના પ્રથમથી બાંધી બેઠેલા નિશ્ચયને અનુકૂળ કોઈનું કહેવું ન જણાયું કે તત્કાલ તે ખોટું છે, તે ગપ છે, એવો દુરાગ્રહ ધરી રાખવો. આવું અંતઃકરણ કલ્યાણને સાધી આપનાર થતું નથી તેથી સુખને ઇચ્છનાર વિવેકી સજ્જનોને સરળ અંતઃકરણ બહુ જરૂરનું છે, એમ જે વિદ્વાનો માને છે તે યોગ્ય છે.

શાસ્ત્રોના રહસ્યને જ જો કે આ ગ્રંથમાં પ્રતિપાદન કરવાનું છે, તોપણ તેનો સર્વ સામાન્ય વિદ્યાવાળા મનુષ્યો પણ લાભ લઈ શકે એટલા માટે તેની ભાષા બહુ સરળ રાખવા ધાર્યું છે. કઠિન પ્રક્રિયાઓ અને પરિભાષાનો બનતા સુધી ત્યાગ કરવામાં આવશે; એમ છતાં શાસ્ત્રની પરિભાષાનો ઉપયોગ કરવાનું પ્રયોજન જણાશે તો તે સ્થળે તેનો બનતા સુધી સ્પષ્ટ અર્થ કરવાનો પ્રયત્ન થશે.

અત્ર જે વિચારો વર્ણવવા ધાર્યું છે, તે વિચારોને અંતઃકરણમાં ઉતારતાં, અને શરીરના રોમેરોમમાં તે વિચારોને પ્રવેશાવતાં, સુખ જે પ્રાણીમાત્રની ઇચ્છાનો વિષય છે, તે અવશ્ય પ્રાપ્ત થાય છે. નિવૃત્તિથી મળનારાં ઊંચામાં ઊંચાં સુખો તે આપે છે, એટલું જ નહિ, પણ એ વિચારોનો પ્રવૃત્તિમાં પણ ઉપયોગ કરતાં તે પ્રવૃત્તિનાં સુખોને પણ અવશ્ય પ્રગટાવે છે. પોતાનું તથા પોતાનાં કુટુંબીજનોનું શરીર નીરોગ રહે તથા બળવાન્ રહે, એમ કોણ નથી ઇચ્છતું? પોતાનો વ્યવહાર નિર્વિઘ્ન સારી રીતે ચાલે, અને જીવનને નિભાવનારી વસ્તુઓ તથા વિષયનાં ન્યાયમાર્ગે મળનારાં સુખો કોણ નથી ઇચ્છતું? વ્યવહારમાં રહેનાર સર્વને તેની ઇચ્છા હોય છે, અને વ્યવહારનાં સુખો કે પરમાર્થનાં સુખો મળવામાં મનુષ્યોના મનની સારી અથવા ઊંચી સ્થિતિ એ જ મુખ્ય કારણ છે, એ વિદ્વાનોનો તથા સત્શાસ્ત્રોનો નિશ્ચય હોવાથી વિચારવડે મનની ઊંચી સ્થિતિ કરવાનાં સાધનોને જણાવનાર આ ગ્રંથ સર્વને પ્રેમથી આદર આપવા યોગ્ય હોય એ સ્વાભાવિક છે.

આ ગ્રંથ વાંચ્યો કે બીજા જ દિવસથી ઘરમાં સોનાના ઢગલા થશે કે રોગમાત્ર જતા રહેશે, કે ભીમસેનના જેવું દશ હજાર સર્પનું બળ આવશે, કે દોષ-

માત્રનો લય થઈ નિર્દોષતા આવશે, કે બીજાઓના વ્યાધિઓ ટાળી મોટા ચમત્કારિક પુરુષ ગણાઈશું, કે જેનેતેને વશ વર્તાવીશું, કે મોટા મોટા રાજાઓ આપણે પગે પડે, એવા વિશ્વામિત્ર કે વસિષ્ઠ બની જઈશું, કે આકાશમાં ઊડીશું, કે દેવલોકમાં જઈને દેવકન્યાઓને વરીશું કે અણિમા મહિમા વગેરે સિદ્ધિઓ મેળવીશું, કે સિદ્ધેશ્વર બની જઈશું, કે ધારેલું સઘળું સિદ્ધ કરી શકવાનું બળ મેળવીશું, એવું જો અનુમાન કર્યું હોય, તો પ્રિય વાંચનાર ! પ્રથમથી જ કહી દેવા દો કે એ તમારી આશા તમે ધારતા હશો તેટલી સત્વર સિદ્ધ થાય તેમ નથી. સદ્વિચારનું, શુદ્ધ અંતઃકરણનું, ઉપર કહ્યું તેટલું અને તેથી પણ અનંતગુણ વધારે બળ છે, તે વાતની ના નથી પણ તે શુદ્ધ વિચારનું સ્વરૂપ, મોઢે સારો વિચાર બબડવો કે મનમાં દશવિશ વાર કે વધારે વાર રમાડવો, એટલામાં જ આવીને અટકતું નથી. જે શુદ્ધ વિચાર મનુષ્યોને પરમેશ્વરજેવા કરી મૂકે છે, તેનું સ્વરૂપ બહુ ઊંચું છે. આપણા જેવા મનુષ્યો–આપણા કરતાં પણ વધારે દોષવાળા રાક્ષસ જેવા સ્વભાવના મનુષ્યો પણ–પરમેશ્વર જેવા કરી મૂકનાર તે શુદ્ધ વિચારને સાધી શકે છે, અને પરમેશ્વર જેવા થાય છે એમાં કશો જ શક નથી, પણ તે એકે દહાડે નહિ. સાધન જાણ્યું કે બીજે જ દહાડે કોઈ સિદ્ધ થતું નથી, થયું નથી અને થવાનું નથી. રાયણનું બીજ વાવીને બીજે જ દહાડે રાયણો ખવાતી નથી. શુદ્ધ વિચારને નિરંતર સેવ્યાવિના, આપણા શરીરનાં રૂવેરૂવાંમાંથી તેની વરાળો નીકળતી અનુભવ્યાવિના શુદ્ધ વિચારનાં સર્વોત્તમ ફળો જણાતાં નથી. માટે આ ગ્રંથ એકલો વાંચવાથી જ કે તેના વિચારો, જેમ વૃદ્ધ મનુષ્યો મુખમાં કોઈ કઠણ પદાર્થ નાખી મળમળાવ્યા કરે છે તેમ ચારપાંચ દહાડા કે ચારપાંચ મહિના અંતઃકરણમાં મળમળાવ્યા કરવાથી ઘણા મોટા ફળની આશા જેમને બાંધવી હોય તેમણે તેને વાંચવાનો પરિશ્રમ કરવા અગત્ય નથી. પરસેવો ઉતાર્યાવિના ઊંચું ફળ મળતું નથી, અને પરસેવો ઉતાર્યાવિના મળેલા ફળમાં માલ કે સ્વાદ હોતો નથી; તેથી પ્રિય વાંચનાર ! સ્પષ્ટપણે ફરીને કહીએ છીએ કે આ ગ્રંથમાં વર્ણવવામાં આવનાર વિચારોનું અખંડ સેવન કરવાથી જ અને પરિણામે તે વિચારોનું અને આપણું, જેમ દૂધમાં સાકર મળી જાય છે તેમ, એકરૂપ કરી નાંખવાથી જ ફળને પ્રકટવાનો સંભવ છે.

ઘણા આકળા સ્વભાવના અધીરા માણસો કોઈ વાતને સારી તથા ઉત્તમ ફળને આપનારી જાણે છે કે તરત તેમાં કૂદાની પેઠે ઝંપલાવે છે, અને તેનો સર્વ

પ્રકારે રૂડી રીતે અભ્યાસ કર્યા વિના ઉપલક ઉપલક તેને આ છેડેથી તે પેલે છેડે જોઈ નાંખે છે. તેમાં જે કરવાનું કહ્યું હોય છે તે કરતા નથી, અને કરે છે તો જેવી રીતે અને જેટલો કાળ કરવાનું કહ્યું હોય છે તે રીતે કરતા નથી. અને પછી આવા લપલપાટથી અને ચપચપાટથી સેવેલી ક્રિયાઉપર, હાઈ કોર્ટના વડા ન્યાયાધીશની પેઠે ઇન્સાફ (Judgment) આપવા બેસી જાય છે !

પ્રિય વાચક ! તમે સદ્‌વિવેકી છો, સુખ મેળવવું હોય તો તેને માટે ઘટતો પરિશ્રમ કરવો જ જોઈએ, એવા વિચારવાન્ પુરુષોએ સેવેલા નિશ્ચયવાળા છો, ધૈર્ય અને સ્થૈર્યવાળા છો, સુખનાં સાધનો સાધવામાં આગ્રહવાળા તથા ઉત્સાહવાળા છો, ન્યાયથી મળનારાં સુખોને જ સેવનારા છો, સદ્‌ગુણોને જ્યાં-ત્યાંથી સંગ્રહીને તમારા હૃદયરૂપી ભંડારમાં ભરવાને પ્રીતિવાળા છો, પરમેશ્વરને માનનારા, તથા પરમેશ્વરમાં સર્વોત્કૃષ્ટ ભક્તિ પ્રકટાવવાની અભિલાષાવાળા છો, તથા સરળ અંતઃકરણના છો, એમ જાણી તમારે માટે આ ગ્રંથ પરમાત્માના બળથી લખવાનો આરંભ કર્યો છે. પરમાત્મા તેનું રહસ્ય તમારા હૃદયમાં યથાર્થ દૃઢ કરો, તથા તે પ્રમાણે તમને વર્તવા શક્તિમાન્ કરી, તમને પ્રવૃત્તિનાં તથા નિવૃત્તિનાં સર્વોત્કૃષ્ટ શુદ્ધ સુખો આપો.

પુનઃ બુદ્ધિમાં સત્ત્વનો અલૌકિક પ્રકાશ નાંખનાર પરમાત્માનું સ્મરણચિંતન-યજન કરી આ ગ્રંથ લખવાના કર્તવ્યમાં જોડાઈએ છીએ.

પ્રકરણ ૧

પરમેશ્વરનું સ્વરૂપ : મનુષ્યનું સ્વરૂપ

[યોગ્યતાવાળું અનુકૂળ મન હોય છે, તો મનુષ્યને સુખનું ભાન થાય છે, અને અયોગ્યતાવાળું પ્રતિકૂળ મન હોય છે, તો મનુષ્યને દુઃખનું ભાન થાય છે, એવો સર્વનો અનુભવ હોવાથી સુખદુઃખનો ખરો હેતુ મનુષ્યનું મન જ છે, એ સિદ્ધ થાય છે. પ્રિય વાંચનાર ! તમને જો દુઃખનું અર્થાત્ ઓછા સુખનું ભાન થતું હોય તો તેનું કારણ એ જ છે કે સુખને અનુભવવા માટે તમારા મનની જેવી સ્થિતિ હોવી જોઈએ તેવી નથી. અને મનના અમુક પ્રકારના નિશ્ચયો

અથવા વિચારો, એ જ મનની અનુકૂળ અથવા પ્રતિકૂળ સ્થિતિનું સ્વરૂપ છે, તેથી જો તમને દુઃખનું ભાન થતું હોય તો તમારા નિશ્ચયો અથવા વિચારો દોષવાળા છે, એ જ સિદ્ધ થાય છે. આથી કરીને તમારી દુઃખવાળી સ્થિતિ ટાળવા માટે તમારે તમારા મનની પ્રાપ્ત સ્થિતિને અર્થાત્ તમારા વિચાર અને નિશ્ચયોને ફેરવવાની જરૂર છે, અને સુખવાળી સ્થિતિ મેળવવા માટે સુખને આપનાર વિચારો અને નિશ્ચયો તમારા મનમાં દઢપણે સ્થાપવાની જરૂર છે. પરંતુ જ્યાંસુધી એક વાસણમાં કચરો ભર્યો હોય છે, ત્યાંસુધી તેમાં નવી વસ્તુ ભરી શકાતી નથી, તેમ મનમાં જ્યાંસુધી એક પ્રકારના નિશ્ચયો દઢપણે મૂળ ઘાલીને રહ્યા હોય છે, ત્યાંસુધી તેમાં નવા નિશ્ચયો પ્રવેશી શકતા નથી, અને મૂળ ઘાલી શકતા નથી. આમ હોવાથી સુખની ઇચ્છાવાળા તમારે આ લેખ વાંચતી વખતે, અને તેનો અભ્યાસ કરતી વખતે તમારા જૂના નિશ્ચયોને ભૂલી જવાની અને બાળકજેવા અંતઃકરણવાળા થવાની પ્રથમ અગત્ય છે. લખેલા કાગળ ઉપર નવું લખવામાં આવે છે તો જૂનું તથા નવું લખેલું બંને બગડે છે, તેમ એક પ્રકારના કરેલા અયોગ્ય નિશ્ચયોને ભૂલ્યાવિના નવા નિશ્ચયો મનમાં સ્થાપવામાં આવે છે તો મનમાં ભારે અવ્યવસ્થા થાય છે. તેથી આ લેખમાં લખવામાં આવનાર સુખદ નિશ્ચયો અંતઃકરણમાં દઢપણે સ્થપાય એટલા માટે તમારા અંતઃકરણને કોરા કાગળ જેવું કરવા વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. આ લેખમાંના કોઈ કોઈ વિચારો કે નિશ્ચયો તમારા વિચારથી તમને જુદા જણાય, અથવા દોષવાળા જણાય, અથવા તમને યથાર્થ રૂપમાં ન સમજાય તો વ્યાકુળતા સેવવા પ્રયોજન નથી. આ લેખની સમાપ્તિ થતાં સુધી ધૈર્ય ધરજો અને આજે જે દોષવાળું જણાતું હશે તે આગળ ચાલતાં તમને નિર્દોષ જણાશે. જે જે વિચારોમાં તમને વિરોધ જેવું ભાસશે, તે જ વિચારો લેખની સમાપ્તિપર્યંતમાં અવિરોધી ભાસશે, તેથી મનની, યોગ્યતાવાળી અનુકૂળ સ્થિતિ કરવાની ઇચ્છા હોય તો બાળકના જેવું અંતઃકરણ રાખીને જે જે લખવામાં આવે તેને વિરોધી તર્ક કર્યા વિના સ્વીકારવાને તથા આચારમાં મૂકવાને પ્રયત્નવાન્ થવું એ જ યોગ્ય છે. લેખ સમાપ્ત થયે, તમને આ આ નિશ્ચયો ન રુચે તો સ્વતંત્રપણે તમારા પૂર્વના નિશ્ચયોને અનુસરજો.]

પરમાત્મા કેવા છે તથા ક્યાં રહે છે એ વગેરે પ્રશ્નનો ખુલાસો કરતાં આપણુ વેદની શ્રુતિ કહે છે કે

एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतांतरात्मा ।

પરમાત્મા એક છે, તે સર્વ ભૂતમાં એટલે ઉત્પન્ન થયેલી વસ્તુઓમાં ગુપ્ત રહે છે, તે સર્વ સ્થળે વ્યાપી રહેલા છે, તથા તે ઉત્પન્ન થયેલી સર્વ વસ્તુઓના અંતરાત્મારૂપ છે.

આમ છે તો પછી આજે જેમ ઘણાં અપકવ મતિનાં મનુષ્યો પરમેશ્વરને કૈલાસમાં કે વિષ્ણુલોકમાં કે મંદિરમાં કે કોઈ તીર્થમાં કે આકાશમાં કે એવે કોઈ એક જ ઠેકાણે રહેલા માને છે, તેવા તે નથી; અથવા તેમનાં સોળસેં રૂપ કે હજાર રૂપ કે તેત્રીશ કરોડ રૂપ માને છે, તેવા પણ તે નથી; પણ તે એક છે, અને આ સૃષ્ટિમાં નજરે પડતી સર્વ વસ્તુઓમાં–જીવવાળી અને જડ એવી સર્વ વસ્તુઓમાં–તે છે.

વળી પરમાત્માને શ્રુતિ **साक्षी चेता केवलो निर्गुणश्च ।**

સાક્ષી, ચૈતન્યસ્વરૂપ, કેવલ તથા નિર્ગુણ કહી વર્ણે છે. આમ હોવાથી ઘણા જેમ તેમને બે હાથવાળા, ચાર હાથવાળા, આઠ હાથવાળા, કે ગમે તેવા આકારવાળા જ માત્ર માને છે, તેવા પણ તે નથી. તે ચૈતન્યસ્વરૂપ અર્થાત્ પ્રાણીમાત્રને ચેતના આપનાર બળરૂપ છે. તે ઉત્પન્ન થયેલી સઘળી વસ્તુઓના મૂળ કારણરૂપ છે; અને તેથી કરીને માટીરૂપ કારણમાંથી ઉત્પન્ન થયેલો ઘડો જેમ પોતાનું કારણ જે માટી તેનાથી જુદો નથી, તેમ પરમાત્મારૂપ કારણમાંથી ઉત્પન્ન થયેલું આ આખું જગત્ પરમાત્માથી જુદું નથી. પરમાત્મા પ્રત્યેક વસ્તુના અંતરાત્મારૂપ રહીને તેની ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશને કરે છે. જીવતી અથવા જડ જે જે વસ્તુઓ આ જગત્માં જણાય છે તે સર્વ તેમના અણુઅણુમાં ગૂઢરૂપે તથા અંતરાત્મારૂપે રહેલા આ પરમાત્માવડે જ જણાય છે.

પરમેશ્વર એ કોઈ એક જ સ્થાનમાં આકાર ધરીને રહેલી ચૈતન્યમય, જ્ઞાનમય, સુખમય કે સામર્થ્યમય વ્યક્તિ નથી. પરમેશ્વર એ આપણાં ચર્મચક્ષુએ ન જણાય એવી, તથા સ્પર્શ ન કરી શકાય એવી સર્વવ્યાપી ચૈતન્યમય કંઈક સત્ય વસ્તુ છે. તે પૂર્ણ પ્રેમમય, પૂર્ણ જ્ઞાનમય તથા અનંત સામર્થ્યમય છે. સંપૂર્ણ સુખ, સંપૂર્ણ જ્ઞાન, સંપૂર્ણ સામર્થ્ય, અને સંપૂર્ણ સત્ય જે એકમાં એકત્ર થઈને રહેલાં છે તે પરમાત્મા, પરમતત્ત્વ અથવા પરમેશ્વર છે.

આ સર્વ જેમાં એકત્ર થઈને રહેલું છે, એવી એક જ વસ્તુ છે, અને તે પરમાત્મા છે. તે સર્વત્ર વ્યાપી રહેલા છે. એવી એક પણ વસ્તુ નથી, એવું એક પણ સ્થાન નથી, એવો એક પણ સમય નથી જ્યાં તે ન હોય. કારણ કે

સર્વ વસ્તુ, સર્વ સ્થાન અને સમયના વિભાગો તેમના વડે જ છે. તે જ સર્વના મૂળ કારણ છે.

પરમાત્મા ચૈતન્યસ્વરૂપ છે. ચૈતન્યને આપણે આપણાં આ ચર્મચક્ષુવડે જોઈ શકતા નથી, પરંતુ જ્યારે તે માયાના એટલે જડ વસ્તુના સંબંધમાં આવે છે, ત્યારે આપણે તેમને જોઈ શકીએ છીએ. જેમ અગ્નિને અર્થાત્ ઉષ્ણતાને આપણે છૂટી જોઈ શકતા નથી, પરંતુ જ્યારે તે લાકડાના સંબંધમાં આવે છે ત્યારે આપણે તેને જોઈ શકીએ છીએ, તેમ ચૈતન્ય માયાના સંબંધમાં આવે છે ત્યારે આપણી ઈંદ્રિયોવડે તેનો આપણે અનુભવ કરી શકીએ છીએ. જેમ અગ્નિ કોઈ પણ દ્વારવડે પ્રકટ થઈ શકે છે, તેમ ચૈતન્યનો, કોઈ દ્વાર હોય છે તો જ અનુભવ થાય છે. જ્યારે આપણે કોઈ મનુષ્યને જોઈએ છીએ ત્યારે આપણે તે મનુષ્યમાં હું પણું ધારનાર અને વિચાર વગેરે કરનારને જોતા નથી, પણ તેના શરીરને જ માત્ર જોઈએ છીએ. શરીરરૂપ દ્વારવડે જ ચૈતન્ય અનુભવમાં આવે છે. જેમ વરાળ કોઈ યંત્રમાં પ્રવેશે છે ત્યારે જ આપણને તેના અસાધારણ અદ્‌ભુત સામર્થ્યનો અનુભવ થાય છે, તેમ શરીરરૂપ દ્વારવડે જ પરમાત્માના અસાધારણ અદ્‌ભુત સામર્થ્યનો અનુભવ થાય છે.

વરાળમાં ગમે તેટલું બળ છતાં પણ જો યંત્ર દોષવાળું અથવા સાધારણ હોય છે તો આપણને વરાળના સામર્થ્યનો અનુભવ થતો નથી, તેમ પરમાત્મા અનંત બળ તથા ઐશ્વર્યવાળા છતાં પણ, જે શરીરરૂપ જડ પદાર્થના સંબંધમાં તે હોય છે, તે શરીરરૂપ જડ પદાર્થ જોઈએ તેવી યોગ્યતાવાળો નથી હોતો તો તેમાં પરમાત્માનું અનંત બળ તથા ઐશ્વર્ય વગેરે આપણને અનુભવમાં આવતાં નથી. આમ હોવાથી પરમાત્મા એક માટીના ઢેફામાં હોવા છતાં પણ એ માટીના ઢેફારૂપ શરીર પરમાત્માના અનંત બળને પ્રકટ થવા યોગ્ય ન હોવાથી આપણને એ માટીના ઢેફામાં માટીપણાવિના વિશેષ કંઈ જણાતું નથી. એ જ પ્રમાણે વૃક્ષમાં પરમાત્મા હોવા છતાં, એક કીડામાં પરમાત્મા હોવા છતાં અને એક પશુમાં પરમાત્મા હોવા છતાં તે તે શરીરો પરમાત્માના સામર્થ્યને પ્રકટ થવા યોગ્ય દ્વારરૂપ ન હોવાથી તેમાં પરમાત્માના બહુ જ મર્યાદાવાળા સામર્થ્યનો આપણને અનુભવ થાય છે. મનુષ્યશરીર અધિક યોગ્યતાવાળું હોવાથી તે શરીરમાં પરમાત્માનો આપણને વિશેષ અનુભવ થાય છે, અને કોઈ મહાપુરુષનું શરીર સર્વ પ્રકારની યોગ્યતાવાળું હોવાથી પરમાત્માના અસંખ્ય કળાવાળા સામર્થ્યનો આપણને તેમાં અનુભવ થાય છે.

કૃષ્ણ, રામ, બુદ્ધ, ચૈતન્ય, જરથુષ્ટ્ર, મહમદ, ખ્રિસ્ત વગેરે ઈશ્વરાવતાર શાથી મનાયા હતા, અને લાખો મનુષ્યો આજે તેમને શાથી પૂજે છે, તેનું કારણ સાધારણ બુદ્ધિવાળા મનુષ્યને પણ હવે સ્પષ્ટ થયા વિના રહે તેમ નથી. કૃષ્ણ, રામ વગેરેનાં શરીર પરમાત્માનો અનુભવ થાય એવી યોગ્યતાવાળાં હોવાથી, તેમના શરીરમાં પરમાત્માનું સામર્થ્ય વગેરે, જોનારાઓને અનુભવમાં આવ્યું હતું, અને તેથી, જેમ વરાળમાં બળને જાણનાર કોઈ યંત્રને ખરીદનાર, ઊના પાણીના ઊકળતા ઉનામણામાંથી વરાળો નીકળતાં છતાં, ઉનામણાને હજારો રૂપૈયા આપીને ખરીદતો નથી, પણ વરાળનું બળ જેમાં એકત્ર થઈ કાર્યને સાધી શકતું હોય તેવા યંત્રને જ ખરીદે છે, તેમ પથ્થર, ઝાડ, કૂતરાં, બિલાડાં સર્વમાં પરમાત્મા છતાં, તેમાં પરમાત્માનો અનુભવ થવા જેવી યોગ્યતા ન હોવાથી બુદ્ધિમાન્ મનુષ્યોએ તેમને પૂજવા યોગ્ય ગણ્યાં નથી, પણ રામકૃષ્ણ વગેરેને જ પૂજવા તથા સેવવા યોગ્ય ગણ્યા છે.

પરમેશ્વર પ્રેમસ્વરૂપ છે. સત્શાસ્ત્ર બ્રહ્મનાં 'અસ્તિ' (છે), 'ભાતિ' (પ્રકાશે છે), તથા 'પ્રિય' એવાં જે ત્રણ લક્ષણો વર્ણે છે, તેમાંનું 'પ્રિય' લક્ષણ તે આ પ્રેમ છે. આ પ્રેમનું 'આનંદ' અથવા 'સુખ' એ શબ્દોવડે પણ ઘણે સ્થળે વર્ણન કરેલું છે. એ જ પ્રમાણે 'અસ્તિ'નું 'સત્' શબ્દવડે તથા 'ભાતિ'નું 'ચિત્' એટલે જ્ઞાન શબ્દવડે વર્ણન કરેલું છે. પ્રેમને અથવા આનંદને નેત્રવડે આપણે જોઈ શકતા નથી, અથવા તે કેવો હશે, એ વિષે આપણે કલ્પના કરી શકતા નથી. જ્યારે તે કોઈ શરીરમાં પ્રકટ થાય છે ત્યારે જ આપણે તે શું છે, અથવા કેવો છે, તે સમજી શકીએ છીએ. વિશ્વમાં જ્યાં જ્યાં પ્રેમ અથવા સુખ જણાય છે, તે સર્વ પરમેશ્વરનો જ ધર્મ છે. પતિ–પત્નીનો પ્રેમ, માતા–પિતા તથા પુત્ર વચ્ચેનો પ્રેમ, મિત્રોનો પરસ્પરનો પ્રેમ, એ સર્વ પૂર્ણ પ્રેમસ્વરૂપ પરમેશ્વરના અંશો છે. તે પ્રેમના અંશો તે તે મનુષ્યના શરીરદ્વારા પ્રત્યક્ષ થયા છે. માતાના હૃદયમાં પોતાના બાળકપ્રતિ પ્રકાશને પામતો અસાધારણ પ્રેમ, એ પ્રેમસ્વરૂપ પરમાત્મા જ છે, પરંતુ માતામાં, તે પ્રેમ માતાના હૃદયદ્વારા વધારે ચઢતી કળામાં પ્રકટ થયો હોય છે. ભક્તના હૃદયમાં પોતાના ઉપાસ્ય દેવપ્રતિની નિર્મળ ભક્તિ, એ તે પ્રેમની તેથી પણ વધારે ચઢતી કળા છે; અને ચરઅચર સર્વમાં જેમને અસાધારણ વિશુદ્ધ પ્રેમ પ્રકટ થયો છે, એવા સર્વાત્મદર્શી બ્રહ્મીભૂત મહાત્મા પુરુષોનાં હૃદયમાં વિરાજતો પ્રેમ, એ પ્રેમની આ વિશ્વમાં સર્વોત્કૃષ્ટ કળા છે.

જેમ દીપક મેલી હાંડીમાં પણ પ્રકાશે છે, અને નિર્મળ હાંડીમાં પણ પ્રકાશે છે, પરંતુ પાત્રના ભેદવડે પ્રકાશમાં ભેદ પડે છે, તેમ **પરમાત્મરૂપ** આ પ્રેમ દુર્ગુણી કામીજનોનાં હૃદયમાં પણ પ્રકાશે છે, અને સર્વાત્મદર્શી મહાજનોનાં હૃદયમાં પણ પ્રકાશે છે, પરંતુ અંતઃકરણના ભેદવડે એક પ્રેમ અયોગ્ય ગણાય છે, અને બીજો યોગ્ય તથા સર્વેએ પ્રાપ્ત કરવા યોગ્ય ગણાય છે. પ્રેમ ઈશ્વરનો અંશ હોવાથી જેના જેના હૃદયમાં તે પ્રકટે છે,—પછી તે મનુષ્ય વિદ્યાભક્ત હોય, દેશભક્ત હોય, માતૃભક્ત હોય, પત્નીભક્ત હોય, કલાભક્ત હોય, ઈશ્વરભક્ત હોય, કે પછી પરસ્ત્રીભક્ત હોય તોપણ—ત્યાં સુખને જ પ્રકટાવે છે; અને પ્રેમના આ સુખદ સ્વભાવને લીધે જ મનુષ્યો અયોગ્ય પ્રેમને ત્યજી શકતા નથી.

પ્રેમ યોગ્ય કે અયોગ્ય નથી પણ પ્રેમને પ્રકટ થવાનું દ્વાર જ યોગ્ય કે અયોગ્ય હોય છે, એ વાર્તાનું આપણે વિસ્મરણ ન કરવું જોઈએ.

પરમેશ્વર જ્ઞાનસ્વરૂપ છે. સત્શાસ્ત્રો તેમને 'ચિત્' સ્વરૂપ અથવા 'ચિતિશક્તિ' અથવા 'ભાતિ' એવા એવા ભિન્ન શબ્દોથી વર્ણે છે. વિશ્વમાં જ્યાં જ્યાં જ્ઞાન અથવા બુદ્ધિનો અનુભવ થાય છે, તે સર્વ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ **પરમેશ્વરના** ન્યૂનાધિક અંશમાં આપણને પ્રતીત થતા અંશો જ છે. અંતઃકરણરૂપ દ્વારવડે જ્ઞાનસ્વરૂપ **પરમાત્મા** જ્ઞાનરૂપે પ્રકટ થાય છે. દ્વારનો ભેદ એ જ જ્ઞાનની ઓછીવધતી કળામાં કારણ હોય છે. જેમ ઘરમાં મોટું દ્વાર હોય છે, તો ઘણો પ્રકાશ આવે છે, બારી હોય છે તો થોડો આવે છે, અને નાનું જાળિયું હોય તો તેથી પણ ઓછો આવે છે, તેમ મલિન અંતઃકરણમાં જ્ઞાનસ્વરૂપ **પરમાત્મા** ઘણી જ ન્યૂન કળાથી પ્રકાશે છે, રાજસ અંતઃકરણમાં તેથી ચઢતી કળાથી પ્રકાશે છે, સાત્ત્વિક અંતઃકરણમાં તેથી પણ વધારે ચઢતી કળામાં પ્રકાશે છે, અને શુદ્ધ સાત્ત્વિક અંતઃકરણમાં અસાધારણ જ્ઞાનવિભવવડે પ્રકાશે છે. જ્ઞાન પ્રાપ્ત કરવાનો અર્થ બહારથી નવું નવું જાણવું એવો નથી, પણ હૃદયમાં જે જ્ઞાનસ્વરૂપ **પરમાત્મા** છે, તેમને પ્રકાશવાની અનુકૂળતા કરી આપવી એ છે. ભીતરમાં જે છે, તેનો બહાર યથેચ્છ પ્રકાશ પડી શકે એમ કરવું એ જ શિક્ષણનો હેતુ છે. આથી જે શિક્ષણમાં, ભીતરમાં રહેલા જ્ઞાનસ્વરૂપ **પરમાત્માને** બહાર પ્રકટ થવાની અનુકૂળતા રચી આપવામાં આવતી નથી, પણ અસંખ્ય બાબતોને બહારથી અંદર ભરવામાં આવે છે, તે ખરું શિક્ષણ નથી. એથી શિક્ષણનો અર્થ સરતો નથી. જ્ઞાનસ્વરૂપ **પરમાત્મા** પ્રત્યેક

મનુષ્યના અંતરમાં છે, અને બહાર જ્ઞાનસ્વરૂપે પ્રકટ થવા સર્વદા તત્પર છે. તેમને પ્રકટ થવા યોગ્ય અંતઃકરણ થતાં તે તત્કાળ પ્રકટ થાય છે.

બહારના દ્વારોથી અર્થાત્ સાધનોથી વિશેષે કરીને જ્યાંત્યાં જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન થતો જોવામાં આવે છે, કારણ કે જ્ઞાનનું આદિ કારણ ભીતર છે, એવું સર્વ મનુષ્યો જાણતા નથી. બહારનું શિક્ષણ એ અંતઃકરણને કંઈક અંશે યોગ્યતાવાળું કરનાર છે, પરંતુ તે યથાર્થ જ્ઞાન પ્રકટાવનાર નથી. યથાર્થ જ્ઞાન, જ્ઞાનસ્વરૂપ પરમાત્મામાંથી જ થાય છે. અંતર ઊતરી મનુષ્યોએ તેમની પાસેથી જ તે પ્રાપ્ત કરવું જોઈએ. પરમાત્મા એ સર્વ ગુરુઓમાં અત્યંત આશ્ચર્યકારક ગુરુ છે, તે સર્વ સ્થળે અને સર્વકાળ સર્વને પ્રાપ્ત છે, અને તેમનું શિક્ષણ પ્રાપ્ત કરતાં દ્રવ્ય ખરચવું પડતું નથી.

પરમાત્મા સામર્થ્યરૂપ છે. પરમાત્મા સર્વશક્ત છે, એટલું જ નહિ, પરંતુ તે સર્વશક્તિસ્વરૂપ છે. અન્ય શબ્દોમાં કહીએ તો જ્યાં જ્યાં બળ છે, જ્યાં જ્યાં સામર્થ્ય અથવા શક્તિ છે, તે સર્વ આ સામર્થ્યસ્વરૂપ પરમાત્માના જ અંશો છે. આપણા અસ્તિત્વનું નિત્ય કારણ પરમાત્મા કેવળ સર્વશક્ત છે, એટલું જ નહિ, પણ સર્વ સામર્થ્યસ્વરૂપ છે. પરમાત્મા સર્વજ્ઞ છે, એટલું જ નહિ, પરંતુ સર્વ જ્ઞાનસ્વરૂપ છે. તે સર્વવ્યાપક છે, એટલું જ નહિ પણ તેઓ સર્વવ્યાપકતા છે. અમુક ગુણવાળા પરમેશ્વર છે, એવું નથી, પણ તે ગુણસ્વરૂપ જ પરમેશ્વર છે. ગુણ અને ગુણી એવો પરમાત્મામાં ભેદ નથી. શક્તિ અને શક્તિમાન્ એવા બે ભેદ તેમનામાં નથી. ગુણ અને ગુણી ઉભયનો, શક્તિ અને શક્તિમાન્ ઉભયનો પરમાત્મામાં અભેદ છે. જેમાં સમગ્ર શુભ ગુણો એકત્ર થયા હોય, એવી કોઈ વ્યક્તિવિશેષ પરમાત્મા નથી, પણ કેવળકલ્યાણ સ્વરૂપ જ, કેવળ સુખસ્વરૂપ જ, કેવળ જ્ઞાનસ્વરૂપ જ, અને કેવળ શુભગુણસ્વરૂપ જ પરમાત્મા છે.

પરમાત્મા અથવા પરમતત્ત્વ ત્યારે સત્ય વસ્તુરૂપ છે. ચર અને અચરમાં પ્રતીત થતા જીવનનું, પ્રેમનું, જ્ઞાનનું અને સામર્થ્યનું તે મૂળ કારણ છે. સ્થાવર અને જંગમ પ્રાણીપદાર્થોદ્વારા એ પરમાત્માનું સત્સ્વરૂપ, ચિત્સ્વરૂપ, આનંદસ્વરૂપ, અને સામર્થ્ય આપણને અનુભવમાં આવે છે. સ્થાવર અને જંગમ પ્રાણીપદાર્થો એ પરમતત્ત્વને પ્રકટ થવાનાં દ્વાર છે. જેમ લાકડું અથવા સળગી ઊઠે એવો કોઈ પદાર્થ ન હોય તો અગ્નિ પ્રકટ થતો નથી, તેમ સ્થાવર અને

જંગમ પ્રાણીપદાર્થો ન હોય તો એ પરમાત્મા પ્રકટ થતા નથી. જડ અથવા માયાના સંબંધવડે જ પરમાત્માનું આપણે ભાન કરી શકીએ છીએ. જેમ લાકડું એ વસ્તુતઃ અગ્નિ જ છે, તેમ સ્થાવરજંગમ પદાર્થો પણ વસ્તુતઃ પરમતત્ત્વ જ છે. લાકડામાં જેમ અગ્નિની શાંત કળા છે, અને સળગાવેલા લાકડામાં તેની જાગ્રત્ કળા છે, તેમ સ્થાવરજંગમ પ્રાણીપદાર્થોમાં કોઈમાં પરમાત્મા શાંત કળાથી સ્થિત છે, અને કોઈમાં જાગ્રત્ કળાથી વિલસે છે. પ્રત્યેક પર્વત, પ્રત્યેક નદી, પ્રત્યેક વૃક્ષ, પ્રત્યેક પશુ, પ્રત્યેક મનુષ્ય, સ્વલ્પમાં જે જે દૃષ્ટિએ પડે છે અને જે જે દૃષ્ટિએ નથી પડતું, તે સર્વ એક પરમાત્માનો જ વિલાસ છે. પરમાત્માની જ ચઢતીઊતરતી કળાનાં એ સર્વ સ્વરૂપો છે. કીડી ગમે તેટલી તુચ્છ છે, અને હાથી ગમે તેટલો મોટો છે, કોઈ અતિ રંક મનુષ્ય ગમે તેટલો ક્ષુદ્ર છે, અને એક નૃપતિ ગમે તેટલો મહાન્ છે, તોપણ તે સર્વ એક પરમતત્ત્વની જ ચઢતીઊતરતી કળા છે. કીડીમાં રહેલું તુચ્છ બળ અને હાથીમાં રહેલું અસાધારણ બળ સામર્થ્યસ્વરૂપ પરમતત્ત્વના જ ચઢતાઊતરતા પ્રકાર છે. મૂર્ખની મૂર્ખતા અને વિદ્વાન્‌ની વિદ્વત્તા, પૂર્ણ જ્ઞાનના ચઢતાઊતરતા ભેદ છે. ઐશ્વર્યવાન્‌નું ઐશ્વર્ય અને દરિદ્રની દરિદ્રતા પૂર્ણ ઐશ્વર્યસ્વરૂપ પરમાત્માના જ નાનામોટા વિભાગ છે. આવા ચઢતાઊતરતા ભેદ છતાં, તુચ્છ ઉચ્ચ પ્રકાર છતાં, તે પ્રકારોની પાછળ ઉચ્ચનીચ ભેદરહિત પૂર્ણ એકરસ પરમતત્ત્વ વિલસી રહ્યું છે. નૃપતિના ઐશ્વર્યની પાછળ અને ભિક્ષુકની ભિક્ષુકતા પાછળ પ્રકાશતા પરમતત્ત્વમાં કશો જ ભેદ નથી.

મહાસાગરમાંથી લીધેલું એક બિંદુજળ અપાર પ્રદેશપર્યંત વિસ્તરેલા મહાસાગરના જળના જેવું જ છે. તેના એક બિંદુ જેટલા જળમાં, કે એક લોટા જેટલા જળમાં કે એક મોટા પીપ જેટલા જળમાં, આખા મહાસાગરના જળમાં જે તત્ત્વો છે, તે જ તત્ત્વો રહેલાં છે. જે પ્રમાણથી મહાસાગરના જળમાં તત્ત્વનો સંયોગ થયો છે, તે જ પ્રમાણથી એક બિંદુ જેટલા જળમાં પણ તત્ત્વોનો સંયોગ થયો છે. જળસ્વરૂપે મહાસાગર જેટલો પૂર્ણતાવાળો છે તેટલું જ બિંદુ પણ પોતાના જળસ્વરૂપમાં પૂર્ણતાવાળું છે. તેઓમાં જે ભેદ છે તે માત્ર જથામાં અથવા વિસ્તારમાં છે. એક બિંદુ જળમાં અને મહાસાગરમાં જળત્વ પૂર્ણપણે છે. એક બિંદુ આખો મહાસાગર છે, એમ કહેવાનું તાત્પર્ય નથી, પણ બિંદુ અને મહાસાગર સ્વરૂપે એક છે, એ જ કહેવાનું તાત્પર્ય છે. બિંદુ જળમાં જળત્વ પૂર્ણપણે રહેલું છે.

તે જ પ્રમાણે સ્થાવરજંગમ પ્રત્યેક પદાર્થમાં બ્રહ્મત્વ પૂર્ણપણે રહેલું છે. સમગ્ર બ્રહ્મ, મર્યાદાવાળો એક પદાર્થ અથવા પ્રાણી છે, એમ નહિ પરંતુ પ્રત્યેક પ્રાણીપદાર્થ બ્રહ્મસ્વરૂપ છે, અર્થાત્ પ્રત્યેક પ્રાણીપદાર્થ એક **પરમાત્માનાં** જ પ્રતીત થતાં ભિન્ન ભિન્ન રૂપો છે.

પરમતત્ત્વ પથરામાં પથરારૂપે, લોહમાં લોહરૂપે, વૃક્ષમાં વૃક્ષરૂપે, પ્રાણીમાં પ્રાણીરૂપે અને મનુષ્યમાં મનુષ્યરૂપે થઈ રહ્યું છે. જેમ દિવેલ એ દીપકને પોતાનો પ્રકાશ પ્રકટ કરવાનું ઊતરતા પ્રકારનું દ્વાર છે, તેલ એ તેથી ચઢતા પ્રકારનું દ્વાર છે, અને ઘી એ તેથી પણ ચઢતા પ્રકારનું દ્વાર છે, તેમ પથરો એ **પરમતત્ત્વને** પોતાનું સામર્થ્ય પ્રકટ કરવાનું બહુ ઊતરતા પ્રકારનું દ્વાર છે, વૃક્ષ એ તેથી ચઢતા પ્રકારનું દ્વાર છે, પશુ એ તેથી પણ ચઢતા પ્રકારનું દ્વાર છે, અને મનુષ્યશરીર એ આ ભૂલોકમાં સર્વથી ચઢતા પ્રકારનું દ્વાર છે. મનુષ્ય-શરીરમાં આ **પરમાત્મા** પૂર્ણપણે પોતાના સર્વ ઐશ્વર્યથી પ્રકાશે છે; અને તેથી જ મનુષ્યશરીર સર્વ શરીરોમાં શ્રેષ્ઠ શરીર ગણાયું છે.

દીપકને પ્રકટ થવાની સામગ્રી—જેવી કે દિવેલ, દિવેટ વગેરે–તે જેમ જેમ શુદ્ધ અને ઊંચા પ્રકારની હોય છે તેમ તેમ દીપક અધિક અધિક પ્રકાશથી પ્રકાશે છે, તેમ **પરમાત્માને** પ્રકાશ પામવાનું દ્વાર જે મનુષ્યશરીર તે જેમ જેમ શુદ્ધ અને ઊંચા પ્રકારનું હોય છે તેમ તેમ તે શરીરમાં **પરમાત્મા** અધિક અધિક પ્રકાશથી પ્રકાશે છે; તે એટલે સુધી કે **ब्रह्मविद् ब्रह्मैव भवति** એ શ્રુતિવચન પ્રમાણે મનુષ્ય **પરમાત્મારૂપ** જ થઈ રહે છે, અર્થાત્ **પરમાત્માનું** સર્વજ્ઞપણું, સર્વશક્તપણું, સર્વ ઐશ્વર્ય વગેરે મનુષ્યમાં પ્રકટ થઈ રહે છે.

પ્રત્યેક ચરઅચર પ્રાણીપદાર્થોના અસ્તિત્વ(હોવાપણું)માં **પરમાત્મા** કારણ છે, એટલું જ નહિ, પરંતુ પ્રત્યેક ક્ષણે જ્યાંસુધી તે પદાર્થ અસ્તિત્વમાં રહે છે, ત્યાંસુધી **પરમાત્મા** તે પદાર્થના અણુઅણુમાં વ્યાપી રહેલા હોય છે. આ પ્રમાણે પ્રાણીપદાર્થના અણુઅણુમાં પરમાત્મા વ્યાપી રહીને તે પ્રાણીપદાર્થનું સંરક્ષણ, પોષણ તથા સંહાર કરે છે. સંહાર એ આપણી દૃષ્ટિએ જ માત્ર છે; વસ્તુતઃ સંહાર એ તે પદાર્થની વધારે ઊંચી સ્થિતિ કરવા અર્થે જ હોય છે, કારણ કે એક વસ્તુની વધારે ઊંચી સ્થિતિ કરવી હોય તો તેની જે સ્થિતિ હોય તેનો નાશ કર્યા વિના થતી નથી. આથી **પરમાત્માની** **સંહારક** સત્તા, ઘણા જેમ ધારે છે તેમ નિષ્ઠુર નથી, પણ કરુણાળુ અને

સંરક્ષક છે. પરમાત્માની ઉત્પાદક (ઉત્પન્ન કરનાર), સંરક્ષક અને સંહારક સત્તા પ્રત્યેક દશ્ય પદાર્થોમાં પ્રત્યેક ક્ષણે ક્રિયા કર્યા જ કરે છે. શરીરમાં પ્રત્યેક ક્ષણે અસંખ્ય અણુઓનો સંહાર થાય છે, અસંખ્ય નવા ઊપજે છે, અને અસંખ્યનું પોષણ થાય છે. અસંખ્ય જૂના અણુઓનો સંહાર થતો રહેતો ન હોય અને તેમને સ્થાને નવા રચાતા રહેતા ન હોય તો બાળકના શરીરની વૃદ્ધિ કદી થાય નહિ, અર્થાત્ પરમાત્માની સંહારક સત્તા, એ તે પદાર્થની વૃદ્ધિ અને ઊંચી કળા કરવા અર્થે જ છે. જેમ શરીરમાં થતો નિત્ય સંહાર, વિનાશને માટે નથી, પણ ઉન્નતિને માટે છે, તે જ પ્રમાણે મૃત્યુકાળે થતો મોટો સંહાર પણ વિનાશને માટે નથી, પણ ઊર્ધ્વગતિ કરવાને અર્થે જ હોય છે. પરંતુ આ વાર્તા અદષ્ટને જોવાના સામર્થ્યવાળા જ જાણે છે. ઈશ્વરી નિયમો સર્વત્ર સરખા હોય છે. જે ઊંચે હોય છે તે નીચે હોય છે, અને જે નીચે હોય છે તે ઊંચે હોય છે, જે અત્ર હોય છે તે તત્ર હોય છે, અને જે તત્ર હોય છે તે અત્ર હોય છે, જે પૂર્વે હતું તે વર્તમાનમાં છે, અને જે વર્તમાનમાં છે તે ભવિષ્યમાં હશે, તેથી કરીને હમણાં જેમ શરીરમાં નિત્ય થતો સંહાર શરીરની ઉન્નતિ અને વૃદ્ધિને અર્થે છે, તેમ મૃત્યુરૂપ સામયિક સંહારકાળે થતો શરીરનો વિનાશ નવા રૂપમાં તેની ઉન્નતિ અને વૃદ્ધિ અર્થે છે, એ સિદ્ધ થાય છે. પરમાત્માની આ ઉત્પાદક, સંરક્ષક અને સંહારક સત્તાને આપણાં શાસ્ત્રો બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર કહે છે, અને તે ત્રણે સત્તાઓ પ્રત્યેક અણુમાં વ્યાપેલી હોવાથી બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રનો પ્રત્યેક શરીરમાં નિરંતર વાસ હોય છે. પરમાત્મા આ દશ્ય જગત્‌થી કદી જુદા નથી અને એક ક્ષણ પણ જુદા કદી થઈ શકે તેમ નથી. જગત્‌માંથી પરમાત્માને લેઈ લેવામાં આવે તો જગત્ જેવી કોઈ વસ્તુ રહે તેમ નથી. પરમાત્માવડે જ આ જગત્‌ની સ્થિતિ છે. પરમાત્મા જ જગત્‌નો આધાર છે. જગત્‌ની પ્રતીતિ પરમાત્માવડે જ છે, તેથી શાસ્ત્રીય શબ્દોમાં બોલીએ તો પરમાત્મા જ આ જગત્‌રૂપ થયા છે. 'પરમાત્માના બળવિના એક પાનડું પણ હાલી શકતું નથી, એવું જે કથન લોકોમાં ચાલે છે, તે કેટલું સત્ય છે, તે આ વિચારથી સહજ સમજી શકાય તેમ છે.

આ સર્વ વિચારોવડે આપણે જે ગ્રહણ કરવાનું છે, અને હૃદયમાં નિરંતર આરૂઢ રાખવાનું છે તે એ છે કે આપણો અર્થાત્ મનુષ્યોનો આધાર પરમાત્મા છે. આપણા અસ્તિત્વનું, આપણી ક્રિયાનું, આપણા જ્ઞાનનું, સ્વલ્પમાં આપણા સર્વસ્વનું મૂળ કારણ પરમાત્મા છે. તે આપણામાં નિરંતર

છે. તે એક ક્ષણ પણ આપણાથી જુદા નથી. તે આપણામાં રહીને નિરંતર આપણી ઉન્નતિને જ સાધે છે. અને આ જ્ઞાન યથાર્થ સમજાતાં આપણા ભયમાત્ર ટળી જાય છે.

પરમાત્મા સર્વદા વિદ્યમાન છે. તેમની વિદ્યમાનતાવડે મનુષ્યનું જીવન છે. પરમાત્માવડે મનુષ્ય મનુષ્યરૂપે જીવે છે.

સ્થૂલ રીતે મનુષ્યને જોઈએ તો તે ત્રણનો બનેલો હોય એમ જણાય છે. આત્મા અથવા ચૈતન્ય, મન અને શરીર. આત્મા અથવા ચૈતન્ય એ શરીરના અંતસ્તમ પ્રદેશમાં રહેલું છે. આપણા જીવનનો વાસ્તવિક આધાર એ છે. આપણું ખરું 'હું' એ છે. એ આપણું વાસ્તવ 'હું' અવિક્રિય, અજર, અમર અને અવિનાશી છે. આપણું શરીર બદલાય છે, આપણું મન બદલાય છે, પણ એ આપણું વાસ્તવ 'હું' આપણને અનુભવ છે કે બાલ્યાવસ્થામાં જે હતું તે જ આજે યુવાવસ્થામાં છે, અને વૃદ્ધાવસ્થામાં રહેશે. આપણા વિચારો, આપણી સ્થિતિ, આપણા સંબંધનું સર્વ, સેંકડો અને હજારો વખત બદલાયું હશે, પણ એ આપણું વાસ્તવ 'હું' આજે પૂર્વે જે હતું તેનું તે છે. એ આપણું વાસ્તવ 'હું' આપણામાં રહેલા પરમાત્મા છે. એ શાશ્વત છે, એ પુરાણ પુરુષ છે. એ અજ, નિત્ય, સાક્ષી, ચેતા, કેવલ, અને નિર્ગુણ છે. એ આપણું વાસ્તવ 'હું' આપણો આધાર છે, એ ઈશ્વર છે, એ પરમાત્મા છે, એ આપણા પિતા છે. **त्वमेव माता च पिता त्वमेव** એ શ્લોકમાં કહ્યા પ્રમાણે એ આપણી માતા છે, એ આપણા પિતા છે, એ આપણા બંધુ છે, એ આપણા સખા છે, એ આપણી વિદ્યા છે, એ આપણું દ્રવ્ય છે, સ્વલ્પમાં એ આપણું સર્વસ્વ છે. આ અંતસ્તમ પ્રદેશમાં રહેલા આપણા વાસ્તવ 'હું'માં સ્થિત થઈને પ્રત્યેક મનુષ્ય, હું અને તમે નિઃશંકપણે કહી શકીએ કે 'હું બ્રહ્મ છું,' મારામાં અને પરમાત્મામાં કશો જ ભેદ નથી. **जीवो ब्रह्मैव नापरः** જીવ અને બ્રહ્મમાં કશો જ ભેદ નથી.

મન એ મનુષ્યનું બીજું અંગ છે. એ અજ્ઞાન અને અજ્ઞાનનાં કાર્યોથી રંગાયલું છે. એ બુદ્ધિનો અથવા વિચારનો પ્રદેશ છે. આ સ્થળે આપણે વિચાર વગેરે કરીએ છીએ. આપણું વાસ્તવિક 'હું' જ્યારે શુદ્ધ છે, ત્યારે આ અશુદ્ધ છે. આપણા વાસ્તવિક 'હું'માં જ્યારે કશો જ ફેરફાર થતો નથી, ત્યારે આમાં દિવસમાં અસંખ્ય ફેરફારો થાય છે. આપણું વાસ્તવ 'હું'

જ્યારે અવિનાશી છે ત્યારે આ વિનાશી છે. આપણું વાસ્તવ ' હું ' જ્યારે સ્વપ્રકાશ છે ત્યારે આ પરપ્રકાશ એટલે જડ છે, અને આપણા વાસ્તવ ' હું ' થી પ્રકાશે છે. આપણા વાસ્તવ ' હું ' ના ઉપર એ એક આવરણ અથવા પડદો છે એમ કહીએ તો ચાલે. તે મલિન હોય છે તો આપણા વાસ્તવિક ' હું ' નો પ્રકાશ બહાર નીકળી શકતો નથી. તે જેમ અધિક સ્વચ્છ અને તેજસ્વી હોય છે, તેમ આપણું વાસ્તવિક ' હું ' અધિક શુદ્ધ અને તેજસ્વીપણે પ્રકાશે છે. રજોગુણ અને તમોગુણવડે તે રંગાયલું હોય છે, ત્યારે આપણા વાસ્તવિક ' હું ' નો પ્રકાશ રંગાયલો જણાય છે; જ્યારે તે સાત્ત્વિક અને શુદ્ધસાત્ત્વિક હોય છે, ત્યારે જ આપણું વાસ્તવિક ' હું ' શુભ્ર, ઉજ્જવલ અને પ્રશાંત સુખમય પ્રકાશથી પ્રકાશે છે. મનુષ્યોનો મોટો ભાગ, પોતાના વાસ્તવિક ' હું ' માં પોતાનું પોતાપણું માનતો નથી,—તેના અસ્તિત્વનું તેમને ભાન કે જ્ઞાન પણ નથી—પણ આ મનને જ પોતે ' હું છું ' એમ માને છે, અને તેની મલિનતાથી પોતાને મલિન માને છે, તેની જડતાથી પોતાને જડ માને છે, તેના વિનાશીપણાથી પોતાને વિનાશી માને છે, તેના અલ્પશક્તપણાથી પોતાને અલ્પશક્ત માને છે, સ્વલ્પમાં પોતાનું ખરું ભાન ભૂલી પોતે તે જ છે એમ માને છે.

શરીર એ મનુષ્યનું ત્રીજું અંગ છે. એ બાહ્ય દૃષ્ટિએ દેખવામાં આવે એવું, તથા સ્પર્શેન્દ્રિયથી સ્પર્શ કરી શકાય એવું સ્થૂલ છે. આ શરીર વિષે આગળ ઉપર વિસ્તારથી વર્ણન કરવાનો પ્રસંગ આવનાર છે, તેથી આ સ્થળે, વિસ્તાર કર્યો નથી. અસંખ્ય જડમતિ મનુષ્યો આ શરીરને જ ' હું ' રૂપે માને છે. શરીરના ભીતર તથા મનના પણ અંતસ્તમ પ્રદેશમાં રહેલા પોતાના વાસ્તવિક ' હું ' નો તેમને સ્વપ્ને પણ વિચાર હોતો નથી.

જે મહાન્‌થી મહાન્ અને અપાર વિસ્તારવાળા પરમાત્મામાંથી આપણે સર્વ આ પ્રમાણે, શરીર મન તથા આત્મારૂપે પ્રતીતિમાં આવ્યા છીએ, જે પરમાત્મામાં આપણે સર્વ રહીએ છીએ, અને હરીએ ફરીએ છીએ, તથા જે પરમાત્મામાંથી આપણે નિરંતર આપણું જીવન પ્રાપ્ત કરીએ છીએ તે પરમાત્માથી એક ક્ષણ પણ આપણે જુદા નથી. એ પરમાત્મા પ્રાણીપદાર્થ-માત્રના પિતા છે, અને આપણે સર્વ,–જડ વસ્તુઓ, વૃક્ષો, પશુઓ તથા મનુષ્યો–પરસ્પર બંધુઓ છીએ. કારણ આપણે સર્વ એક જ પરમાત્માનાં શરીર, મન, તથા આત્મારૂપે પ્રતીત થયેલાં રૂપો છીએ. જોકે જડ વસ્તુઓમાં,

તથા વૃક્ષોમાં ઘણા મનુષ્યો, શરીર, મન તથા આત્મા એવાં ત્રણ અંગો છે, એમ સ્વીકારતા નથી, તોપણ એક પથરામાં કે એક વૃક્ષમાં એ ત્રણે છે. અણુ-માત્રમાં શરીર, મન તથા આત્મા છે. માત્ર જડ પદાર્થોમાં મનની કળા, આપણને પ્રત્યક્ષ થાય એ પ્રકારે પ્રકટેલી હોતી નથી, એટલો જ ભેદ છે. પરંતુ તે સર્વમાં મન છે, એવો યોગવિત્ પુરુષોનો અનુભવપૂર્વક નિશ્ચય છે. વનસ્પતિમાં મન હોવાનાં અનેક ઉદાહરણો કુદરતનું અવલોકન કરનારને જડી આવે એમ છે. વેલો, ઊંચે ચઢવા માટે જ્યાં આધાર હોય છે, તે દિશા તરફ પોતાની શાખાઓ નાંખે છે, અને અંધારી જગામાં ઊગેલા છોડ પ્રકાશમાં જવાને સંતત પ્રયત્ન કરે છે. આ પ્રમાણે વૃક્ષ, પશુ, મનુષ્યો સર્વ, કારણરૂપે તથા કાર્યરૂપે સમાન હોવાથી, સર્વમાં સમાન પ્રેમ રાખવો, તથા સર્વના હિતમાં પ્રવૃત્તિ કરવી, એ મનુષ્યનો સ્વધર્મ છે.

પરમેશ્વર તત્ત્વસ્વરૂપ છે, સર્વવ્યાપક છે, સામર્થ્ય છે, પ્રેમ છે, આનંદ છે, એવાં એવાં વચનોથી બાળકબુદ્ધિના અશિક્ષિત મનુષ્યો ગભરાઈ જાય છે. તેઓએ પરમેશ્વરને બે હાથ અથવા ચાર હાથવાળા, પોતાના જેવા શરીરવાળા, અને પોતાની પેઠે જ કોઈ સ્થળમાં રહેતા માન્યા હોય છે, અને તેથી પરમેશ્વરનું આવું સ્વરૂપ જ્યારે તેઓ જાણે છે ત્યારે તેઓને, જાણે તેઓ અંધકારમાં બાથોડિયાં મારતા હોય એમ ભાન થાય છે. તત્ત્વસ્વરૂપ પરમેશ્વરને સમજવામાં તેમની મતિ પહોંચતી નથી. પરમેશ્વર મર્યાદાવાળી વ્યક્તિ છે, એવું તેમને સમજાવવામાં આવે છે, તો જ તેમને શાંતિ થાય છે.

એથી ઊલટું, ઘણા બુદ્ધિમાન્ મનુષ્યોને પરમેશ્વર સર્વવ્યાપક, તત્ત્વસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ, વગેરે લક્ષણોવાળા છે, એમ કહેવું રુચે છે ત્યારે, તે એક વ્યક્તિરૂપ તથા મર્યાદાવાળા છે, એમ કહેવું રુચતું નથી. પરમેશ્વરનું મર્યાદાવાળું તથા વ્યક્તિવાળું સ્વરૂપ છે, એમ સાંભળી તેઓ ભડકી ઊઠે છે, અને આવું કહેનારને તેઓ અજ્ઞાન ગણી કાઢે છે.

વસ્તુતઃ પરમેશ્વર જેમ તત્ત્વસ્વરૂપ છે, તેમ વ્યક્તિસ્વરૂપ પણ છે. તે જેમ સર્વવ્યાપક છે તેમ મર્યાદાવાળા સ્થળમાં પણ છે. તે જેમ તત્ત્વરૂપે આકાર-વિનાના છે તેમ ગમે તે આકારને ધરવાના સામર્થ્યવાળા હોવાથી અસંખ્ય રૂપોવાળા છે. પ્રાણીપદાર્થમાત્રની ઉત્પત્તિના કારણરૂપે તે તત્ત્વસ્વરૂપ છે, નિરાકાર છે, અમર્યાદ છે, સર્વત્રવ્યાપક છે. વ્યક્તિમાં પ્રકટ થતાં, વ્યક્તિરૂપ

આકાર ધરતાં તે સાકાર થાય છે, અને મર્યાદાવાળા જણાય છે. તમારામાં અને મારામાં પ્રતીત થયેલા પરમેશ્વર સાકાર છે. પ્રાણીમાત્ર પરમેશ્વરનાં સાકાર સ્વરૂપ છે. એ દ્વારાએ પરમેશ્વરનું નિરાકાર સ્વરૂપ સાકાર થયું છે. તમે અને મેં પોતાનાં શરીરદ્વારા એ નિરાકાર તત્ત્વસ્વરૂપ પરમાત્માને પ્રકટ થવાની યથેચ્છ અનુકૂલતા કરી આપી નથી માટે તમે અને હું મનુષ્યજેવા અને જીવજેવા રહ્યા છીએ. વિષ્ણુ, રુદ્ર, અને બ્રહ્માનાં શરીરો એ નિરાકાર તત્ત્વસ્વરૂપ પરમાત્માને પ્રકટ થવાને યથેચ્છ અનુકૂલતાવાળાં હોવાથી તેઓ ઈશ્વર છે, અને ઈશ્વર મનાય છે. તમે અને હું, આપણા મૂલ કારણસ્વરૂપ પરમાત્માને પ્રકટ થવાની યથેચ્છ અનુકૂલતા આપણાં શરીરદ્વારા રચી આપીએ તો તમે અને હું પણ ઈશ્વર જ છીએ. મહાપુરુષોએ વિવિધ સાધનોવડે પોતાનું સ્થૂલ શરીર, સૂક્ષ્મ શરીર તથા કારણ શરીર અત્યંત વિશુદ્ધ કરી પરમાત્માને પ્રકટ થવા માટે યથેચ્છ અનુકૂલતાવાળું રચી આપેલું હોવાથી તેઓ પરમેશ્વર-જેવા ગણાયા છે. અર્થાત્ તત્ત્વસ્વરૂપે પરમેશ્વર નિરાકાર છતાં, આ પ્રકારના વિચારથી સાકાર છે. પરમેશ્વરની પ્રતીતિ, પરમેશ્વરનું જ્ઞાન એ સર્વ સાકાર-વડે જ થાય છે. સાકાર એ નિરાકારને પ્રકટ થવાનું, અને આપણને જણાવાનું દ્વાર છે, માટે જેઓ સાકારનો નિષેધ કરે છે, તેઓ પરમેશ્વરના વાસ્તવ સ્વરૂપને ન સમજીને જ નિષેધ કરે છે. નિરાકાર તત્ત્વસ્વરૂપ પરમાત્મા એ સર્વ સાકારોના મૂળ કારણ છે. એ સર્વ સામર્થ્યના મહાસાગર છે. એમાંથી સર્વ સાકાર પોતપોતાને જોઈતું સામર્થ્ય પોતપોતાની શક્તિપ્રમાણે ખેંચી લે છે. એ આપણા મૂળ કારણસાથે આપણો નિરંતર સંબંધ છે. તમે અને હું એ પરમાત્માનાં જ સાકારરૂપો છીએ. એ આપણા મૂળ કારણમાંથી જેટલું આપણે લઈએ, તેટલા આપણે બહાર પ્રતીતિમાં આવીએ છીએ. ઓછું લેનાર ઓછા સામર્થ્યવાળો થાય છે, વધારે લેનાર વધારે સામર્થ્યવાળો થાય છે. કૃષ્ણ અને રામ પોતાના આ મૂલ કારણને નિરંતર જાણતા હોવાથી તેઓ યથેચ્છ બળ તેમાંથી પ્રાપ્ત કરતા, અને ઈશ્વરી સામર્થ્ય દર્શાવતા. આપણે, આપણા આ મૂલ કારણથી જાણે જુદા છીએ એમ માની બેઠા છીએ. આપણા સંશયથી, આપણી અશ્રદ્ધાથી, આપણા અજ્ઞાનથી, આપણા મૂલ કારણરૂપ મહાસાગર-માંથી આવતા પ્રવાહને આપણે રોક્યો છે. અજ્ઞાનની આડી ભીંતોથી તે મૂલ સામર્થ્યનો પ્રવાહ આપણા તરફ આવતો નથી. જ્ઞાનથી મુક્તિ થવાનું જે સત્શાસ્ત્રો કહે છે તે કેવળ સાચું છે. આપણું મૂળ કારણ અનંત, અપાર તથા સર્વ સામર્થ્યવાળું છે, એવું યથાર્થ જ્ઞાન થતાં આપણી મર્યાદાવાળી શક્તિનો

નાશ થઈ આપણે અમર્યાદ સામર્થ્યવાળા થઈ રહીએ છીએ. કૃષ્ણમાં અને આપણામાં જે ભેદ છે તે આ જ છે. તેઓ પોતાના મૂળ કારણથી પોતાનો અભેદ જાણતા હતા, અને આપણે તેથી ભેદવાળા છીએ એમ માનીએ છીએ. આપણા મૂળ કારણથી જુદા પડી આપણે વૃથા દુઃખને સહન કર્યા કરીએ છીએ. એ આપણું મૂળ કારણ અનંત શુભનો મહોદધિ છે. એમાંથી કોઈ કાળે કાંઈ પણ ખૂટતું નથી. તેમ એ આપણું મૂળ કારણ આપણામાં પોતાના અનંત સામર્થ્યનો પ્રવાહ આવવા દેવા અતત્પર છે, એમ પણ નથી. જેમ દીપકને પ્રકાશ આપવો કે ન આપવો, એવું હોતું જ નથી,–તેના ઉપરનું આચ્છાદન લેઈ લેતાં તે તરત જ પ્રકાશ આપે છે–તેમ પરમાત્માને કોઈના ઉપર કૃપા કે અકૃપા એવું છે જ નહિ. અશ્રદ્ધા, સંશય, અને અજ્ઞાનની આડી ભીંતો તોડી નાંખો, અને તરત જ તમે પરમતત્ત્વની સાથે અભેદભાવને પામશો. તમારામાં પરમતત્ત્વનું સામર્થ્ય તમારી ઇચ્છાનુસાર પ્રકટશે. હાલ નહિ પ્રકટવામાં અજ્ઞાન જ કારણ છે.

આજ સુધી આપણે આપણા આ મૂલ કારણની ઉપેક્ષા અને અનાદર કરી, બહારથી જ સુખને અને સામર્થ્યને શોધ્યું છે; અને તેમાં આપણે નિષ્ફળ થયા છીએ. આપણે પૂર્ણ તૃપ્તિને પામ્યા નથી. પૂર્ણ સુખને અને પૂર્ણ તૃપ્તિને પામવા આપણાં અંતઃકરણમાં અખંડ વેગ ઊઠ્યા કરે છે. આ વેગ અન્ય કંઈ નથી, પણ આપણા આત્માની પોતાના મૂળ કારણ પરમાત્મામાં અભેદ થવાની ઇચ્છા છે. એ વેગને અનુસરી જ્યાંસુધી આપણે પરમાત્મામાં એકતાને નહિ પ્રાપ્ત થઈએ ત્યાંસુધી એ વેગ શમવાનો નથી. ત્યાંસુધી ગમે તેટલાં બાહ્ય સુખો આપણે સંપાદન કરીશું, તોપણ આપણને પૂર્ણ શાંતિ અને પૂર્ણ તૃપ્તિ પ્રાપ્ત થવાની નથી.

આપણા આત્માદ્વારા, આપણા વાસ્તવ હુંદ્વારા, આપણા મૂળ કારણ પરમાત્મામાં આપણે અભેદ થઈ શકીએ છીએ, અને તે દ્વારા પૂર્ણ જીવન, પૂર્ણ પ્રેમ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ સામર્થ્ય, પૂર્ણ સુખ, અને પૂર્ણ ઐશ્વર્ય પ્રાપ્ત કરી શકીએ છીએ. કેવાં સાધનોવડે, કેવા ઉપાયથી આ આપણા મૂળ કારણમાં આપણે અભેદ થવું, એ જાણવું માત્ર હવે આપણે બાકી રહે છે. સર્વ શાસ્ત્રો આ વાતનો જ બોધ કરે છે. સાધનો આ દિશામાં જ આપણને દોરે છે. એ આપણા મૂળ કારણમાંથી મળતા સામર્થ્યવડે, હવે પછીનાં પ્રકરણોમાં આપણે આ સાધનોનો વિચાર કરીશું. તત્કાળ આપણે નિરંતર સ્મરણમાં રાખવાનું આ છે.

આપણા અસ્તિત્વનું, આપણા જીવનનું મૂળ કારણ એક છે, અને તે સર્વ-વ્યાપક છે. એ મૂળ કારણમાં સર્વ શુભ, સર્વ સામર્થ્ય, સર્વ જ્ઞાન રહેલું છે. એ મૂળ કારણ આપણામાં રહેલું છે, આપણા દ્વારા પ્રતીત થાય છે, અને આપણે તેનાથી સર્વદા અભેદ છે, અને તેથી કરીને એ મૂળ કારણમાંથી જે જે આપણે જોઈએ તે જ્ઞાનવડે આપણે લઈ શકીએ છીએ.

પ્રકરણ ૨

વિચારરૂપ ક્રિયા

પ્રથમ પ્રકરણમાં આપણે વિચાર કરી ગયા કે પ્રત્યેક પ્રાણીપદાર્થના અંતરમાં રહેલું, તે પ્રાણીપદાર્થનું જે મૂળ કારણ છે, તે ઇશ્વર અથવા **પરમતત્ત્વ** છે; વિશ્વમાં જે અસંખ્ય પ્રાણીપદાર્થો દૃષ્ટિએ આવે છે, તે સર્વ **પરમેશ્વરથી** અભિન્ન છે, અને જેમ એક જ જળ, વરાળ, પાણી અને બરફરૂપે જણાય છે, તેમ એક જ **પરમેશ્વર** વિવિધ જડચેતન પ્રાણીપદાર્થોરૂપે પ્રતીત થાય છે; અર્થાત્ જે જે દૃષ્ટિએ પડે છે, તે નિરાકાર **પરમાત્મા** જ સાકાર રૂપે પ્રતીત થાય છે. **પરમેશ્વરવિના** આ જગત્‌માં અન્ય કશું છે જ નહિ. પરમેશ્વર જ જગત્‌રૂપ પરિણામને પામેલા છે. જડ પદાર્થોનું જડત્વ અને જીવતા પદાર્થોનું જીવત્વ એ ઉભય એક **પરમેશ્વરની** જ ભિન્ન ભિન્ન કળાઓ છે. વિવિધ પ્રાણીઓમાં પ્રતીત થતું જ્ઞાન અને પ્રેમ એ સર્વ **પરમાત્માનાં** અનંત જ્ઞાન અને પ્રેમની કળાઓ છે.

સમગ્ર વિશ્વ સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્માનો જ વિલાસ છે. જગત્‌રૂપ કાર્ય પોતાનું કારણ જે **પરમાત્મા** તેથી જુદું નથી, અને તેથી જ **हरिरेव जगत् जगदेव हरिः।** પરમેશ્વર એ જ જગત્ છે, અને જગત્ એ જ પરમેશ્વર છે, **सर्वं खल्विदं ब्रह्म, नेह नानास्ति किंचन ।** આ બધું બ્રહ્મ જ છે, **બ્રહ્મથી** ભિન્ન એવી કશી વસ્તુ અહીં છે જ નહિ, એવાં એવાં અનેક વચનો સત્શાસ્ત્રોમાં સ્થળે સ્થળે દૃષ્ટિએ પડે છે.

તમારું અને મારું મન જે સત્તાવડે ક્રિયા કરે છે, તે સત્તા પરમાત્મસત્તા છે. પ્રત્યેક મનુષ્યનું મન **પરમાત્મસત્તાવડે** જ વિચાર કરે છે. પરમાત્મ સત્તા ન

હોય તો કોઈનું મન કરી જ ક્રિયા કરી શકે નહિ. આમ હોવાથી પરમાત્મસત્તારૂપ એક સર્વસામાન્ય મન જ સર્વ પ્રાણીઓનાં મનનું પ્રેરક હોવાથી એક મન જ વિશ્વમાં વ્યાપી રહ્યું છે, એમ કહીએ તો ખોટું નથી. પ્રાણીમાત્રનાં ભિન્ન ભિન્ન ભેદવાળાં જણાતાં અસંખ્ય મનનાં પરમાત્મસત્તારૂપ એક સર્વસામાન્ય મન સાથે, કદી છૂટો ન પડી શકે એવો અખંડ સંબંધ છે; અને આ સંબંધનું જ્ઞાન એ જ આપણને સર્વ દુઃખથી મુક્ત કરનાર અને અખંડ સુખને આપનાર છે.

પરમાત્માનો આપણી સાથે અખંડ સંબંધ છતાં, અને આપણા મનના તેઓ જ પ્રેરક અથવા પ્રકાશક છતાં, આપણે કેવળ પૂતળા જેવા નથી. જેમ સૂત્રધાર પૂતળાંને સૂત્રના તાંતણાથી નચાવે છે, તેવા આપણે કેવળ પરાધીન નથી. પરમાત્માસાથે અખંડ સંબંધથી જોડાયલા છતાં આપણે સ્વતંત્ર વ્યક્તિરૂપ છીએ; અને તેથી જ આપણે યોગ્યાયોગ્ય કૃતિ માટે જવાબદાર છીએ.

સ્થૂલ રીતે કહીએ તો મનુષ્ય ત્રણ વસ્તુનો બનેલો છેઃ શરીર, મન, અને આત્મા. આત્મા એ મનુષ્યનું વાસ્તવિક 'હું' છે. મનુષ્ય જે 'હું' શબ્દથી પોતાને ઓળખે છે, તે 'હું' વસ્તુતઃ શરીર અથવા મન નથી પણ આ આત્મા છે. એ અવિક્રિય, તત્ત્વસ્વરૂપ છે. તે અનાદિ અને અનંત છે. મનુષ્યનું એ વાસ્તવિક 'હું' પૂર્વે નહોતું, એમ નથી, તેમ ભવિષ્યમાં એ નહિ હોય એમ પણ નથી. આપણાં લાખો અને કરોડો શરીર થાય છે, એક શરીર મૂકીને બીજું શરીર બદલીએ છીએ, પણ એ આપણું વાસ્તવિક 'હું' કદી બદલાતું નથી. હજારો વર્ષ ઉપર કોઈ શરીરમાં આપણે હતા, તે સમયનું આપણું વાસ્તવિક 'હું' જે હતું તે જ આજે છે. તે જ પ્રમાણે આપણા મનમાં ક્ષણે ક્ષણે અનેક ફેરફારો થાય છે. બાલ્યાવસ્થામાં મન જે સ્થિતિમાં હતું, તે જ સ્થિતિમાં આજે નથી, અને આજે જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં હવે પછી નહિ હોય. પરંતુ આપણું વાસ્તવિક 'હું' તો સદા સર્વદા એક જ સ્થિતિમાં રહે છે. કારણ કે તે પરમાત્મસ્વરૂપ છે; અને પરમાત્મસ્વરૂપ હોવાથી તે પૂર્ણ અને અવિક્રિય છે.

આપણા વાસ્તવિક 'હું'નો પરમાત્મા સાથે અખંડ સંબંધ છે, અને આપણા વાસ્તવિક 'હું'ના જ્ઞાનપૂર્વક સંબંધથી આપણે પરમાત્માના જ્ઞાનપૂર્વક સંબંધને પ્રાપ્ત કરીએ છીએ.

આપણે જે વિવિધ વિચારો કરીએ છીએ, તે આપણે આપણા મનના પ્રદેશમાં કરીએ છીએ. મનના પ્રદેશને આપણે અજ્ઞાનથી આપણું પોતાનું

સ્વરૂપ સમજી બેઠા છીએ; અને તેથી મનની વિવિધ હર્ષશોકની સ્થિતિએ, આપણે આપણને સુખી તથા દુઃખી માનીએ છીએ.

આપણું વાસ્તવિક 'હું' જેનો પરમતત્ત્વ સાથે અખંડ સંબંધ છે, તે છેક અંતરમાં છે. જેમ તરવાર ઉપર મ્યાન હોય છે, તેમ આપણું મન એ આપણા વાસ્તવિક 'હું'ને આચ્છાદન કરીને રહ્યું છે; અર્થાત્ મન એ આત્માને ઢાંકનાર કોશ છે. શરીર એ મન તથા આત્મા ઉભયને આચ્છાદન કરે છે, અને તેથી શરીર બહારનો કોશ અથવા ઢાંકણ છે. અને એમ છતાં આ ત્રણે મળીને મનુષ્ય થાય છે. ત્રણે એક જ ચૈતન્યની સૂક્ષ્મતર, સૂક્ષ્મ અને સ્થૂલ કળાઓ છે.

મન, પાંચ જ્ઞાનેન્દ્રિયોવડે બાહ્ય જગત્‌ના વિવિધ પદાર્થાદિનું જ્ઞાન મેળવે છે. જ્ઞાનેન્દ્રિયવિના અન્ય કોઈ પણ દ્વારવડે મનને જ્ઞાન થતું નથી, એમ ઘણા લોકોનું માનવું છે, પણ તે યથાર્થ નથી. જ્ઞાનેન્દ્રિયદ્વારા મન જે જ્ઞાન પ્રાપ્ત કરે છે, તે સર્વદા યથાર્થ હોતું નથી. ઘણે પ્રસંગે તો તે અસત્યમિશ્ર અથવા કેવલ ભ્રાંતિમય જ હોય છે. નેત્રવડે મનને સ્ત્રીઆદિ રૂપના વિષયોનું જ્ઞાન થાય છે, અને તે યથાર્થ સુખના હેતુ છે, એમ મન માને છે, પરંતુ વસ્તુતઃ તેમ હોતું નથી. સ્વાદેન્દ્રિયવડે તે વિવિધ સ્વાદવાળા આહારના પદાર્થોને સુખના હેતુ માને છે, પણ વસ્તુતઃ તે પદાર્થો આરોગ્યની વૃદ્ધિ કરનાર હોતા નથી, પણ રોગની વૃદ્ધિ કરનાર હોય છે. કેવળ જ્ઞાનેન્દ્રિયવડે મન, અમુક વસ્તુ સુખનો હેતુ છે કે દુઃખનો હેતુ છે, તેનો નિર્ણય કરી શકતું નથી, અને તેથી કરીને ઘણે પ્રસંગે દુઃખને આપનાર પદાર્થોને તે સુખને આપનાર માને છે, નાશવાન્ પદાર્થોને તે અવિનાશી માને છે, કુરૂપ પદાર્થોને તે ઉત્તમ રૂપવાળા ગણે છે, અને અપવિત્ર પદાર્થોને તે શુચિ અર્થાત્ પવિત્ર ગણે છે. ઇન્દ્રિયોવડે પ્રાપ્ત થતું જ્ઞાન સાચું છે, એ પ્રકારનું ઘણા મનુષ્યોનું માનવું હોવાથી તેઓ ઇન્દ્રિયવિના અન્ય કોઈ દ્વારવડે યથાર્થ જ્ઞાન થવાના સંભવને સ્વીકારતા નથી, પણ સત્શાસ્ત્રો તથા સત્પુરુષો ડિંડિમ વગાડીને કહે છે કે ઇન્દ્રિયોદ્વારા થતું જ્ઞાન ભ્રાંતિમય છે, અને અતીન્દ્રિય જ્ઞાન અર્થાત્ ઇન્દ્રિયોવિના થતું જ્ઞાન સત્ય છે, અને દૈવી છે. ઇન્દ્રિયજન્ય જ્ઞાન જ્યારે ત્રિવિધ દુઃખને આપે છે, ત્યારે અતીન્દ્રિય જ્ઞાન ત્રિવિધ દુઃખથી મુક્ત કરે છે. ઇન્દ્રિયજન્ય જ્ઞાન મનુષ્યને માયામય કરી મૂકે છે, ત્યારે અતીન્દ્રિય જ્ઞાન મનુષ્યને ચૈતન્યમય અર્થાત્ પરમાત્મામય કરી મૂકે છે.

ઇન્દ્રિયો જ્યાંસુધી પોતપોતાના વિષયમાં વેગથી ધાવન કરે છે, અને તે તે

વિષયોમાં તેમને આસક્તિ હોય છે, ત્યાંસુધી અતીન્દ્રિય જ્ઞાન થતું નથી. ઇન્દ્રિયો વિષયોનો સંબંધ છોડે છે, અને જે બળવડે તેમને વિષયો સાથે સબંધ કરવાનું સામર્થ્ય મળ્યું છે, તે બળને જાણવા માટે પાછી વળી અંતરમાં એકાગ્ર થાય છે, ત્યારે તે અતીન્દ્રિય જ્ઞાનને મનમાં પ્રકટ થવાની અનુકૂળતા રચી આપે છે. ઇન્દ્રિયોના વ્યાપારનો નિરોધ, એ અતીન્દ્રિય જ્ઞાનનું સાધન છે.

જેઓ વિષયોને જ રાત્રિદિવસ સેવવાવાળા હોય છે, તેઓમાં જ્ઞાનની કળા ઘણી જ ઝાંખી હોય છે. વ્યાવહારિક ઊંચું જ્ઞાન પણ વિષયોમાં અત્યંત આસક્તિવાળા મનુષ્યોને પ્રાપ્ત થયેલું જોવામાં આવતું નથી. નવી નવી શોધો તથા કળાઓ, વિષયોમાં ગુલતાન રહેનાર મનુષ્યો શોધી કાઢતા નથી. ઇન્દ્રિયોના વિષયોથી જેઓ, જેટલે અંશે ઉપરામ થાય છે, અને વિષયોથી ઉપરામ કરેલી ઇન્દ્રિયો તથા મનને જેટલે અંશે, જ્ઞાન જ્યાંથી ઉદ્ભવે છે, તે મૂળ કારણમાં જોડે છે, તેટલે અંશે તેઓ ઊંચા ઊંચા જ્ઞાને પ્રાપ્ત કરે છે.

પરમેશ્વર જ્ઞાનસ્વરૂપ છે, અને પરમેશ્વરનો અને આપણા આત્માનો અખંડ સંબંધ છે, તેથી યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છનારે ઇન્દ્રિયદ્વારા મનનો અને વિષયોનો સંબંધ ન સેવતાં, મનનો અને આત્માનો સંબંધ સેવવો, એ જ યોગ્ય છે; અને ઇન્દ્રિયો જ્યાંસુધી વિષયોમાં આસક્તિવાળી હોય છે ત્યાંસુધી મન આત્માના સંબંધને સેવતું નથી માટે, યથાર્થ જ્ઞાન થવામાં, વિષયોપ્રતિ વિરાગ, એ પ્રથમ અને અનિવાર્ય સાધન છે.

આત્મામાંથી જ સર્વ જ્ઞાન ઉદ્ભવે છે, તેથી મનુષ્યોએ યથાર્થ જ્ઞાનમાટે મન તથા ઇન્દ્રિયો ઉપર આધાર રાખનાર ન થવું જોઈએ, પણ આત્માઉપર આધાર રાખનારા થતાં શીખવું જોઈએ. મન તથા ઇન્દ્રિયોઉપર આધાર રાખનાર થવાથી આત્મામાંથી ઊઠતાં જ્ઞાનનાં સ્ફુરણો તેનામાં દબાઈ ગયાં છે, અથવા ઊઠે છે, તો તેને તે જાણી શકતો નથી. વિષયોની આસક્તિ જેમણે ત્યજી હોય છે, તેવા દૈવી પ્રતિભાવાળા પુરુષોનાં અંતઃકરણમાં જ અંતરાત્મામાંથી ઊઠતાં જ્ઞાનનાં સ્ફુરણોનું સામ્રાજ્ય વર્તતું હોય છે.

જેમ વસ્તુ ઉઠાવી લેતાં તેની છાયા રહેતી નથી, તેમ અંતરાત્માના પ્રકાશવડે જ મન પ્રકાશે છે. અંતરાત્માના પ્રકાશવિના મન કેવળ જડ છે, અર્થાત્ મનુષ્યનું સર્વસ્વ અંતરાત્મા જ છે.

વિચારથી આ વિષય તમને ન સમજાય તો વ્યાકુળ થવાનું પ્રયોજન નથી. તર્ક કરીને અથવા ચર્ચા કરીને આ વિષય સમજવાનો પ્રયત્ન કરવો પણ નિરર્થક છે. આ વિષય આમ જ છે, એમ શ્રદ્ધાથી માનીને કર્તવ્યમાં જોડાવું, એ જ અધિક યોગ્ય છે. માનતાં અને કર્તવ્ય સાધતાં, આજે જે અગમ્ય છે, તે તમારા આત્માનો કોઈ ક્ષણે અનુગ્રહ થતાં, વિદ્યુત્‌ના ચમકારાની પેઠે તમારી બુદ્ધિમાં સ્પષ્ટ થશે.

જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરનાર પુરુષોના બે ભેદ જોવામાં આવે છે. કેટલાક મનુષ્યો, પોતાની બુદ્ધિ જે વાતનો સ્વીકાર કરે નહિ, તે વાતને ગમે તેવો આપ્ત પુરુષ કહે તોપણ કદી માનતા નથી. પ્રમાણોથી બુદ્ધિ સ્વીકારે તેટલું જ તેઓ ગ્રહણ કરે છે. બીજા પ્રકારના મનુષ્યો, બાળકના જેવા અંતઃકરણવાળા હોય છે. જેમ બાળક માબાપ જે કહે તે સર્વ ખરું જ માને છે, તેમ આ બીજા પ્રકારના મનુષ્યો આપ્ત જનોનાં વચનોને સર્વ પ્રકારે ખરાં માને છે, અને તદનુસાર વર્તન કરે છે. વર્તન કરતાં ખરું શું છે તે તેમને સમય જતાં આપો-આપ જણાય છે. બંને પ્રકારના મનુષ્યો જ્ઞાનના અધિકારી છે. બંનેને પરિણામે જ્ઞાન થયા વિના રહેતું નથી. બંનેમાંથી કોઈ પણ નિંદવા યોગ્ય નથી.

આધ્યાત્મિક વિષયોમાં ખાતરી થયા પછી જ જો તમે પ્રયત્ન કરવાનો વિચાર રાખ્યો હોય, તો સ્પષ્ટ કહીએ છીએ કે આધ્યાત્મિક વિષયો સ્વસંવેદ્ય એટલે પ્રત્યેક મનુષ્યને પોતાના પ્રયત્નથી પોતાને જ સમજાય એવા હોય છે. ખાતરી થયા પછી પ્રયત્ન કરવાનો હોતો નથી. પ્રયત્ન કરીને જ ખાતરી કરવાની હોય છે. આથી ખાતરી પછી પ્રયત્ન કરવા ઉપર મુલતવી રાખવું એ ઊંટનો લબડતો હોઠ થોડી વાર પછી પડશે, અને તે ખાઈને હું મારી ક્ષુધા નિવૃત્ત કરીશ એવી આશાથી ઊંટની પાછળ પાછળ ભટકનાર શિયાળના વર્તન જેવું છે. ઊંટનો હોઠ પડતો નથી, અને શિયાળને ભક્ષ મળતું નથી. પ્રયત્નવિના કેવળ વાર્તાથી ખાતરી થતી નથી, અને ખાતરી થયા વિના પ્રયત્ન થતો નથી. તમારી નિત્યની નિષ્ફળતા, એક જન્મે નહિ તો બે જન્મે, બે નહિ તો ચાર જન્મે પણ તમારી ભૂલ તમને દર્શાવે છે, અને પછી તમે શ્રદ્ધાથી પ્રયત્ન આરંભો છો.

સત્શાસ્ત્રો કહે છે કે અધ્યાત્મવિદ્યાનો પ્રમેય અર્થાત વિવિધ પ્રમાણોવડે જેની સિદ્ધિ કરવાની છે તે વસ્તુ અર્થાત્ બ્રહ્મતત્ત્વ મનનો કે બુદ્ધિનો વિષય નથી. આમ છે તો પછી તમારાં મનબુદ્ધિ, જેને જાણવાનું તેમનામાં સામર્થ્ય નથી તેને વિવિધ તર્કોવડે શી રીતે નિશ્ચય કરી શકશે ?

શ્રુતિ કહે છે કે આ આત્મા તર્કથી કે વાદવિવાદથી કે કશાથી સમજાતો નથી, પણ એ આત્માનો જેના ઉપર અનુગ્રહ થાય છે, તેના જ અંતઃકરણમાં તે પોતાનો પ્રકાશ પ્રકટ કરે છે.

આત્માનો અનુગ્રહ પ્રાપ્ત કરવા, આત્માવલંબી થાઓ. આત્મામાં જ શ્રદ્ધા રાખો. આત્માનો જ આશ્રય લો. વિષયોની આસક્તિ ત્યજી, વિષયોનાં ચિંતન ત્યજી આત્મામાં જ આસક્તિ ધરો; આત્માનું જ ચિંતન કરો. તમારી યથાર્થ ભક્તિ થતાં, આત્મા પોતાના યથાર્થ સ્વરૂપનો પ્રકાશ તમારા મનમાં પ્રકટાવશે.

પર્વતના શિખર ઉપર પહોંચવાનો ટૂંકો રસ્તો પ્રાપ્ત થતો હોય તો લાંબો રસ્તો લેવાનું કયો બુદ્ધિમાન્ પુરુષ પસંદ કરશે? અને એમ છતાં જ્ઞાનગિરિના શિખરે પહોંચવા માટે મનુષ્યો ટૂંકો માર્ગ લેવાને બદલે લાંબો માર્ગ જ લે છે. તેમનું આત્મસ્વરૂપ જ્ઞાનનો અખૂટ ઝરો છતાં, તેઓ તેનો અલક્ષ કરી જ્ઞાનને માટે બહાર વલખાં મારે છે. ફલાણા પુસ્તકમાંથી જ્ઞાન થઈ જશે અને ઢીંકણા પુસ્તકમાંથી જ્ઞાન થઈ જશે, એમ માની તેઓ સેંકડો અને હજારો પુસ્તકો વાંચે છે. આથી જ્ઞાન થાય છે, પણ તે જ્ઞાન પ્રાપ્ત કરવાનો લાંબો માર્ગ છે. પુસ્તકો એ જ્ઞાન સંબંધમાં અન્યના અભિપ્રાયો છે, અથવા સત્ય શોધવામાં અન્યને જે જે અનુભવ થયા હોય છે, તેનો એક પ્રકારનો વૃત્તાંત છે. તમારે જે જ્ઞાન જોઈએ છે, તે તમારા આત્મામાંથી પ્રકાશ પામતું અનુભવજ્ઞાન જોઈએ છે, અને તે ઘણાં પુસ્તકો વાંચવાથી કદી મળતું નથી. પોતાના આત્માસાથે સંબંધવાળા થવું, એ જ જ્ઞાન પ્રાપ્ત કરવાનો ટૂંકો માર્ગ છે. તેથી ઘણાં પુસ્તકો વાંચવાં છોડી દો. સારભૂત થોડાં પુસ્તકો વાંચો, અધિક મનન કરો, અને એકાંતમાં પોતાના આત્માસાથે સંબંધવાળા થઈને સત્યના પ્રકાશને જુઓ.

બહાર દોડવાના અભ્યાસવાળી તમારી વૃત્તિ એકાંતમાં સ્થિર થઈ આત્માના સંબંધને તત્કાળ ન સેવે, અને પ્રકાશનો અનુભવ ન કરે, એ સ્વાભાવિક છે. ઉત્સાહપૂર્વક પ્રયત્ન કર્તવ્ય છે. સત્વર જ્ઞાન થવાની આશાથી, આત્મામાં એકાગ્ર થવાના સફળ પ્રયત્નને પરિત્યજી તમે બહારથી જ્ઞાન મેળવવાના પ્રયત્ન કરશો તો તેમાં તમે નિરાશ જ થવાના; કારણ કે બહારથી જે જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે ઇન્દ્રિયોના સંબંધથી થાય છે; અને ઇન્દ્રિયોના સંબંધથી થયેલું જ્ઞાન, અતીન્દ્રિય અર્થાત્ દિવ્ય જ્ઞાન હોતું નથી.

ઇન્દ્રિયોના શમનમાં જ સત્ય જ્ઞાન રહેલું છે. ઇન્દ્રિયોના વેગને રોકી, તમારી અત્યંત સમીપ રહેલા સત્ય જ્ઞાનને શોધો. ધૈર્યથી શોધો. ઉતાવળા ન થાઓ. જેમ જેમ ઇન્દ્રિયોના વેગની શાંતિ થશે, તેમ તેમ તમારો પ્રયત્ન સફળ થયેલો તમે જોશો. મનબુદ્ધિ વગેરે અંતઃકરણના વેગને થોડો સમય સ્થિર કરો. પ્રત્યેક ક્ષણે ઊઠતાં મનનાં અસંખ્ય સ્ફુરણોનાં નગારખાનામાં તમારા આત્માનું સત્ય-જ્ઞાનમય શાંત સ્ફુરણ દબાઈ ગયું છે. નગારખાનાના વ્યાપારને થોડીવાર બિલકુલ અટકાવો, અને આત્માના મધુર શાંત સ્વરને શ્રવણ કરો. તમને સમજાશે કે અંતર તથા બાહ્ય ઇન્દ્રિયોની ધમપછાડ બંધ પડે છે, અને તમે એકાગ્રતાવાળી શાંત સ્થિતિમાં આવો છો ત્યારે આત્મામાંથી જે સ્ફુરણ થાય છે, તે કેવળ સત્યથી પૂર્ણ હોય છે.

આત્મામાંથી થતું અંતર્ સ્ફુરણ ઓળખવાની શું કોઈ નિશાની છે? આકાશમાં ઊગેલા સૂર્યને ઓળખવામાં જેમ કશી મુશ્કેલી નડતી નથી, તેમ અંતર્ સ્ફુરણને ઓળખવામાં કશી ભ્રાંતિ થતી નથી. આત્મામાંથી પ્રકાશ પામતા સાક્ષાત્ જ્ઞાનમાં શંકાના ઉદયનો અસંભવ છે. તમે જીવતા છતાં, તમે મરી ગયેલાં છો, એમ આખું જગત્ એકત્ર થઈ તમને કહે તોપણ જેમ તમારા જીવનમાં તમને સંશય થતો નથી, તેમ આત્મામાંથી પ્રકાશતા સાક્ષાત્ જ્ઞાનમાં કશો સંશય થતો નથી, એટલું જ નહિ પણ એ સાક્ષાત્ જ્ઞાન જેના જેના આગળ તમે વર્ણો છો, તેના હૃદયને તે આરપાર ભેદી નાંખે છે.

બુદ્ધિવડે જે જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવ્યું હોય છે, તે જ્ઞાનનો જેને તમે ઉપદેશ કરો છો, તેની બુદ્ધિના પ્રદેશસુધી જ તે ઉપદેશ પહોંચે છે. હૃદય તે ઉપદેશથી રંગાતું નથી. આત્મામાંથી પ્રકટતું સત્ય જ્ઞાન જ હૃદયને અસર કરવા સમર્થ હોય છે.

બુદ્ધિ અથવા મનનો આત્મા પ્રેરક છે, અને તેમ હોવાથી તે સ્વામી છે, અને મન સેવક છે. સેવકના પોતાના પદમાં તે શોભે છે; સ્વામીના પદમાં નહિ. કારણો આપીને કોઈ વિષય ખરો છે કે ખોટો છે, તે સિદ્ધ કરવાનું તેને રુચે છે, પરંતુ સ્થૂલ શરીરની ઇંદ્રિયોવડે મેળવેલું જ્ઞાન એ જ વસ્તુનિર્ણય કરવા માટે તેની પાસે પ્રમાણ હોય છે. આત્મામાંથી સ્ફુરતું દૈવી જ્ઞાનરૂપ પ્રમાણ તેની પાસે હોતું નથી, અને તેથી કરીને તેના નિશ્ચયો ઘણે પ્રસંગે ભૂલ ભરેલા અને બહુ અવિશ્વાસ કરવા યોગ્ય હોય છે.

બુદ્ધિ દાખલાદલીલોથી નિર્ણય કરે છે. આત્મા પરમાત્મામાં ડૂબકી મારે છે, અને સત્ય જ્ઞાનરૂપી મોતી બહાર આણે છે. બુદ્ધિએ નિર્ણય કરેલું જ્ઞાન પ્રસંગે ખરું હોય છે; આત્મામાંથી સ્ફુરતું જ્ઞાન સર્વદા જ ખરું હોય છે. આત્મામાંથી જે સત્ય જ્ઞાન સ્ફુરે છે, તેને દાખલાદલીલોવડે સિદ્ધ કરવાની અગત્ય રહેતી જ નથી. તે સત્યસ્વરૂપ જ હોય છે, અને સ્વપ્રકાશવડે સ્વતઃ પોતાની સત્યતા દર્શાવી આપે છે. આકાશમાં પ્રકટ થઈને સૂર્યને, હું સૂર્ય છું, એવું દર્શાવવાને શું અન્ય પ્રકાશની અગત્ય રહે છે?

શાસ્ત્રોના પારને પામેલા પંડિતોમાં જે અનુભવજ્ઞાન નથી હોતું, તે શાસ્ત્રનું મુખ પણ ન જોયેલા એક સાચા ભક્તમાં હોય છે, તેનું કારણ આ જ છે. **મીરાં** અથવા **નરસિંહ** અથવા કબીરનું, અંતરઆત્મામાંથી નીકળેલું એક પદ્ય જ્યારે હૃદયની આરપાર નીકળી જાય છે ત્યારે કાવ્યશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કરનાર વિદ્વાનોની કવિતા, કાનને અથડાઈને અસર કરવામાં નિષ્ફળ નીવડે છે. સત્ય જ્ઞાનના પ્રદેશમાં એકલી બુદ્ધિ, આંધળી હોવાથી, પ્રવાસ કરવાને અસમર્થ છે; આત્મામાં બૂડેલી બુદ્ધિ જ નેત્રવાળી છે, અને તે જ સત્ય જ્ઞાનના પ્રદેશમાં પ્રવાસ કરી શકે છે.

ઇંદ્રિયોવડે બુદ્ધિએ પ્રાપ્ત કરેલા જ્ઞાનમાં વિશ્વાસ રાખવાથી, અને આત્મામાંથી સ્ફુરેલા જ્ઞાનમાં અવિશ્વાસ રાખવાથી મનુષ્યો સર્વ પ્રકારનાં દુઃખો સહન કરે છે. આપણે ચૈતન્યસ્વરૂપ છીએ, તેનું કોઈ પ્રમાણ બુદ્ધિને જણાતું નથી. ચૈતન્યસ્વરૂપ હોવાથી આપણને વ્યાધિ થવાનો, કશો જ સંભવ નથી, એ વાત બુદ્ધિને ગળે ઊતરતી નથી, અને તેથી તે તેને દૃઢ થતું નથી. ઇંદ્રિયોવડે 'હું સ્થૂલ દેહ છું' એ તેને સિદ્ધ થયેલું છે, અને તેથી તે નિશ્ચયને તે માની બેઠી છે. ઇંદ્રિયોથી થયેલા ખોટા જ્ઞાનથી બંધાયલા ખોટા નિશ્ચયોથી પરિણામ એ આવ્યો છે કે આપણે સુખસ્વરૂપ હોવા છતાં આપણને દુઃખી માની બેઠા છીએ, અને પ્રસંગોપાત્ત તો આપણા દુઃખને એટલું મહાભારત માની બેસીએ છીએ કે તેને ટાળવાનો ઉપાય આપણા જ હાથમાં છતાં, તેને ટાળવાનો ત્રિભુવનમાં ઉપાય નથી એમ નિશ્ચય કરી સંતાપના અગ્નિમાં પ્રજળ્યા કરીએ છીએ.

હું ઇંદ્રિયો નથી, મન નથી, બુદ્ધિ નથી, પણ ચૈતન્યસ્વરૂપ આત્મા છું, એવું જ્ઞાન, મેળવવાનું સાધન ઇંદ્રિયો નથી, મન નથી, કે બુદ્ધિ નથી.

જેમ નેત્ર વૃક્ષને જુએ છે, અને આ વૃક્ષ છે, એવું જ્ઞાન પ્રાપ્ત કરે છે, તેમ ઇંદ્રિયો આત્માના સંબંધમાં આવીને આ આત્મા છે, એવું જ્ઞાન પ્રાપ્ત કરવા અસમર્થ છે. તે જ પ્રમાણે બુદ્ધિ, વિવિધ તર્કથી તથા ઇંદ્રિયોએ મેળવી આપેલાં પ્રમાણથી, જેમ જગતના વિવિધ વિષયોનું જ્ઞાન મેળવે છે, તેમ વિવિધ તર્કથી તથા પ્રમાણથી આત્માને જાણવા અસમર્થ છે. આત્માને જાણવામાટે તો બુદ્ધિએ ઇંદ્રિયોને ત્યજીને તથા પોતાના વ્યાપારને છોડીને પોતાનો પ્રેરક અને પોતાનો સ્વામી જે આત્મા તેમાં બૂડી જવું જોઈએ-સ્થિર થવું જોઈએ. તેમ કરવાથી હું ચૈતન્યસ્વરૂપ આત્મા છું, એવો અનુભવ તેને થવાનો સંભવ આવે છે.

ઇંદ્રિયના અને બુદ્ધિના વ્યાપારને અટકાવી આત્મામાં જેમણે બુદ્ધિને ડુબાડી છે, તેમના અનુભવને બુદ્ધિએ શ્રદ્ધાથી માની, તેમને પગલે પગલે ચાલવું, એ જ તેને માટે સુખનો ઉપાય છે. તે વિના, તર્કથી અને પ્રમાણથી આત્માનો અનુભવ થયે પોતાના અસત્ય નિશ્ચયો ફેરવવા તેણે ઘણે પ્રસંગે જે નિર્ણય કર્યો હોય છે, તે તેની દુઃખી સ્થિતિને લંબાવનાર જ થઈ પડે છે.

બુદ્ધિએ બાંધેલા ખોટા નિશ્ચયોથી જ આપણે ખોટા વિચારો સેવીએ છીએ, અને એ આપણા ખોટા વિચારોએ જ આપણી આ દુર્દશા કરી મૂકી છે.

ખોટા વિચારોથી દુઃખ થાય છે, તેનો સર્વને નિત્ય અનુભવ થવા છતાં મનુષ્યોને ખોટા વિચારો દુઃખના કારણરૂપ છે, એ વાત માનવામાં આવતી નથી. કેટલાક મનુષ્યો ખોટા વિચારોથી શરીરઉપર અસર થાય છે, એ વાત સ્વીકારે છે, પણ તેથી નિર્ધનતા પ્રાપ્ત થાય છે, અથવા આપણા સંબંધમાં આવનાર બીજા મનુષ્યો દુઃખી થાય છે, એ વાર્તા સ્વીકારી શકતા નથી.

હવે આ વિષયના ખરાપણાનો અથવા ખોટાપણાનો નિર્ણય પ્રયોગ કરી જોવાથી તત્કાળ થઈ શકે એવો છે તો પછી તેની ચર્ચામાં ઊતરી પ્રમાણોની ફેંકાફેંકી કરવાનું શું પ્રયોજન છે? શુદ્ધ વિચાર સેવવાનો પ્રયોગ અફીણ ખાવા-જેવો કે સોમલ ખાવાજેવો ભયભરેલો નથી. ભયભરેલો હોય તો તેની અજમાયશ કાઢતાં મનુષ્યોએ ખચકવું યોગ્ય છે. પણ ભય ન છતાં, અને પરિણામે લાભ થવાનું વચન આપવામાં આવતાં છતાં, વાત માનવાજેવી જ નથી, એવો દુરાગ્રહ ધરવો, એ કેટલું અયોગ્ય છે? આવો દુરાગ્રહ સુખ આપનાર પ્રયોગો સેવવામાં આળસ, પ્રમાદ અને કાયરતાવિના બીજું કશું જ સૂચવતો નથી.

વિચારના સામર્થ્યને જોવાની ઇચ્છા હોય તો નીચેના શુદ્ધ વિચારને ત્રણ માસસુધી સેવ્યા કરો. અશુભ વિચારનું ફળ માસમાં કે તેથી ઓછા સમયમાં પણ જણાય છે, કારણ તે સેવવો બહુ સહેલો પડે છે, તથા સારી રીતે સેવાય છે. તમારી ખાતરીને માટે આ સ્થળે તેવો કોઈ અશુભ વિચાર સેવવાનો પ્રયોગ હું લખત, પણ પ્રિય ભાઈ! તમારી ખાતરી નહિ થાય તો ચિંતા નથી, પણ તમને દુઃખી કરવા હું ઇચ્છતો નથી. સોમલ ખાવાથી મૃત્યુ થાય છે, એવું કોઈ ન માને, તેની તે ખવડાવી ખાતરી કરી આપવી, એ મારું કામ નથી. તમારો દુરાગ્રહ જ તમારો સાચો શિક્ષક થઈને તમને સમય જતાં સુધારશે. હાલ તો જો યોગ્ય ભાસે તો નીચેનો શુદ્ધ વિચાર સેવજો.

'ગગનમાં ઊડતા પક્ષીની દશેદિશાએ જેમ હવા છે, તથા સમુદ્રમાં ફરતા મત્સ્યની બધી બાજુએ જેમ જળ છે, તેમ પરમેશ્વર સર્વવ્યાપક હોવાથી મારી સર્વ દિશામાં તે જ છે. હું પરમેશ્વરમાં જ હરું છું, ફરું છું, અને મારા સર્વ વ્યવહાર કરુ છું. પરમેશ્વર સુખસ્વરૂપ છે, અને તે મારી દશેદિશાએ વ્યાપી રહેલા હોવાથી હું સુખના જ મહાસાગરમાં અખંડ રહું છું. પરમેશ્વર ચૈતન્ય-સ્વરૂપ છે, અને તેમનામાં જ હું રાત્રિદિવસ હરતોફરતો હોવાથી હું આરોગ્યમાં જ નિરંતર રહું છું. પરમેશ્વર અનંત ઐશ્વર્યમય છે, અને તેથી મારી આજુબાજુ અનંત અશ્વર્ય જ વ્યાપી રહ્યું છે. સુખથી, આરોગ્યથી, ઐશ્વર્યથી, જ્ઞાનથી, સામર્થ્યથી મારે એક તસુના લાખમા ભાગજેટલું પણ અંતર નથી, કારણ કે પરમેશ્વર એ સર્વમય છે, અને તે મારા અંતર્બાહ્ય વ્યાપી રહ્યા છે.' આ વિચારોનું થોડા દિવસ અખંડ ચિંતન કર્યા કરો. એ વિચારોમાં જે ભાવ રહેલો છે, તે ભાવની સત્યતાને હૃદયમાં આરૂઢ કરવાનો પ્રયત્ન કરો. એ વિચારોમાં રહેલા ભાવથી વિરુદ્ધ પ્રકારના ભાવને હૃદયમાં પ્રવેશવા ન દો, અને તમારી શારીરિક, માનસિક, વ્યાવહારિક, અને પારમાર્થિક સ્થિતિઉપર તેની શી અસર થાય છે, તે અવલોકો, અને પછી કહો કે વિચાર કશું જ કરવા સમર્થ નથી.

એ વિચારોને ખરા માની, તેના ભાવમાં તમે સ્થિર થવા માંડો છો કે તત્કાલ તમને વિલક્ષણ નિર્ભયતા ભાસે છે. બધે જ આરોગ્ય વ્યાપી રહેલું છે, એવું તમારી વૃત્તિમાં આરૂઢ થતાં તમને વ્યાધિનો ભય રહેતો નથી. તમારા પાડોશમાં જ પ્લેગનો કેસ થયો હોય છે, તોપણ તમારા વિચારનું સ્વરૂપ બદલાવાથી તમારું હૃદય ફડક ફડક થતું નથી. બધે જ આનંદ વ્યાપી રહેલો

છે, એવો ભાવ તમારી વૃત્તિમાં તમે સ્થાપતા હોવાથી તમારી વૃત્તિમાંથી બહારના સઘળા પ્રાણીપદાર્થોમાંથી પ્રતિકૂલ બુદ્ધિ છૂટી જાય છે. તમારા અદ્ભુત વિચારના પ્રભાવથી તમે જેમાં તેમાં આનંદને જોવાનો પ્રયત્ન કરો છો, અને તેથી તમારાં ઉદ્વેગ, ચિંતા વગેરે નાશ થવા માંડે છે. સઘળે જ ઐશ્વર્ય ભરેલું છે, એ ભાવ તમારા અંતરમાં સ્થિર થતાં, શું ખાઈશું, શું પીશું, વગેરે ચિંતાજનક વિચારોથી તમારા મુખઉપર ઉદાસી છવાઈ વળવાનો સંભવ આવતો નથી. તમારું અંતઃકરણ નિર્ભય, પ્રસન્ન અને પ્રશાંત રહે છે. આથી તમારા શરીરમાં રુધિરની ગતિ ઉત્તમ પ્રકારે થાય છે, અને તેમ થતાં તમારી પચનક્રિયા સુધરે છે. નિર્ભયતા અને પ્રસન્નતા સર્વોત્તમ આરોગ્ય આપે છે, એ કોણ નથી જાણતું ? સામાન્ય મનુષ્યો પણ કોઈ અલમસ્ત મનુષ્યને જોઈને કહે છે કે કશી જ ચિંતા ન હોવાથી આ માણસ પાડાજેવો વધ્યો છે. સ્વલ્પમાં નિર્ભયપણું-નિશ્ચિંતપણું-પ્રસન્નતા-શરીરના ઉત્તમ આરોગ્યમાં પ્રધાન કારણ છે; અને સમજીને, શ્રદ્ધાપૂર્વક સેવવામાં આવેલો શુદ્ધ વિચાર નિર્ભયતા પ્રકટાવ્યાવિના રહેતો જ નથી, એ અનુભવસિદ્ધ છે. આ પ્રમાણે તમારા શુદ્ધ વિચારથી તમને આરોગ્યની પ્રાપ્તિ થાય છે એટલું જ નહિ, પણ પછી તે જ વિચારના પ્રભાવથી તમારા રાગદ્વેષ છૂટતા જાય છે. સર્વત્ર પરમાત્મા વ્યાપી રહેલા છે, એ નિશ્ચયને વારંવાર તમે સ્ફુરાવતા હોવાથી તમારે કોઈપ્રતિ દ્વેષને કરવાનું કારણ રહેતું નથી. પરમેશ્વરપ્રતિ તમને દ્વેષ હોતો નથી, અને તે તો સર્વત્ર વ્યાપી રહેલા છે, એવા વિચારોનો તમારા અંતઃકરણમાં પ્રવાહ ચાલતો હોવાથી તમે સર્વપ્રતિ પ્રેમને જ કરો છો; અને સર્વપ્રતિ તમારો પ્રેમ થતાં સર્વ પણ તમારા પ્રતિ પ્રેમ કરે છે. આમ વિશ્વનો તમારા પ્રતિ પ્રેમ થતાં સમગ્ર વિશ્વ તમને અનુકૂળ થાય છે. તમારા જીવનમાંથી દુઃખઅશાંતિવગેરે નીકળી જાય છે. તમારા વ્યવહાર અને પરમાર્થ સરળ થાય છે, એટલું જ નહિ પણ તેમાં અદ્ભુત ઉન્નતિ થયાનો તમને અનુભવ થાય છે.

શુભ વિચારનું આ પ્રકારનું સામર્થ્ય પ્રયત્ન કરનારને અનુભવમાં આવ્યાવિના રહેતું જ નથી. પૂર્વે થઈગયેલા અસંખ્ય મહાત્માઓ તથા વર્તમાન સમયના મહાપુરુષો શુભ વિચારના શુભ ફળને પ્રકટાવવાના સામર્થ્યને દર્શાવી આપનાર સમર્થ ઉદાહરણો છે, અને આપણે અશુભ વિચારથી પ્રકટતા ખોટા પરિણામથી અશુભ વિચારના સામર્થ્યને દર્શાવી આપનાર સમર્થ ઉદાહરણો છીએ. આપણામાંથી કેટલા અસંખ્ય મનુષ્યોના, ચિંતા અને ભયથી, વૃદ્ધાવસ્થા આવ્યા પહેલાં જ, યુવાવસ્થામાં કેશ શ્વેત થઈ ગયા છે ! કેટલા અસંખ્ય મનુષ્યો

મંદાગ્નિથી, જ્ઞાનતંતુના વ્યાધિઓથી, નબળાઈથી અને એવા જ બીજા સેંકડો રોગોથી એ જ અયોગ્ય વિચારોના સામર્થ્યથી પીડાય છે! પરીક્ષાસમયે પરીક્ષકના આગળ જતાં અને ઉત્તર આપતાં હજારો વિદ્યાર્થીઓનાં હૃદય બમણા વેગથી ધડકે છે, અને ઊછળીને જાણે હમણાં મુખમાંથી બહાર નીકળી પડશે, એવું જે તેમને ભાન થાય છે, તે કયા કારણથી તે કોઈ કહેશે? કડક ઉપરીની પાસે જતાં, સાક્ષીના પાંજરામાં ઊભા રહેતાં, અને વકીલોથી ઊલટ-પાલટ પ્રશ્નો થતાં, શરીરે હૃષ્ટપુષ્ટ અને બળવાન્ ભલાભલાના હોશકોશ ઊડી જાય છે અને પરસેવાના ઝેબઝેબ છૂટી જાય છે, તે કયા કારણથી તેનો કોઈ ઉત્તર આપશે? ભય અને ચિંતાના વિચારવિના આ સર્વ પરિણામ પ્રકટવામાં બીજું કયું કારણ છે?

અશુભ વિચારોનાં કેટલાં ખોટાં ફળ થાય છે, એ મનુષ્યો ન જાણતા હોવાથી જ મનની તેઓ અત્યંત બેકાળજી રાખે છે. તમારી આંખમાં એક કસ્તર પડ્યું હોય છે તો તે કઢાવ્યાવિના તમે બીજું કશું કામ કરતા નથી. તમે જ્યાંસુધી તે નથી નીકળતું ત્યાંસુધી સેંકડો ઉપાયો કરી વળો છો. તમારા પેટમાં જરા દુઃખતું હોય છે તો તમે ડોક્ટરને કે વૈદ્યને ઘેર તરત દોડો છો, અને તે દુઃખ મટાડવાને હજાર તરફડિયાં મારો છો; પરંતુ અશુભ વિચાર એ સર્વ દુઃખનું કારણ છે, અને મનને થયેલો મોટામાં મોટો રોગ છે, એવું સત્શાસ્ત્રો અને સત્પુરુષો મેઘનાદ કરીને તમને કહે છે, તોપણ અશુભ વિચારને તમારા મનમાંથી કાઢવાની તમને જરા મરજીસરખી પણ થતી નથી. તમે એ કામ નિરાંતે કરવાઉપર મુલતવી રાખો છો. આંખમાંથી કસ્તર કઢાવવાનું કામ બે દિવસ મુલતવી રાખવાની તમને કોઈ સલાહ આપે છે તો તમે તેને બબૂચક કહો છો, અને લાંબું ગંભીર મુખ કરી વદો છો કે આવા કામમાં ગફલત કરીને શું આંખમાં ફૂલું પાડવું છે કે શું આંધળાબાંધળા થવું છે? પણ મનમાંથી કસ્તર નહિ, પણ ગંધાતા કચરાનો ઉકરડો કાઢવાની વાત તમને દશ વર્ષે, વીશ વર્ષે કે ઘડપણમાં કરવી ઠીક લાગે છે!

આંખમાં પડેલું કસ્તર નથી કાઢવામાં આવતું તો તે માત્ર નેત્રને જ બગાડે છે, એટલું જ દુઃખ આપે છે, પણ આ મનમાં પડેલો કચરો નથી ટાળવામાં આવતો તો તે આ જન્મમાં અસંખ્ય દુઃખો આપે છે, એટલું જ નહિ, પણ અસંખ્ય જન્મોમાં અનંત વર્ષોસુધી દુઃખ આપે છે. આમ હોવાથી વિચારોને

સુધારવામાં આળસ કરવી, એ પોતાના મસ્તકને પોતાને જ હાથે કરવતથી વહેરવા બરાબર છે.

દુ:ખમાત્રનું પ્રથમ એટલે મૂળ કારણ અયોગ્ય વિચારો જ છે. તમે ગમે તેવા દુ:ખથી પીડાતા હશો–શરીરના, ધનના કે વ્યવહારમાં કોઈ પણ વિષયના–અને તેનાં કારણો ઉપરથી જોતાં ભલે બીજાં જણાતાં હોય તોપણ નિશ્ચય માનજો કે તે સર્વનું મૂળ કારણ તમારા અયોગ્ય વિચારો જ છે. પરંતુ આની ખાતરી બુદ્ધિથી જો તમે કરવા ધારતા હશો તો તેમાં તમે નિષ્ફળ જ થવાના. અનુભવ જ એકલો આવા વિષયમાં પ્રમાણરૂપ છે. એ જ પ્રમાણે સુખમાત્રનું મૂળ કારણ શુભ વિચારો જ છે–પછી તે સુખ શરીરનું, ધનનું, કે વ્યવહારનું ગમે તે વિષયનું હોય, અને તેનું કારણ ઉપરથી જોતાં ભલે બીજું જણાતું હોય. પરંતુ આ વિષયમાં પણ અનુભવ કર્યાવિના એકલી બુદ્ધિથી ખાતરી થઈ શકે તેમ નથી.

ખાતરી કરી જોવાનો પ્રયત્ન કરવા પહેલાં જ બુદ્ધિ, હમેશાં આ વિષયમાં એવી શંકા ઉઠાવે છે કે જો બધે આરોગ્ય, અને ઐશ્વર્ય, અને સુખ, અને કલ્યાણ જ વ્યાપી રહ્યું છે, અને એ વિના બીજો દુ:ખજેવો જણાતો કશો પદાર્થ છે જ નહિ તો પછી આ અસંખ્ય પ્રકારના રોગો, અને નિર્ધનતા, અને દુ:ખ, અને અકલ્યાણ અને એવી ને એવી સેંકડો અપ્રિય સ્થિતિઓ આવી ક્યાંથી ? સૂર્યમાં જેમ એકલો પ્રકાશ જ હોવાથી અંધકાર આવતો નથી તેમ સર્વત્ર સુખ જ છે, તો પછી દુ:ખ આવ્યું ક્યાંથી ?

આ શંકાનું સમાધાન બુદ્ધિને, અનુભવવિના બીજા કશાથી થઈ શકે તેમ છે જ નહિ. દોરડીમાં જેને સાપ જણાતો હોય તેને જ્યાંસુધી દીવો આણી દોરડી દેખાડવામાં ન આવે ત્યાંસુધી, તે સાપ નથી પણ દોરડી છે, તેની ખાતરી શી રીતે થાય ?

વસ્તુતઃ બધે સુખ ભર્યું છે, એ ખરું છે, અને તોપણ એ સુખમાં દુ:ખની ભ્રાંતિ થવાથી સુખ જ દુ:ખરૂપે જણાય છે. જ્યાં જે નથી હોતું ત્યાં ભ્રાંતિ થવાથી તે જણાય છે, તેનો કોને અનુભવ નથી ? મિત્રમાં શત્રુની ભ્રાંતિ થવાથી મિત્ર શત્રુરૂપે, અને શત્રુમાં મિત્રની ભ્રાંતિ થવાથી શત્રુ મિત્રરૂપે જણાવાનાં દૃષ્ટાંતો વ્યવહારમાં નિત્ય શું નથી બનતાં ? આમ છે તો પછી સઘળે વ્યાપી રહેલું સુખ દુ:ખરૂપે ભ્રાંતિથી જણાય એમાં આશ્ચર્યજેવું શું છે ?

પણ પાછો બુદ્ધિ પ્રશ્ન કરે છે કે ભ્રાંતિ ક્યાંથી આવી? અનુભવ ઉત્તર આપે છે કે જેમ જળમાં જળને ઢાંકનાર લીલ રહેલી છે, અને દીપકમાં કાજળ રહેલું છે, તેમ સર્વત્ર વ્યાપી રહેલા શુભમાં જ ભ્રાંતિ રહેલી છે. અને તોપણ એ ભ્રાંતિ શુભથી જુદી નથી; શુભસ્વરૂપ જ છે, અને અનુભવથી શુભસ્વરૂપે જ ભાસે છે.

દીપકમાંથી નીકળતું કાજળ, કાળું કોયલાજેવું છે, અને પ્રકાશનામાં અને તેનામાં પૂર્વપશ્ચિમ જેટલો ભેદ સામાન્ય મનુષ્યને જણાય છે તોપણ જ્ઞાતા પુરુષો જાણે છે કે એ જ કાજળ, અગ્નિસ્વરૂપ છે, અને યુક્તિવડે દીપકમાં ને દીપકમાં જ તેને બાળી તેનું પ્રકાશસ્વરૂપ પ્રકટ કરી શકાય છે. એ જ પ્રમાણે સર્વત્ર વ્યાપી રહેલા સુખમાં જણાતું દુઃખ અનુભવને પ્રકટાવવાની કળાવડે, સુખરૂપે જ અનુભવ કરી શકાય છે અને ત્યારે ભાસે છે કે સર્વત્ર એક સુખ જ વ્યાપી રહ્યું છે; દુઃખજેવું પૂર્વે જે જણાતું હતું, તેવું કંઈ હતું જ નહિ; અને જે જણાતું હતું, તે કેવળ ભ્રાંતિ હતી.

અનુભવથી સિદ્ધ થનારી આ વાર્તા, બુદ્ધિને તમે આ રીતે ભલે સેંકડો વર્ષ હજારો યુક્તિથી સમજાવ્યે જાઓ, તે તર્ક નહિ પહોંચતાં હા હા કર્યે જશે, પણ તેના અંતરના ઊંડાણમાં રહેલો સંશય ટળતો નથી. આ વિષય બુદ્ધિને સમજાવા સત્પુરુષોએ હજારો ગ્રંથો લખ્યા છે, પરંતુ હજી તેની ભ્રાંતિ ટળી નથી. તેનામાં પાંડિત્ય પારવિનાનું આવ્યું છે, તે શ્રુતિનાં અને શાસ્ત્રોનાં પ્રમાણોના લોખંડના ગોળા સામાઉપર ફેંકવામાં પારવિનાની પાવરધી થઈ છે, પરંતુ તેનું પોતાનું, ભ્રાંતિરૂપી માટીનું કોટડું તોડી પાડવામાં તે નિષ્ફળ નીવડી છે.

બહાર ભટકવાથી આમ જ થાય છે. એમ થવું જ જોઈએ. જ્યાં ભ્રાંતિનો અભાવ છે, એવા પ્રદેશમાં ભ્રાંતિથી છૂટવા અને સત્યનો અનુભવ કરવા મનુષ્યે પ્રવેશવું જ જોઈએ.

ભ્રાંતિરહિત કોઈ પ્રદેશ છે? હા. પોતાનો અંતરાત્મા. ત્યાં પ્રવેશતાં ભ્રાંતિ-રહિત સ્થાનનો અનુભવ થાય છે, એટલું જ નહિ, પણ બહાર પણ ભ્રાંતિવાળું કોઈ સ્થાન જ નથી, એવું ભાન થાય છે.

ભ્રાંતિવાળા વિચારોને છોડી દેઈ, શુદ્ધ વિચારો કરવા, અને તેમાં જ પ્રયત્ન-પૂર્વક રમ્યા કરવું, એ અંતરાત્મામાં પ્રવેશવાનું પ્રથમ પગથિયું છે. પોતાનામાં

પણ અશુભ ન જોવું, અને બાહ્ય પણ અશુભ ન જોવું, પણ અંતર અને બાહ્ય સુખને, શાંતિને, ઐશ્વર્યને અને આરોગ્યને અખંડ જોવાનો અભ્યાસ પાડતાં, અસંખ્ય ભ્રાંતિઓના વિક્ષેપો શમી જાય છે, અને શીતળતા પ્રકટાવનારી સમાધાન વૃત્તિ ઉદય થાય છે. એ વૃત્તિ જ એકાગ્રતાનું બીજ હોવાથી પરિણામે એકાગ્રતા વધતાં, મન તથા બુદ્ધિ પોતાના આત્મસ્વરૂપમાં લીન થાય છે.

ખોટાને, અશુભને અથવા દુઃખને મન ચિંતવવા માંડે, કે તરત જ સાવધ થઈ સારાને, શુભને અથવા સુખને ચિંતવવા માંડવું. બીજાઓની સાથે વાણીવડે પણ અશુભની વાત ન કરવી, અને તેમની અશુભની વાત ન સાંભળવી. આનું જ નામ તત્ત્વવિચાર, તત્ત્વચિંતન, અને તત્ત્વવસ્તુનું કથન છે. શાસ્ત્રનાં પાનાં હાથમાં લેઈ પ્રક્રિયાઓ વિચારવી, એટલામાં જ તત્ત્વચિંતનનો સમાવેશ થતો નથી, પણ જાગ્રદવસ્થાના પ્રત્યેક વ્યવહારમાં મનના પ્રત્યેક વિચારને, વાણીના પ્રત્યેક વ્યાપારને, અને શરીરની પ્રત્યેક ક્રિયાને તત્ત્વમય કરી દેવી, તેનું નામ તત્ત્વાભ્યાસ છે.

નિરંતર અતત્ત્વનું એટલે વિષયોનું ચિંતન કરનારા અવિદ્યામય મનને, આ પ્રકારનું તત્ત્વચિંતન કરવાનું કામ મહાસાગર તરવાજેવું કઠિન ભાસે છે, પણ ખરું જોતાં તે તેવું નથી. પરમાત્મા સર્વત્ર વ્યાપી રહ્યા છે, અને હું તેમનામાં જ હરુંફરું છું, એટલો એક જ વિચાર જો સુવર્ણ અક્ષરે સ્મૃતિપટઉપર લખી રાખવામાં આવે છે, અને તેને પુનઃ પુનઃ જોવાનો અભ્યાસ સેવવામાં આવે છે તો સત્પુરુષોએ વખાણેલું, અજ્ઞાનનો નાશ કરનારું તત્ત્વચિંતન નામનું અપૂર્વ સાધન અનાયાસ સ્વતઃ સધાતું જાય છે.

પરમેશ્વરસાથે આપણો અભેદ્ય સંબંધ છે. જે પરમાત્માનું છે તે સર્વ આપણું છે. આપણા અભેદ્ય સંબંધના અજ્ઞાનથી આપણે મર્યાદાવાળા થઈ રહ્યા છીએ. મર્યાદાવાળા ભાવની ભીંત જ, અમર્યાદનાં મોજાંને આપણા તરફ આવતાં અટકાવે છે. તે ભીંતને તોડી નાંખતાં અમર્યાદનાં મોજાં જે ઐશ્વર્ય, સુખ, જ્ઞાન, પ્રેમ, શાંતિ વગેરે સર્વ શુભમય છે, તેમાં આપણે ડૂબી જવાના.

મર્યાદાવાળા ભાવને લીધે જ આજે દીન થઈને મનુષ્યોને વદવું પડે છે કે હે પ્રભુ ! મારું આટલું દુઃખ ટાળો, મારો રોગ નિવારો, મને ધન આપો, મારી સ્ત્રીની બુદ્ધિ સુધારો, મને પુત્રનું સુખ દર્શાવો, વગેરે વગેરે. મર્યાદાનો ભાવ તોડી નાંખતાં, જેમ છાપરું તોડી નાંખતાં, ઘરમાં પ્રકાશને અને ઉષ્ણતાને

નાંખવાને સૂર્યને પ્રાર્થના કરવી પડતી નથી, તે વગર પ્રાર્થનાએ જ પ્રકાશને ઘરમાં નાંખે જ છે, નાંખ્યાવિના તેનાથી રહેવાતું જ નથી, તેમ આરોગ્ય, સુખ, ઐશ્વર્ય સ્વભાવથી જ ઇશ્વર આપણા પ્રતિ પ્રવર્તાવે છે. તેમને માટે દીન થઈ આપણે પ્રાર્થના કરવી પડતી નથી. પરમેશ્વરને આપણને સુખ આપવાની ઇચ્છા નથી માટે આપણને સુખ મળતું નથી, એવું કશું છે જ નહિ. પરમેશ્વર તો પરમ પ્રેમસ્વરૂપ છે, કૃપાના સમુદ્ર છે, સુખમાં આપણને ઝબોળી દેવા નિરંતર તત્પર છે, પણ આપણે પરમેશ્વર જે સુખ આપે છે, તે લેવા તત્પર નથી. અમર્યાદ ઇશ્વરમાં એક થઈ ને આપણે સર્વત્ર સુખને જોતા નથી, સુખનું ચિંતન કરતા નથી, પણ દુઃખનું ચિંતન કર્યા કરીએ છીએ. ઇશ્વરને દુઃખરૂપે આપણે ચિંતવીએ છીએ, અને દુઃખરૂપે તેમને ગ્રહણ કરવા આપણે તત્પર રહીએ છીએ, અને સર્વત્ર વ્યાપી રહેલા સુખસ્વરૂપ ઇશ્વર આપણા માગ્યા પ્રમાણે આપણને દુઃખરૂપે જણાય છે.

મનુષ્યો ઉદાસ મુખ કરી ઘણીવાર બબડે છે કે પૂર્વે ઇશ્વરની મારાપર કૃપા હતી, પણ હાલ અકૃપા થઈ છે. ભાઈ! ઇશ્વરની અકૃપા કદી થતી જ નથી. સૂર્ય આજે પ્રકાશ આપે અને અને કાલે કાજળ જેવો અંધકાર નાંખે, બે દહાડા તડકો આપે, અને બે દહાડા તડકો નાખવો બંધ કરે, એવું કદી સાંભળ્યું છે? આઠે પ્રહર, અને બારેમાસ સૂર્ય જેમ તડકો નાંખ્યા જ કરે છે, એક પળના લાખમા ભાગજેટલો સમય પણ અંધકાર કદી નાંખતો જ નથી, તેમ પરમાત્મા અનાદિ કાળથી કૃપાને વર્ષાવ્યા જ કરે છે, એક ક્ષણના કરોડમા ભાગ જેટલો સમય પણ કદી કોઈના ઉપર અકૃપાળુ થતા જ નથી. તે અકૃપાળુ થાય તો પછી તેમને પરમાત્મા કહે કોણ? કૃપાના મહાસાગરરૂપે તેમની સ્તુતિ થાય શી રીતે? ભાઈ! તમારી પોતાની જ તમારા ઉપર અકૃપા થઈ છે, અને તેથી જેમ કાળાં ચશ્માં પહેરનારને બધું કાળું દેખાય છે, તેમ તમારો પોતાનો દોષ તમને પરમાત્મામાં દેખાય છે.

પરમાત્મા નિરંતર કૃપાળુ છે, નિરંતર પ્રેમસ્વરૂપ છે, નિરંતર સર્વ કલ્યાણોના કદી નહિ ખૂટે એવા ભંડાર છે. તમે તેમને ગાળો દો, હજારો વર્ષસુધી ગાળો દો, તોપણ તેમનો આ કૃપાળુ સ્વભાવ કદી બદલાતો નથી. સાકર કડવી થાય જ શી રીતે? પોતાની કૃપાદૃષ્ટિ તે નિરંતર આપણા ઉપર કરે જ છે, તેથી જ આજે આપણે મનુષ્યરૂપમાં આવ્યા છીએ તેમની નિરંતર

વર્ષતી કૃપાને જે મનુષ્ય જે પ્રમાણમાં પોતાના હૃદયપાત્રમાં ઝીલે છે, તે પ્રમાણમાં તે પોતાની ઉન્નતિ સાધે છે. જેમને કૃપા ન જણાતી હોય તેમણે ઇશ્વરને દોષ દીધા કરતાં, પોતાનાં હૃદયપાત્રને ઊંધાં રાખવાના પોતાના દોષને જોઈ તે ટાળવા પ્રયત્ન કરવો, એ જ યોગ્ય છે.

મનુષ્ય પરમેશ્વરપ્રતિ એક વહેંત ધસે છે, તો પરમેશ્વર તેના પ્રતિ એક હાથ ધસે છે.

(અપૂર્ણ)

॥ ॐ શ્રીઁ ॥

વિચારરત્નરાશિ

૧. પ્રાતઃકાલે તમે જાગ્રત્ થાઓ છો કે તરત જ શું તમે હૃદયમાં અંતર્યામી ઈશ્વરપ્રતિ દૃષ્ટિ નાંખો છો? તમારા આત્મારૂપ આ પરમેશ્વર પાસે શું તમે ખરા મનથી દીનપણે થોડી ક્ષણે એકાગ્ર થઈ યાચો છો કે આજે પુનઃ નિદ્રાવશ થતા સુધી સર્વ ક્રિયાઓમાં મને શુદ્ધ મતિ તથા શુદ્ધ જ્ઞાન આપજો? શું તમે નથી જાણતા કે આ પ્રમાણે પ્રાતઃકાલમાં નિત્ય હૃદયસ્થ ઈશ્વરનું સાહાય્ય યાચવાથી પ્રત્યેક શુભ ક્રિયામાં આપણને દૈવી સાહાય્ય પ્રાપ્ત થાય છે? શું તમે નથી જાણતા કે હૃદયમાં રહેલા આપણા આત્મસ્વરૂપપ્રતિ અભિમુખ થઈ નિત્ય પુનઃ પુનઃ આ પ્રમાણે યાચના કરતાં શાંતિ, સુખ, આનંદ, બળ, સામર્થ્ય અને દૈવી શક્તિઓ મનુષ્યને પ્રાપ્ત થાય છે? શું તમને એ વાર્તા અજ્ઞાત છે કે મનુષ્યો આ પ્રમાણે હૃદયમાં નિત્ય ઊંડા ઊતરી ખરી ભક્તિથી પોતાના સ્વસ્વરૂપ ઈશ્વર પાસે શુદ્ધ જ્ઞાન તથા શુદ્ધ મતિની યાચના નથી કરતા, તેથી જ તેમને સર્વ પ્રકારનાં દુઃખો, સર્વ પ્રકારના ક્લેશો, અને સર્વ પ્રકારની વિપત્તિઓ પ્રાપ્ત થાય છે? નિત્ય પ્રાતઃકાલમાં જાગ્રત્ થતાંની સાથે જ હૃદયમાં ઊતરો અને શાંતિથી પૂર્ણ પ્રેમથી પરમેશ્વરના સંબંધને સેવો.

૨. ભાવિની ચિંતા અને ભય યથાર્થ શ્રેયસ્સાધકને નથી જ. અવિહિત માર્ગે વર્તનારને જ ભય, ચિંતા, અને થથરાટ હોય છે. શ્રેયસ્સાધક પોતાના હૃદયમાં રહેલા ઈશ્વરથી શુદ્ધ મતિ તથા જ્ઞાનને પ્રાપ્ત કરી સર્વદા શુદ્ધ માર્ગે જ વહન કરતો હોય છે. અને તેથી તેને ભય કે ચિંતાનો સંભવ જ ક્યાં છે? પુનઃ પુનઃ હૃદયમાં વળી ઈશ્વરના અભિમુખ થઈ શુદ્ધ મતિને પ્રાપ્ત કરો. શુદ્ધ મતિ પ્રાપ્ત થતાં સર્વદા શુભ ક્રિયા જ સેવાય છે. અને શુભ ક્રિયાનું ફળ સર્વદા સુખ જ છે. ભય અને દુઃખથી તરવાનો, ભાવિની ચિંતાથી ઊગરવાનો એ જ સરળ ઉપાય છે.

૩. બ્રહ્મસદન અથવા બ્રહ્મલોક ક્યાં છે? વૈકુંઠ ક્યાં છે? સ્વર્ગ ક્યાં છે? જો તમને અનુભવતાં આવડે, તો તમારા હૃદયમાં છે. જો તમને પ્રાપ્ત

કરતાં આવડે તો આ ભૌતિક શરીરમાં જ, બ્રહ્મસદનના સુખનો તમને અનુભવ થવાના સર્વ સંભવ છે. સ્વર્ગનાં કે વૈકુંઠનાં દર્શન કરવા, મરણ પામવાની અગત્ય નથી. તમારા જીવનની પ્રત્યેક ક્ષણે, પ્રત્યેક ઘટિકાએ, પ્રત્યેક પ્રહરે તમે સ્વર્ગસુખનો અનુભવ કરવા સમર્થ છો. અંતઃકરણની સ્થિતિ ફેરવો, અને તમારું શરીર, તમારું ઘર, તમારું નગર, તમારો દેશ, બ્રહ્મલોક થઈ રહેશે. તમે પોતે દેવ થશો, અને મનુષ્યમાત્ર તમને દેવરૂપે દૃષ્ટિએ આવશે. મનુષ્યો ખરાબ નથી, તમારું ગામ ખરાબ નથી, દેશ ખરાબ નથી, કાળ ખરાબ નથી. તમારું અંતઃકરણ વિકારી છે. અંતઃકરણને ફેરવો, સર્વત્ર કલ્યાણ વિના અન્ય કંઈ દૃષ્ટિએ આવશે નહિ. વૃત્તિઓને જગદાકાર, પદાર્થાકાર, વિષયાકાર કરો; બ્રહ્મસદન તમારાથી કરોડો યોજન દૂર છે. વૃત્તિઓને ઈશ્વરાકાર કરો, હૃદયમાં રહેલા તમારા આત્માકાર કરો, ચિન્મય કરો, બ્રહ્મસદન તમારા આંગણામાં, તમારા ઘરમાં પ્રકટેલું જણાશે. હૃદયમાં વર્તતા વિષયોનાં ચિંતનો ત્યજી, ચિતિશક્તિનું ચિંતન કરો, તમે તત્કાળ દેવ થશો. તમે દેવ છો જ. શા માટે તમારું દેવત્વ, ઈશ્વરત્વ જોતાં, તેનું ચિંતન કરતાં સંકોચાઓ છો, ભય પામો છો ? નેત્રને જગત્ ભાસે ત્યાં ત્યાં તેને બ્રહ્મ જોવાનો અભ્યાસ પાડો. અન્ય ઇંદ્રિયોને જ્યાં જ્યાં જડ, દુઃખ અને અસત્‌નું ભાન થાય ત્યાં ત્યાં તેમને બળાત્કારથી ચિત્ સુખ અને સત્ જોવાનો અભ્યાસ પાડો. બ્રહ્મસદન તમારી સમીપ છે. અંતર્ અને બાહ્ય, ઊંચે તથા નીચે, ચતુર્દિશામાં અને ચતુષ્કોણમાં તમારા આત્મસ્વરૂપ વિના અન્ય શું છે જે ભ્રમમાં અને ભયમાં પડી વૃથા છળી મરો છો ? સત્વર ચેતો. સર્વત્ર બ્રહ્મ છે. તમે બ્રહ્મ છો, અમે બ્રહ્મ છીએ. પ્રાણીપદાર્થ સર્વ બ્રહ્મ છે. આ જ વિચારને અખંડ જાગ્રત્ રાખો. અન્ય વિચારને સ્ફુરવા ન દો. તમે બ્રહ્મસદનમાં સ્થિત છો. તમે બ્રહ્મસદનના અધિપતિ છો.

૪. પોતાના દોષો જોવા, એ લાભકારક છે; પરંતુ વારંવાર પોતાના દોષોનું ચિંતન કરવું, અને તેમ કરીને પોતાનો વારંવાર તિરસ્કાર કરવો એ લાભકારક નથી. પોતાના દોષો અને દુર્ગુણોનો વારંવાર વિચાર કરવાથી લાભ થવાને બદલે હાનિ થાય છે, કારણ કે જે સમય ઉત્તમ પ્રકારના શુદ્ધ વિચારમાં અથવા તત્ત્વવિચારમાં જવો જોઈએ, તે સમય દોષચિંતનમાં જાય છે. દોષનું ચિંતન કંઈ લાભ કરતું નથી, પણ તત્ત્વનું જ ચિંતન લાભ કરે છે, તેથી દોષોનાં ચિંતનમાં વૃથા કાળ ન ગાળતાં બુદ્ધિમાન્ મનુષ્યે તત્ત્વવિચારમાં

જ કાળ ગાળવો યોગ્ય છે. પોતાના દોષોનો વારંવાર વિચાર કરવાથી ગ્લાનિ, આત્મધિક્કાર વગેરે પ્રકટે છે, તેથી હૃદય સંકોચાય છે; અને તેના પરિણામમાં જો તત્ત્વવિચાર કરવામાં ઉત્સાહ પ્રકટતો નથી, અને પ્રયત્ન થતો નથી, તો મનુષ્યની ક્રમે ક્રમે ઉન્નતિ થવાને બદલે અવનતિ જ થાય છે. દોષો ત્યજવા માટે ક્વચિત્ કવચિત્ પોતાના દોષો જોવા, એ ઠીક છે. પરંતુ વારંવાર તેમાં નિમગ્ન રહેવું, એ દુર્બળતા આણનાર છે, અને પુરુષાર્થમાં જોડનાર જે ઉત્સાહ તેનો લય કરનાર છે.

૫. તમારો ઇચ્છેલો અર્થ તમે ધારો છો તે કરતાં વધારે સત્વર તમને મળવાનો સંભવ હોય છે. પૂર્ણ શ્રદ્ધાને રાખી, તમારા હૃદયમાં રહેલા તમારા આત્મસ્વરૂપપ્રતિ પ્રેમને વધારતા જાઓ, અને નિષ્ફળતાનો કોઈ ક્ષણે પણ વિચાર કરશો નહિ. અલ્પ સમયમાં સિદ્ધિ મળેલી તમે અનુભવશો.

૬. પોતાના આત્મસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવું, એથી શ્રેષ્ઠ કર્તવ્ય આ વિશ્વમાં મનુષ્યોનું અન્ય કોઈ નથી. એવો એક પણ અર્થ નથી કે જે આત્મસ્વરૂપનું જ્ઞાન થતાં પ્રાપ્ત ન થાય. આત્મસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ એક જ છે, અને તે એ જ છે કે સર્વ બાહ્ય પદાર્થોનું ચિંતન પરિત્યજી પોતાના હૃદયમાં વૃત્તિઓને એકાગ્ર કરવી. હૃદયના મધ્યબિંદુમાં વૃત્તિની સ્થિતિ, એ સર્વ ભયથી મુક્ત કરનાર છે. હૃદયના મધ્યબિંદુમાં વૃત્તિની સ્થિતિ, એ અજ્ઞાનમાત્રનો ઉચ્છેદ કરનાર છે. હૃદયના મધ્યબિંદુમાં વૃત્તિની સ્થિતિ, એ જ્ઞાનમાત્રનું ઉત્પત્તિસ્થાન છે. હૃદયના મધ્યબિંદુમાં વૃત્તિની સ્થિતિ, એ ઐશ્વર્યમાત્રને અર્પનાર છે.

૭. જેમ જેમ મનુષ્ય પોતાના હૃદયના મધ્યમાં રહેલા પોતાના આત્મ-સ્વરૂપની અધિક અધિક સમીપ આવતો જાય છે, તેમ તેમ તે અધિક અધિક નિર્ભય થતો જાય છે, અને જેમ જેમ તે હૃદયના મધ્યબિંદુથી દૂર, આ દૃશ્ય વિષયપ્રતિ જતો જાય છે, તેમ તેમ તે અધિક ભયને પ્રાપ્ત થતો જાય છે. જેમ જેમ મનુષ્ય પોતાના હૃદયના મધ્યબિંદુની નિકટ આવતો જાય છે, તેમ તેમ તે વ્યાધિ અને મૃત્યુથી દૂર જતો જાય છે; અને જેમ જેમ તે પોતાના હૃદયના મધ્યબિંદુથી દૂર જતો જાય છે, તેમ તેમ તે વ્યાધિ અને મૃત્યુની સમીપ આવતો જાય છે.

૮. કેટલાક મનુષ્યો દુઃખથી બીએ છે, કેટલાક રોગથી બીએ છે, કેટલાક વૃદ્ધાવસ્થાથી બીએ છે, કેટલાક મૃત્યુથી બીએ છે, કેટલાક નિર્ધનતાથી બીએ છે, કેટલાક ચોર, શત્રુ, સાપ, વીંછી વગેરેથી બીએ છે, કેટલાક દુર્ગુણ, દોષ અને પાપથી બીએ છે. કેટલાક પોતાની ઓછી આવડતથી બીએ છે, કેટલાક ભવિષ્યમાં આવનારી અણધારી વિપત્તિથી બીએ છે. ભયનાં આવાં આવાં અસંખ્ય નિમિત્તોની ગણતરી કરવાનુ શું પ્રયોજન છે? મનુષ્ય જેમ જેમ પોતાના હૃદયના મધ્ય બિંદુની નિકટ આવતો જાય છે, તેમ તેમ બ્રહ્માંડની અંદરના તથા બ્રહ્માંડની બહારના સર્વ પ્રકારના ભયથી મુક્ત થાય છે. કારણ હૃદયનું મધ્ય-બિંદુ—મનુષ્યનું આત્મસ્વરૂપ—નિર્ભયતાનો મહોદધિ છે, ભયરૂપ અંધકારને મધ્યાહ્ન સમયનો સૂર્ય છે.

૯. હૃદયના મધ્યબિંદુની પ્રાપ્તિ શી રીતે થાય? તેની સમીપ શી રીતે જવાય? વિષયનાં ચિંતન પરિત્યજી હૃદયમાં વૃત્તિ એકાગ્ર કરવાથી. એકાગ્રતા એ જ હૃદયના મધ્યબિંદુને અનુભવવાનો એક જ ઉપાય છે.

૧૦. એકાંત સ્થળમાં સર્વ વિષયના વિચારો છોડી દેઈ શાંતપણે બેસી હૃદયમાં વૃત્તિઓ સ્થિર કરવાથી ક્રમે ક્રમે એકાગ્રતા સાધી શકાય છે; વૈખરી અને મધ્યમાનાં તોફાનોની પેલી પાર હૃદયનું મધ્યબિંદુ છે. વિચારોનો ત્યાં અભાવ છે. અપૂર્વ શાંતિ ત્યાં પ્રવર્તે છે. તેને પ્રાપ્ત કરવાને તમે પણ તેના જેવા જ શાંત થાઓ. ઘોંઘાટને છોડી એકાંત સેવો. અંદર ઊતરો. અંદર પણ વિચારોના સૂક્ષ્મ ધ્વનિને બંધ કરો. સર્વ પ્રકારના ધ્વનિ બંધ થતાં, મધ્યબિંદુ કયું છે, તે ઓળખાવવાની અગત્ય રહેશે નહિ.

૧૧. હૃદયના મધ્યબિંદુ સમીપ જતાં કેવાં વિઘ્નો આવે છે તે તમે જાણો છો? બહારના દેશમાં તમારી વૃત્તિ ફરતી હોય છે, ત્યારે જે અવાજો તમને જરા પણ નડતા નથી, તેવા અવાજો હૃદયમાં ઊતરતાં તમને ક્ષણે ક્ષણે વિઘ્ન કરે છે. ઝાડનું હાલવું, કાગડાનું બોલવું, કે મચ્છરનું ગણગણવું, બીજી વખતે તમને કશો પણ વિક્ષેપ કરતું નથી. પણ આવા ક્ષુદ્ર અવાજો, હૃદયમાં ઊતરતાં તમને જાણે તોપના ભડાકા જેવા લાગે છે. કોઈ ધીરે વાત કરતું હોય તોપણ તે તમને તત્કાળ સંભળાય છે, અને તમને તત્કાળ વિક્ષેપ થાય છે. આથી આકળા સ્વભાવવાળા મનુષ્યો ગભરાઈ જાય છે, ચિડાઈ જાય છે, જાગ્રત્ થઈ અવાજ કરનાર ઉપર ક્રોધ કરે છે. આવો સ્વભાવ એકાગ્રતાને સાધી શકતો નથી.

૧૨. ધૈર્યને, સ્થૈર્યને સેવો. પ્રસન્નતાનો, વૃત્તિના સાત્ત્વિક ભાવનો પરિત્યાગ કરો નહિ. બળ વાપર્યાથી એકાગ્રતા થતી નથી. આકુળતા ધરવાથી સંયમ સધાતો નથી. સંયમમાં શાંતિની અગત્ય છે. એકાગ્રતા એ પ્રયત્નનું પરિણામ નથી, પણ શાંતિનું પરિણામ છે. પ્રયત્નથી તમે વૃત્તિને વધારે વિકળ કરો છો. પ્રયત્નની અગત્ય નથી. શાંત રહો. ચૈતન્યસ્વરૂપપ્રતિ માત્ર પ્રેમને જ કરો. શીખવ્યે એકાગ્રતા આવડતી નથી. ચૈતન્યપ્રતિની નિષ્ઠા, ભક્તિ, પ્રેમવડે જ આપોઆપ ચૈતન્ય જ તે કેમ સાધવી તે શીખવે છે.

૧૩. જગતનું દુઃખ ઓછું કરવાનો, પોતાના સંબંધમાં આવેલાં અને સંબંધમાં ન આવેલાં મનુષ્યોનું દુઃખ ઓછું કરવાનો ઉત્તમ માર્ગ કયો છે? શું સભાઓ સ્થાપી લોકોને સુમાર્ગે ચઢવા વ્યાખ્યાનો આપવાં એ છે? અથવા વિવિધ જ્ઞાનના કે નીતિના ગ્રંથો લખવા અને તે દ્વારા લોકોને ઉપદેશવા એ છે? અથવા શું તેમને ધનનું દાન કરવું એ છે? અથવા શું તેમને ધનપ્રાપ્તિના ઉપાય દર્શાવવા એ છે? અથવા શું તેમનાં વ્યાધિનાં દુઃખો નિવારવાં એ છે? અને આ વિનાનાં અસંખ્ય ઉપાયો જે પરોપકારી પુરુષો સેવે છે, તે છે? આ સર્વ ઉપાયો કંઇક અંશે દુઃખ ટાળનાર હોય છે, પરંતુ જગત્‌નું દુઃખ ઓછું કરવાનો સફળ ઉપાય એથી જુદો જ છે. આ સફળ ઉપાયનું પાલન કર્યા વિના, ઉપરના વિવિધ ઉપાયોનું પાલન યથેચ્છ ફળને પ્રકટાવી શકતું નથી. પરંતુ આ સફળ ઉપાયનું પાલન તો ઉપરના ઉપાયો ન સેવ્યા હોય તોપણ ફળને પ્રકટાવે છે જ. અને આવો સર્વોત્તમ ઉપાય કયો છે? આ ઉપાય તે અન્ય કોઇ નથી પણ મનુષ્યે પોતે નિરંતર શુદ્ધ વિચાર સેવવા એ છે.

૧૪. દુઃખની અને સુખની સર્વ પ્રકારની સ્થિતિઓમાં શુદ્ધ વિચારનું સેવન પોતાનાં અને પરનાં દુઃખો ટાળવા જેટલું સમર્થ હોય છે, તેટલું અન્ય કોઇ નથી. નિરંતર પ્રસન્નતાનું રક્ષણ કરવું, ગમે તેવા ક્લેશના પ્રસંગો આવે છતાં પોતાની સ્વભાવસિદ્ધ પ્રસન્નતાનો ત્યાગ ન કરવો, પ્રાણીમાત્ર ઉપર પ્રેમથી જોવું, અને તેમનું સર્વદા હિત ઇચ્છવું, દ્વેષના, ઇર્ષાના, ક્રોધના અને એવા જ બીજા મલિન વિકારોને અંતરમાં પ્રવેશવા ન દેવા—આ પ્રકારનું વર્તન, એક ગુહામાં, અથવા બંધ કરેલી ઓરડીમાં પણ મનુષ્ય જો કરે છે, તો તે આ જગત્‌નાં દુઃખોને સર્વદા ઓછાં કરે છે. આવા શુદ્ધ વિચાર અને વર્તનવાળા મનુષ્યો જ પોતાના વર્તનની મધુર સુવાસથી આ જગત્‌માં વ્યાપેલી દુઃખની દુર્ગંધને ન્યૂન કરે છે.

૧૫. જેમનાં અંતઃકરણ અયોગ્ય વિચારરૂપી પિશાચને નૃત્ય કરવાની શ્મશાનભૂમિ હોય છે, જેઓ પ્રાણીમાત્ર ઉપર પ્રેમ રાખતા નથી, જેમનાં મન ક્રોધથી તપેલાં હોય છે, જેમની વાણી કુહાડાના ઘાની પેઠે શ્રવણ કરનારના હૃદયને ભેદે છે, જેઓ ચિંતા અને શોકથી વ્યાકુલ હોય છે, જેઓનાં મુખ નિરંતર ચઢેલાં રહે છે, જેઓ અયોગ્ય વર્તન કરનાર ઉપર પણ સૌમ્ય તથા અમૃતથી ભરેલી પ્રેમવાળી દૃષ્ટિ નાંખી શકતા નથી, તેઓ જગતનું દુઃખ ટાળવાને માટે ગમે તેવા જ્ઞાનના ઉપદેશો આપે, નીતિનાં મોટાં મોટાં વ્યાખ્યાનો કરે, તોપણ તે સફળ થતા નથી. તેમના અયોગ્ય વિચાર તથા વર્તનનું એવું તો દુઃખદ વાતાવરણ તેમની આજુબાજુ બંધાય છે કે તેમાં પ્રવેશનારને શાંતિ કે સુખનું ભાન થતું નથી. સાકરથી મિશ્ર કરેલા દૂધને ઝેરી સાપ, પોતાના મુખમાં લેઈ અન્યને પીવા આપે તો તેથી શું પીનારને લાભ થવાનો સંભવ હોય છે ? નિરંતર અયોગ્ય વિચાર સેવનાર મનુષ્ય પોતાનું અને જગત્નું દુઃખ વધારે જ છે. મળનું ગાડું જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં દુર્ગંધને પ્રસારી સર્વને ત્રાસ ઉપજાવે છે. અયોગ્ય વિચારવર્તનવાળો મનુષ્ય સવર્ત્ર હાનિને જ ઉપજાવે છે. સુવાસિત પુષ્પની વાટિકા, પોતાના સ્થાનમાં રહ્યા છતાં ચારે બાજુએ સુવાસને પ્રસારી મનુષ્યોને પ્રસન્નતા પ્રકટાવે છે. શુદ્ધ વિચારવર્તનવાળો મનુષ્ય પણ પોતાના સ્થાનમાં રહ્યો છતાં જગત્નાં દુઃખો ન્યૂન કરે છે, અને મનુષ્યોને સુખશાંતિના સંભવો આણે છે.

૧૬. મનુષ્ય ગમે તે ધર્મ પાળતો હોય અને ગમે તે દેવની ઉપાસના કરતો હોય તોપણ જો તે શુદ્ધ વિચારને સેવતો હોય છે તો તે જગત્ના સુખને વધારે છે. એથી ઉલટું ઉત્તમ બ્રાહ્મણના બાહ્યાચાર પાળતાં છતાં, અને પરમાત્માની ઉપાસના કરતાં છતાં પણ જો તે પ્રાણીઓનો દ્વેષ કરતો હોય, ક્રોધના વિચારોને હૃદયમાં અવકાશ આપતો હોય, દુષ્ટ વર્તન કરનાર મનુષ્યો ઉપર કરુણા ધરવાને બદલે તેમનો તિરસ્કાર અથવા ધિક્કાર કરતો હોય અને વાણી વડે પ્રિય અને હિતકર વચનો વદવાને બદલે અપ્રિય કઠોર વચનો વદતો હોય તો તે જગત્માં દુઃખનો વધારો કરે છે.

૧૭. મનુષ્ય ગમે તેવો વિદ્વાન્ હોય, સર્વ શાસ્ત્રમાં પારંગત હોય, સભાઓમાં પોતાના વક્તૃત્વથી શ્રોતાઓને આંજી નાંખતો હોય, ઉત્તમ વિદ્વત્તાવાળા ગ્રંથો લખી શકતો હોય, અને રાજદ્વારમાં તથા વ્યવહારમાં કોઈ નિમિત્તથી સન્માનને પામતો હોય તોપણ અયોગ્ય વર્તન થતાં ક્ષમા આપવાનું તથા

ભ્રૂકુટી ચઢાવી ક્રોધનાં વચનો ન વદવાનું જો શીખ્યો ન હોય, અપ્રિય પ્રસંગોમાં પણ પોતાના અંતઃકરણની પ્રસન્નતા ન ત્યજવાનું જો શીખ્યો ન હોય, પ્રાણીમાત્ર ઉપર પ્રેમ રાખવાનું તથા તેમને પોતાના આત્માસમાન જાણવાનું જો શીખ્યો ન હોય, તો તે કશું જ શીખ્યો નથી. તેની વિદ્વત્તા અને તેનું વક્તૃત્વ બકરીના ગળાના આંચળની પેઠે નિષ્ફળ છે. કારણ કે અંતઃકરણમાં નિર્મળ અને નિર્વિકાર રહેવામાં જ સર્વ વિદ્વત્તાનો સમાવેશ થાય છે. પ્રતિકૂળ પ્રસંગોમાં પણ વાયુવિનાના સ્થાનમાં બળતા દીપકની શિખા પેઠે વૃત્તિની નિશ્ચલ પ્રકાશમય સ્થિતિ રાખી રહેવાનું આવડવું, એ જ ખરી વિદ્વત્તા છે. પ્રસન્નતાનું સર્વદા રક્ષણ કરી રહેવામાં જ જ્ઞાનની કે વિદ્વત્તાની કે શાસ્ત્રાભ્યાસની કસોટી છે.

૧૮. વૃક્ષનું મૂલ્ય તેના ઉપર આવતાં ફળથી અંકાય છે. આંબો દશે દિશાએ ફાલ્યો હોય, છતાં તેના ઉપર આવેલી કેરી ખાટી ચિચોડા જેવી હોય તો તે આંબો મનોહર દીસતો હોય તોપણ તેથી શું? શાસ્ત્રાભ્યાસ અને વિદ્વત્તાનું ફળ જો મધુર ન પ્રકટ્યું, તો તે શાસ્ત્રાભ્યાસનો પરિશ્રમ શા અર્થનો? શુદ્ધ વિચારવાળું નિર્મળ પ્રસન્ન અંતઃકરણ તથા તેવું જ વર્તન એ જ શાસ્ત્રાભ્યાસનું ફળ છે. શાસ્ત્રાભ્યાસના વૃક્ષ ઉપર સુવાસવાળું પુષ્પ આવવાને બદલે કંટક ઊગ્યા તો તે શાસ્ત્રાભ્યાસ નિષ્ફળ છે.

૧૯. શું તમે એમ કહો છો કે 'નિરંતર પ્રસન્ન સ્વભાવ રાખવાનો ઉપદેશ કરવો સહેલો છે, પણ તે પ્રમાણે વર્તન રાખવું કઠિન છે? ઘરમાં કર્કશા સ્ત્રી જેને પ્રાપ્ત થઈ હોય, તે પ્રસન્ન સ્વભાવ શી રીતે રાખી શકે? સર્વ પ્રકારની અનુકૂળતા હોય ત્યાં પ્રસન્ન સ્વભાવ રાખી શકાય અને પ્રિય વાણી પણ ઉચ્ચરી શકાય. પણ દિવસમાં હજારવાર જ્યાં પ્રતિકૂલ વર્તન જોવામાં આવે ત્યાં પ્રસન્ન સ્વભાવ તે શી રીતે રહી શકે? શું અમે તે કંઈ લાકડાનાં ઢીંગલાં છીએ કે જે ઘરમાં થાય તે આંખો મીચી જોયા કરીએ!' હા, જો સુખ જોઈતું હોય તો લાકડાના ઢીંગલાના જેવું, પ્રતિકૂળ પ્રસંગોથી જરા પણ ક્ષોભ ન થાય એવું જ અંતઃકરણ રાખો. પ્રતિકૂળ પ્રસંગોમાં, તમે પ્રસન્ન સ્વભાવ રાખી શકતા નથી, પણ એ પ્રતિકૂળ પ્રસંગ તમને શાથી પ્રાપ્ત થયો તેનો કોઈ દિવસ તમે વિચાર કર્યો છે? તમને તમારું માથું ખાઈ જાય એવી કર્કશા સ્ત્રી શાથી મળી છે? શું બ્રહ્માનો તમે કોઈ અપરાધ કર્યો હતો કે તેમણે તેની સાથે તમારું પાનું પાડ્યું? કર્કશા સ્ત્રી અથવા જેટલા જેટલા આપણને જણાતા પ્રતિકૂળ પ્રસંગો આપણને પ્રાપ્ત થાય છે એ આપણે પોતે જ આપણાં પોતાનાં કૃત્યોથી આપણી મેળે

પ્રાપ્ત કરી લીધા છે. આપણે તેને પાત્ર હતા માટે જ તે આપણને મળ્યા છે. તે આપણને ઈશ્વરે કે કોઈએ, આપણી તે પ્રસંગોને માટે પાત્રતા ન છતાં, જુલમથી આપણી કોટે બાંધી દીધા નથી. પરંતુ તે પ્રસંગો માટે આપણો અધિકાર હોવાથી તેમાં આપણે સ્થપાયા છીએ. જેમ પહેલી ચોપડીને લાયક વિદ્યાર્થીને શિક્ષક પહેલી ચોપડીમાં બેસાડે છે, અને સાતમી ચોપડીને લાયક વિદ્યાર્થીને સાતમીમાં બેસાડે છે, તેમ આ જગત્‌માં વિશ્વવ્યવસ્થાપક સત્તા આપણી યોગ્યતાના પ્રમાણમાં અનુકૂળ પ્રતિકૂળ પ્રસંગોમાં આપણને મૂકે છે. પહેલી ચોપડીનો વિદ્યાર્થી પ્રસન્નતાથી પહેલી ચોપડીનો અભ્યાસ ન કરી, પોતાની ચોપડી તથા પાટી પછાડે, અને અસંતોષ બતાવી આખો દિવસ પોતાને પ્રાપ્ત થયેલા અભ્યાસ વિરુદ્ધ ટકટકારો કર્યા કરે, તો તેને આગળ વધવાનો અને સાતમી ચોપડીમાં જવાનો કદી પણ સંભવ આવતો નથી; તેમ કર્કશા સ્ત્રી અથવા એવા જ પ્રતિકૂળ પ્રસંગો, વિશ્વવ્યવસ્થાપક સત્તાએ જેમને તેમની યોગ્યતા પ્રમાણે આપ્યા હોય છે, તેઓ પ્રસન્નતાથી તે પ્રસંગોથી નિર્વાહ ન કરતાં આખું આયુષ્ય ધમપછાડા કરે છે, તથા નિરંતર ચીડિયાં કરી પોતાને સીતા કે દમયંતી જેવી અનુકૂળ સ્ત્રી ન મળવા માટે પરિતાપ કર્યા કરે છે, તેઓનો ઊંચી વસ્તુઓ મેળવવાનો અધિકાર કિંચિત્ પણ વધતો નથી. તેઓ હોય છે ત્યાંના ત્યાં જ રહે છે, અથવા ક્વચિત્ નીચા પણ પડે છે.

૨૦. સર્વ પ્રકારના અનુકૂળ તથા પ્રતિકૂળ પ્રસંગોમાં પ્રસન્નતાવાળો સ્વભાવ રક્ષી રહેવાથી સર્વદા અધિકારની વૃદ્ધિ થાય છે, અને પ્રસન્ન સ્વભાવનાં પ્રકાશમય કિરણોથી પ્રતિકૂળ પ્રસંગોનો અંધકાર નષ્ટ થવાનો સંભવ આવે છે.

૨૧. ચિંતા, ભય, નિરાશા, શોક, ક્રોધ, ચીડિયાપણું, અસંતોષ, જેનાં તેનાં છિદ્રો જોવાનો સ્વભાવ, પ્રાણીઓનો દ્વેષ, વગેરે વિકારો અપ્રસન્નતાને ઉત્પન્ન કરનાર છે. આ સર્વ અશુદ્ધ વિચાર ગણાય છે. જે હૃદયમાં એ હોય છે ત્યાં સુખ નથી હોતું, અને જે હૃદયમાં એ નથી હોતા, અર્થાત્ જ્યાં પ્રાણીમાત્ર ઉપર પ્રેમ હોય છે, જ્યાં ઈશ્વર ઉપરની દૃઢ શ્રદ્ધાથી ચિંતા તથા ભયનો અભાવ હોઈ નિશ્ચિંતપણું તથા નિર્ભયતા હોય છે, જ્યાં પરમેશ્વરનો આશ્રય ગ્રહણ કરવાથી ભવિષ્યમાં સર્વદા સુખ થવાના દૃઢ સંભવના અનુમાનથી આશા તથા ઉત્સાહ વર્તતાં હોય છે, જ્યાં ઈશ્વરરૂપ મહાસંપત્તિને સર્વદા હૃદયમાં પોતાની અતિનિકટ માનવાથી તથા અનુભવવાથી કોઈ પણ તુચ્છ પદાર્થની હાનિથી શોકનો અભાવ હોય છે. જ્યાં સર્વત્ર બ્રહ્મભાવના સ્વીકારાયલી હોવાથી જ ક્રોધ

કરવા યોગ્ય પ્રાણીપદાર્થ દૃષ્ટિએ ન પડવાથી સર્વદા અક્રોધવાળી શાંત સ્થિતિ હોય છે, જ્યાં વિભવોનું મૂળ ઈશ્વિરતત્ત્વ એ જ પોતાનું આત્મસ્વરૂપ છે, એવો નિશ્ચય થયેલો હોવાથી અમુક પદાર્થ મને અપ્રાપ્ત છે, એવું ભાન થવાનો અસંભવ હોવાથી સર્વદા સંતોષ વર્તતો હોય છે, જ્યાં દોષ એ પણ પરમાત્મ-સત્તાનો વિવર્ત હોવાથી અધિષ્ઠાનથી ભિન્ન ન જોવાનો અભ્યાસ સિદ્ધ થયેલો હોવાથી દોષ જોવાનો પ્રયત્ન થતો નથી, અને આ પ્રમાણે જ્યાં નિરંતર શુદ્ધ વિચાર જ વર્તતા હોય છે, ત્યાં સર્વદા સુખ—કલ્પનામાં પણ ન આવે એવું નિરતિશય સુખ—જ હોય છે.

૨૨. આવા શુદ્ધ વિચાર સેવવાનું કાર્ય તમને અત્યંત કઠિન જણાય છે.? તો સુખને પ્રાપ્ત કરવાની અને દુઃખને ટાળવાની આતુર ઇચ્છા તમને પ્રકટી નથી. તમને દુઃખ અને સંતાપ જ પ્રિય છે. ભલે તમારા પ્રિય પદાર્થોનો અનુભવ કર્યા કરો. તેથી ત્રાસ આવે, સુખને શોધવા ખરી આતુરતા પ્રકટે—જેને સત્શાસ્ત્ર મુમુક્ષુતા કહે છે, તે તમારામાં ઉદય થાય—ત્યારે આ શુદ્ધ વિચારને સેવજો. ત્યારે આ શુદ્ધ વિચાર સેવવાનું કાર્ય જેને આજે તમે કઠિન કહો છો, તે તેવું નહિ ભાસે. કારણ એક મરણિયો જેમ હજારને ભારે હોય છે, તેમ તમારી આતુર ઇચ્છા, સમગ્ર વિઘ્નો, સમગ્ર કઠિનતા પગતળે રોળી નાખવા સમર્થ છે. આજે પણ છે, પણ તમે તે જાણતા નથી. પોતાના સામર્થ્યમાં અચલ શ્રદ્ધાથી, ઉચ્ચ અભિલાષાથી, દૃઢ નિશ્ચયથી અને તદનુકૂલ પ્રયત્નથી મનુષ્યને કોઈ પણ કાર્ય કઠિન નથી. અને આતુર ઇચ્છા જે હૃદયમાં પ્રકટે છે ત્યાં આ સર્વ આપો-આપ આવી મળે છે. આતુર ઇચ્છા પ્રકટતાં જે સ્થિતિને તમે અનેક જન્મવડે પણ પ્રાપ્ત કરવી દુર્લભ માનો છો, તે સ્થિતિ આ જ જન્મમાં, વર્ષ છ માસમાં તમને પ્રાપ્ત થવાનો સંભવ આવે છે.

૨૩. ઇચ્છાને મારવાની નથી પણ કેળવવાની છે. જેઓ ઇચ્છાને મારવાનો ઉપદેશ કરે છે તેઓ જીવનનો નાશ કરવા ઉપદેશ કરે છે. ઇચ્છા મારવાનો પ્રયત્ન સફળ થતો નથી, કારણ ઇચ્છા ચૈતન્યમય છે. મનુષ્યમાંથી ઇચ્છા ઉપાડી લેતાં તેની ઉન્નતિનાં સર્વ દ્વાર બંધ થઈ જાય છે. ઉન્નતિના અગ્નિરથને મહાવેગથી ચલાવનાર ઇચ્છા, એ વરાળ છે. ઇચ્છાના વેગના પ્રમાણમાં જ ઉન્નતિ હોય છે. જ્યાં ઇચ્છા મંદ હોય છે ત્યાં ઉન્નતિનો વેગ રગશિયા ગાડા જેવો હોય છે. જ્યાં ઇચ્છા તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ હોય છે ત્યાં ઉન્નતિનો વેગ વિદ્યુતના વેગજેવો હોય છે. વ્યવહારમાં પણ મંદ ઇચ્છાવાળા

મનુષ્યો વ્યવહારના ઉત્તમ સુખોથી ભ્રષ્ટ રહે છે, અને તીવ્ર ઇચ્છાવાળા મનુષ્યો જ ઉન્નતિના શિખરે સ્થપાય છે.

૨૪. ઇચ્છા દુઃખદ નથી, પણ ઇચ્છાનો અયોગ્ય માર્ગે વહેતો પ્રવાહ દુઃખદ છે. ઇચ્છાને મારવાની નથી, ઇચ્છાનો રોધ કરવાનો નથી, પણ ઇચ્છાનો અયોગ્ય માર્ગે વહેતો પ્રવાહ રોકવાનો છે. આ શાસ્ત્રના રહસ્યને ન સમજી, ઇચ્છાને કેળવવાને બદલે, ઇચ્છાના અયોગ્ય માર્ગે વહેતા પ્રવાહને રોકીને તેને શુદ્ધ માર્ગે વાળવાનો પ્રયત્ન કરવાને બદલે, જેઓ ઇચ્છા ઉપર જ ચોધારું ખડ્ગ વાપરે છે, જેઓ પ્રત્યેક પ્રસંગે ઇચ્છાનો શિરચ્છેદ કરવા તત્પર થાય છે, તેઓ ઉન્નતિનાં સર્વ દ્વાર પોતાને હાથે જ પૂરી દે છે. તેઓ હોય છે ત્યાંના ત્યાં જ રહે છે. અગ્નિ ઓલાઈ ગયેલા એંજિનની પેઠે તેઓના મનુષ્યશરીરના સર્વ સાંચાઓ સાજા છતાં તેઓ ઉન્નતિના માર્ગમાં એક તસુ પણ ચાલવા સમર્થ થઈ શકતા નથી અને આ પ્રમાણે વરાળ વિનાનું વરાળયંત્ર, ન ચાલવાથી જેમ કાટ ખાઈ પરિણામે વિનાશને પામે છે તેમ ઇચ્છા વિનાનું મનુષ્યનું શરીર પણ પુરુષાર્થના અભાવે મરણવશ થાય છે.

૨૫. ઇચ્છાને મારવાનો પ્રયત્ન સ્વાભાવિક નથી, પણ અસ્વાભાવિક છે. અને તેથી જ જેઓ, શાસ્ત્રના રહસ્યને ન સમજી ઇચ્છાને મારવાના અયોગ્ય પ્રયત્નને સેવે છે, તેઓ ઇચ્છાને મારવાનો નિત્ય પ્રયત્ન કરતા છતાં તેમાં જરા પણ સફળ થતા નથી. ઇચ્છાને મારવાની તેઓ વાતો કરતા છતાં, તેઓનાં અંતઃકરણમાં તેઓ હજારો અને લાખો ઇચ્છાના ફણગા ફૂટતા જુએ છે. સહદેવનું માથું કાપવાનો પ્રયત્ન કરતાં જેમ બળરામે જ્યાં જ્યાં સહદેવનું રુધિર પડ્યું ત્યાં ત્યાં બીજા સેંકડો અને હજારો સહદેવ પ્રકટ થયેલા જોયા હતા, તેમ ઇચ્છાનો નાશ કરવા જતાં, આ મનુષ્યો અન્ય સેંકડો અને હજારો ઇચ્છાઓ પોતાના અંતઃકરણમાં પ્રકટ થયેલી અનુભવે છે. જે ઇચ્છાને તેઓ મરેલી જાણે છે તે ઇચ્છાઓ પુનઃ પ્રસંગ પ્રાપ્ત થતાં જેમ દમયંતીના હસ્તનો સ્પર્શ થતાં મરેલાં મત્સ્ય સજીવન થયાં હતાં, તેમ તેઓ સજીવન થયેલી અનુભવે છે. કારણ ઇચ્છા મારવી એ અસ્વાભાવિક છે. અને આવા અસ્વાભાવિક પ્રયત્નમાં ઇચ્છા ન મરતાં મનુષ્ય પોતે જ મરે છે.

૨૬. ઇચ્છાને મારવાની અગત્ય નથી, પણ તેને યોગ્ય માર્ગમાં વાળવાની અગત્ય છે. બાળક બહુ રમતિયાળ હોય તો તેની રમવાની ઇચ્છાને રોકવાની અગત્ય નથી, પણ તેની ઇચ્છાને રમત કરતાં અન્ય વધારે સુંદર વિષય આપીને

તેમાં તેને જોડવાની અગત્ય છે. જેઓ બાળકની ઇચ્છાને વધારે સુંદર વિષયો આપીને, તે રમતની ઇચ્છાના પ્રવાહને અન્ય માર્ગે વાળવાનો પ્રયત્ન ન કરતાં, તેને ધાકથી કે મારથી રોકવાનો પ્રયત્ન કરે છે, તેઓ બાળકને, રમત ખોટી છે એવું કદી સમજાવી શકતા નથી. આ માર અને ધાકથી રોકેલી બાળકની રમવાની ઇચ્છા, પ્રસંગ પ્રાપ્ત થતાં પુનઃ વેગથી ઊઠે છે, અથવા ચોરીછૂપીથી તે રમે છે. બાળકની રમવાની ઇચ્છાને રોકવાનો આ ઉપાય નથી જ. રમતથી અધિક સુંદર વિષયો આપવા એ જ બાળકનું રમતિયાળપણું ભુલાવવાનો સફળ અને યથાર્થ ઉપાય છે. ઇચ્છાનો રોધ કરવાની ઇચ્છાવાળા મનુષ્યે પણ આમ જ કરવાનું છે. ક્રમે ક્રમે તેને અયોગ્ય વિષયોમાંથી છોડવી ઉચ્ચ વિષયોમાં જોડવી એટલું જ કરવાનું છે.

૨૭. કોઈ પણ અમુક વિષય સારો છે, એવો નિશ્ચય થતાં તેની ઇચ્છા અંતરમાં પ્રકટે છે અને તે પ્રાપ્ત કરવા યોગ્ય છે, એમ જો વૃત્તિમાં દૃઢ થાય છે, તો તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન સેવાય જ છે. વિષયની પ્રિયતા અથવા યોગ્યતા જ્યાંસુધી દૃઢ સમજાઈ નથી હોતી ત્યાંસુધી જ તેની આતુર ઇચ્છા પ્રકટતી નથી. તમને શુદ્ધ વિચાર સેવવાની આતુર ઇચ્છા ન પ્રકટતી હોય તો તે ઇચ્છા પ્રકટ્યા વિના, તમને શુદ્ધ વિચાર સેવવાનું કામ મહાસાગર તરવા જેવું કઠિન ભાસે એમાં આશ્ચર્ય જેવું કંઈ જ નથી. શુદ્ધ વિચાર સેવવાનું કાર્ય તમને અત્યંત કઠિન જણાવનાર અન્ય કોઈ નથી, પણ તમારી દુર્બળ ઇચ્છા છે.

૨૮. આતુર ઇચ્છા પ્રકટાવો, અને આ શુદ્ધ વિચાર સેવવાનું કાર્ય તમને સરળ જણાશે. પુનઃ પુનઃ વિચારવડે નિશ્ચય કરો કે શુદ્ધ વિચાર સેવવાથી જ સુખની પ્રાપ્તિ થાય છે. અને જેમ કૂવામાં જળ હોય છે તો જ હવાડામાં જળ આવે છે, તે જ પ્રમાણે શુદ્ધ વિચાર સેવીને તમે સુખની પ્રાપ્તિ કરી હશે તો જ તમે અન્યને તે સુખ આપી શકશો. તમારાં અને જગત્નાં દુઃખ ટાળવાનો આ જ ઉપાય છે. અન્ય ઉપાય સેવતા હશો તો તે સર્વ ફાંફાં છે. તમે સુખી નથી તો તમે અન્યને શું સુખી કરી શકશો ? તમારે જ ખાવાને અન્નનો દાણો નથી ત્યાં તમે આખું ગામ જમાડવાને શું જોઈને કમર બાંધો છો ? શુદ્ધ વિચાર સેવો, સુખનો તમારા પોતાનામાં આવિર્ભાવ કરો, અને આ પ્રમાણે પ્રથમ શ્રીમાન્ થઈ સર્વત્ર સુખની લહાણી કરો.

૨૯. ઘણા મનુષ્યો એમ માનતા હોય છે કે અમારાથી પુરુષાર્થ નહિ કરી શકાવાનું અને તે દ્વારા સુખ નહિ મેળવી શકાવાનું કારણ અન્ય કોઈ નથી,

પણ અમે જે સ્થિતિમાં મુકાયા છીએ તે એવી ખરાબ છે કે તેમાં પુરુષાર્થ કરી શકાવાનો અને તે દ્વારા સુખ થવાનો સંભવ નથી. અમે જે ઘરમાં રહીએ છીએ તે એવું ખરાબ છે કે તેમાં કરવા ધારેલું કશું થઈ શકે એમ નથી. જો ઘર સારી અનુકૂળતાવાળું હોય તો તેમાં અમે ધાર્યું કરી સુખી થઈએ. કેટલાક માને છે કે અમારી પાસે પૈસા હોય તો અમે પુરુષાર્થ કરી મોટા સિદ્ધ થઈએ. કેટલાક કહે છે કે આ સ્ત્રીપુત્રની અમારે જંજાળ ન હોય, અને તેમનું પોષણ કરવાની ચિંતા ન હોય તો ઇચ્છેલો પુરુષાર્થ કરી અમે તત્કાળ સિદ્ધ થઈએ. આ ઘરની જંજાળમાં અમે પુરુષાર્થ અથવા સાધન તે શું અમારું કરમ કરીએ! કેટલાક સાધન ન સાધવામાં પોતાના રોગી અથવા અશક્ત શરીરનાં બહાનાં બતાવે છે. આમ વિવિધ મનુષ્યો પોતાને ઇચ્છેલું પ્રાપ્ત ન થવામાં વિવિધ કારણોને દર્શાવે છે. શું આ સર્વ કારણો ખરાં છે? વિચાર કરનારને સ્પષ્ટ થશે કે તે સર્વ જ ખોટાં છે. પુરુષાર્થ ન થવામાં, અને તે દ્વારા સુખ પ્રાપ્ત ન થવામાં મનુષ્યનો પોતાનો જ દોષ છે. મનુષ્યને જે જે પ્રતિબંધક સ્થિતિઓ પ્રાપ્ત થઈ છે, તે મનુષ્યે પોતે જ પોતાના કર્મવડે પ્રાપ્ત કરેલી છે. તે કોઈએ તેને બળાત્કારથી આપેલી નથી; અને આમ હોવાથી પોતાનાં કર્મવડે પ્રાપ્ત કરેલી અયોગ્ય સ્થિતિને મનુષ્ય પોતાના જ કર્મવડે ટાળવા સમર્થ છે. જેમ અયોગ્ય કર્મે તેને અયોગ્ય સ્થિતિમાં મૂક્યો છે, તેમ શુભ કર્મ તેને શુભ સ્થિતિમાં મૂકશે જ. આથી કરીને, આટલું જો ઠીક થાય તો હું આટલું કરું, આટલી ઉપાધિ મટે તો હું નિરાંતે પ્રયત્નમાં જોડાઉં, એમ બોલવું, એ મિથ્યા આળસ, પ્રમાદ અને કર્મના નિયમોનું અજ્ઞાન સૂચવે છે. પ્રતિબંધક સ્થિતિ પ્રયત્ન કર્યા વિના એમને એમ તે શી રીતે ટળે? શું આકાશમાં આપણે માટે દેવો ફરતા રાખી મૂક્યા છે, જેઓ આપણી દયા લાવી આપણી આ પ્રતિબંધક સ્થિતિ છેદી આપણને મુક્ત કરશે, અને તેથી આપણે મુક્ત થયે નિરાંતે પુરુષાર્થ કરીશું?

૩૦. આવું કંઈ જ નથી. આપણે પોતે પ્રયત્ન નહિ કરીએ ત્યાંસુધી આપણું દુઃખ કોઈથી જ ટળી શકવાનું નથી. આપણે પ્રયત્ન કરીશું તો જ આપણું દુઃખ ટળે એમ છે. શા માટે ત્યારે અનુકૂળ સ્થિતિ આવવાની વાટ જોયા કરવી? શા માટે આ ક્ષણથી જ આપણે યત્ન ન આરંભવો? આ પ્રકારની વસ્તુસ્થિતિ જાણીને જેઓ અનુકૂળતા આવવાની મિથ્યા વાટ ન જોતાં આ ક્ષણથી જ પ્રયત્નનો આરંભ કરે છે, તેઓ જ ખરા બુદ્ધિમાન્ છે, તેઓ જ

ખરા સાધક છે, તેઓને જ સુખની ખરી આતુર ઇચ્છા છે. આ વિનાના બીજા ભલે પોતાને બુદ્ધિમાન્ માનતા હોય તોપણ બુદ્ધિહીન છે. પરમાર્થના પોતાને સાધક માનતા હોય તોપણ તેઓ પરમાર્થના બાધક છે. તેઓને સુખની ખરી આતુરતા નથી, પણ દુઃખની જ ખરી આતુરતા છે. પ્રયત્ન જ યોગ્ય અથવા અયોગ્ય સ્થિતિને આપનાર હોવાથી, સુખેચ્છકે સુખને અર્થે શુભ પ્રયત્નને અનુકૂળતા ઉપર મુલતવી ન રાખતાં, પ્રાપ્ત અનુકૂળતાપ્રમાણે, આ ક્ષણથી જ સેવવો, એ જ ઘટે છે.

૩૧. "પ્રયત્ન કરવામાં શું અનુકૂળતા નથી જોઈતી? હાથપગ બાંધી લીધા હોય એવીપરાધીન દશામાં હાથપગ હલાવવાનો ઉપદેશ શું યોગ્ય છે? પથારીમાંથી ઊઠીએ ત્યાંથી રાત્રે અગિયાર વાગતાં સૂતાં સુધી પેટ ભરવાના પ્રયત્નની લાહ્યમાં બળતા હોઈએ, તે ઓલવ્યા વિના, પ્રયત્ન તે ક્યારે કરીએ? અમારે નસીબે આવાં તરીલાં તાણવાનાં આવ્યાં છે, માટે જ કહીએ છીએ કે આ પીડામાંથી પરમેશ્વર કંઈ સારો દહાડો દેખાડે તો કહો એટલો શુભ પ્રયત્ન હમણાં કરીએ!" આવાં વચનો અનેક મનુષ્યો શુભ પ્રયત્ન સેવવાનું કહેતાં બોલે છે, અને પ્રયત્ન કરવાનો પોતાને સમય જ નથી, એમ જણાવી પોતાનું દુઃખનું ધૂંસરું તાણ્યા કરે છે. આવાં મનુષ્યોએ સ્પષ્ટ જાણવું જોઈએ કે આવા વિચારો કરી ઉદાસ બેસી રહ્યે પ્રયત્નનો સમય કલ્પાંતે મળવાનો નથી જ, પણ જે સ્થિતિ પ્રાપ્ત છે, તે સ્થિતિમાંથી જ થોડી થોડી અનુકૂળતા કાઢી તે અનુકૂળતામાં શુભ પ્રયત્ન સેવતાં અધિક અનુકૂળતાનો સંભવ આવે છે. મહિને દશ રૂપિયાની આવકવાળો અને તેટલા જ રૂપિયાના ખરચવાળો મનુષ્ય, ધનવાન થવા ઇચ્છતો હોય તો તેણે શું કરવું? મહિને ચાર ચાર આના બચાવવા, એ જ એનો ઉપાય છે. અને આમ થોડું થોડું દ્રવ્ય બચતાં, અધિક સંગ્રહ થવા સંભવ આવે છે. પ્રયત્ન કરવાની અનુકૂળતા વિનાના સાધકે પણ એમ જ કરવાનું છે. શૌચનો સમય, સ્નાનનો સમય, ભોજનનો સમય, અને એવા એવા અનેક પ્રસંગોમાં મળતી થોડી થોડી ક્ષણોનો સદુપયોગ કરવાનો છે. કાલે નહિ, પણ આજથી જ કરવાનો છે. એ સમયમાં અંતઃકરણને શુદ્ધ વિચારમાં જોડવાનું છે. અને આ અલ્પ સમયની થોડી ક્ષણોનો સદુપયોગ થતાં, પ્રયત્નમાટે અધિક અનુકૂળતા મળવાનો સંભવ આવે છે. પ્રતિકૂળ સ્થિતિવાળાએ અનુકૂળ સ્થિતિ આણવાનો આ જ ઉપાય છે. લમણે હાથ દેઈ, પોતાને પ્રાપ્ત થયેલી પ્રતિકૂળ સ્થિતિમાટે રોદણાં રડવાં, એ ઉપાય નથી. આશ્ચર્યજેવું એ છે કે આવા મનુષ્યોને આવાં રોદણાં રડવા માટે પાર વિનાની અનુકૂળતા મળે છે, પરંતુ શુદ્ધ પ્રયત્ન કરવાનો સમય મળતો નથી!

૩૨. પ્રાણીમાત્ર ઉપર પ્રેમ કરવો, એ એક એવું રસાયણ છે કે જે મનના અને પરિણામે તનના સર્વ વ્યાધિઓને મટાડે છે. પ્રાણીમાત્ર ઉપર પ્રેમ ન હોવાથી જ મનના વિવિધ વિકારો ઉત્પન્ન થાય છે. અમુક મનુષ્ય આપણો અપરાધ કરે છે, ત્યારે ક્રોધ થવાનું કારણ તેના ઉપર આપણો સાચો પ્રેમ નથી હોતો એ જ હોય છે. શુદ્ધ પ્રેમથી ગૂંથાયેલા મનુષ્યને પરસ્પરના દોષો જોતાં પણ ક્રોધ ઊપજતો નથી. દ્વેષ, ઇર્ષા, ભય વગેરે સર્વ વિકારો પણ પ્રાણીમાત્ર ઉપર પ્રેમ ન હોવાનો પરિણામ છે. અને અયોગ્ય વિકારોનું મનમાં વારંવાર પોષણ થવાથી જ સર્વ વ્યાધિઓ ઉત્પન્ન થતા હોવાથી, પ્રાણીમાત્ર ઉપર પ્રેમ કરવાથી અયોગ્ય વિકારો શમતાં વ્યાધિમાત્ર મટવા સંભવ આવે છે, એ સહજ સ્પષ્ટ થાય છે. એવો કોઈ પણ મનોવિકાર નથી, જે શુદ્ધ પ્રેમથી ન શમે. એવો કોઈ પણ વ્યાધિ નથી કે જે શુદ્ધ પ્રેમથી ન મટે. કારણ કે શુદ્ધ પ્રેમ એ ઇશ્વરનું જ બીજું નામ છે. અને જેના અંતઃકરણમાં ઇશ્વર પ્રકટે છે, તેને મનના અને તનના વ્યાધિઓ રહેવા સંભવતા નથી.

૩૩. તમે મનના કે તનના કોઈ વ્યાધિથી પીડાતા હો તો તેનું કારણ શોધવા વૈદ્ય કે ડોકટરને શોધવા જવાની અગત્ય નથી; અથવા તેનું કારણ શોધવા પુસ્તકોનાં પાનાં ઉથલાવવાની અગત્ય નથી. તમારા અંતઃકરણમાં પ્રાણીમાત્ર ઉપર પ્રેમ નથી, એ જ તેનું કારણ છે. તમારામાં સર્વાત્મભાવના પ્રકટી નથી એ જ તેનું કારણ છે. પ્રાણીમાત્ર ઉપર પ્રેમ પ્રકટાવો અને તમારા તનના તથા મનના વ્યાધિઓ શમી જશે.

૩૪. પ્રાણીમાત્ર ઉપર પ્રેમ સર્વાત્મભાવના પ્રકટ્યાવિના, પ્રકટતો નથી. મારો જેવો આત્મા છે તેવો જ સર્વનો આત્મા છે, મારામાં જે ચૈતન્ય વિલસે છે તે જ સર્વમાં વિલસે છે, હું જે રૂપ છું તે જ રૂપ સર્વ છે, આવો નિશ્ચય જેના અંતઃકરણમાં અનેક વિચારથી દૃઢ થયો હોય છે તે જ મનુષ્યમાં સર્વાત્મભાવના પ્રકટે છે. અને તે જ મનુષ્ય પ્રાણીમાત્ર ઉપર પ્રેમ કરી શકે છે. જેઓ પ્રાણીમાત્ર ઉપર પ્રેમ કરી શકતા નથી, તેઓને પોતાના આત્મસ્વરૂપનું જ્ઞાન નથી. તેઓને પોતાના આત્મસ્વરૂપ ઉપર પ્રેમ નથી. તેઓ આત્માની, ચૈતન્યની, બ્રહ્મની વાતો માત્ર કરનારા હોય છે. ચૈતન્યને જ જો તેઓ પરમ પ્રેમનો વિષય માનતા હોય, તો જે ચૈતન્ય પ્રાણીમાત્રમાં વિલસી રહ્યું છે, જે ચૈતન્યનો જ આ પ્રાણીમાત્ર ચમત્કાર છે, તે ચૈતન્યના ચમત્કારરૂપ આ પ્રાણીમાત્રનો તેઓ દ્વેષ કરે? એકને મોટો અને બીજાને નાનો ગણે? બીજામાં તેઓએ એવું શું

જોયું કે જેનો તેઓ તિરસ્કાર અથવા દ્વેષ કરે છે? જેઓ બીજામાં પણ પોતાનું ચૈતન્યસ્વરૂપ વ્યાપી રહેલું જોઈ શકતા નથી, તેઓને પોતાના ચૈતન્યસ્વરૂપને જોવાનો અધિકાર નથી. પોતાના ચૈતન્યસ્વરૂપને જોવાનો પ્રયત્ન કરી, તેના ઉપર નિરતિશય ભક્તિ અથવા પ્રેમ કરવાનો પ્રયત્ન કરી, જેઓ અન્યના ચૈતન્ય-સ્વરૂપનો તિરસ્કાર અથવા દ્વેષ કરે છે, તેઓ પોતાના ડાબા હાથને જમણા હાથથી કાપે છે, તેઓ પોતાના જ ચૈતન્યસ્વરૂપનું હનન કરે છે. તેઓ પોતાના ચૈતન્યસ્વરૂપ ઉપર પ્રેમ કરવાનો પ્રયત્ન કરી અને અન્યના ચૈતન્યનો દ્વેષ કરવાનો પ્રયત્ન કરી ચૈતન્યના અનવધિ સ્વરૂપને પરિચ્છિન્ન કરે છે. તેઓ અમર્યાદને મર્યાદાવાળું કરે છે. અને આ મર્યાદાવાળા ચૈતન્યનું, આ હણાયલા ચૈતન્યનું જ્ઞાન, અમર્યાદ બ્રહ્મસ્વરૂપના જ્ઞાનનું નિઃસીમ સુખ તેમને આપી શકતું નથી.

૩૫. ચૈતન્ય એક સ્થળે ઓછું, અને એક સ્થળે વધારે, એમ છે જ નહિ. રાજામાં કે રંકમાં, સાધુમાં કે પાપીમાં, બાળકમાં કે વૃદ્ધમાં, સ્ત્રીમાં કે પુરુષમાં, એક જ ચૈતન્ય પ્રવર્તે છે. કાળી હાંડીમાં કે ધોળી હાંડીમાં, રાતી હાંડીમાં કે પીળી હાંડીમાં, કાચના ફાનસમાં કે માટીના આચ્છાદનમાં એક જ દીવો પ્રકાશે છે. દીપક ઉપર જેને પ્રેમ છે તેને કાળી હાંડીના કે રાતી હાંડીના પ્રકાશ ઉપર દ્વેષ કરવાનું શું પ્રયોજન છે? કાળો પ્રકાશ કે રાતો પ્રકાશ શું દીપકનો નથી? અને કાળા પ્રકાશનો કે રાતા પ્રકાશનો દ્વેષ કરતાં શું દીપકનો દ્વેષ નથી થતો? દીપક ઉપર શુદ્ધ પ્રેમને ધરનાર પતંગિયું કાળી હાંડીમાં દીપકને પ્રકટેલો જોઈને તેના ઉપર ઓછો પ્રેમ કરતું અથવા તેનો દ્વેષ કરતું, અને ધોળી હાંડીમાં દીપકને પ્રકટેલો જોઈને તેના ઉપર અધિક પ્રેમ કરતું કદી અનુભવમાં આવ્યું છે? ચૈતન્યના ઉપર પ્રેમવાળા, સર્વાત્મભાવનાવાળા મહાપુરુષો પણ પાપી કે પુણ્યવાન, સાધુ કે અસાધુ સર્વમાં પ્રેમને ધરે છે. કોઈનો દ્વેષ કે તિરસ્કાર કરતા નથી.

૩૬. ભ્રમર જેમ પુષ્પમાંથી સુવાસને જ ગ્રહણ કરે છે, તેમ સર્વાત્મ-ભાવનાવાળા પુરુષો દુર્જનોના સંબંધમાં આવતાં છતાં તેના ચૈતન્યસ્વરૂપને જ જુએ છે. કાદવમાં ખરડાયલા અથવા કાટથી કટાઈ ગયેલા સુવર્ણના અલંકારમાં બાળક કાદવ કે કાટ જ જુએ છે, પણ સુવર્ણના જ્ઞાનવાળા પુરુષો તેમાં સોનું જ જુએ છે, તેમ ન્યૂન બુદ્ધિવાળા મનુષ્યો દુર્જનોનો પ્રસંગ પડતાં તેમાં દુર્જનતાને જ જુએ છે, પણ ચૈતન્યમાં પ્રેમવાળા પુરુષો તેઓમાં પોતાના પરમ પ્રેમનો વિષય જે ચૈતન્ય તે જ જુએ છે. સારગ્રાહી દૃષ્ટિ સર્વદા જ્યાં-

ત્યાં સારને જ જુએ છે, અસારગ્રાહી દૃષ્ટિ જ્યાંત્યાં સર્વદા અસારને જ જુએ છે. અસાર પદાર્થો પણ સારગ્રાહી પુરુષોની દૃષ્ટિતળે આવતાં સારવાળા થઈ જાય છે, અને સારવાળા પદાર્થો છતાં પણ અસારગ્રાહી પુરુષોની દૃષ્ટિતળે આવતાં અસારવાળા થઈ જાય છે. અસાર સરખા જણાતા કોલસાના કચરા જેવા ઉકરડે ફેંકી દેવા જેવા પદાર્થો, સારદૃષ્ટિવાળા જર્મન વિદ્યાભિજ્ઞ પુરુષો (Scientists) ને કરોડો રૂપૈયા ઉત્પન્ન કરનાર વિવિધ રંગોથી ભરેલા જણાય છે, રસ્તામાં અથડાતાં ચીંથરાં ખાંડથી ભરેલાં જણાય છે અને દુર્ગંધમય મળ, ઉત્તમ સુગંધથી ભરેલો જણાય છે, અને અસારદૃષ્ટિવાળા અનભિજ્ઞ મનુષ્યોને સમગ્ર સુખને આપનાર આર્યતત્ત્વવિદ્યાના ગ્રંથો તથા શાસ્ત્રો સ્વાર્થી બ્રાહ્મણોએ પેટ ભરવા માટે રચેલાં કારસ્થાનો જણાય છે. સારદૃષ્ટિવાળાને અસારજેવું કંઈ જ નથી. અસારદૃષ્ટિવાળાને સારજેવું કંઈ જ નથી. સર્વાત્મભાવનાવાળાને દોષવાળો કોઈ જ પ્રાણીપદાર્થ જણાતો નથી. દેહભાવનાવાળાને સર્વ પ્રાણીપદાર્થ દોષથી પરિપૂર્ણ જણાય છે. સર્વાત્મદર્શી સર્વમાં પોતાના આત્માને જોઈને સર્વપ્રતિ પ્રેમ કરે છે, દેહદર્શી સર્વનો દ્વેષ કરે છે. સર્વ ઉપર પ્રેમ કરવો, એ ચૈતન્યનું લક્ષણ છે. સર્વનો દ્વેષ કરવો એ પોતાનામાં જડ ધર્મને સ્વીકારી બેઠેલા જડમતિ જીવનું લક્ષણ છે.

૩૭. વ્યવહારમાં વ્યવહાર કરતી વખતે દોષવાળા મનુષ્યોના દોષ જોવાના પ્રસંગ આવે છે તેવા પ્રસંગોએ દોષ ન જોવા એમ કહેવાનું તાત્પર્ય નથી. ખાવાની થાળીમાં આહારના પદાર્થોજોડે કાંકરો આવ્યો હોય તો તેને કાઢી ન નાખતાં ચાવી જ જવો, એવું કહેવાનો આથી ભાવ ગ્રહણ કરવાનો નથી. જે ગ્રહણ કરવાનું અત્ર કહેવાનો પ્રયત્ન થયો છે તે એ જ છે કે દોષને જોઈ, સર્વાત્મદૃષ્ટિ કરવાનો પ્રયત્ન કરનારે અંતઃકરણમાં તપાયમાન થવાનું નથી. કાંકરો આવેલા આહારના પદાર્થની થાળીને, કાંકરો માત્ર જોવાથી, ક્રોધ કરી પછાડી ઊંઢવાનું નથી. કાંકરાસાથે અન્ય ખાવા યોગ્ય આહારના પદાર્થોપર પણ દ્વેષ કરી તેમને લાત મારી ઉડાડી દેવાના નથી. કાંકરાને કાઢવાનો માત્ર પ્રયત્ન કરવાનો છે. અને તે પ્રયત્ન પણ ધમપછાડા કરીને કરવાનો નથી. ઘણાં ક્રોધી મનુષ્યો, ભોજનમાં કાંકરો આવવાથી, રસોઈ કરનારને ગાળો દઈને, તેનો તિરસ્કાર કરીને, જેમ કાંકરો કાઢી નાંખવાનો પ્રયત્ન કરે છે, તેમ દોષવાળા મનુષ્યોનો ભારે તિરસ્કાર કરીને, દોષ કાઢવાનો પ્રયત્ન કરવાનો નથી. પણ જેમ સદ્વિવેકી ભોજન કરનાર ભોજનમાં કાંકરો આવ્યો હોય, છતાં રસોઈ કરનારને અપમાન ન પહોંચે, તેનું અંતઃકરણ દુખાય નહિ તેમ વિવેકથી કાઢી નાંખે છે, અને પરોક્ષ રીતે તેને તેની

ગફલતનું ભાન થાય તેમ કરે છે, તેવી રીતે કરવાનો છે. દોષવાનમાં ગુણનું ભાન કરીને, ગુણને જોઈને, દોષને એવી રીતે ગુણથી આચ્છાદિત કરવાનો છે કે દોષ, દોષ મટીને ગુણ થઈ જાય. વસ્તુતઃ દોષવાનમાં દોષ આવેલો જણાય છે, તે હેતુપુરઃસર આવેલો હોતો નથી. કોઈ જાણી જોઈને રસોઈમાં કાંકરા નાંખતું નથી; અસાવધાનતાથી જ-અજ્ઞાનથી જ—આવે છે. અને અજ્ઞાન ક્રોધને, શિક્ષાને, દ્વેષને કે તિરસ્કારને કશાને પાત્ર નથી. અજ્ઞાન બહુ બહુ તો કરુણાને પાત્ર છે. અજ્ઞાન જ્ઞાનવડે જીતવાનું છે; શિક્ષા કે ક્રોધથી નહિ જ. શિક્ષા અથવા ક્રોધ એ અજ્ઞાનરૂપી દેવતામાં ઘૃત હોમવા તુલ્ય છે. એથી અજ્ઞાન દ્વિગુણિત થાય છે. દોષ કરનારમાં અજ્ઞાન હતું જ, તેમાં ક્રોધ કરનાર નવું અજ્ઞાનનું કાર્ય કરી, અજ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. સર્વાત્મદૃષ્ટિ, પ્રાણીમાત્ર ઉપર પ્રેમદૃષ્ટિ, અજ્ઞાનરૂપી દેવતાને હોલવનાર જળ છે. અને આમ હોવાથી જ જ્યારે શિક્ષા કરનાર અથવા દંડ દેનાર નૃપતિના સમક્ષ દોષવાનના દોષ દબાતા નથી, તેના અંતઃકરણનું અજ્ઞાન નિવૃત્ત થતું નથી, ત્યારે સર્વાત્મદૃષ્ટિવાળા, પ્રાણીમાત્ર ઉપર પ્રેમને ધરનારા મહાપુરુષોના સમીપ દોષવાન મનુષ્યોના દોષ દબાય છે, તેના અંતઃકરણનું અજ્ઞાન નિવૃત્ત થાય છે. સર્વાત્મદૃષ્ટિનો, પ્રાણીમાત્ર ઉપર પ્રેમદૃષ્ટિનો પ્રભાવ એવો અલૌકિક છે. સર્વાત્મદૃષ્ટિના અગ્નિની મર્યાદામાં દોષવાન મનુષ્યોના દોષરૂપી ઘાસનાં તણખલાં તત્કાળ ભસ્મ થઈ જાય છે.

૩૮. સર્વાત્મદૃષ્ટિવાળાનો, પ્રાણીઉપર પ્રેમને સેવનારા મનુષ્યનો વ્યવહાર બગડતો નથી. અને બગડે છે, એમ કદાચ સ્વીકારીએ તોપણ વ્યવહાર બગડવા દઈને પણ સર્વાત્મદૃષ્ટિ સાધવી, પ્રાણીમાત્ર ઉપર પ્રેમને ધરવો, એ જ સદ્વિવેકીનું કર્તવ્ય છે. ધુમાડો ખાવો પડશે એવી ધાસ્તીથી શું કોઈ રસોઈ કરવા માટે ચૂલો નથી સળગાવતું? શરીરમાંથી ગંધાતો પરસેવો નીકળશે, એવા ભયથી આરોગ્યને આપનાર અને સુદૃઢ શરીરને કરનાર કસરત શું કોઈ નથી કરતું? પરમ સુખની સિદ્ધિ સર્વાત્મદૃષ્ટિથી જ થાય છે, અને તે સિદ્ધ થવામાં વ્યવહાર જેવા લક્ષાવધિ તુચ્છ પ્રસંગોનું બળિદાન આપવું પડે તો તેથી શું થયું? અનુપમ સુખની પ્રાપ્તિઅર્થે પ્રાપ્ત તુચ્છ સુખોનો ભોગ આપતાં, અંતઃકરણના બળવિનાના કાયર મનુષ્યો જ કંપે છે. ધીરવીર પુરુષો તો **देहं पातयामि वा अर्थं साधयामि** એવા અડગ નિશ્ચયથી મેરુના જેવા અચલ હોય છે.

૩૯. સર્વને પોતાના આત્માસમાન જાણવાથી, સર્વના ઉપર નિઃસીમ પ્રેમ રાખવાથી, વ્યવહાર બગડવાની જેઓ વાતો કરે છે, તેઓનો વ્યવહાર

સર્વના ઉપર નિઃસીમ પ્રેમ ન રાખવાના વર્તનથી તેઓ ધારે છે તેટલો સુધરેલો હોતો નથી. તેઓ વ્યવહારની સર્વોત્તમ ઉન્નતિને ઇચ્છનારા હોય છે, તોપણ તે ઉન્નતિમાં તેઓ પોતાની ધારણાપ્રમાણે આગળ વધ્યા હોતા નથી. આમ ન થવામાં તેઓ કારણ, કોઈ અન્ય જ કલ્પતા હોય છે, પરંતુ તત્ત્વવિત્ પુરુષો જાણે છે કે તેમની ઉન્નતિ ન થવામાં અન્ય કારણો જેટલાં બળવાન પ્રતિબંધ કરનારાં હોય છે તેનાં કરતાં, પ્રાણીમાત્રમાં પ્રેમ ન પ્રકટવાનું કારણ અત્યંત બળવાન પ્રતિબંધ કરનારું હોય છે. સર્વાત્મદૃષ્ટિ વ્યવહાર તથા પરમાર્થ ઉભયને સુધારે છે. પ્રાણીમાત્રને સર્વાત્મદૃષ્ટિવાળો પુરુષ પોતાના આત્માસમાન જાણતો હોવાથી તથા તદનુસાર તેમના ઉપર પ્રેમ રાખતો હોવાથી સર્વ મનુષ્યો પણ તેના ઉપર તેવો જ પ્રેમ રાખે છે, અને તેથી કરીને તેના વ્યવહારમાં તેઓ સર્વદા સાહાય્ય કરે છે. નિર્વૈર વૃત્તિવાળા તે પુરુષના સર્વ જ મિત્ર હોય છે, અને પ્રાણીમાત્ર જેના મિત્રરૂપ હોય છે, તેનો વ્યવહાર બગડવાની શંકા કશા પણ આધાર વિનાની છે.

૪૦. ઘણા મનુષ્યો પોતાને બીજા સર્વ પ્રાણી કરતાં ઊંચા અધિકારવાળા વધારે વિદ્વાન્ તથા વધારે સમજણવાળા માને છે, અને આમ માની તેઓ સર્વને તૃણવત્ લેખે છે. અમે જેવું સમજીએ છીએ તેવું કોઈ જ સમજતું નથી, એવા અભિમાનથી, તેઓ જે જે મનુષ્ય તેમના સંબંધમાં આવે છે, તેમને પોતાનાથી ઓછી સમજણવાળા જણાવવાનો પ્રયત્ન કરે છે. જે સિદ્ધાંતો પોતે નિશ્ચય કરેલા હોય છે, તે સિદ્ધાંતો સમજવાની જાણે જગત્માં કોઈની શક્તિ હોય જ નહિ, એવું તેઓ માને છે. આવા મનુષ્યો પણ સર્વાત્મદૃષ્ટિવાળા થઈ શકતા નથી. આત્મા અણુ અણુમાં વ્યાપક હોવાથી ગમે તે અંતઃકરણમાં યથાર્થ પ્રજ્ઞા પ્રકટ થવાનો પૂર્ણ સંભવ છે. સમદૃષ્ટિ આત્મા અમુક વ્યક્તિ ઉપર અનુગ્રહ કરે અને અમુક ઉપર ન જ કરે, એમ છે જ નહિ. આત્મા અથવા પરમતત્ત્વને સર્વ સમાન છે. જેમ સૂર્ય કસાઈના ઘરમાં પણ પ્રકાશ નાંખે છે, અને ત્રિકાળસંધ્યા કરનાર પવિત્ર બ્રાહ્મણના ઘરમાં પણ પ્રકાશ નાંખે છે, તેમ પરમતત્ત્વ ગમે તે પ્રાણીના અંતઃકરણમાં વિલસી રહ્યું છે, અને તેથી ગમે તે અંતઃકરણમાં ગમે તે સ્થળે, અને ગમે તે કાળે, સામગ્રી મળી આવતાં જ્ઞાન પ્રકટવાનો પૂર્ણ સંભવ છે. શ્રીકૃષ્ણના નિત્ય સંબંધમાં આવનાર અર્જુનને જ્ઞાન થવાનો પૂર્ણ સંભવ હતો, અને આજે શ્રીકૃષ્ણના લીલાતનુનો જેને સંબંધ નથી એવી અન્ય વ્યક્તિઓને જ્ઞાન થવાનો સંભવ નથી, એવું કંઈ જ નથી. અંતઃકરણનો અધિકાર વધવાના સંભવો પરમકૃપાળુ પરમાત્મા સર્વને જ સર્વકાળ આપે છે,

અને જેઓ તે સંભવોનો સ્વીકાર કરી અંતઃકરણનો અધિકાર વધારે છે, તેઓને જ્ઞાન ગમે તે સ્થળે, ગમે તે કાળે, અને ગમે તે દ્વારે હૃદયસ્થ અંતર્યામી ઈશ્વર આપે જ છે. યથાર્થ વિચારથી જોતાં તો પરમેશ્વરની દૃષ્ટિમાં સર્વ જ સમાન છે, અને તેથી જ્ઞાન થવાનાં સાધનો સર્વને જ તેમણે સમાન રીતે આપ્યાં છે. આ સાધનોનો જેઓ ઉપયોગ કરે છે, તેમને જ્ઞાનને પ્રબોધ કરનાર શ્રીકૃષ્ણરૂપ મહાપુરુષ, તે મારવાડના રેતીના રણજેવા ઊજડ પ્રદેશમાં રહેતો હોય તોપણ પ્રાપ્ત થાય છે, અને જેઓ ઉપયોગ નથી કરતા, તેમને જ્ઞાનનો પ્રબોધ કરનાર શ્રીકૃષ્ણરૂપ મહાપુરુષ પ્રાપ્ત થયા હોય છે, તોપણ તેઓ જડમતિ જ રહે છે, અને પરિણામે સમયનો સદુપયોગ ન સાધી લેનાર આ મનુષ્યો પાસેથી તે પ્રાપ્ત મહાપુરુષ પણ અદૃશ્ય થઈ જાય છે.

૪૧. તમે જ્ઞાનમાં આગળ વધેલા છો, એમ માની, બીજા જેઓ નથી વધ્યા તેમનો તિરસ્કાર કરવા, તેમને તૃણવત્ લેખવા તમને શો અધિકાર છે ? આંબા ઉપર આવેલી સેંકડો કેરીઓમાંથી થોડી પાકેલી કેરીઓને બીજી કાચી કેરીઓનો તિરસ્કાર કરવા શું અધિકાર છે ? હું પાકી અમૃત જેવી ગળી છું, અને તું ખાટી ચિચોડા જેવી છું, એમ તેનું બોલવું શું કોઈ ઊંચી બુદ્ધિને સૂચવે છે ? શું પાકી કેરી થોડા દિવસ પહેલાં ખાટી ચિચોડા જેવી નહોતી ? અને પેલી ખાટી ચિચોડાજેવી કેરી શું થોડા દિવસ પછી પાકી અમૃત જેવી મધુર નથી થનાર ? ઉત્તમ અધિકારવાળા ઉત્તમ પુરુષો ! તમે આજે ઉત્તમ અધિકારમાં આવ્યા છો. પણ એક સમય એવો હતો કે જ્યારે તમે અજ્ઞાનના કાદવમાં લોટતા હતા; અને જેમને આજે તમે તૃણવત્ પામર જીવડાં જેવા માનીને તિરસ્કાર કરો છો, તેઓ કેટલાક સમય પછી આજે તમે જે સ્થિતિમાં છો તેવી જ અથવા તેથી ઉત્કૃષ્ટ સ્થિતિમાં આવશે જ. તમારું ઊંચી સ્થિતિમાં કે ઊંચા અધિકારમાં આવવું ત્યારે જ સાર્થક છે, કે તે ઊંચા અધિકાર ઉપરથી તમે તમારા પૂર્વના નીચા અધિકારનું સ્મરણ કરી નીચા અધિકારવાળાનો તિરસ્કાર કે દ્વેષ ન કરો ત્યારે. ઊંચા અધિકારમાં આવી તમે નીચા અધિકારવાળાને તુચ્છકારી કાઢી તમારા ઊંચા અધિકારને વધારે ઊંચો થતો અટકાવો છો. પ્રાણીમાત્ર ઉપર સ્નેહ કરો. જેને તમે પાપી ગણો છો, તે પાપી નથી. તેના ઉપર માત્ર અજ્ઞાનનું આવરણ છે. અજ્ઞાનનું આવરણ દૂર થતાં તે અને તમે ભિન્ન નથી. વાદળાની તળે તેજસ્વી ભાનુ પ્રકાશે છે. રાખની તળે પ્રકાશિત અગ્નિ ઝગઝગે છે. વાદળાંને જોઈ, વાદળામાં ઢંકાઈ રહેલા સૂર્યનો, રાખને જોઈ

રાખમાં છુપાઈ રહેલા અગ્નિનો તિરસ્કાર ન કરો. એક જ વસ્તુની આ ચઢતી-ઊતરતી કળા છે. એક જ પરમતત્ત્વનો આ ચઢતોઊતરતો વિવર્ત છે. વિવર્તનો બાધ કરી પરમતત્ત્વ જુઓ, અને સર્વાત્મભાવના કરી યથાર્થ તત્ત્વદર્શી થાઓ.

૪૨. તમે આજે પૂર્ણ છો. ભવિષ્યમાં તમે ગમે તેવી ઉત્કૃષ્ટ સ્થિતિને પ્રાપ્ત થવાના હો,-ઇંદ્ર થવાના હો, બ્રહ્મા થવાના હો, વિષ્ણુ થવાના હો, રુદ્ર થવાના હો કે સાક્ષાત્ મહેશ્વર થવાના હો-પણ તે સ્થિતિમાં આજે તમે છો જ. વસ્તુતઃ જેવા તમે હો નહિ, તેવા થવાનો તમને ત્રિકાલ સંભવ નથી. જે તમે છો, તેવા જ તમને થવાનો સંભવ છે. આજે તમે પૂર્ણ છો, આજે તમારામાં સર્વ પ્રકારનાં સામર્થ્ય રહેલાં છે, આજે તમે સર્વ શક્તિમાન્ અને સર્વજ્ઞ ઈશ્વર સ્વરૂપ છો, તેથી જ ભવિષ્યમાં તે તે સર્વ સામર્થ્ય તમારામાં પ્રકટ થયેલાં અનુભવવાનો તમને પૂર્ણ સંભવ છે. અસત્માંથી સત્ પદાર્થ ઉત્પન્ન થવો સંભવતો નથી, અને સત્માંથી અસત્ પદાર્થ પ્રકટતો નથી. તમે પૂર્ણ ન હો તો તમને પોતાને પૂર્ણ અનુભવવાનો પ્રસંગ આવવાનો સંભવ જ નથી. તમે વસ્તુતઃ અપૂર્ણ હો તો એવું કોઈ પણ સામર્થ્ય નથી કે જે તમને પૂર્ણ કરી શકે. પાંચ અને ચારનો સરવાળો નવ જ થાય. પાંચ અને ચારનો સરવાળો દશ કરે, એવી કોઈ સત્તા વિશ્વમાં છે જ નહિ. વસ્તુતઃ અપૂર્ણ વસ્તુ પૂર્ણ થઈ શકતી જ નથી. પૂર્ણ જ પોતાની પૂર્ણતાનો અનુભવ કરે છે. તમે પૂર્ણ છો, આ ક્ષણે છો, પૂર્વે હતા, અને હવે પછી પણ છો, માટે જ તમે પોતાના પૂર્ણપણાને અનુભવી શકવા યોગ્ય છો. આજ તમે તમારામાં જેટલા સામર્થ્યની, જેટલા જ્ઞાનની, જેટલા ઐશ્વર્યની પ્રતીતિ કરો છો, તે સર્વ પૂર્વે તમારામાં હતું અને હવે પછી પણ જેટલા જેટલા સામર્થ્યજ્ઞાનાદિની તમારામાં પ્રતીતિ કરશો, તે પણ પૂર્વે હતું અને આજે પણ છે. તમે સર્વદા પૂર્ણ છો.

૪૩. ત્યારે શું આપણા જ્ઞાનમાં, આપણા બળમાં, આપણા અનુભવમાં પ્રતિદિન આપણે વૃદ્ધિ થતી જોઈએ છીએ, એ ખોટું છે ? બે વર્ષનું આપણું વય હતું ત્યારે આપણે જેટલું જાણતા હતા તેના કરતાં પચીશ વર્ષના વયે વધારે જાણતા થયા હતા, અને પચીશ વર્ષના વયે જેટલું જાણતા હતા, તેનાં કરતાં આજે ૪૦ વર્ષના વયે વધારે જાણીએ છીએ, એ શું ખોટું છે ? જો વૃદ્ધિ ન થતી હોય તો આ પ્રકારનો અનુભવ શી રીતે સંભવે ? આ પ્રકારની શંકા તમને ઉદય થાય છે. નીચેના દૃષ્ટાંતથી તેનું સમાધાન તમને સહજ થશે.

આપણા ઘરમાં અનર્ગળ દ્રવ્ય દાટેલું હોય, પણ તેમાંથી આપણે રોજ ચાર આના કાઢીએ તો ચાર આના જેટલો જ આપણે ઉપભોગ કરી શકીએ છીએ. નિત્ય દશ રૂપૈયા કાઢીએ તો તેટલા દ્રવ્યવડે પ્રાપ્ત થતાં વ્યાવહારિક સુખો આપણે ભોગવી શકીએ છીએ. નિત્ય હજાર કાઢીએ, લક્ષ કાઢીએ, કે કોટી કાઢીએ તો આપણે મહાનૃપતિથી પણ અધિક વૈભવોનો અનુભવ કરી શકીએ છીએ. નિત્ય ચાર આના કાઢતા હતા ત્યારે પણ આપણી પાસે અનર્ગળ દ્રવ્ય હતું, અને નિત્યના કોટી રૂપૈયા કાઢવા લાગ્યા ત્યારે પણ તેટલું જ હતું. આપણા દ્રવ્યના ભંડારમાં, પૂર્વે કે પછી કોઈ પણ સમયે ન્યૂનતા અથવા વૃદ્ધિ હતી જ નહિ. તે દ્રવ્યકોશ તો અનર્ગળ અને અનર્ગળરૂપે સર્વદા આપણી પાસે સ્થિત હતો જ. પણ તેને ભંડારમાંથી કાઢવાની આપણા પ્રયત્નની ન્યૂનતા એ જ આપણી, બહાર અનુભવમાં આવતી નિર્ધનતાનો હેતુ હતો. જે પ્રમાણમાં આપણે ભંડારમાંથી દ્રવ્ય બહાર કાઢતા ગયા તે પ્રમાણમાં આપણે આપણા શ્રીમાન્‌પણાનો અનુભવ કરતા ગયા. આ જ પ્રમાણે જ્યારે આપણે જડ પદાર્થોમાં હતા ત્યારે પણ સ્વરૂપતઃ આપણે પૂર્ણ હતા, જે સમયે વનસ્પતિમાં આપણે હતા ત્યારે પણ વસ્તુતઃ આપણે પૂર્ણ હતા, જે સમયે પશુયોનિમાં આપણે પશુત્વનો અનુભવ કરતા હતા ત્યારે પણ આપણે પૂર્ણ જ હતા, અને આજે આ મનુષ્યશરીરમાં મનુષ્યરૂપે શોભીએ છીએ ત્યારે પણ, ભવિષ્યમાં દેવશરીરમાં દેવરૂપે શોભીશું ત્યારે પણ, પરિણામમાં સબલ બ્રહ્મમાં સબલ બ્રહ્મસ્વરૂપે સર્વજ્ઞ તથા સર્વશક્તિમાન સ્વરૂપે વિરાજીશું ત્યારે પણ, અને સર્વની પરાવધિએ દશેદિશાએ અનવધિપણે સ્થિત પરમતત્ત્વમાં અભેદરૂપે સ્થિત થઈશું ત્યારે પણ આપણે પૂર્ણ જ હોઈશું. આપણું પૂર્ણત્વ કોઈ કાલે ન્યૂનાધિકપણાને પ્રાપ્ત થતું નથી.

૪૪. વસ્તુતઃ મનુષ્ય પૂર્ણ છતાં પોતાનું માપ જેટલા પ્રમાણમાં તે કરે છે, તેટલા પ્રમાણમાં જ તે પોતાને થયેલો અનુભવે છે. પાતાળી કૂવામાંથી લોટી ફાંસનારને લોટી જેટલું જ પાણી મળે છે, ઘડો ફાંસનારને ઘડા જેટલું મળે છે, કોશ જોડનારને કોશ જેટલું મળે છે, અને વરાળયંત્રના જબરા પંપ તેમાં મૂકી દેનારને હજારો વીંઘાં જમીનને પાવા જેટલું જળ મળે છે. પાણીને અમુકને વધારે આપવું કે અમુકને ઓછું આપવું એવું છે જ નહિ. પાણી કાઢનાર પોતાના પ્રયત્નના પ્રમાણમાં જ ન્યૂનાધિક જળ મેળવે છે. પોતાના સ્વરૂપને પૂર્ણ જાણી જેઓ તેની પૂર્ણતા અનુભવવાનો પ્રયત્ન સેવે છે, તેઓ પૂર્ણતાને જ અનુભવે

છે, અને જેઓ પોતાના સ્વરૂપને અપૂર્ણ જાણે છે, તેઓનો પ્રયત્ન પણ અપૂર્ણ સ્થિતિને અર્થે જ થતો હોવાથી તેઓ અપૂર્ણ રહે છે. આમ હોવાથી જેઓ પોતાને દોષવાળા જાણી વૃથા પરિતાપને સેવે છે, તેઓ દોષવાળા રહીને તેમને પોતાના દોષો ટાળવાનો સંભવ આવતો નથી, અને જેઓ પોતાના નિર્દોષ સ્વરૂપના ચિંતનવડે, પોતાનું અહં તે નિર્દોષ સ્વરૂપમાં જ નિરંતર જોડતા રહે છે, તેઓ અલ્પ સમયમાં પોતાને શુદ્ધ નિર્દોષ સ્વરૂપે અનુભવે છે; અને આથી જ સત્શાસ્ત્રમાં કહ્યું છે કે એક ક્ષણવાર પોતાના શુદ્ધ નિર્દોષ બ્રહ્મ-સ્વરૂપની ભાવના, એ પાતકોના ડુંગરોના ડુંગરોને પણ, ઘાસની ગંજીની પેઠે એક ક્ષણમાં ભસ્મીભૂત કરે છે. કરોડો યજ્ઞથી, કરોડો કર્મથી, કરોડો દાનથી શાસ્ત્ર મુક્તિ સ્વીકારતું નથી, પણ પોતાના પૂર્ણ સ્વરૂપના યથાર્થ જ્ઞાનથી જ મુક્તિ સ્વીકારે છે.

૪૫. જેમ કૂવામાં ઘડો નાંખ્યા વિના તેમાંથી જળ મળવાનો સંભવ આવતો નથી, તેમ આપણા પૂર્ણ સ્વરૂપમાં વૃત્તિને વારંવાર જોડીને, તેની પૂર્ણતાને આપણા અંતર્બાહ્ય પ્રકટ રાખવાનો પ્રયત્ન સેવ્યા વિના પૂર્ણ થવાનો સંભવ આવતો નથી. ઘડાને કૂવામાં નાંખી તેને જળમાં ડુબાડે તો જ તેમાં જળ આવે છે, પણ તેને પાણીઉપર હલાવ્યા કરે, અથવા તેને કૂવામા નાંખે જ નહિ તો તેમાં જળ ભરાતું નથી, તેમ આપણા પૂર્ણ સ્વરૂપમાં આપણા અહં અભિમાનને ડુબાડ્યા વિના, તેમાં તન્મય થયા વિના, તદ્રૂપ જ આપણે છીએ, એવો અભ્યાસ સેવ્યા વિના, ઉપર ઉપરથી સ્વરૂપની વાતો કરવાથી, સ્વરૂપાકાર થવાતું નથી. જીવત્વના કાંઠાઉપરથી સ્વરૂપામૃતના કૂપમાં પડ્યા વિના, સ્વરૂપા-મૃતનો સ્વાદ શી રીતે આવે ? પરંતુ અસંખ્ય મનુષ્યો, આ જીવત્વના કાંઠા ઉપર ઊભા રહી, સ્વરૂપામૃતના કૂપમાં માત્ર દૃષ્ટિ નાંખી, સ્વરૂપામૃતનું પાન કરવા ઇચ્છે છે. તેઓ પોતાના જીવત્વનું એક ક્ષણવાર વિસ્મરણ કરતા નથી. તેઓ પોતાને નિરંતર દોષવાળા તથા અપૂર્ણ જોયા કરેછે. તૃષાથી અત્યંત પીડાયેલા તેઓ કૂપમાં દૃષ્ટિ નાંખે છે, પરંતુ તેમાં યાહોમ કરી ઝંપલાવતા નથી. પોતાના પૂર્ણ સ્વરૂપને, પોતાના બ્રહ્મસ્વરૂપને અધિકારવિના જોવું, અધિકારવિના તેમાં અભિન્ન થવા પ્રયત્ન સેવવો, એને તેઓ પાપ માને છે. એમ કરવાથી તેઓ, છે તે સ્થિતિમાંથી પણ અધમ સ્થિતિમાં આવશે, એવી ભીતિ ધરે છે. 'હું પૂર્ણ શુદ્ધ બ્રહ્મસ્વરૂપ છું,' એમ બોલતાં અને માનતાં તેમનું સર્વાંગ ભયથી ધ્રૂજે છે. આમ બોલવાથી, અને આવી ભાવના કરવાથી ઈશ્વરનો મહા અપરાધ થતો હોય એમ તેઓ લેખે છે.

૪૬. કોઈ મહાપનૃતિના બાળકને દુષ્ટ લોકો વનમાં પકડી જઈ ચોરોના બાળક ભેગો ઉછેરી ચોર બનાવે, અને પછી કેટલેક કાળે ચોર થયેલો તે બાળક, કોઈ દયાળુ મહાત્માના ઉપદેશથી પોતાના નૃપતિપણાના જ્ઞાનને પામી પોતાના નૃપતિપણાનું સ્મરણ કરે, અથવા હું નૃપતિ છું એમ બોલે, તો શું તેના પિતા નૃપતિનો તેણે મહા અપરાધ કર્યો, એમ લેખાશે? અને દુષ્ટ લોકોના ભેગો રહેતાં છતાં પણ, શરીરે લૂટારાનાં વસ્ત્ર ધારણ કરવા છતાં પણ અને નૃપતિના ઐશ્વર્યનો અંશ પણ પ્રાપ્ત ન છતાં પણ નિરંતર પોતાના મૂળ-સ્વરૂપનું ચિંતન કરી 'હું નૃપતિ છું,' એમ વદ્યા કરે તો તે વાત જાણી તેનો પિતા શું તેને શિક્ષા કરશે? જ્યારે મનુષ્યનાં લક્ષણવાળા નૃપતિ પણ પોતાના બાળકને આવા વ્યવહારથી શિક્ષા કરતા નથી, પણ ઊલટા પ્રસન્ન થઈ, તેને આ પ્રકારના ચિંતનથી લાગ આવ્યે દુષ્ટોમાંથી ભાગી આવવાના સંભવને સ્વીકારે છે તો પરમકૃપાળુ ઈશ્વર પોતાના અંશભૂત અને સ્વરૂપભૂત મનુષ્યને જીવત્વમાં રહ્યા છતાં પણ પોતાના શુદ્ધ સ્વરૂપનું ચિંતન કરતો જોઈ શિક્ષાપાત્ર ગણે એ કેવળ અસંભવિત છે. વસ્તુતઃ 'હું જીવ છું, હું અપૂર્ણ છું, હું પાપી છું, હું દોષવાળો છું,' એમ વદવું, અને તે તે દોષોમાં પોતાનો ઓતપ્રોત અનુભવ કરવો, એ ઈશ્વરનો મોટામાં મોટો અપરાધ છે, અને 'હું બ્રહ્મ છું, હું પૂર્ણ છું, હું પુણ્ય સ્વરૂપ છું, હું નિર્દોષ શુદ્ધ નિર્વિકાર છું,' એમ વદવું, અને બ્રહ્મત્વનાં તે તે લક્ષણોમાં પોતાનો ઓતપ્રોત અનુભવ કરવો, એ ઈશ્વરની મોટામાં મોટી સ્તુતિ છે. **अहं ब्रह्मास्मि** એ વેદના મહાવાક્યના **અર્થ**માં તન્મય થઈ જવું, એથી ઈશ્વરની મોટામાં મોટી સ્તુતિ કોઈ છે જ નહિ.

૪૭. જ્યારે મનુષ્ય પોતાના પૂર્ણ સ્વરૂપની વારંવાર ભાવના કરે છે, અને તેમાં તન્મય થવાનો પ્રયત્ન સેવે છે, ત્યારે તે ક્રમે ક્રમે પોતાના પૂર્ણપણાનો અનુભવ કરે છે. પોતાના અપૂર્ણપણાને વારંવાર જોવું, અને તેનું જ ચિંતન કર્યા કરવું, એ જીવત્વનાં સંસ્કારને દૃઢ કરવાનું સાધન છે; અને જીવત્વનો પોતાને અનુભવ થવા છતાં પણ તે અનુભવની ઉપેક્ષા કરી પોતાના પૂર્ણપણાનું જ વારંવાર ચિંતન કરવું, અને તેનું ભાન હૃદયમાં નિરંતર જાગ્રત રાખવાનો પ્રયત્ન સેવવો, એ પોતાના મૂળ સ્વરૂપે પ્રાપ્ત થવાનું સાધન છે. સાધનની અવસ્થા જ દર્શાવે છે કે સાધકને સાધ્ય વસ્તુની પ્રાપ્તિ થઈ નથી. સાધ્ય વસ્તુની પ્રાપ્તિ થયા પછી સાધન કરવું રહેતું નથી. સાધ્ય વસ્તુની અપ્રાપ્તિ હોય છે, ત્યાંસુધી જ સાધન કરવાનું હોય છે. અને આમ હોવાથી

જીવત્વ ધર્મનું પોતાનામાં ભાન કરનાર અભિમાનીને જ પોતાના પૂર્ણત્વની ભાવના કરવાની હોય છે. જીવધર્મને ઓળંગનારને 'હું પૂર્ણ બ્રહ્મસ્વરૂપ છું,' એમ બોલવાનું રહેતું જ નથી. આથી જીવત્વ ધર્મવાળા સર્વને પોતાના જીવધર્મની ઉપેક્ષા કરવાનો અને પૂર્ણ સ્વરૂપનું ચિંતન કરવાનો પૂર્ણ અધિકાર છે. પૂર્ણ સ્વરૂપની ભાવના કરવાનો અનધિકાર કોઈને છે એમ નથી.

૪૮. તમે સાધનસંપન્ન થયા નથી, તમારા મળવિક્ષેપ નિવૃત્ત થયા નથી, એમ કહી કોઈ તમને તમારા પૂર્ણ સ્વરૂપની ભાવના કરતા રોકે તો તેથી ભય પામી રોકાતા નહિ. પૂર્ણ સ્વરૂપથી ભડકીને વેગળા નાસવાથી અધિકાર આવતો નથી; પણ પૂર્ણસ્વરૂપપ્રતિ ડગલાં ભરવાથી અધિકાર આવે છે. સાધનમાત્રનું મૂળ જે સ્વરૂપચિંતન તેને કર્યા વિના અધિકાર શી રીતે આવે? હજારો પાપ કરનાર મનુષ્ય સત્સમાગમ ન કરે, તો તેની મતિ શુદ્ધ થવાનો શી રીતે સંભવ આવે? 'તેં હજારો પાપ કર્યાં છે, માટે તને સત્પુરુષપાસે આવવાનો અધિકાર નથી,' એમ કહી પાપી મનુષ્યને સત્પુરુષપાસે આવતો જેઓ ખાળે છે, તેઓ તે પાપી મનુષ્યની મતિને નિર્મળ થવાના સર્વ સંભવો નષ્ટ કરી નાખે છે. સ્વસ્વરૂપનાપ્રતિ વળવું, સ્વસ્વરૂપનું ચિંતન કરવું, એ મોટામાં મોટો સત્સમાગમ છે. એ સત્સમાગમમાં જવાને ઇચ્છનાર મનુષ્યોની વચમાં જેઓ અનધિકારના ભયની મોટી ભીંતો ચણી દે છે, તેઓ તે મનુષ્યોને અધિકારી થવાના સંભવોપર જ ચોધારું ખડ્ગ વાપરે છે.

૪૯. મળ અને વિક્ષેપની અધિકતાએ કરીને અનધિકારીમાં ગણાઈ ગયેલા મનુષ્યોને મળ અને વિક્ષેપને ટાળનાર સર્વોત્તમ કર્મ તથા સર્વોત્તમ ભક્તિ, પોતાના પૂર્ણ સ્વરૂપનું ચિંતન, એ વિના અન્ય કોઈ નથી. શાસ્ત્રપ્રતિપાદિત નિત્ય કર્મો પણ જો સ્વસ્વરૂપની લક્ષણા કરાવનાર નથી હોતાં, અને તે તે કર્મ કરનારની વૃત્તિ કર્મ કરતાં સ્વસ્વરૂપસાથે અલ્પ અંશે પણ સંબંધવાળી નથી થતી તો તે કર્મો, જેમ આધુનિક બ્રાહ્મણોના મોટા ભાગને સંધ્યાદિ કર્મો જળ ઉછાળવા તથા નાક પકડવારૂપ થઈ રહ્યાં છે, તેવાં થઈ રહે છે. તે જ પ્રમાણે વિક્ષેપને ટાળનારી ભક્તિ પણ, ભક્તિના રહસ્યપૂર્વક અંતર્યામી ઇશ્વરતત્ત્વના સંબંધવાળી નથી હોતી, તો હાલ જેમ ડાકોર વગેરે તીર્થોમાં એકઠાં થતાં ભગતોનાં મોટાં ઝુંડોમાં માળા વગેરે બાહ્ય વેષ ધારણ કરવામાં તથા ભજનને નામે નકામા બરાડા પાડવામાં જ આવીને અટકી છે, તે પ્રમાણે મિથ્યા

આડંબરરૂપ થઈ રહે છે. યથાર્થ કર્મ અને યથાર્થ ભક્તિ, એ સ્વસ્વરૂપના ચિંતનથી ભિન્ન નથી. એ સ્વસ્વરૂપનું ચિંતન જ છે. જેઓ સ્વસ્વરૂપના ચિંતનમાં, સ્વસ્વરૂપની ભાવનામાં નિમગ્ન રહે છે, તેઓને, કર્મ ઉપાસના અને જ્ઞાન એ ત્રિપુટીનો એકે કાળે સાથે અભ્યાસ સધાય છે.

૫૦. સ્વસ્વરૂપનું, પોતાના પૂર્ણ સ્વરૂપનું ચિંતન કરતાં, ભય ધરવાનું પ્રયોજન નથી. અધિકાર નથી, એવું માનવાનું પણ પ્રયોજન નથી. મલ અને વિક્ષેપથી ભરેલા તમારા અંતઃકરણમાં સ્વસ્વરૂપને સ્થિતિ કરવાનો અધિકાર છે અને તેનું ચિંતન કરવાનો તમને અધિકાર નથી, એ કેટલું હાસ્યજનક છે! કાગડાના શરીરમાં, પશુઓનાં શરીરમાં, સ્વસ્વરૂપનું ચિંતન કરવાના અધિકાર આવી ચૂક્યા છે. અને તમારા, દેવને પણ દુર્લભ મનુષ્યશરીરમાં અધિકાર નથી, એ વાત કેવલ અસંભવિત છે. તમે મહા પાપી હશો, પણ જો તમને સ્વરૂપચિંતન કરવાની ઇચ્છા પ્રકટે તો પ્રિયતમ! તમે સ્વરૂપચિંતનના અધિકારી છો. સ્વરૂપચિંતનની ઇચ્છા પ્રકટ્યે, અધિકારની વાટ જોશો નહિ, અને ઇચ્છા ન પ્રકટે, તોપણ ઇચ્છા પ્રકટવાની વાટ જોશો નહિ. સુખની ઇચ્છા તો તમને પ્રકટે છે કેની? એ જ ઇચ્છા તમને સ્વરૂપચિંતનના અધિકારી કરે છે. તમે પૂર્ણ છો. તમારા પૂર્ણ સ્વરૂપને ચિંતો, અને પૂર્ણતાને અનુભવો.

૫૧. જેમ તડકાની ઇચ્છાથી મનુષ્ય, તડકામાં જઈને ઊભો રહે છે કે તત્કાળ તેના પ્રતિ જીવનને આપનારાં સૂર્યનાં કિરણો વહેવા માંડે છે, તે જ પ્રમાણે પૂર્ણતાનો અનુભવ કરવાની ઇચ્છાથી મનુષ્ય જ્યારે પોતાના પૂર્ણ સ્વરૂપનું ચિંતન કરે છે કે તત્કાળ પૂર્ણતાના ધર્મો તેનામાં સ્ફુટ થવાનો પ્રારંભ થાય છે. પરંતુ જેમ ટાઢથી ઠરી ગયેલો મનુષ્ય ટાઢને ઉડાડવા માટે સૂર્યના તડકામાં એક ક્ષણ ઊભો રહે છે તો તેની ટાઢ ઊડતી નથી, પણ દીર્ઘ સમય ઊભા રહેવાથી જ ટાઢ ક્રમે ક્રમે જાય છે, તેમ પૂર્ણતાના ધર્મોનું પોતાનામાં પૂર્ણપણે ભાન થવાને માટે મનુષ્યે અલ્પ સમય પોતાના પૂર્ણ સ્વરૂપનું ચિંતન કરવાનું નથી, પણ નિરંતરપણાથી દીર્ઘ સમય તેનું ચિંતન કરવાનું છે. વળી જેમ ટાઢથી ઠરી ગયેલો મનુષ્ય પા કલાક તડકે ઊભો રહે, અને પા કલાક ઠંડા જળમાં સ્નાન કરી આવે, વળી પાછો તડકે ઊભો રહે અને પાછો વળી ઠંડા જળમાં ડૂબકી મારી આવે, તો તેની ટાઢ ઊડવાનો સંભવ આવતો નથી, તેમ પ્રાતઃકાળે સ્નાન કરીને થોડો સમય મનુષ્ય પોતાના પૂર્ણ સ્વરૂપનું ચિંતન કરે અને પછી આખો દિવસ પોતાને અપૂર્ણ અને દુઃખી માન્યા કરે તો તેથી તેને પોતાની પૂર્ણતા

અનુભવવાનો સત્વર સંભવ આવતો નથી. જો સત્વર પૂર્ણતાનો અનુભવ તમારે કરવો હોય તો જાગ્રત્‌માં કે સ્વપ્નમાં, વ્યવહાર કરતાં કે નિવૃત્તિ સેવતાં, સર્વ સમયમાં તમારા પૂર્ણ સ્વરૂપનું વિસ્મરણ કરશો નહિ. સ્વસ્વરૂપનું અખંડ ચિંતન, ગમે તે મનુષ્યને પણ અલ્પ સમયમાં સ્વસ્વરૂપાકાર કરે છે.

૫૨. વિવિધ વ્યાવહારિક ક્રિયાઓમાં તમારા પૂર્ણ સ્વરૂપની ભાવના તમારા અંતઃકરણમાં જાગ્રત્ નથી રહેતી માટે કંઈ જ ફળ નહિ મળે, એવી શંકાથી આ સર્વોપરિ સાધનથી નિવૃત્ત થશો નહિ, દિવસના અષ્ટ પ્રહરમાં એક ક્ષણ પણ આ ભાવના સેવાય તો અવશ્ય સેવજો. સ્વસ્વરૂપની ભાવના એ સિંહનું બાળક છે. તે એક ક્ષણનું નાનું બાળક હશે તોપણ એકએક ક્ષણવડે મોટું થતાં, કાળે કરીને બકરીઓના મોટા સૈન્ય જેવી તમારી અસંખ્ય અયોગ્ય ભાવનાઓનો તે લય કરી નાંખશે. તેથી એકાંત સ્થલમાં જાઓ, અથવા જ્યાં બેઠા હો ત્યાં નેત્ર મીંચો, હૃદયમાં ઊંડા ઊતરો, બાહ્ય દૃશ્ય વિચાર પરિત્યજો, સ્થિર થાઓ, અને 'હું હું' એવું ભાન જ્યાં થાય છે, તે સ્થળે, તમારા અપૂર્ણપણાના ભાનનો બાધ કરી, 'હું પૂર્ણ ચિતિસ્વરૂપ છું', 'હું સત્‌ચિત્‌આનંદસ્વરૂપ છું' એ ભાનને, અર્થમાં તન્મય થઈ સ્પષ્ટ અનુભવો.

૫૩. તમારા બારણામાં અથવા અગાશીમાં કોઈ સમયે થોડા દાણા વેરાયા હોય છે, તો શું તમે નથી અનુભવ કર્યો કે તેના તરફ કીડીઓ, ખિસકોલીઓ, ચકલીઓ વગેરે આકર્ષાઈ આવે છે? દાણાને બદલે સાકર, ગોળ કે એવી કોઈ ગળપણવાળી વસ્તુ વેરાઈ હોય છે, ત્યારે સેંકડો માખીઓ તે સ્થળે આકર્ષાઈ આવી બણબણ કરતી શું તમારા જોવામાં નથી આવી? તે જ પ્રમાણે, તમારા બારણા આગળ કોઈ જ્ઞાતિભોજન થયું હોય છે, તો કાગડા અને સમડીઓ તેના તરફ આકર્ષાઈ આવેલી તમારા અનુભવમાં નથી આવી? વળી જ્યાં મરેલું કૂતરું, બિલાડું કે ગધેડું પડ્યું હોય છે ત્યાં ગીધનાં ટોળેટોળાં એકઠાં થયેલાં શું તમારા જોવામાં નથી આવ્યાં? બહાર જગત્‌માં જે પ્રકારે બને છે, તે જ પ્રકારે આપણા આ આંતર જગત્‌માં અર્થાત્ હૃદયમાં બને છે. તમારા હૃદયરૂપી આંગણામાં જેવા જેવા વિચારને તમે પ્રસારો છો, તે વિચારને અનુકૂળ જ વિચારો આ બહારના વાતાવરણમાંથી આકર્ષાઈ આવી ત્યાં એકઠા થાય છે. સમગ્ર વાતાવરણ વિચારનાં આંદોલનોથી સભર ભરેલું છે. જેમ તેમાં અસંખ્ય શુદ્ધ વિચારોનાં આંદોલનો પ્રવર્તે છે, તેમ તેમાં અસંખ્ય અશુદ્ધ વિચારોનાં આંદોલનો પણ પ્રવર્તે છે; અને આ આંદોલનો, આપણે જ્યારે આપણા અંતઃકરણમાંથી

કોઈ વિચાર પ્રવર્તાવીએ છીએ ત્યારે આપણા તરફ આકર્ષાઈ આવે છે. જે સમયે આપણે શુદ્ધ વિચારને સેવતા હોઈએ છીએ તે સમયે આપણા વિચારના બલના પ્રમાણમાં, વાતાવરણમાં રહેલા શુદ્ધ વિચારો આપણા પ્રતિ આકર્ષાઈ આવે છે. જે સમયે આપણે અશુદ્ધ વિચાર કરતા હોઈએ છીએ તે સમયે તે અશુદ્ધ વિચારના બલના પ્રમાણમાં વાતાવરણમાં રહેલા અશુદ્ધ વિચારો આપણા પ્રતિ આકર્ષાઈ આવે છે. વિચાર કરવાની શક્તિના પ્રમાણમાં જ મનુષ્ય પોતાના તરફ વાતાવરણમાંથી વિચારોને આકર્ષે છે. જેમ નાનાં ફેફસાંવાળુ બાળક પોતાનાં ફેફસાંના પ્રમાણમાં વાતાવરણમાંથી થોડા વાયુને શ્વાસમાં ગ્રહણ કરી શકે છે, અને મોટાં ફેફસાંવાળો મોટો માણસ પોતાનાં મોટાં ફેફસાંના પ્રમાણમાં વધારે વાયુને પોતાના શ્વાસમાં ગ્રહણ કરી શકે છે, તેમ ન્યૂન વેગવાળા વિચારને કરી શકનાર મનુષ્ય, વાતાવરણમાંથી ન્યૂન બળવાળાં વિચારનાં આંદોલનોને પોતાના તરફ આકર્ષી શકે છે, અને પ્રબળ વેગવાળા વિચારને કરી શકનાર મનુષ્ય, ઉગ્ર બળવાળાં વિચારનાં આંદોલનોને પોતાના તરફ આકર્ષી શકે છે.

૫૪. જે પ્રકારના વિચાર મનુષ્ય સેવે છે, તેવા જ વિચાર તે પોતાના તરફ આકર્ષે છે. દુષ્ટ સ્વભાવવાળો તામસી મનુષ્ય ક્રોધના, ઈર્ષાના, અસૂયાના, અને એવા જ બીજા દુષ્ટ વિચારોને પોતાના પ્રતિ આકર્ષે છે. સુશીલ સ્વભાવનો સાત્ત્વિક મનુષ્ય ક્ષમાના, નિર્વૈર બુદ્ધિના, આત્મભાવનાના, પ્રસન્નતાના અને એવા જ બીજા સાત્ત્વિક વિચારોને પોતાના પ્રતિ આકર્ષે છે.

૫૫. પ્રત્યેક મનુષ્યમાં વિચારદ્વારા આ પ્રમાણે આકર્ષવાની શક્તિ રહેલી હોવાથી પ્રત્યેક મનુષ્યના અંતઃકરણમાં શ્રીકૃષ્ણ વસી રહેલા છે, એ સિદ્ધ થાય છે. શ્રીકૃષ્ણ શબ્દમાં કૃષ્ ધાતુનો અર્થ આકર્ષણ કરવું, એવો થાય છે. અને આ આકર્ષક ધર્મ પ્રત્યેક પ્રાણીપદાર્થમાં રહેલો હોવાથી પ્રત્યેક પ્રાણીપદાર્થમાં અંતર્યામી શ્રીકૃષ્ણ પરમાત્મા નિવસે છે, એ શાસ્ત્રપ્રતિપાદિત સિદ્ધાંત કેવળ સત્ય છે. શ્રીકૃષ્ણે પોતે પણ કહ્યું છે કે, સર્વ જંતુઓના હૃદય દેશમાં, હે અર્જુન! હું સ્થિત છું. શ્રુતિ પણ **एको देवः सर्वभूतेषु गूढः** એક દેવ સર્વ ભૂતમાં નિગૂઢ છે, એ વચનથી એ જ વદે છે.

૫૬. જે વિચારશક્તિનો મનુષ્યો હાલતાંચાલતાં દુરુપયોગ કરે છે, તે આવી અદ્‌ભુત વસ્તુ છે. તુચ્છ દ્રવ્યને મનુષ્યો પેટીપટારામાં કે ભોંયરામાં બહુ સંભાળથી સાચવી મૂકે છે. તેમાંથી એક પાઈ ખરચવાનો પ્રસંગ આવે છે ત્યારે તેમનો જીવ કપાઈ જાય છે અથવા ખરચે છે તો અનેક વિચાર કરીને ખરચે છે.

જે તે રીતે તેના ઉપાર્જનમાં, રક્ષણમાં અને સંચયમાં ઉદ્યુક્ત રહે છે; અને એમ છતાં પોતાની વિચારશક્તિ જે એક આશ્ચર્યકારક દ્રવ્યભંડાર છે, તેમાંથી લાખો અને કરોડો રૂપૈયા, વગરવિચાર્યે ખરચે છે. હીરામાણેકના કે મોતીના અલંકારોને કોઈ ધૂળમાં રગદોળતું નથી, પરંતુ આ વિચારશક્તિરૂપ અમૂલ્ય અલંકારને અસંખ્ય મનુષ્યો ક્ષણે ક્ષણે ધૂળમાં રગદોળે છે. એકલા પડ્યા કે હજારો જાતના અયોગ્ય વિચારોનાં કોકડાં ઉકેલે છે. મિત્રોમાં કે સંબંધીઓમાં બેઠા તો ત્યાં પરિયાના પરિયાની, માલવિનાની વાતો કાઢી જેમ કોઈ મૂઠીએ મૂઠીએ ખરાં મોતી અને હીરા ઉછાળે તેમ આ વિચારબળનાં મોતી અને હીરાને ઉછાળે છે. આજ તો આમ થયું અને કાલ તો આમ થયું હતું, ફલાણા ભાઈ આવા ને ઢીંકણા ભાઈ આવા, વગેરે કોઈ પણ શુભ ફળને ન પ્રકટાવનાર વિચારોને સેવી આ મહાધનનો દુરુપયોગ કરે છે.

૫૭. અવિચારવાન મનુષ્યો ! તમારે ત્યાં વિચારરૂપ દ્રવ્યના ભંડારમાં છપ્પન ઉપર ભૂંગળો વાગતી નથી કે આમ ઉદાર દિલના થઈ બેઠા છો ! આવકનાં દ્વાર નથી હોતાં તો છપ્પન ઉપર ભૂંગળો વાગતા ભંડારો પણ ખાલી થઈ જાય છે. તમારું આવકનું એકે દ્વાર ઉઘાડું નથી, પણ જાવકનાં કરોડો દ્વાર ઉઘાડાં છે, અને તમે જાતે તેમાંથી ધન ખાલી કરવા માંડ્યું છે, એટલું જ નહિ, પણ તેને ઝટ ખાલી કરવા, કરોડો માણસોને પાવડાટોપલા આપી વળગાડી દીધા છે. જે અયોગ્ય વિચાર તમે સેવો છો, અને કરો છો, તેથી અસંખ્ય અયોગ્ય વિચારનાં આંદોલનો આ વાતાવરણમાંથી તમારી આજુબાજુ એકઠાં થયાં છે, અને પ્રત્યેક પ્રસંગે તેઓ તમને બળાત્કારથી અયોગ્ય વિચારમાં જોડી તમારા સત્ત્વધનનો ક્ષય કરે છે. હજી તમે ચેતતા નથી. હજી તમારી આંખ ઊઘડતી નથી.

૫૮. ગોળને આખે શરીરે ચોપડી, પછી માખીઓ તમારા કાનમાં, નાકમાં, અને આંખમાં પેસી જાય ત્યારે શા માટે માખીઓને ગાળો દો છો, અને તેમના ઉપર ચીડિયાં કરો છો ? ગોળને પહેલો શરીરે ચોપડ્યો ત્યારે માખીઓ આવી કે એમને એમ આવી ? અયોગ્ય વિચારને પ્રથમ તમે પ્રીતિથી સેવો અને પછી તમારા મનમાં હજારો અયોગ્ય વિચાર આવે ત્યારે, 'મારું મન બહુ ખરાબ છે, મારી વૃત્તિ બહુ દુષ્ટ છે, હું બહુયે મથું છું, પણ તે વશ થતી નથી,' એવા એવા બરાડા પાડી નકામાં ચીડિયાં શા માટે કરો છો ? ગોળ ચોપડેલા માણસને જેમ માખીઓને ટાળવાનો સરળ ઉપાય એ જ છે કે જળમાં સારી પેઠે સ્નાન કરી શુદ્ધ થવું, તેમ તમારા અંતઃકરણમાં ઊઠતા હજારો અયોગ્ય વિચારને ટાળ-

વાનો સરળ ઉપાય પણ એ જ છે કે નકામા શોક અને સંતાપ ત્યજી દઈને, તથા સ્ત્રીની પેઠે આંખમાંથી આંસુ પાડવાં છોડી દઈને શુદ્ધ વિચારને સેવવો. શુદ્ધ વિચાર સેવાતાં, વાતાવરણમાં રહેલા અસંખ્ય શુદ્ધ વિચારો તમારા પ્રતિ આકર્ષાઈ આવતાં, અશુદ્ધ વિચારો આપોઆપ અળપાઈ જશે, અને તમે તમારા મૂળ વિશુદ્ધ સ્વરૂપે થઈ રહેશો.

૫૯. શુદ્ધ વિચાર સેવાતાં, એકલાં શુદ્ધ વિચારનાં આંદોલનો જ આપણા પ્રતિ આકર્ષાઈ આવે છે, એમ નથી, પણ જે જે વ્યક્તિઓ તેવા વિચારને સેવતી હોય છે, તે વ્યક્તિઓ પણ આપણા પ્રતિ આકર્ષાઈ આવે છે. અને એમ થતાં તે તે વ્યક્તિઓદ્વારા આપણને અનેક પ્રકારનું સાહાય્ય મળે છે. આરંભમાં શુદ્ધ વિચારને સેવનારપ્રતિ આ મનુષ્યલોકની વ્યક્તિઓ આકર્ષાઈ આવે છે, પણ જેમ જેમ તે મનુષ્ય અધિક અધિક શુદ્ધ વિચાર સેવતો જાય છે, તેમ તેમ ઊર્ધ્વ લોકોની દેવવ્યક્તિઓ પણ તેના પ્રતિ આકર્ષાઈ આવે છે; અને આ શુદ્ધ વિચારની પરાકાષ્ઠામાં તો સબલ બ્રહ્મનું લીલાતનુ પણ તે શુદ્ધ વિચારને સેવનારપ્રતિ આકર્ષાઈ આવે છે. ધ્રુવનું ઉદાહરણ જ વિચારી જુઓ. ઈશ્વરની ઉપાસના કરવાનો શુદ્ધ આગ્રહ ધ્રુવના હૃદયમાં ઉદય થતાં, આ મૃત્યુલોકમાં તેવી ઉપાસનામાં રત રહેનાર **નારદ**મુનિ તેમના પ્રતિ આકર્ષાઈ આવ્યા, અને તેમનું તેમને સાહાય્ય મળ્યું. અને **નારદ**મુનિદ્વારા પ્રાપ્ત થયેલા ઉપાસનાના શુદ્ધ વિચારમાં, ટાઢ, તડકો, ક્ષુધા તૃષા કશાને ન ગણકારી, દૃઢ આગ્રહથી અને પ્રબળ વેગથી ધ્રુવ મચ્યા રહ્યા તો તેમના પ્રતિ કોણ આકર્ષાઈ આવ્યું ? સાક્ષાત્ **વિષ્ણુ ભગવાન્** જે ભાગવતમાં સબલ બ્રહ્મના જ લીલાતનુરૂપે વર્ણાયા છે તે. આ કરતાં શુદ્ધ વિચારના સામર્થ્યનું બળવત્તર પ્રમાણ બીજું કયું જોઈએ ? શુદ્ધ વિચારના આશ્ચર્યકારક સામર્થ્યનાં આવાં આવાં અસંખ્ય પ્રમાણો શાસ્ત્રમાં સુપ્રસિદ્ધ છે.

૬૦. ઉપાસના અથવા ભક્તિ અથવા જપ અથવા તત્ત્વવિચાર એ અન્ય કંઈ નથી પણ આ શુદ્ધ વિચારનાં જ બીજાં નામ છે. ઉપાસનામાં અથવા જપમાં ઉપાસક અથવા જપ કરનાર પોતાના ઉપાસ્ય દેવનો શુદ્ધ વિચાર હૃદયમાં નિરંતર જાગ્રત રાખે છે. તત્ત્વવિચારમાં તત્ત્વસાધક શુદ્ધ તત્ત્વના વિચારને પોતાના અંતઃકરણમાં અખંડ આરૂઢ રાખવાનો પ્રયત્ન સેવે છે. સાધનમાત્રનો ઉદ્દેશ શુદ્ધ વિચારરૂપ લક્ષ્યની જ સિદ્ધિમાં સાધકને જોડવાનો હોય છે.

૬૧. શુદ્ધ વિચારને સેવતાં મહાપુરુષો, દેવો, સિદ્ધો, અને ઇશકોટિઓનું જ્ઞાત અજ્ઞાત સાહાય્ય મળતું જ રહે છે. તમને શુદ્ધ વિચાર સેવતાં છતાં પણ જો આવું સાહાય્ય ન મળ્યું હોય તો નિશ્ચય માનજો કે તમારા શુદ્ધ વિચારના સેવનમાં જ દોષ છે. કાં તો તમે એક પગ દૂધમાં અને એક દહીંમાં રાખો છો, અર્થાત્ તમે જેમ શુદ્ધ વિચારને સેવો છો, તેમ અશુદ્ધને પણ સેવો છો, અથવા તો તમારા શુદ્ધ વિચારનો વેગ દુર્બળ છે. જેમ શુદ્ધ વિચાર તમારા પ્રતિ દેવાદિને આકર્ષી લાવે છે, તેમ અશુદ્ધ વિચાર મલિન સત્ત્વોને તમારા પ્રતિ આકર્ષી આણે છે, અને તેથી જેમ દશ રૂપૈયા પ્રાપ્ત કરનાર અને દશ ખરચનારને એક પાઈનો પણ ઉગારો પડતો નથી, તેમ તમારી અવસ્થા થાય છે. શુદ્ધ વિચારનું ખરું સામર્થ્ય અનુભવવાની જો તમારે ઇચ્છા હોય તો અશુદ્ધનો નિઃશેષ ત્યાગ કરો. શુદ્ધ વિચારના સેવનમાં વચલો માર્ગ છે જ નહિ. 'એક પગ દૂધમાં અને એક પગ દહીંમાં' જેવું ત્યાં નીભી શકતું જ નથી. સર્વ સમય સર્વ અવસ્થામાં શુદ્ધ વિચારનું સેવન એ જ સર્વ પ્રકારના સામર્થ્યનો અનુભવ કરાવે છે.

૬૨. શુદ્ધ વિચારનું સ્વરૂપ શું, એમ અનેક મનુષ્યો અનેક પ્રસંગે પૂછે છે. અસંખ્ય ગ્રંથો અસંખ્ય પ્રકારે શુદ્ધ વિચારનું સ્વરૂપ વર્ણે છે, પણ એ સર્વ પ્રતિપાદન તાત્પર્યમાં સમાન અર્થવાળાં હોય છે. **શ્રીશંકર** ભગવાન્ શ્લોકના અર્ધ ચરણથી જ શુદ્ધ વિચારનું સ્વરૂપ વર્ણે છે, અને તે એ કે **जीवो ब्रह्मैव नापरः** જીવ બ્રહ્મ જ છે, તે બ્રહ્મથી જુદો નથી. આટલા સૂત્રવાક્યમાં **શ્રીશંકર** ભગવાને જે ગંભીર અર્થનો સમાવેશ કર્યો છે, તે સામાન્ય મતિના લક્ષમાં ઊતરતો નથી. અસંખ્ય મનુષ્યો અસંખ્ય પ્રસંગે આ વાક્ય વાંચે છે તથાપિ તે તે વાક્ય જેમ જળઉપર લખેલા અક્ષરો એક ક્ષણવાર પણ જળઉપર ટકતા નથી, તેમ તેમના હૃદયમાં એક ક્ષણવાર ટકતું નથી. હું જે જીવ કહેવાઉં છું, તે જીવ નથી પણ બ્રહ્મ જ છું, જીવના જે અજ્ઞાન, દુઃખ આદિ ધર્મો તે મારા નથી, પણ બ્રહ્મના જે સચ્ચિદાનંદ ધર્મો તે મારા છે, આ પ્રકારના જ વિચારને અંતઃકરણમાં અખંડ ટકાવી રાખવો એનું નામ સર્વોત્તમ શુદ્ધ વિચાર છે.

૬૩. આ સર્વોત્તમ શુદ્ધ વિચાર જે અંતઃકરણમાં સ્થિર થાય છે, તે અંતઃકરણમાં કામ, ક્રોધ, લોભ આદિ કોઈ વિકારવાળો અશુદ્ધ વિચાર ક્ષણ પણ પ્રકટી શકતો નથી. કામ પ્રકટવો, ક્રોધ પ્રકટવો, લોભ થવો, એ સર્વ જીવના ધર્મો છે. બ્રહ્મ નિષ્કામ છે, ક્રોધરહિત છે, આપ્તકામ હોવાથી નિર્લોભ

છે. હું બ્રહ્મ હોવાથી હું પણ નિષ્કામ, ક્રોધરહિત તથા આપ્તકામ છું. આ પ્રકારના વિચારો વડે સાધક અભ્યાસકાળે વિવિદ્ધ અશુદ્ધ વિચારોના વેગને ખાળે છે, અને શુદ્ધ વિચારના વેગને જાગ્રત રાખે છે, તો અભ્યાસનો પરિપાક થતાં તે અવશ્ય પોતાના બ્રહ્મત્વનો સ્ફુટ અનુભવ કરે છે. બ્રહ્મત્વનો અનેક મનુષ્યોને સ્ફુટ અનુભવ ન થવામાં શુદ્ધ વિચારના અભ્યાસની ન્યૂનતા એ જ હેતુ હોય છે. તેઓ દિવસના ત્રેવિશ કે સાડી ત્રેવિશ કલાક પોતાના જીવત્વના વિચારોનો અભ્યાસ કરે છે, અને કલાક કે અર્ધો કલાક અસ્થિર વૃત્તિએ બ્રહ્મત્વનું ચિંતન કરે છે. પાંચ રૂપૈયા કમાય છે, અને પાંચસેં ગુમાવે છે. આ પ્રકારનો અભ્યાસ, બ્રહ્મત્વનો સ્પષ્ટ અનુભવ થાય એવા ફળને શી રીતે પ્રકટાવે?

૬૪. જીવવાની ઇચ્છાવાળાએ જેમ સર્વ કાળ શ્વાસપ્રશ્વાસની ક્રિયા કરવાની અગત્ય છે, તેમ બ્રહ્મત્વનો સ્પષ્ટ અનુભવ કરવાની ઇચ્છાવાળાએ પણ દિવસના ચોવીસે કલાક પોતાના બ્રહ્મત્વના શુદ્ધ વિચારમાં યોજાયલા રહેવાની અગત્ય છે. પોતાના બ્રહ્મત્વનો શુદ્ધ વિચાર એ ગંગાજળ છે. પોતાના જીવત્વનો અશુદ્ધ વિચાર એ દુર્ગંધવાળું મલિન ખાળકૂંડીનું પાણી છે. ગંગાજળમાં પા કલાક સ્નાન કરી આખો દિવસ ખાળકૂંડીમાં કીડાની પેઠે ડૂબી રહેનાર, શુદ્ધિથી પ્રાપ્ત થતા સુખને શી રીતે અનુભવે? પ્રત્યેક વ્યવહાર કરતાં,અને પ્રત્યેક સ્થિતિમાં પોતાના બ્રહ્મત્વનું ભાન, મનુષ્ય જ્યારે જાગ્રત્ રાખે છે, ત્યારે જ તે જીવ ટળી શિવ થાય છે.

૬૫. સૂર્યને જોવાની ઇચ્છા રાખનાર મનુષ્ય,જેમ ભોંયરામાં પેસવાથી સૂર્યનાં દર્શન કરી શકતો નથી, પરંતુ ખુલ્લા મેદાનમાં આવીને ઊભો રહેવાથી જ સૂર્યનાં દર્શન કરી શકે છે, તેમ બ્રહ્મત્વનો અનુભવ કરવાને ઇચ્છનાર મનુષ્ય પોતાના જીવત્વને જોવાથી, અને જીવત્વમાં સ્થિર રહેવાથી બ્રહ્મત્વનો અનુભવ કરી શકતો નથી; પણ મિથ્યા પ્રતીત થતા જીવત્વનું અભાન કરી, તેનું વિસ્મરણ કરી, તેમાંથી બહાર નીકળી પોતાના સ્વતઃસિદ્ધ બ્રહ્મત્વમાં પ્રવેશે છે, અર્થાત્ બ્રહ્મત્વને જ વૃત્તિમાં આરૂઢ રાખે છે, બ્રહ્મત્વને જ સદોદિત ચિંતે છે, અને બ્રહ્મત્વપ્રતિ જ પોતાના વિચારને અખંડ અભિમુખ રાખે છે, ત્યારે જ તે જીવત્વને સ્થાને બ્રહ્મત્વની સ્પષ્ટ કલાને પ્રકટેલી અનુભવે છે. જેમ ઉત્તરમાં પ્રયાણ કરવાની ઇચ્છાવાળો, દક્ષિણમાં પ્રયાણ કર્યા કરે છે તો ઉત્તરના પ્રદેશમાં આવી શકતો નથી, તેમ જેઓ પ્રાતઃકાલથી જાગ્રત્ થતાં તે રાત્રીએ સૂતા પર્યંત મર્યાદાવાળા જીવત્વના વિચારમાં જ તલ્લીન રહે છે, તેઓ કોઈ કાળે પણ સર્વ

સુખના નિધાન પોતાના બ્રહ્મત્વને અનુભવી શકતા નથી. બ્રહ્મત્વને અનુભવવાનો એક જ માર્ગ છે, અને તે એ કે પોતાના બ્રહ્મત્વનો વિચાર વૃત્તિમાં અખંડ જાગ્રત રાખવો.

૬૬. બ્રહ્મ જેમ એક છે, તેમ બ્રહ્મત્વનો વિચાર પણ એક છે. જેમ અગ્નિમાંથી તણખા ઊડ્યા કરે છે તેમ જે અંતઃકરણમાંથી એક પછી એક વિચારના તણખા નીકળ્યા કરે છે, તે યથાર્થ બ્રહ્મવિચાર નથી. બ્રહ્મ શાંત, અક્રિય, અને નિસ્પંદ કલાવાળું છે, તેમ બ્રહ્મવિચાર પણ શાંત, અક્રિય અને નિસ્પંદ કલાવાળો છે. વિચારના પ્રવાહ અંતઃકરણમાં ચાલ્યા કરવા એ બ્રહ્મવિચારની પ્રચ્યુતિ છે, અર્થાત્ યથાર્થ બ્રહ્મવિચારથી વેગળું જવું છે. યથાર્થ બ્રહ્મવિચારમાં વિચારનો વેગ વિરમી જાય છે. વાયુવિનાના સ્થાનમાં જેમ દીપકની જ્યોતિ નિષ્કંપ ઝગઝગ્યા કરે છે તેમ યથાર્થ બ્રહ્મવિચારમાં, વિચાર પ્રવાહરૂપે વહેતો નથી પણ બ્રહ્મમાં સુસ્થિર હોય છે.

૬૭. બ્રહ્મવિદ્યાના અથવા વેદાંતશાસ્ત્રના ગ્રંથોની આવૃત્તિઓ કર્યા કરવી, એને ઘણા મનુષ્યો બ્રહ્મવિચાર માને છે. ગીતાનાં, ઉપનિષદ્નાં કે યોગવાસિષ્ઠનાં પાનાં હાથમાં લેઈ તેને એકાંતમાં કે સમુદાયમાં વાંચતાં કે શ્રવણ કરતાં બેસવું, અને તેમાં આવેલી પ્રક્રિયાઓને વિચારતા રહેવું, એને બ્રહ્મવિચાર માની અનેક મનુષ્યો નિત્ય શાસ્ત્રના અધ્યયનમાં કે શાસ્ત્રના શ્રવણમાં યોજાયલા રહે છે. પણ શુદ્ધ બ્રહ્મવિચાર આ નથી. યથાર્થ બ્રહ્મવિચારનું શાસ્ત્રશ્રવણ સાધન છે. બ્રહ્મવિચારરૂપ મહાલયમાં પ્રવેશ કરાવનાર તે એક નિસરણી છે. પરંતુ જેમ સાધન, એ સિદ્ધ કરવાની વસ્તુ નથી, અને નિસરણી એ નિવાસ કરવાનો મહાલય નથી, તેમ શાસ્ત્રનું અધ્યયન કે શાસ્ત્રનું શ્રવણ એ બ્રહ્મત્વનો સાક્ષાત્ અનુભવ કરાવનાર બ્રહ્મવિચાર નથી. શાસ્ત્રશ્રવણ કે શાસ્ત્રાધ્યયન એ બ્રહ્મત્વનો અનુભવ કરાવનાર પરંપરા સાધન છે–પ્રથમ પગથિયુ છે. પણ આ પ્રથમ પગથિયામાં જ અનેક મનુષ્યો આયુષને વિતાવે છે. તેઓ આગળ વધતા નથી. શુદ્ધ બ્રહ્મવિચારમાં પ્રવેશતા નથી. ગીતાની, આત્મપુરાણની કે યોગવાસિષ્ઠની પંદર પંદર આવૃત્તિઓ કરવા છતાં, અને વિવિધ ઉપનિષદોને સ્વામીઓ કે અતીતોપાસે અનેક વાર શ્રવણ કર્યા છતાં, ધૂળઉપર જેમ લીંપણ ચોંટતું નથી, અને કાળી કામળી ઉપર બીજો રંગ લાગતો નથી તેમ તેમના અંતઃકરણમાંથી જીવત્વના ધર્મો અળપાઈ જતા નથી અને બ્રહ્મત્વનાં લક્ષણોનો તેમને સ્પષ્ટ અનુભવ થતો નથી. 'હું બ્રહ્મ છું,' 'હું શિવસ્વરૂપ છું,' 'હું આનંદ-

સ્વરૂપ છું,' એવું લાખો વાર શ્રવણ કર્યા છતાં, વ્યવહારમાં વિવિધ કષ્ટના પ્રસંગો પ્રાપ્ત થતાં તેઓનો આનંદ સાતમે પાતાળે પેસી જાય છે; તેઓના મુખઉપર અને નેત્રમાં પોતાના આનંદસ્વરૂપનો પ્રકાશ ઝગઝગવાને સ્થાને શોક અને ઉદ્વેગનો અંધકાર છવાઈ વળે છે, અને તેમનું અંતઃકરણ બ્રહ્માનંદરસાર્ણવમાં મહાઆનંદથી લોટવાને સ્થાને દશે દિશાએ પ્રકટેલી ત્રિવિધ તાપની હોળીમાં પ્રજળ્યા કરે છે. ધનનો ક્ષય થતાં તેઓના હોશકોશ ઊડી જાય છે. શરીરને વ્યાધિ પ્રાપ્ત થતાં કે કોઈ પ્રિયજનનું મૃત્યુ થતાં તેઓની મુખમુદ્રા રાંક અને દુઃખીજેવી થઈ જાય છે. શરીરથી આત્મા જુદો છે, એવાં પંચીકરણનાં ગોખેલાં વાક્યો તેમનું વ્યાધિના દુઃખથી રક્ષણ કરી શકતાં નથી, અને તેઓ કરુણા ઊપજે એવા, અન્ય અજ્ઞાનીના જેવા જ દુઃખોદ્‌ગાર કાઢે છે. જ્ઞાતાનો અને ઇંદ્રિયનો સંબંધ તેમને છૂટેલો ન હોવાથી શરીરની સહજ પીડા પણ તેમના આનંદના દીપકને ઓલવી નાંખવા સમર્થ થાય છે.

૬૮. જે બ્રહ્મવિચાર અજ્ઞાનની નિઃશેષ નિવૃત્તિ કરી પરમાનંદની પ્રાપ્તિ કરે છે, તેનું સ્વરૂપ શું આ પ્રકારનું હોવું સંભવે છે ? વ્યવહારમાં જે દુઃખની સ્થિતિઓ મનાય છે, તે પ્રાપ્ત થતાં, તેલની કઢામાં જેમ ભજિયાં તળાય છે, તેમ ત્રિવિધ તાપવડે વૃત્તિઓ ધીખ્યા કરે, એ શું બ્રહ્મવિચારનું ફળ છે ? બ્રહ્મવિચારનું આવું ફળ કયે સ્થળે વર્ણાયું છે ? અને આમ છતાં શાસ્ત્રાધ્યયન કરનાર અનેક મનુષ્યો પોતે ત્રિવિધ તાપથી પરિતપ્ત રહેતા છતાં પોતાના અધ્યયનમાત્રને–વેદાંતની પ્રક્રિયાઓના મનનમાત્રને–બ્રહ્મવિચાર ગણી પોતાને બ્રહ્મવિચાર કરનાર બ્રહ્મજ્ઞાની માને છે, અને દુઃખના સંબંધથી અંતઃકરણમાં દુઃખ જણાતાં "અંતઃકરણને અને મારે ત્રિકાળ સંબંધ નથી," "સુખદુઃખ અંતઃકરણના ધર્મ હોવાથી તે તો તેમાં જણાય એ સ્વાભાવિક છે," "અંતઃકરણના ધર્મ અંતઃકરણમાં પ્રકટે તેમાં મારા જ્ઞાનને કોઈ પણ પ્રકારની હાનિ નથી," આવાં લૂલાં સમાધાનોવડે પોતાના મનને મનાવે છે, તથા અન્યના આગળ પોતાના બ્રહ્મજ્ઞાનીપણાને સ્થાપે છે. પરંતુ આ સઘળું વાચક જ્ઞાન છે. કાચના કકડામાં અને ચિંતામણિમાં જેટલો ભેદ છે, બાવળના વૃક્ષમાં અને સુરતરુમાં જેટલો ભેદ છે, તેટલો આ મિથ્યા જ્ઞાનમાં અને યથાર્થ બ્રહ્મજ્ઞાનમાં ભેદ છે. યથાર્થ બ્રહ્મવિચાર અંતઃકરણમાં પ્રકટતાં અંતઃકરણના સર્વ હર્ષશોકાદિ દ્વંદ્વ ધર્મો, જેમ સૂર્યનો પ્રકાશ ઉદય થતાં અંધકાર અળપાઈ જાય છે, તેમ અળપાઈ જાય છે. જીવત્વવાળા અંતઃકરણમાં અને બ્રહ્મજ્ઞાન જેમાં પ્રકટે છે, તે અંતઃકરણમાં બહુ

ભેદ છે. જેમ બળેલી દોરડી, દેખવા માત્ર હોય છે, પણ તેથી ગાંસડી બાંધવાનો વ્યવહાર થતો નથી, તેમ બ્રહ્મજ્ઞાનના ઉદયવાળું અંતઃકરણ, અંતઃકરણ એવી સંજ્ઞાને ધરતું છતાં તેમાં હર્ષશોકાદિ ધર્મોનો વ્યવહાર થતો નથી. એ અંતઃકરણ અંતઃકરણ નથી, પણ બ્રહ્મસ્વરૂપ છે. જેમ બ્રહ્મ ત્રિવિધ તાપથી ત્રિકાળ અલિપ્ત છે, તેમ તે અંતઃકરણને ત્રિવિધ તાપનો, જ્ઞાનનો ઉદય થયા પછી કોઈ કાળે સંભવ રહેતો નથી.

૬૯. ઘણા મનુષ્યો એવું માનતા હોય છે કે અંતઃકરણના ધર્મ અંતઃકરણમાં પ્રકટે, તેમાં જ્ઞાનને કશી હાનિ નથી. વૃત્તિથી મારું સ્વરૂપ ભિન્ન છે, એવું જ્ઞાન થયા પછી, વૃત્તિઓ ભલે પોતાના ધર્મથી ગમે તેમ વર્તે તો તેથી મારા મોક્ષને કોઈ પણ પ્રકારે બાધ થવાનો સંભવ નથી. આવું માની, આ મનુષ્યો યથાર્થ બ્રહ્મવિચાર જે સર્વ સાધનોમાં શિરોમણિ સાધન છે, તેમાં પ્રવેશ કરવા પ્રયત્ન કરતા નથી, અને અર્થની પ્રાપ્તિ કર્યા વિના માત્ર શબ્દોચ્ચારમાં જ અટવાયા કરે છે, પરંતુ બ્રહ્મજ્ઞાન અથવા બ્રહ્મવિચારનું ફળ જ એ છે કે અંતઃકરણના ધર્મોનો નિઃશેષ જય થવો, એ તેઓ જાણતા નથી. સ્પર્શમણિને અડવાથી લોહનું લોહપણું ન ગયું અને સુવર્ણ ન થયું તો લોહને, સ્પર્શમણિનો સ્પર્શ થયો જ નથી, એ સુસિદ્ધ છે. બ્રહ્મવિચારથી અંતઃકરણના અવિદ્યાવાળા ધર્મો ન છૂટ્યા તો એ બ્રહ્મવિચાર બ્રહ્મવિચાર નથી પણ ભ્રમવિચાર છે. જ્ઞાન અજ્ઞાનનો અર્થાત્ અવિદ્યાનો લય કરે છે, અને હર્ષશોકાદિ દ્વંદ્વ ધર્મો અવિદ્યાનાં કાર્યો છે, અને તેથી બ્રહ્મવિચારથી અવિદ્યાનાં આ હર્ષશોકાદિ કાર્યો લય ન થયાં, તો પછી એ બ્રહ્મવિચારે અંતઃકરણમાં પ્રકટીને શું કર્યું તે સ્પષ્ટ થતું નથી.

૭૦. એક સમયે, સંધ્યાકાળે બણબણ નામનાં જીવડાંનો અને પતંગિયાંનો માર્ગમાં મેળાપ થયો. પતંગિયાંએ બણબણને પૂછ્યું કે તમે કોણ છો ? બણબણે ઉત્તર આપ્યું કે અમે પતંગિયાં છીએ. પતંગિયાંએ કહ્યું કે તમે પતંગિયાં નથી. તમારો આકાર જ અમારા જેવો ક્યાં છે ? એમ છતાં તમે પતંગિયાં છો, એવી તમારે અમારી ખાતરી કરવી હોય તો આ પાસેના ગામમાં જઈને જોઈ આવો કે દીપકો પ્રકટ્યા છે ? બહુ સારું, કહીને બણબણ ઊડીને પાસેના ગામમાં ગયાં, અને થોડી વારે આવીને કહ્યું કે દીપકો ક્યારના પ્રકટી ચૂક્યા છે ! તેમનું આ ઉત્તર સાંભળી પતંગિયાં બોલ્યાં, તમે દીવા જોઈ આવ્યાં, તેથી જ સિદ્ધ થાય છે કે તમે પતંગિયાં નથી, પણ કોઈ બીજી જાતનાં જીવડાં છો. સાચાં પતંગિયાં

દીપક જોઈને તે પ્રકટ્યા છે, એવું કહેવા આવતાં જ નથી. તે તો તેમાં ઝંપલાવે જ છે. દીપકને જોઈને પતંગિયાંએ તેમાં ઝંપાપાત કરી પોતાનો પ્રાણ ન આપ્યો તો તે પતંગિયું નથી જ.

૭૧. યથાર્થ બ્રહ્મજ્ઞાનીમાં અને મિથ્યા બ્રહ્મજ્ઞાનીમાં આ બણબણ અને પતંગિયા જેટલું અંતર છે. યથાર્થ બ્રહ્મજ્ઞાન પ્રકટે અને શોકમોહાદિ ઊભા રહે, અંતઃકરણમાં અંતઃકરણના ધર્મો પ્રવર્ત્યા કરે, ઇંદ્રિયો ઇંદ્રિયોના વ્યાપારમાં ઉદ્યુક્ત રહે, ત્રિવિધ તાપથી શરીર તથા અંતઃકરણ પ્રજળ્યા કરે તો એ યથાર્થ બ્રહ્મજ્ઞાન નથી. એ મિથ્યા જ્ઞાન છે. એ શબ્દોચ્ચાર માત્ર છે. એ 'શંખ'ની પેઠે 'સવા લાખ રૂપૈયા' વાણીમાં જ માત્ર આપનાર છે. શંખલીની પેઠે સાચા દ્રવ્યનું દર્શન કરાવનાર એ નથી.

૭૨. જેમ પાકશાસ્ત્રનો અભ્યાસ દૂધપાક અથવા લાડુ કેમ બનાવવો, તેનો વિધિ શીખવે છે, કંઈ દૂધપાક અથવા લાડુનો સ્વાદ અર્પી ક્ષુધા ટાળતો નથી, તેમ શાસ્ત્રાભ્યાસ અને સદ્‌ગુરુદ્વારા મળેલી યુક્તિઓ બ્રહ્માત્મસાક્ષાત્કાર કેમ કરવો તેનો વિધિ શીખવે છે, કંઈ બ્રહ્માત્મસાક્ષાત્કાર કરાવી બ્રહ્માનંદનુ સુખ અર્પતાં નથી. બ્રહ્માનંદના સુખનો અનુભવ કરવા અર્થે તો બ્રહ્મવિચારનો અભ્યાસ કરવો પડે છે. અને આ બ્રહ્મવિચારનો અભ્યાસ કંઈ હસ્તમાં પાનાં-પુસ્તક રાખી તેને વાંચવાથી કે કોઈ સ્વામીસંન્યાસીપાસે તેનું પઠન કરવાથી થતો નથી. બહુ બહુ તો આવો વ્યાપાર શ્રવણમાં ગણી શકાય. મનન અને નિદિધ્યાસન થયા વિના કેવળ શ્રવણ સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવતું નથી. પરંતુ આજે અનેક મનુષ્યો શ્રવણથી જ પોતાને કૃતકૃત્ય માને છે. મનન અને નિદિધ્યાસનને કડાકૂટ ગણી તેનાં પ્રવેશવાનું ઉચિત ધારતા નથી.

૭૩. દૂધપાક કેમ બનાવવો તેનો વિધિ એકવાર જાણી લીધા પછી પચીસપચાસ પુસ્તકો ભેગાં કરી પ્રત્યેકમાંથી તેના તે વિધિને, ભિન્ન ભિન્ન શૈલિથી વર્ણેલો વાંચ્યા કરનારને, અને દૂધપાક ખાવાની ઇચ્છા છતાં તેને બનાવવાનો પ્રયત્ન ન કરનારને જેમ મિથ્યા કાળક્ષેપ કરનાર બુદ્ધિમાન્ મનુષ્યો ગણે છે, તેમ બ્રહ્મવિચારનું સ્વરૂપ અનેક ગ્રંથોથી નિર્ણય કરી લીધા પછી પણ, તે વિચારને વૃત્તિમાં આરૂઢ કરવા માટે મનન અને નિદિધ્યાસનને ન સેવતાં, શાસ્ત્રના ગ્રંથોની જ પુનઃ પુનઃ આવૃત્તિ કરનારને સત્પુરુષો મિથ્યા કાળક્ષેપ કરનાર ગણે છે. પરંતુ આજે અનેક મનુષ્યો આમ જ કરે છે. તેઓ એક

પુસ્તક મૂકી બીજું વાંચે છે, બીજું મૂકી ત્રીજું વાંચે છે, એમ વાંચવામાં જ વિશેષ કાળ ગાળે છે.

૭૪. ફળ ન જણાવામાં મનન અને નિદિધ્યાસનનો અભાવ એ મુખ્ય કારણ છે. એક વિદ્વાનનો એવો અભિપ્રાય છે કે શાસ્ત્રાભ્યાસ એક કલાક કર્યો હોય તો દશ કલાક મનન કરવું જોઈએ, અને મનન દશ કલાક કર્યું હોય તો સો કલાક નિદિધ્યાસન કરવું જોઈએ. જેમ ભોજન કરનાર મનુષ્ય ભોજન તો માત્ર પા કે અર્ધા કલાકમાં કરી લે છે, પણ જઠરમાં તેનો પરિપાક થવાને વચ્ચે સાતઆઠ કલાક જવા દે છે, તેમ શાસ્ત્રાભ્યાસના મનનને માટે અધિક કાળ ગાળવો જોઈએ. અને જેમ જઠરમાં પરિપાક થયેલા આહારની વીર્યપર્યંત ધાતુ થતાં ચાળીશ દિવસ લાગે છે, તેમ મનન કરેલા અર્થને અંતઃકરણમાં આરૂઢ કરવા માટે મનનથી પણ અધિક કાળ ગાળવો જોઈએ. આમ નથી કરવામાં આવતું તો જેમ અન્નનો પરિપાક થયા વિના, જઠરમાં અન્ન કલાકે કલાકે નાંખવામાં આવે તો તે ધાતુરૂપ કે પુષ્ટિરૂપ ન થતાં મળરૂપ અથવા વિષરૂપ થાય છે, તેમ મનન અને નિદિધ્યાસનવિના શાસ્ત્રાભ્યાસ મોક્ષસાધક ન થતાં મિથ્યા ભારરૂપ થાય છે.

૭૫. શ્રવણકરતાં મનનમાં વિચારનો વેગ શિથિલ થાય છે, અને મનન કરતાં નિદિધ્યાસનમાં તે અત્યંત શિથિલ થાય છે. જેમ ધ્યાનમાં ધ્યાન કરવાની વસ્તુમાત્રનો જ વિચાર ધ્યાન કરનારની વૃત્તિમાં આરૂઢ હોય છે, સ્ત્રીપુત્ર, ઘર, બાર, કે એવી સેંકડો અને હજારો વસ્તુઓની હારની હાર વૃત્તિમાં સ્ફુરતી નથી, તેમ નિદિધ્યાસનમાં પોતાના આત્મસ્વરૂપનો એક જ વિચાર વૃત્તિમાં આરૂઢ હોય છે, આ દૃશ્યના સેંકડો કે હજારો વિચારો કે પોતાના જીવત્વના વિચારો વૃત્તિમાં સ્ફુરતા નથી. આત્મસ્વરૂપનો એક જ વિચાર વૃત્તિમાં આરૂઢ હોય છે, ત્યારે વિચારનું ચાંચલ્ય હોતું નથી, પણ વાયુવિનાના સ્થળમાં જેમ દીપકની જ્યોતિ નિષ્કંપ ઝગઝગે છે, તેમ વિચારની એક આત્મસ્વરૂપમાં જ અચલ સ્થિતિ હોય છે. વિચારની આવી આત્માકારા અચલ સ્થિતિ જીવત્વને ટાળી, બ્રહ્મત્વનો અખંડ અનુભવ કરાવે છે.

૭૬. પુસ્તકનું પાનું હાથમાં રાખી માત્ર વાંચ્યા કરવાથી શી રીતે આવી સ્થિતિ પ્રાપ્ત થાય? આવી સ્થિતિ પ્રાપ્ત કરવા સંયમ એ જ સમર્થ ઉપાય છે. જેઓ અસંખ્ય પદાર્થનું ચિંતન કરતી વૃત્તિને પાછી વાળી એકલા પોતાના

આત્મસ્વરૂપને જ અંતઃકરણમાં પ્રવેશી ચિંતે છે, તેઓ ક્રમે ક્રમે સર્વ વિરોધી વૃત્તિઓના નિગ્રહને સાધી અખંડ આત્માકાર વૃત્તિ રાખવા સમર્થ થાય છે અંતરાત્મા અંતર હોવાથી સંયમવડે અંતર ઊતરનાર જ અંતરાત્માનો અપરોક્ષ કરી શકે છે. અન્નમય કોશમાંથી જેઓ વૃત્તિઓના સમૂહને પ્રાણમય કોશમાં સ્થાપતા નથી, પ્રાણમય કોશમાંથી તેમને અંતર આકર્ષી મનોમય કોશમાંસ્થાપતા નથી, મનોમય કોશમાંથી વિજ્ઞાનમયમાં, અને વિજ્ઞાનમયમાંથી આનંદમય કોશમાં સ્થાપતા નથી, તેઓ બ્રહ્માનંદરૂપી અમૃતનું પાન કરી મર્ત્ય દેહમાં અમરત્વ અનુભવતા નથી. પાંચ પથારવાળી વાવના પહેલા પથાર ઉપર ઊભો રહેનાર જેમ જળનું પાન કરી શકતો નથી, તેમ અન્નમય કોશમાં અર્થાત્ સ્થૂલ દેહના અને ઇંદ્રિયોના વ્યાપારવાળા પહેલા પથાર ઉપર રમ્યા કરનાર બ્રહ્માનંદજળ પી શકતો નથી. અન્નમય કોશમાંથી ભીતર પ્રાણમય કોશમાં ઊતરતાં ઇંદ્રિયોનું ચાંચલ્ય શમે છે, પ્રાણમય કોશમાંથી ભીતર મનોમય કોશમાં ઊતરતાં પ્રાણનો વેગ શિથિલ થાય છે, મનોમય કોશમાંથી ભીતર વિજ્ઞાનમયમાં ઊતરતાં મન સંકલ્પવિકલ્પ ધર્મને ત્યજે છે, અને વિજ્ઞાનમયમાંથી ભીતર આનંદમયમાં ઊતરતાં બુદ્ધિ આત્મસ્વરૂપમાં સુસ્થિર અને સુપ્રતિષ્ઠિત થાય છે.

૭૭. આત્મસ્વરૂપ સુસ્થિર અને નિર્વ્યાપાર છે. તેમાં સ્થિત થનાર સુસ્થિર અને નિર્વ્યાપાર થાય છે. મન, વાણી, બુદ્ધિ, ઇંદ્રિયો ત્યાં અક્રિય થાય છે. ત્યાં ત્રિવિધ તાપનો સ્પર્શ નથી.

૭૮. ગાયન ઉત્તમ પ્રકારની કળા છતાં તથા તે વિધિવડે સેવવાથી મોક્ષપર્યંતના સર્વોત્તમ સુખને અર્પનારી છતાં પણ ઘણે ભાગે હલકા પ્રકારના દુરાચરણી લોકોમાં તેનો પ્રસાર થયેલો હોવાથી, જેમ આપણા લોકોમાં તે કળાને માટે હલકો વિચાર બેસી ગયો છે, અને તેથી અત્યંત હાનિ થવાનો સંભવ મનાય છે, તેમ પ્રેમ એ ગુણ વસ્તુતઃ ઈશ્વરનો અંશ અથવા ઈશ્વરસ્વરૂપ હોવાથી મનુષ્યનું સર્વોત્તમ હિત સાધનાર છતાં પણ, વિવિધ દુરાચરણી મનુષ્યોએ વિષયનાં સુખો પ્રાપ્ત કરવામાં તેનો ઉપયોગ કરેલો હોવાથી, ઘણા મનુષ્યો પ્રેમ એ શબ્દથી ભડકે છે, અને તે કોઈ અત્યંત હાનિ કરનારો ગુણ છે, એમ માને છે. પરંતુ યોગ્ય વિચારથી પ્રેમ આ વિશ્વમાં મોટામાં મોટો સર્વોત્તમ ગુણ છે. જીવનમાં મનુષ્યનું સર્વોત્તમ કલ્યાણ કરનારી પ્રેમ જેવી અન્ય એકે વસ્તુ નથી. યથાર્થ પ્રેમ જે અંતઃકરણમાં પ્રકટે છે, તેને શું શું

ઉત્તમ હિત પ્રાપ્ત નથી થતું તે કહી શકાતું નથી, અર્થાત્ હિતમાત્રને અર્પનાર જો કોઈએક ગુણ આ વિશ્વમાં હોય તો તે પ્રેમ જ છે. વિશુદ્ધ પ્રેમ એ એક અપ્રતિમ સમર્થ લોહચુંબક છે, અને તે જેના અંતઃકરણમાં ઉદય પામ્યો હોય છે, તેના પ્રતિ ત્રિભુવન અને ત્રિભુવનની બહારના સમગ્ર શુભ પદાર્થ આકર્ષાઈ આવે છે. પ્રેમ એ વસ્તુમાત્રનો આત્મા છે, અને તેથી વિશુદ્ધ પ્રેમ પ્રકટતાં વસ્તુમાત્ર ઉપર સ્વામિત્વ પ્રાપ્ત થાય છે.

૭૯. મનુષ્યો સ્પર્શમણિને પ્રાપ્ત કરવા પ્રયત્ન સેવે છે, પરંતુ થોડા જ જાણે છે કે વિશુદ્ધ પ્રેમ હજારો અને લાખો સ્પર્શમણિને પ્રકટાવવા સમર્થ છે. ચિંતામણિ કે સુરતરુ જે કાર્ય નથી સાધી શકતાં તે વિશુદ્ધ પ્રેમ સાધે છે. વિવિધ સાધનોવડે પ્રસન્ન ન થનાર ઇશ્વર વિશુદ્ધ પ્રેમવડે વશ થાય છે. વિશુદ્ધ પ્રેમ જીવનનું જીવન છે. વ્યાધિ, વાર્ધક્ય તથા મૃત્યુનો નાશ કરનાર અમૃત છે. દારિદ્રયાદિ દુઃખોને હણનાર અમોઘ નિધિ છે, અને આશ્ચર્યકારક ઐશ્વર્યને અર્પનાર સિદ્ધિ છે.

૮૦. વિશુદ્ધ પ્રેમ પ્રકટતાં દુરાચારી સદાચરણી થાય છે, અનુદાર ઉદાર થાય છે, કાયર શૂર બને છે; સ્વાર્થી પરોપકારી થાય છે; પશુ, દેવ બને છે. સ્વલ્પમાં પ્રેમ નિંદ્ય મલિન પદાર્થોનું રૂપાંતર કરી તેમને સુંદર આશ્ચર્યકારક ગુણવાળા કરનાર ઇશ્વરી રાસાયણિક શક્તિ છે.

૮૧. વ્યાધિનો નાશ કરવા, આ ઔષધ અને પેલું ઔષધ, આ વૈદ્ય અને પેલા ડોકટરને શું કરવા સેવો છો ? વિશુદ્ધ પ્રેમને હૃદયમાં પ્રકટાવી તેને સેવો અને તમે અનુપમ આરોગ્ય અનુભવશો. કલ્યાણને સાધનાર જ્ઞાનને માટે આ ગ્રંથ અને પેલા ગ્રંથનાં પાનાં શા માટે ઉથલાવો છો, આ વિદ્વાન્ અને પેલા વિદ્વાન્‌ની સંગતિમાં શા માટે વ્યર્થ કાળ ગાળો છો, આ કથા અને પેલી કથા, આ વ્યાખ્યાન અને પેલું વ્યાખ્યાન સાંભળવાને શા માટે ધક્કા ખાઓ છો ? વિશુદ્ધ પ્રેમનો હૃદયમાં આવિર્ભાવ કરો, તમે જ્ઞાનવાન અને ધીમાન થશો; કે જે જ્ઞાન અથવા વિદ્વત્તા કિશોર કવિના કહેવા* પ્રમાણે સપ્ત પ્રકારના પરિતાપથી બાળનાર થતી નથી, પણ સર્વ પરિતાપનું શમન કરી અપૂર્વ

*કિશોર કવિ કહે છે કે

તીન તાપમેં જગ જલે, પંડિત સપ્ત કિશોર;
હાર, જીત, વિસ્મરન, પઠન, ચાર તાપ લગે ઔર.

શાંતિને આપે છે, એટલું જ નહિ, પણ તે જ્ઞાનનાં અમૃતમય કિરણોના પ્રકાશ-વડે જ્યાંત્યાં સર્વને સુખી કરે છે. ધનવાન થવાને માટે આ વ્યાપાર અને પેલો વ્યાપાર કરવાનો, આ ઉપરી અને પેલા ઉપરીની ખુશામત કરવાનો, આનું મન રાખવાનો અને તેનું મન રાખવાનો સંતાપકારક પરિશ્રમ શા માટે સેવો છો ? વિશુદ્ધ પ્રેમનો આશ્રય લો, કારણ કે સંપત્તિ વિશુદ્ધ પ્રેમની પાછળ પાછળ દાસીની પેઠે અનુસરે છે.

૮૨. આ વિશુદ્ધ પ્રેમનું સ્વરૂપ શું ? શું કોઈ અનુપમ લાવણ્યમયી સ્ત્રીના ઉપર અત્યંત પ્રીતિ કરવી, તેને માટે પ્રાણ અર્પી દેવો, તેને દુઃખી જોઈ બ્રહ્માંડ તુટી પડતું હોય એવા દુઃખનો અનુભવ કરવો, અને સ્વલ્પમાં તેને પોતાનું સર્વસ્વ અર્પી દેવું, એ શું આ વિશુદ્ધ પ્રેમનું સ્વરૂપ છે ? અથવા શું પોતાના કોઈ પ્રિય મિત્ર કે પ્રિય પુત્ર કે પ્રિય સંબંધી માટે ઉપર કહેલું સર્વ કરવું એ વિશુદ્ધ પ્રેમનું સ્વરૂપ છે? અથવા શું કોઈ અમુક વસ્તુમાટે અથવા પોતાના દેશમાટે, કે પોતાના જાતિભાઈઓમાટે આમ કરવું એ વિશુદ્ધ પ્રેમનું સ્વરૂપ છે? અથવા કોઈ દેવળમાં બેસાડેલી ઈશ્વરની પ્રતિમામાટે, અથવા મર્યાદાવાળા દેહમાં જણાતા કોઈ મહાપુરુષમાટે, અથવા સ્વર્ગમાં કે વિષ્ણુલોકમાં કે બ્રહ્મલોકમાં માની લીધેલા ઈશ્વરના કોઈ સ્વરૂપ માટે ઉપર કહેલું સર્વ કરવું, એ શું વિશુદ્ધ પ્રેમનું સ્વરૂપ છે ?

૮૩. ઉપર વર્ણેલા વિવિધ પ્રાણીપદાર્થ વગેરે પ્રતિનો પ્રેમવાળો વ્યવહાર એ વિશુદ્ધ પ્રેમનું સ્વરૂપ નથી. એમાં પ્રેમના અંશો આવે છે, એ વાત સાચી છે, પરંતુ પ્રેમ પૂર્ણ કળાએ તેમાં પ્રકાશતો નથી. એમાં પ્રેમના થોડા અંશો આવતા હોવાથી તે વડે સુખનું ભાન થાય છે, તથા વિવિધ લાભ થાય છે, પણ તે પૂર્ણ કળાવાળો પ્રેમ ન હોવાથી તેથી પૂર્ણ સુખનું, પૂર્ણ લાભનું ભાન થતું નથી. પૂર્ણ પ્રેમ અથવા વિશુદ્ધ પ્રેમમાં અમુકઉપર પ્રેમ અને તે વિનાના અન્ય સર્વઉપર પ્રેમનો અભાવ હોતો નથી. સૂર્ય જેમ જ્યાં પ્રકટે છે, ત્યાં એક સ્થળે ઓછો અને એક સ્થળે વધારે એમ પ્રકાશ નાંખતો નથી, પણ સર્વત્ર સરખો પ્રકાશ નાંખે છે, તેમ વિશુદ્ધ પ્રેમને એક વસ્તુ પ્રેમ કરવા યોગ્ય અને એક પ્રેમ ન કરવા યોગ્ય એમ હોતું નથી. વિશુદ્ધ પ્રેમમાં આ ગ્રહણ કરવા જેવું અને આ ટાળી નાંખવા જેવું, એવું કાંઈ જ હોતું નથી. વિશુદ્ધ પ્રેમમાં મર્યાદા નથી. વિશુદ્ધ પ્રેમ એક દેશમાં બંધાયલો હોતો નથી. તે અમર્યાદ હોય છે, તે સર્વવ્યાપક હોય છે. તેને મારું તારું, સારું નઠારું, યોગ્ય અયોગ્ય

એવા ભેદ નથી. એક દેશમાં, એક વસ્તુમાં, એક વ્યક્તિમાં, પ્રેમનું જે પુરાઈ રહેવું, તે વિશુદ્ધ પ્રેમ નથી. તે પ્રેમનું સંકુચિત સ્વરૂપ છે. એકના ઉપર પ્રેમ અને તે વિનાના અન્ય સર્વઉપર તેવા જ પ્રેમનો અભાવ, એ દીપકનો પ્રકાશ છે, જે એક ઘરને જ પ્રકાશિત કરે છે. અન્ય સ્થલના અંધકારને તે ટાળી શકતો નથી. તે સમગ્ર ભૂમંડળને પ્રકાશિત કરનાર સૂર્યના પ્રકાશતુલ્ય નથી. તે રાગદ્વેષનો જનક છે. એકના ઉપર પ્રેમકિરણો પ્રસારી તે અન્ય સ્થળે અંધકાર રાખે છે. આવો પ્રેમ મર્યાદાવાળા સુખને, મર્યાદાવાળી સંપત્તિને, મર્યાદાવાળા આરોગ્યને, મર્યાદાવાળા ઐશ્વર્યને આપે છે. સર્વવ્યાપક પ્રેમ જ વિશુદ્ધ પ્રેમ છે, અને તે જ અમર્યાદ સુખસંપત્તિઐશ્વર્યાદિને અર્પે છે.

૮૪. સર્વત્ર બ્રહ્મભાવના, સર્વત્ર આત્મભાવના, સર્વને—જડને ચેતનને, ચરને અચરને—પોતાના આત્માસમાન પ્રિય ગણવા, સર્વના ઉપર પોતાના આત્માસમાન વિશુદ્ધ પ્રેમ રાખવો, એ યથાર્થ વિશુદ્ધ પ્રેમ છે. દેવળમાં દેવને જોઈને હર્ષાશ્રુ પાડવાં, અને અન્ય સ્થળે મનુષ્યોને જોઈને નાકનું પુંગારવું ચઢાવવું કે મુખનો દાથરો ચઢાવવો, કે અભાવ સૂચવવો, એ વિશુદ્ધ પ્રેમ નથી. પ્રિયતમાને જોઈને કે પ્રિય પુત્રને કે મિત્રને જોઈને હૃદય વિકસિત કરવું, અને અન્યનો સંબંધ થતાં, પ્રેમને કાચબાના પગની પેઠે હૃદયમાં સંકોચાઈ ગયેલો અનુભવવો, એવું વિશુદ્ધ પ્રેમનું એકદેશી સ્વરૂપ હોતું નથી.

૮૫. 'મારું ને તારું એવી હદ નથી જેમાં રે, એવું હરિગુરુપદ ચહાજે રે,
'અમર્યાદ આ પ્રેમ વધારી તે, મહામળહર જળમાં નહાજે રે.'

પરમાત્મસ્વરૂપ શ્રીમન્નૃસિંહાચાર્યજીરચિત ઉપરની પંક્તિઓમાં પ્રેમના સ્વરૂપની જે સર્વોત્તમ વ્યાખ્યા, થોડા પણ અત્યંત ગંભીર અર્થને વહન કરનાર શબ્દોમાં બંધાઈ છે, તેનું મનન કરી, તેનું રહસ્ય અંતરમાં ઉતારવા પ્રત્યેક સુખેચ્છક પુરુષે પ્રયત્ન કરવો યોગ્ય છે. વિશુદ્ધ પ્રેમમાં મારું અને તારું એવો ભેદ હોતો જ નથી. દેશ, કાળ અને વસ્તુપરિચ્છેદથી તે રહિત છે. વિશુદ્ધ પ્રેમને અભાવનો કોઈ વિષય જ નથી. જ્યાં જ્યાં દષ્ટિ પડે, જ્યાં જ્યાં ઇંદ્રિયો તથા મન જાય, ત્યાં ત્યાં વિશુદ્ધ પ્રેમને પોતાના પ્રિયતમનું જ ભાન થાય છે. એક અણુ પણ પ્રિયતમવિનાનું તેને જણાતું નથી. સર્વત્ર, અંતર્બાહ્ય પોતાના પ્રિયતમની જ તેને પ્રતીતિ હોય છે. આવો અમર્યાદ વિશુદ્ધ પ્રેમ જ મહામળને હરનાર છે, દુઃખમાત્રથી તારનાર છે, અને અખંડ સુખમાં સ્થાપનાર છે.

૮૬. વિશુદ્ધ પ્રેમનું સ્વરૂપ પ્રહ્લાદના ચરિત્રમાં આદ્યંત વ્યાપી રહ્યું છે. જળમાં, સ્થળમાં, નભમાં, અનલમાં, અનિલમાં, કાષ્ઠમાં, પાષાણમાં, દુર્જનમાં, સજ્જનમાં, પશુપક્ષીમાં, જંતુમાં આ મહાભક્તને, આ પ્રેમની વિશુદ્ધ મૂર્તિને, પ્રિયતમવિના અન્ય કંઈ જ જણાતું ન હતું. પ્રહ્લાદના ઇષ્ટ કોઈ ધાતુની મૂર્તિમાં કે પાષાણની પ્રતિમામાં કે કાગળની છબીમાં, કે કોઈ એક વ્યક્તિમાં જ સ્થિત હતા, અને બહાર બધે અંધકાર હતો, એમ ન હતું. દેવળ અડકાવ્યું કે સેવાગૃહ બંધ કર્યું કે પૂજાથી પરવાર્યા કે સ્નાનસંધ્યાથી મુક્ત થયા, કે પ્રહ્લાદના ઇષ્ટ લોપ થઈ જતા ન હતા. વ્યવહાર કરો કે સંયમમાં પ્રવેશો, ઊઠો, બેસો, ચાલો કે ઊંઘો, ગમે તે ક્રિયા કરો પણ પ્રહ્લાદની વૃત્તિ પોતાના પ્રિયતમના જ અનુસંધાનવાળી રહેતી. પ્રહ્લાદને સર્વ જ પ્રિયતમરૂપ જણાતું. આ વિશુદ્ધ પ્રેમનું સ્વરૂપ છે.

૮૭. દેવળમાં દેવને ન માનવાનું કે પ્રતિમાની સેવાપૂજા ન કરવાનું કે કોઈ યોગ્ય મહાપુરુષમાં અવિરલ ભક્તિ ન ધરવાનું આ સ્થળે કહ્યું નથી. સર્વત્ર વિશુદ્ધ પ્રેમનો ઉપદેશ, અમુકમાં પ્રેમ કરવો અને અમુકમાં ન કરવો, એવો હોય જ નહિ. પરંતુ અત્રે જે કહ્યું છે તે એ કે પ્રતિમા, દેવ કે મહાપુરુષની ભક્તિ માત્ર કોઈ કરે, અને તે વિનાનાં સર્વ સ્થાનમાં રાગદ્વેષ પ્રવર્તાવે તો તેવી ભક્તિ એકદેશી છે. તે લાભકારક છે, પણ સર્વોત્તમ લાભને કરનારી નથી. તે હજાર અથવા લક્ષ રૂપૈયાને આપનાર ક્રિયાજેવી છે, પણ અનર્ગળ દ્રવ્ય આપનાર ક્રિયાજેવી નથી. તે સાધનરૂપ છે, પણ સાધનની સમાપ્તિ ત્યાં જ થાય છે એમ નથી. તે એકડો કાઢવા જેવી છે, પણ એકડો કાઢતાં આવડવો એ જ વિદ્યાનો પરાવધિ નથી. આવી એકદેશી ભક્તિ-વાળાએ ત્યાં જ ઠરીને અઠે દ્વારકા કરવાનું નથી, પણ આગળ વધવાનું છે. તેમણે સર્વત્ર ઇષ્ટદર્શન કરવાનું છે. સર્વત્ર ભક્તિનો પ્રવાહ પ્રવર્તાવવાનો છે. સર્વત્ર વિશુદ્ધ પ્રેમનાં કિરણો વિસ્તારવાનાં છે. સર્વત્ર વિસ્તરેલો પ્રેમ, અમર્યાદ અવસ્થાને પામેલો પ્રેમ જ બ્રહ્મીભૂત કરનાર છે. એ અમર્યાદ વિશુદ્ધ પ્રેમ બ્રહ્મરૂપ જ છે. એ જ બ્રહ્મ છે.

૮૮. જેમ બ્રહ્મના કકડા કરી શકાતા નથી, તેમ વિશુદ્ધ પ્રેમના કકડા કરી શકાતા નથી, અર્થાત્ તેના અંશ હોતા નથી. જેમ બ્રહ્મ એક દેશમાં હોય અને અન્ય દેશમાં ન હોય એમ બનતું નથી, તેમ વિશુદ્ધ પ્રેમ એક સ્થળે હોય અને અન્ય સ્થળે ન હોય એ બનતું જ નથી. એક સ્થળમાં હોવું અને

અન્ય સ્થળમાં ન હોવું, એ વિશુદ્ધ પ્રેમનું સ્વરૂપ નથી; પણ તે કામનું, રાગનું, પ્રીતિનું એ આદિ વિકારોનું સ્વરૂપ છે. વિશુદ્ધ પ્રેમ નિર્વિકાર છે. કામ, રાગ, પ્રીતિ એ આદિ વિકારો વધે છે, તથા ઘટે છે. વિશુદ્ધ પ્રેમમાં વધવાઘટવાપણું છે જ નહિ. તે એકરૂપ, એકરસ અમર્યાદપણે વિલસે છે.

૮૯. "વિશુદ્ધ પ્રેમની મોટી મોટી વાતો સાંભળી, પણ તે હૃદયમાં પ્રકટાવવો શી રીતે? તેને પ્રકટાવવાનો કોઈ ઉપાય છે?" હા છે. ઉપાય હોવાથી જ આ લખવાનો ઉપક્રમ કર્યો છે. પણ ઉપાયનું માહાત્મ્ય તેને આચારમાં મૂકવાથી જણાય છે. આહારને જોવાથી પુષ્ટિ મળતી નથી, પણ ખાવાથી મળે છે, તેમ ઉપાયને વાંચવાથી કે વખાણવાથી કશું વળે તેમ નથી પણ તેને આચારમાં મૂકવાથી જ લાભ છે. ઘણા મનુષ્યો ઉપાય પૂછવામાં શૂરા હોય છે, પણ ઉપાય કહેતાં, આચારમાં મૂકવાની તેમણે બાધા લીધી હોય છે. કેટલાકને તો આચારમાં મૂકીને ઉપાયની સત્યતાનો અનુભવ કરી જોયા વિના, "એમાં શું? એમાં શો માલ છે? એથી શું વળે એમ છે?" એવું ઠોક્યા કરવાની ટેવ પડી ગઈ હોય છે. તેવાં મનુષ્યોએ હવેનાં એકએ પૃષ્ઠ વાંચવા પરિશ્રમ ન લેવો. બુદ્ધિમાન્ વિવેકી મનુષ્યો જાણે છે કે સુખપ્રાપ્તિના ઉપાયો સર્વદા સરળ જ હોય છે. કાર્યને ઉત્પન્ન કરનાર કારણ સર્વદા સાદું હોય છે, પણ તેનાથી ઉત્પન્ન થતાં કાર્યો ચમત્કારિક અને અત્યંત સૌંદર્યવાળાં હોય છે. પૃથ્વી એ કેવો સાદો પદાર્થ છે! પણ તેમાંથી કરોડો જાતનાં કેવાં ચમત્કારિક અને મનોહર પુષ્પો થાય છે! પુષ્પ પૃથ્વીમાં ઊગે છે, એવું કોઈ ન જાણતું હોય, અને તેને વિવિધ મનોહર રંગવાળું એક સુંદર પુષ્પ આપ્યું હોય અને તેને કહ્યું હોય કે આ માટીમાંથી આ ઉત્પન્ન થયું તો તે વાત માનતાં તેને કેટલો સંકોચ થાય? એમ છતાં સર્વને સુવિદિત છે કે જેમાં સુવાસ તથા સુંદર વર્ણ અપ્રકટ છે, એવી પૃથ્વીમાંથી પુષ્પ વગેરે ઉત્પન્ન થાય છે. અર્થાત્ સાદાં જણાતાં સાધનો બુદ્ધિમાને અશ્રદ્ધા કરવા યોગ્ય નથી.

૯૦. તમારે વિશુદ્ધ પ્રેમ હૃદયમાં પ્રકટાવવા માટે આરંભમાં વિશુદ્ધ પ્રેમ તમારા હૃદયમાં છે જ, એમ દૃઢપણે માનવું જોઈએ. જે વસ્તુ જ્યાં નથી હોતી તે વસ્તુ ત્યાં કદી પ્રકટતી નથી. કાષ્ઠમાં અગ્નિ છે, માટે જ તે ત્યાં મંથનરૂપ ઉપાયવડે પ્રકટ થાય છે. કાષ્ઠમાં સોનું નથી, માટે ગમે તે ઉપાય કરીએ તો પણ તે તેમાં પ્રકટ થતું નથી. આપણામાં વિશુદ્ધ પ્રેમ છે, માટે જ તેનું આપણને ભાન થવું સંભવે છે. તેથી દૃઢપણે માનો કે તમારામાં વિશુદ્ધ પ્રેમ

પૂર્ણ કલાથી પ્રવર્તી રહ્યો છે. જે જે ઊંચા ગુણો આપણામાં જણાતા ન હોય તે તે ગુણો આપણામાં છે, એવું આરંભમાં દૃઢપણે માનવું, એ તે તે ગુણોને આપણામાં પ્રકટ અનુભવવાનું પ્રથમ પગથિયું છે. તેથી તમારામાં વિશુદ્ધ પ્રેમનું તમને ભાન ન થતું હોય તોપણ માની લો–બળાત્કારથી માની લો–કે તમારામાં તે છે. પછી પુનઃ પુનઃ જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે ત્યારે 'મારામાં વિશુદ્ધ પ્રેમ છે,' 'હું પ્રેમસ્વરૂપ છું,' એવી ભાવના કર્યા કરો. દિવસમાં સો વાર કે હજાર વાર ધાર્યા કરો કે 'હું વિશુદ્ધ પ્રેમસ્વરૂપ છું.' જે જે મનુષ્ય તમને મળે, જેના જેના સંબંધમાં તમે આવો, તે તે મનુષ્યપ્રત્યે મનથી બોલતા જાઓ કે 'હું તમને પૂર્ણ પ્રેમથી ચાહું છું,' 'તમે મને અત્યંત પ્રિય છો.' જે જે પદાર્થોનો તમારે સંબંધ થાય તે તે પદાર્થોને મનથી કહો કે 'હું તમને અત્યંત પ્રીતિના વિષય ગણું છું.' જે જે ક્રિયા તમારે કરવાની આવે તે તે પ્રત્યેક ક્રિયા વખતે મનમાં એવા ભાવને જાગ્રત્ રાખો કે 'આ ક્રિયા મારી અત્યંત પ્રીતિનો વિષય છે.' જ્યાં જ્યાં દૃષ્ટિ પડે, જે જે શ્રવણે પડે, જેનો જેનો સંબંધ થાય તે સર્વને મનથી કહ્યા કરો કે 'તમે મને અત્યંત પ્રિય છો.' પુનઃ પુનઃ બોલો, સો વાર બોલો, હજાર વાર બોલો, લાખ વાર બોલો. તમને તે પ્રાણીપદાર્થ કે ક્રિયા ખરી રીતે અંતરથી અપ્રિય જણાતાં હોય, તમને તેમનો અણગમો હોય કે તિરસ્કાર હોય કે દ્વેષ હોય, તેની ચિંતા નહિ. તમારો અંતરનો ભાવ ગમે તેવો હોય, તે ભાવને જોવાની જરૂર નથી. માત્ર આ નવા ભાવને જ મનોમય વાણીથી બોલ્યા કરો. આ નવા ભાવનું કલ્પનામાં સ્વરૂપ રચો. તેમના ઉપર તમે ખરો જ પ્રેમ રાખો છો, એવું ડોળ કરો. મનથી તે જ પ્રમાણે માનો. તમારા જૂના ભાવનું વિસ્મરણ કરી આ નવા ભાવને જ ઉત્સાહથી સેવો. તમારાથી બને તે પ્રમાણે આ નવા ભાવમાટે ગાંડાઘેલા થઈ જાઓ. આમ ને આમ કર્યા જ કરો. અભ્યાસ છોડો નહિ. ત્યાંસુધી કર્યા કરો કે જ્યાંસુધી તમે ખરા પ્રેમના અંકુરોને તમારા હૃદયમાં ફૂટી નીકળતા અનુભવો. સમય જતાં, જે અપ્રકટ હતું, તે પ્રકટ થયેલું તમને જણાશે. તમારામાં પ્રેમ પ્રકટ થયેલો તમે જોશો. અને એમ થાય એમાં કંઈ આશ્ચર્ય નથી. એમ થવું જ જોઈએ. કારણ તમે પોતે વિશુદ્ધ પ્રેમસ્વરૂપ છો; અને આખું વિશ્વ તમારું સ્વરૂપ છે, તેથી આખા વિશ્વઉપર તમને પ્રેમ પ્રકટે છે. જડ અને અજડ સર્વપ્રતિ તમને વિશુદ્ધ પ્રેમભાવના પ્રકટે છે.

૯૧. તમારા ઘરમાં એક ખૂણામાં પંદર હાથ ઊંડે મહોરોના ભરેલા

પચાસ ચરુ છે, એવું કોઈ વિશ્વાસપાત્ર મનુષ્યે તમને કહ્યું, તો તે જ ક્ષણે શું તમારા હાથમાં મહોરો આવી પડે છે? ના. તમે પ્રથમ તે વાત દૃઢપણે માનો છો. પછી જમીન ખોદવાનાં સાધનો એકઠાં કરો છો. પચાસ ચરુ જમીનમાં છે જ, એવું વિશ્વાસપૂર્વક માનતા તથા તેનું વારંવાર સ્મરણ કરતા એકલા કોઈ ન જાણે એમ તમે જમીનને કંટાળ્યા વિના ખોદ્યા કરો છો. એક હાથ, બે હાથ કે દશ હાથ ખોદી તમે અટકતા નથી. ચૌદ હાથ ખોદતાં પણ કશું જ ન જણાતાં તમે નિરાશ થતા નથી. તમે પૂરા પંદર હાથ ખોદો છો, ત્યારે જ તમે ચરુને જુઓ છો. ચૌદ હાથ સુધી તમારા હાથમાં માટી ને કાંકરા વિના કશું જ આવ્યું ન હતું. પૂર્ણ ખોદી રહ્યે જ તમે ફળને અનુભવો છો. પ્રયત્નના પરિપાકમાં જ ફળનો અનુભવ હોય છે. તે પૂર્વે તો પરિશ્રમ જ હોય છે. વિશુદ્ધ પ્રેમને હૃદયમાં પ્રકટાવતાં પણ તમારે આમ જ કરવાનું છે. વિશુદ્ધ પ્રેમ પ્રકટ થતા પર્યંત પુનઃપુનઃ ભાવનારૂપ કોદાળીથી ખોદ્યા જ કરવાનું છે. કશું ન જણાય, ફળનો અનુભવ ન થાય તોપણ વિચારની શુદ્ધ કળાને સેવ્યા કરવાની છે. જેમ એકએક તસુ ખોદતાં ધનના ચરુની પાસે પહોંચાતું જાય છે, તેમ પ્રત્યેક ક્ષણે વિશુદ્ધ પ્રેમની ભાવનાને સેવતાં અંતઃકરણમાં વિશુદ્ધ પ્રેમના સંસ્કાર દૃઢ થતા તથા પોષાતા જાય છે, વૃત્તિઓને વિશુદ્ધ પ્રેમસાથે પરિચય પડતો જાય છે, અને પરિણામમાં તેઓ વિશુદ્ધ પ્રેમમય જ થઈ જાય છે.

૯૨. વિશુદ્ધ પ્રેમમાં અને ઇશ્વિરમાં કશો જ ભેદ નથી. તેથી કરીને વિશુદ્ધ પ્રેમમય થવું, અને ઇશ્વિરસ્વરૂપ થવું એ ઉભય સરખાં છે. મનુષ્ય જેટલા અંશમાં વિશુદ્ધ પ્રેમની કળાને પોતાના હૃદયમાં વધારતો જાય છે, તેટલા અંશમાં તે ઇશ્વિરમય થતો જાય છે; અને ઇશ્વિરમય થવું એટલે સર્વ સામર્થ્યયુક્ત થવું એ જ છે. તેથી મનુષ્ય જેમ જેમ વિશુદ્ધ પ્રેમમય થતો જાય છે, તેમ તેમ તે અધિક સામર્થ્યયુક્ત થતો જાય છે. સર્વઉપર અત્યંત પ્રેમ ધરવો—સર્વાત્મભાવના કરવી—એ સામર્થ્યમાત્રનો ઉપાય છે.

૯૩. પ્રિયતમ! તેથી સર્વત્ર આત્મભાવના પ્રકટાવો. જ્યાંત્યાં પ્રેમને પ્રવર્તાવો. પ્રેમવિના બીજો કોઈ ભાવ હૃદયમાં પ્રકટેલો જોશો નહિ. કીટથી તે બ્રહ્માપર્યંત સર્વમાં વિશુદ્ધ પ્રેમ સેવો. જે જે ક્રિયા કરો, તે સર્વમાં વિશુદ્ધ પ્રેમને કરો. તમે પ્રેમસ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ થઈ જશો.

૯૪. ભય એ નામનો વિકાર મનુષ્યોને અત્યંત હાનિ કરનાર છે. જે

અંતઃકરણમાં તે પ્રકટ થાય છે, ત્યાં પ્રથમ તે અંતઃકરણના ઉચ્ચ ગુણોનો વિનાશ કરે છે, પછી શરીરની સાતે ધાતુઓનું શોષણ કરે છે, અને પરિણામે મનુષ્યની બાહ્ય સુખસંપત્તિનો લય કરે છે. તે અગ્નિની પેઠે જ્યાં પ્રકટે છે, ત્યાં વિનાશને જ પ્રવર્તાવે છે.

૯૫. મનુષ્ય જન્મે છે ત્યારથી તે ભયમાં ઊછરે છે, ભયમાં મોટો થાય છે, અને ભયમાં જ ડૂબેલો મરે છે, એમ કહીએ તો ખોટું નથી. બાળકને દિવસમાં સેંકડો પ્રસંગ ભયથી કંપાયમાન થવાના આવે છે. જેમ જેમ તે મોટું થાય છે, તેમ તેમ અધિક અધિક ભયના પ્રસંગો ઊપજતા જાય છે. તે ખાતાં ભય પામે છે, પાણી પીતાં ભય પામે છે, બેસતાં ભય પામે છે, ઊઠતાં ભય પામે છે. પ્રત્યેક ક્રિયામાં ભય તેને ત્યજતો નથી. આમ કરીશ તો આમ થશે, આમ જઈશ તો આવું દુઃખ આવી પડશે, આ ક્રિયામાં જોડાઈશ તો કોણ જાણે શુંનું શુ થઈ જશે, એવા એવા અસંખ્ય વિચારોથી મનુષ્યનો મોટો ભાગ ભયાકુલ અને ભયત્રસ્ત રહે છે. મનુષ્યોના અંતરના ઊંડા ભાગમાં પ્રવેશ કરીને જોઈએ છીએ તો જાગ્રત્‌માં કે સ્વપ્નમાં તે ક્વચિત જ ભયથી મુક્ત જોવામાં આવે છે.

૯૬. અને આમ છતાં, વસ્તુવિચારથી, મનુષ્યોને ભય ધરવાનું કશું જ પ્રયોજન હોતું નથી. ભયનું આ મોટું ગંજાવર મકાન રેતીના પાયાઉપર ચણાયલું હોય છે. તે દોરડીમાં જણાતા સાપજેવું મિથ્યા છે. તે કાગળમાં ચીતરેલા વાઘની પેઠે વૃથા જ છળાવી મારનાર છે. તે લાકડાના ઠૂંઠામાં જણાતા ચોરની પેઠે મિથ્યા ધ્રુજાવનાર છે. અનાદિ કાળથી મનુષ્યોએ પોતાની કલ્પનાથી જ આ ભયના અસંખ્ય વિચારોને રચેલા હોય છે. જેમ ચોરની અને ભૂતની વાતો સાંભળીને અજ્ઞાન મનુષ્યો ઘરમાં બિલાડીનો પગરવ થતાં છળી મરે છે, પવનથી બારણું ખખડતાં કંપી ઊઠે છે, અને તેમને પરસેવાના રેબેરેબ છૂટી જાય છે, તેમ મનુષ્યો મિથ્યા કલ્પનાવડે જ, ભયનાં સ્વરૂપો રચી છળી મરે છે, અને કંપી ઊઠે છે. તેમની મિથ્યા કલ્પના જ, તેમના મિથ્યા વિચારો જ, તેમને ભયના પ્રસંગો તેમના આગળ મૂર્તિમાન્ રચી દેખાડે છે.

૯૭. સર્વત્ર વ્યાપી રહેલી પરમ કલ્યાણકારક સત્તા જેને શાસ્ત્રો પરમાત્મા, પરમેશ્વર, પરમતત્ત્વ, એવાં એવાં અસંખ્ય નામોથી ઓળખે છે, તેમાં અશ્રદ્ધા, અથવા અવિશ્વાસ, એ જ આ અસંખ્ય પ્રકારના ભયનું મૂળ કારણ છે. પરમાત્મા સર્વત્ર વ્યાપી રહેલા છે, અને તે પ્રાણીમાત્રનું નિરંતર હિત કરે છે, એ વાર્તાનું અજ્ઞાન એ જ આ વિવિધ ભેદવાળા ભયનો હેતુ છે.

૯૮. એક શુની(કૂતરી)ની પક્ષે ઊભેલું કુરકુરિયું પણ, મારી માતા મારું રક્ષણ કરવા સમીપ છે, એવા જ્ઞાનવડે ઊભી પૂંછડી રાખી, વિશ્વને તૃણવત્ લેખતું કોઈ પણ પ્રાણી તેની પાસે આવે છે તો ઘુરકિયાં કરતું નિર્ભયપણે વિચરે છે, તથાપિ **त्वमेव माता च पिता त्वमेव** હે ઈશ્વર ! તમે મારાં માતા છો, તમે મારા પિતા છો, તમે મારા રક્ષક છો, એમ નિત્ય વદનાર અસંખ્ય બુદ્ધિમાન્ મનુષ્યો આ વિશ્વમાં નિરંતર ભયભીત રહે છે. શાસ્ત્રાભ્યાસ કરનારા, અને **પરમેશ્વરવિના** આ જગત્માં બીજું કંઈ જ નથી, **सर्वं खल्विदं ब्रह्म ।** આ સર્વ **બ્રહ્મ** છે, એવું દિવસમાં સેંકડો વાર બોલનાર અનેક પંડિતો અંતરમાં ભયવડે ધ્રૂજતા રહે છે. **સદ્ગુરુને** શરણે થયેલા, અને **સદ્ગુરુને** શરણે થયેલાનું કોઈ દિવસ કોઈ કાળે અહિત થતું જ નથી, એવું માનનારા અને કહેનારા અનેક સાધકો સામાન્ય સરખા જણાતા અનેક વ્યવહારના પ્રસંગો પ્રાપ્ત થતાં ભયવડે હૃદયને સંકોચાયલું અનુભવે છે. આનું કારણ અન્ય કંઈ જ નથી, પરંતુ તેઓને ઈશ્વરમાં, તેઓના જ્ઞાનમાં, અને **સદ્ગુરુના** સામર્થ્યમાં અશ્રદ્ધા હોય છે.

૯૯. **પરમેશ્વર** આપણાં માતાપિતા છે, આપણા રક્ષક છે, અને આપણે તેમનાં બાળક છીએ, તો પછી ભય ધરવાનું શું પ્રયોજન છે ? **પરમેશ્વર** સર્વત્ર વ્યાપી રહેલા છે, અને **પરમેશ્વરવિના** જે જે જણાય છે, તે ઝાંઝવાના જળની પેઠે અથવા સ્વપ્નમાં જણાતા પ્રસંગોની પેઠે મિથ્યા છે, તો પછી ભયને શા માટે ધરવો ? સિંહનું બાળક સિંહની સોડમાં સૂતેલું છતાં શિયાળના પોકારથી છળી મરે તો શું તે સ્પષ્ટ નથી સૂચવતું કે તેને સિંહના સામર્થ્યનું ભાન નથી ? **પરમેશ્વરના** સ્વરૂપનું તથા તેમની સાથે આપણા સંબંધનું અજ્ઞાન એ જ ભયનો પ્રબળ હેતુ છે.

૧૦૦. આપણા ભયના વિચારો જ ભયના પ્રસંગો સર્જે છે. આપણા ભયના વિચારો જ માત્ર જે વસ્તુતઃ નથી, તેને આપણી દૃષ્ટિમાં સત્ય કરી દેખાડે છે. જેમ ઘરમાં ચોર અથવા ભૂત હોતું નથી, પણ બાળકના ભયના વિચારો જ તેને ઘરમાં ચોર અથવા ભૂત હોવાનું ભાન કરાવે છે, તેમ આપણા ભયના વિચારો જ, જગત્માં ભયજેવું કશું જ હોવા ન છતાં આપણને ભયનું ભાન કરાવે છે; કારણ સમગ્ર જગત્ કલ્પનામય છે. મનુષ્ય જેવી કલ્પના કરે છે, તેવું તે પોતાની દૃષ્ટિસમીપ રચાયલું અનુભવે છે. અધ્યાત્મશાસ્ત્રના સુપ્રસિદ્ધ નિયમાનુસાર મનુષ્ય જેનું દૃઢપણે ચિંતન કરે છે, તેને તે પ્રાપ્ત થયેલું અનુભવે છે. જેનાથી મનુષ્ય

ભયભીત રહે છે, તેને તે પોતાની સમીપ સત્વર આકર્ષી આણે છે, કારણ કે વિચારની અદ્દભુત આકર્ષક સત્તા છે. ભયના વિચારમાં વારંવાર નિમગ્ન રહેનાર મનુષ્ય અલ્પ સમયમાં, જેનું તે ભય ધરે છે, તેને પોતાની દૃષ્ટિસમીપ મૂર્તિમાન્ થયેલું જુએ જ છે.

૧૦૧. વીજળી પડવી, ધરતીકંપ થવો, આગ લાગવી વગેરે અકસ્માત્ અનતા પ્રસંગોમાં મનુષ્યોએ તે સંબંધના ભયના વિચારો સેવેલા જણાતા હોતા નથી, અને તેથી ભયના વિચારો સેવવાથી જ ભયના પ્રસંગો આવે છે, એ કહેવું યથાર્થ નથી, એવી કેટલાક મનુષ્યો શંકા કરે છે, પરંતુ તે શંકા યોગ્ય નથી. જેટલા જેટલા પ્રસંગો જગત્માં બને છે, તે સર્વ માનસિક વિચારો અને તે દ્વારા થતી મનુષ્યોની ક્રિયાના જ પરિણામો હોય છે. અને તેથી ઉપર કહેલા અકસ્માતોમાં ભયના વિચારો, મનુષ્યોએ તે અકસ્માતોની પૂર્વક્ષણમાં સેવેલા જો કે જણાતા નથી, તોપણ કોઈ સમયે કોઈ સ્થળે મનુષ્યોએ ભયના વિચારો સેવેલા હોવાથી જ તેવા અકસ્માતો નીપજવાનો સંભવ આવે છે. ભયના વિચારો કોઈ કાળે પણ સેવ્યા વિના ભયના પ્રસંગો પ્રકટવાનો સંભવ આવતો જ નથી. જો મનુષ્યોના અયોગ્ય વિચારોવિના તથા તે વિચારોવડે થતી અયોગ્ય ક્રિયાવિના ભયના પ્રસંગો ઉત્પન્ન થવાનો સંભવ આવતો હોય તો તો યોગ્ય વિચારવિના અને યોગ્ય ક્રિયાવિના પણ ઉચ્ચ સુખોના સંભવો ઉત્પન્ન થવા જોઈએ. અકસ્માત્ જેમ વીજળી પડે છે, ધરતીકંપ થાય છે, અને આગ લાગે છે, તેમ અકસ્માત્ સોનાનો વરસાદ વરસવો જોઈએ, અને અકસ્માત્ નવા મહાલયો કોઈ કોઈ સ્થળે બંધાઈ જવા જોઈએ; પરંતુ અશુદ્ધ વિચારવિના આ વિશ્વમાં જેમ દુઃખના સંભવો ઉત્પન્ન થતા નથી, તેમ શુદ્ધ વિચારવિના સુખના સંભવો પણ ઉત્પન્ન થતા નથી.

૧૦૨. પરમાત્માની કલ્યાણકારક સત્તા સર્વત્ર વિલસી રહી છે, અને તેથી દુઃખને આવવાનો લેશ પણ સંભવ નથી, એવી અચલ શ્રદ્ધા જે મનુષ્યો સેવે છે, અને તેથી કરીને જે મનુષ્યો 'આમ કરીશું તો રખેને આમ થશે, અને આમ કરીશું તો રખેને તેમ થશે,' એવા ભયવાળા વિચારોને સેવતા નથી, અને પોતાનું મિથ્યા અભિમાન પરમેશ્વરમાં સમર્પી, યથાપ્રાપ્ત વ્યવહાર શાંત અને સ્વસ્થ-પણે સેવ્યા કરે છે, તેઓ ભયમાત્રથી મુક્ત રહે છે, અને ઉત્તરોત્તર ઊંચા ઊંચા સુખના પ્રસંગોને પ્રકટેલા અનુભવે છે. પરમેશ્વર જે કરે છે, તે સારૂં જ કરે છે,

ખોટું કશું થતું જ નથી, એ વિચારવડે પરમેશ્વરને જ પોતાના નેતા (દોરનાર) સ્થાપી મનુષ્ય જ્યારે ભય અને શંકાના વિચારોથી રહિત થાય છે, ત્યારે શાંતિ અને સુખના પ્રસંગો આપોઆપ તેના તરફ આકર્ષાઈ આવે છે, અને અન્ય મનુષ્યોને કંપાવી નાખનાર ભયના પ્રસંગોથી તેનું અનાયાસ રક્ષણ થાય છે.

૧૦૩. પરમાત્મામાં વ્યાકુળતાવિનાની શાંત અને સ્થિર શ્રદ્ધા, મનુષ્યને જે જે જોઈએ તે તે અલ્પ કાળમાં અને અલ્પ પરિશ્રમે આપે છે. પરમાત્મામાં શાંત અને સ્થિર શ્રદ્ધાથી સમગ્ર વિશ્વ મનુષ્યને અનુકૂળ થાય છે. પૂર્વે તેને વિરોધી જણાતાં તત્ત્વો અનુકૂળ થયેલાં ભાસે છે. જેમ પિતાની અનુકૂળ દૃષ્ટિ સંપાદન કરનાર પુત્રને, પિતાના સર્વ નોકરો અનુકૂળ થઈ જાય છે, તેમ વિશ્વની સમગ્ર સત્તાઓ પરમાત્મામાં શાંત અને દૃઢ શ્રદ્ધા સ્થાપનારને અનુકૂળ થઈ જાય છે.

૧૦૪. જેમ સમુદ્રમાં અગ્નિ પ્રવેશ કરી શકતો નથી, તેમ પરમાત્મા સર્વદા મારું હિત જ કરે છે, એવી અચલ શ્રદ્ધા ધરનાર વિવેકી પુરુષોના અંતઃકરણમાં ભય પ્રવેશી શકતો નથી. જેમ ભીનાશવાળી, અંધકારવાળી તથા ગંદી જગાઓમાં જ સાપવીંછી વગેરે રહે છે, તેમ પરમાત્માની નિરંતર કલ્યાણસાધક સત્તામાં અશ્રદ્ધાવાળા મનુષ્યના અંતઃકરણમાં જ ભય સ્થાન કરીને રહે છે. પરમાત્મામાં શ્રદ્ધા અને ભક્તિરૂપ અગ્નિ, મનુષ્યના હૃદયમાં જામી ગયેલા ભયના મોટા બરફના ડુંગરને તત્કાળ ઓગાળી નાખે છે. પરમાત્માની હિતસાધક સત્તામાં અચલ શ્રદ્ધા, એ સાચા ભક્ત થવાની સાચા સાધક થવાની, સાચા યોગી થવાની, અને સાચા તત્ત્વજ્ઞાની થવાની કૂંચી છે. સર્વત્ર પરમાત્માની કલ્યાણકારક સત્તા પ્રવર્તી રહી છે, અને તેથી અહિતનો લેશ પણ સંભવ નથી. એ નિશ્ચયને આચારમાં મૂકનાર મનુષ્ય જ સાચો ભક્ત, સાચો સાધક, સાચો યોગી અને સાચો તત્ત્વજ્ઞાની થાય છે.

૧૦૫. સાચા ભક્તો, પરમેશ્વરમાં અવિશ્વાસવાળા અજ્ઞાની મનુષ્યોની પેઠે, ભયના પ્રસંગો પ્રકટવાનાં અનુમાનો થાય, એવાં નિમિત્તો જોઈને વ્યાકુળ થતા નથી. ઇંદ્રિયોથી જણાતા બાહ્ય પ્રસંગોને અવલોકી તેઓ ભયભીત થઈ વ્યગ્ર થતા નથી. બાહ્ય ગમે તેવા અપ્રિય જણાતા પ્રસંગો પ્રકટે તોપણ તેઓ પરમાત્માની કલ્યાણકારક સત્તામાં સ્થાપેલો પોતાનો દૃઢ વિશ્વાસ ડગાવતા નથી. તેઓ અનુભવપૂર્વક જાણે છે કે 'આ અપ્રિયસરખો ભાસતો પ્રસંગ, જીવદૃષ્ટિથી અપ્રિય અથવા દુઃખમય જણાય છે, પરંતુ વસ્તુતઃ પરમાત્માની

સર્વજ્ઞ દૃષ્ટિથી તે તેવો નથી. પરમાત્માની સર્વજ્ઞ દૃષ્ટિમાં આ પ્રસંગ કલ્યાણનો જ સાધક છે. જેમ રાત્રીના અંધકારમાંથી પ્રાતઃકાળનો પ્રકાશ પ્રકટે છે, તેમ આ અંધકાર જેવા ભાસતા દુઃખના પ્રસંગમાંથી સુખને પ્રકટવાનો પૂર્ણ સંભવ છે. જેમ તાપના અંતમાં વૃષ્ટિ થાય છે, અને તાપ તે વૃષ્ટિ થવાને અર્થે જ છે, તેમ આ દુઃખદ જણાતા પ્રસંગના અંતમાં સુખ જ છે, અને આ પ્રસંગનું આવું દુઃખદ સ્વરૂપ થવું, એ તેનો સુખમય પરિણામ આવવાને અર્થે જ છે, *તેથી સુખને અર્થે પ્રકટનાર દુઃખમાં ભય ધરવા* જેવું કે ક્લેશ કરવા સરખું કશું જ નથી.' આ પ્રકારના વિચારથી દુઃખદ ભાસતા પ્રસંગોમાં તેઓ ઈશ્વરી ઇચ્છાને અનુકૂળ વર્તે છે, અને આવું તેમનું અનુકૂળ વર્તન, તેમના પરમહિતનું સાધક થાય છે.

૧૦૬. પરમેશ્વરમાં અચલ વિશ્વાસવાળા આવા સાચા ભક્તો જાણે છે કે હું વસ્તુતઃ પરમેશ્વરનો અંશ છું, અને તેથી કરીને પરમેશ્વરસ્વરૂપ છું. અને પરમેશ્વરના ચૈતન્યસ્વરૂપમાં ગમે તેવા ભયના પ્રસંગોથી જેમ કશી પણ વિક્રિયા કે હાનિ થવાનો સંભવ નથી, તેમ પરમેશ્વરનો અંશ જે હું, તે મારામાં પણ ગમે તેવા ભયના પ્રસંગો પ્રાપ્ત થતાં પણ લેશ પણ વિક્રિયા કે હાનિ થવાનો સંભવ નથી. અને જેમ સિનેમેટોગ્રાફના ખેલમાં કે મેજિક-લેન્ટર્નના ખેલમાં ઘોડાઓની પુષ્કળ દોડાદોડ થતાં છતાં પણ તે ઘોડા મને ચગદી નાંખવા સમર્થ નથી, કારણ હું તે સર્વથી પૃથક્ છું, અને પૃથક્ ન હોઉં તોપણ આ ઘોડાની દોડાદોડ આભાસ માત્ર છે, તેમ આ વિશ્વના સર્વ પ્રસંગો આભાસમાત્ર હોવાથી ગમે તેવા રૂપમાં દેખાય તેથી મને શી હાનિ થનાર છે? અને જ્યારે હાનિ થવાનો સંભવ નથી, તો પછી તેમના પ્રકટવાથી કે તેમના પ્રકટવાના અનુમાનથી મારે ભયભીત થવાનું શું પ્રયોજન છે? મીણનો કે ચામડાનો સાપ પોતાની ફણા ઊંચી કરીને મને કરડે તેથી શું મારે મરણનું ભય ધરવું, અને તેનું વિષ ઉતારવાને માટે દોડધામ કરી મૂકવી? સર્વથા આ વિશ્વ જ્યારે દેખવા માત્ર છે, અને સાચું હોય તોપણ તેમાં જે જે બને છે, તે મારા જ હિતને માટે બને છે, તો પછી હિતના પ્રસંગોને પણ અહિત રૂપે કલ્પી, મારે પોતે મારા જ પડછાયાવડે ભયને શા માટે પામવું જોઈએ?

૧૦૭. મનુષ્યો જે ભયના પ્રસંગોના અનુમાનથી ભયવડે છળી મરે છે, તેમાંથી સોએ પોણોસો પ્રસંગો તો ભવિષ્ય કાળમાં અદૃશ્ય રૂપે રહેલા હોય

છે. વર્તમાન કાળમાં તેમાંનો એકે પ્રસંગ તેમની સમક્ષ પ્રકટ થયેલો હોતો નથી. અને ભયના વિચારો નિરંતર સેવીને મનુષ્યો તેવા પ્રસંગોને મૂર્તિમાન્ થવાના સંભવો થોડે કાળે ન આણતા હોય તો તેવા પ્રસંગો કદી પણ જોવાનો તેમને સમય આવે એમ હોતું નથી. ભયના વિચારો એ ભયને પ્રકટ થવાના પ્રસંગોનાં બીજક છે, અને તેથી સુખને ઇચ્છનાર મનુષ્યોએ પોતાની હૃદય-ભૂમિમાં ભયના વિચારોનાં બીજક કદી પણ રોપવાં જોઈએ નહિ. ભવિષ્ય કાલનો વિચાર ત્યજી દો; અને ભવિષ્ય કાલનો વિચાર કદી કરો, તો ભવિષ્ય કાળમાં સુખ જ મળનાર છે, એવા વિચારને જ સેવો. જેમ ઘરમાંથી આપણે કચરો વાળી કાઢીએ છીએ તેમ અંતઃકરણમાંથી ભયના વિચારોનો કચરો વાળી કાઢો.

૧૦૮. ભવિષ્યમાં દુઃખ પ્રાપ્ત થવાનો ભય શરીરને તથા મનને શિથિલ, દુર્બલ અને ઉત્સાહરહિત કરે છે. નિરંતર સુખ પ્રાપ્ત થવાની આશા અને શ્રદ્ધા શરીરને તથા મનને બળવાન, સ્ફૂર્તિવાળું, તથા ઉત્સાહયુક્ત કરે છે. ભયના વિચારો શરીરને તથા મનને શિથિલ કરી નાખે એવાં અસંખ્ય વિચારોનાં આંદોલનોને વિશ્વના વાતાવરણમાંથી આપણા પ્રતિ આકર્ષી લાવે છે. સુખ પ્રાપ્ત થવાની આશા તથા શ્રદ્ધાના વિચારો શરીર તથા મનને ઉત્સાહયુક્ત કરનાર અસંખ્ય વિચારોનાં આંદોલનો વિશ્વના વાતાવરણમાંથી આપણા પ્રતિ આકર્ષી લાવે છે. ભયના વિચારો મનુષ્યને દુઃખના અગાધ અંધકારમાં ભ્રમણ કરાવે છે. સુખને મળવાની આશાના તથા શ્રદ્ધાના વિચારો સુખના પ્રકાશમય તેજસ્વી પ્રદેશમાં મનુષ્યને સ્થાપે છે.

૧૦૯. પરમાત્મા આપણું નિરંતર હિત જ કરે છે, એ પ્રકારના શ્રદ્ધાના વિચારો અભ્યાસવડે મનુષ્ય પોતાના અંતઃકરણમાં સર્વદા પ્રવર્તાવી શકે છે. પોતાના અંતઃકરણમાં પાછું વળીને જોવાનો અભ્યાસ સેવવાથી અને ભયનો વિચાર હૃદયમાં સ્ફુરતાં જ તેને વધવા ન દેવાની સાવધાનતા રાખવાથી ભયના વિચારો હૃદયમાંથી નિર્મૂળ કરી શકાય છે. એકાંતમાં નિત્ય અર્ધ કલાક અથવા કલાક હૃદયમાં પોતાના આત્મામાં વૃત્તિ સ્થાપવાથી, અથવા સર્વવ્યાપક પરમાત્મામાં પોતાની વૃત્તિઓને વિલીન કરવાથી ભયનો જય થઈ શકે છે. પરમાત્માના સર્વત્રવ્યાપક હિતસ્વરૂપને જ જોયા કરવાથી, અને હૃદયમાં ઊઠતા અન્ય વિચારોનો અલક્ષ કરવાથી અર્થાત્ પરમાત્મામાં ઇંદ્રિય તથા

મનનો નિરોધ કરવાથી સબળ શ્રદ્ધા આપોઆપ જ હૃદયમાં પ્રકટે છે. જેમ ટાઢના દિવસમાં મનુષ્ય તડકામાં બેસીને સૂર્યનાં કિરણોને પોતાના શરીર પર આવવા દેઈ, ટાઢને ઉડાડે છે, અને સૂર્યનાં કિરણોમાંથી બળને આપનાર જીવનને પ્રાપ્ત કરે છે, તેમ મનુષ્યે ઇંદ્રિયોના તથા મનના સર્વ વ્યાપાર છોડી દઈને અર્થાત્ કેવળ શાંત થઈને સર્વત્ર વ્યાપી રહેલા પરમાત્મારૂપ સૂર્યના સુખદ અને કલ્યાણકારક કિરણોને શરીર તથા મનમાં, નિત્ય અર્ધો કલાક કે કલાક શાંતપણે આવવા દેઈ, સંશય, ભય, આદિ વિકારોની ટાઢને ઉડાડવી જોઈએ. પરમાત્માનાં હિતકર આંદોલનોના સમુદ્રમાં શરીર તથા મન ડૂબી ગયેલું છે, એવી સ્થિતિ મનવડે ધારીને તે સ્થિતિમાં અર્ધો કલાક અથવા કલાક નિત્ય વ્યતીત કરવાથી અંતઃકરણ નિર્ભય તથા પરમાત્મામાં અપૂર્વ શ્રદ્ધાવાળું થાય છે, એટલું જ નહિ, પરંતુ આવા સુખદ વિચારના સેવનથી ઉત્તરોત્તર મનુષ્યનું અધિક અધિક હિત જ સધાતું જાય છે.

૧૧૦. ભય અથવા દુઃખના પ્રસંગો પ્રકટ થનાર છે, એવો વિચાર કદી પણ સેવો નહિ. પ્રત્યેક પ્રસંગ અનુકૂળ જ થાય છે, એવો ભાવ હૃદયમાં જાગ્રત્ રાખો. અમુક મારો શત્રુ છે, અમુક મારું બગાડે છે, એવું કદી પણ માનો નહિ. તમારા આત્મસ્વરૂપમાં, સર્વવ્યાપક પરમતત્ત્વમાં શાંતપણે સ્થિર થાઓ. તમારું પોતાનું અભિમાન પરમાત્મામાં વિલાવી દો. તમારા શરીર-તંત્રના તથા મનતંત્રના ચાલક (ચલાવનાર) પરમાત્માને જ થવા દો. તમારા જીવત્વવાળા મનને શાંત પાડો. તે શાંત પડતાં વિદ્યાત્મક મન પ્રકટેલું તમે જોશો. તમારા હૃદયમાં તમારા આત્મસ્વરૂપનો, તમારા અંતર્યામી ઈશ્વરનો મધુર સ્વર તમે સાંભળશો. સત્શાસ્ત્રો અને મહાપુરુષો એને જ ઈશ્વરી પ્રેરણા કહે છે. એને જ દિવ્ય જ્ઞાન કહે છે. અન્ય પ્રજા એને inspiration અથવા revelation કહે છે.

૧૧૧. પોતાના વિચારો છોડી દેઈને જ્યારે મનુષ્ય પરમાત્મામાં સ્થિર થાય છે, અને જાગ્રત્ છતાં મનની સુષુપ્તિજેવી અવસ્થા ભોગવે છે, ત્યારે પરમાત્મામાંથી તેને જે જોઈએ તે મળે છે. શ્રદ્ધા, સુખ, શાંતિ, જ્ઞાન, પ્રાણી-માત્રપ્રતિ પ્રેમ વગેરે સર્વ શુભ તેને પ્રાપ્ત થાય છે. જીવત્વના અથવા ભયના વિચારો શરીરના રસરુધિરાદિ ધાતુઓને વિષમય કરે છે; પરમાત્માના પૂર્વોક્ત વિચારો શરીરના રસરુધિરાદિ ધાતુઓને નિર્દોષ કરે છે, અને તેમની સમાન

સ્થિતિ કરે છે. જીવત્વના અર્થાત્ ભયના વિચારો આપણા અંતરમાં રહેલા આત્મારૂપ જ્યોતિના પ્રકાશને સર્વત્ર પ્રકાશ નાંખતાં પ્રતિબંધ કરનાર માટીનું આચ્છાદન છે. પરમાત્મામાં મનને વિલાવી પૂર્વોક્ત મનની શાંત સ્થિતિ કરવી, એ આપણા આત્મારૂપ જ્યોતિના પ્રકાશને પ્રતિબંધ કરનાર માટીના આચ્છાદનને ફોડી, તે પ્રકાશને સર્વત્ર પ્રસરવાની અનુકૂળતા કરી આપવા તુલ્ય છે. ભયને જીતવાનો ઉપાય, ભયના વિચારો ન સેવતાં પરમાત્મામાં મનને વિલીન કરવું એ જ છે

૧૧૨. લીમડો, આંબો, મહુડો, આંબલી વગેરે અનેક વૃક્ષો તમે સેંકડો પ્રસંગે જોયાં હશે. પરંતુ કોઈનાં ફળ કડવાં, કોઈનાં ખાટાં, કોઈનાં તૂરાં, કોઈનાં તીખાં, કોઈનાં મધુર, કોઈનાં ગળ્યાં, એમ વિવિધ ભેદવાળાં હોવાનું શું કારણ હશે, તેનો કોઈ દિવસ તમે વિચાર કર્યો છે? પેલા કારેલાના છોડને કડવાં ભીંગડાંવાળાં કારેલાં આવવાનું, પેલા વેંગણના છોડને સુંવાળી ઘેરા જાંબુડિયા રંગની છાલવાળાં લાંબાં અને સહજ મધુર સ્વાદવાળાં વેંગણ આવવાનું, પેલા મરચાંના છોડને લીલી મનોહર છાલવાળું, મનુષ્યોની ટચલી આંગળી જેવડું અથવા તેથી પણ મોટું, જીભને ચમચમાવે એવું તીખું મરચું આવવાનું, પેલા ડુંગળીના છોડના મૂળમાં સોપચાસ પડવાળો, ગોળાકાર તથા વિલક્ષણ સ્વાદવાળો કંદ બાઝવામાં, અને એ જ પ્રમાણે અસંખ્ય વનસ્પતિઓને ભિન્નભિન્ન સ્વાદ, ભિન્નભિન્ન આકાર, ભિન્નભિન્ન ગુણ, ભિન્નભિન્ન પત્ર, ભિન્નભિન્ન પુષ્પ, તથા ભિન્નભિન્ન ફળ આવવામાં શો હેતુ હશે, તેનું કારણ ખોળી કાઢવા તમે તમારા મગજને કોઈ દિવસ પરિશ્રમ આપ્યો છે? આ સર્વ અઢાર ભાર વનસ્પતિને જન્મ આપનાર માતા જે પૃથ્વી તે એક જ છે, સર્વનું પોષણ જે જળવડે થાય છે, તે એક જ છે, સર્વને શ્વાસ લેવાની જે હવા તે એક જ છે, તથા સર્વની વૃદ્ધિમાં પ્રબળ હેતુ જે સૂર્ય, ચંદ્ર તથા વિવિધ ગ્રહો, તે પણ એક જ છે, છતાં કોઈ વૃક્ષ સો હાથ ઊંચાં તો કોઈ પચાસ હાથ ઊંચાં, કોઈ પાંચ હાથ ઊંચાં તો કોઈ જમીનથી અર્ધ તસુ પણ ઊંચાં નહિ એવાં, કોઈ કાંટાવાળાં તો કોઈ કોમળ, કોઈ સુગંધમય પુષ્પવાળાં તો કોઈ વાસવિનાનાં અથવા દુર્ગંધવાળાં, કોઈ નાનાં પાંદડાંવાળાં તો કોઈ મોટાં પાંદડાંવાળાં, કોઈ પ્રાણીઓને પોષણ આપનાર તો કોઈ તેમનો જીવ લેનાર, કોઈ ઉનાળામાં ઊગનાર તો કોઈ શિયાળામાં ઊગનાર, કોઈ ચોમાસામાં ઊગનાર તો કોઈ પાણીવિનાના રેતીના રણમાં ઊગનાર, કોઈ પ્રકાશમાં ઊગનાર તો કોઈ પ્રકાશમાં

મરી જનાર, કોઈ અંધારામાં વૃદ્ધિને પામનાર તો કોઈ અંધારામાં સુકાઈ જનાર શાથી હોય છે ? વૃક્ષોના ગુણધર્મ-આકાર વગેરેમાં આવો ભેદ કયા પ્રબળ હેતુથી થયો છે ?

૧૧૩. વૃક્ષોની ઉત્પત્તિનું, પોષણનું, તથા વૃદ્ધિનું મૂળ કારણ જે પૃથ્વી, જળ, વાયુ, પ્રકાશ, તથા ગ્રહો એ સર્વ એક જ છતાં તેમાં આટલો બધો ભારે ભેદ પડી જવાનું કારણ અન્ય કોઈ નથી, પણ તેઓનાં બીજક છે. બીજકના ભેદથી વૃક્ષોના અસંખ્ય ભેદ પડી ગયા છે. પોષકતત્ત્વ એક જ છતાં બીજકરૂપ કારણના ભેદથી અસંખ્ય પ્રકારના ભેદ પડી ગયા છે.

૧૧૪. પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ આદિ તત્ત્વો અનેક ગુણધર્મોનો મહોદધિ છે. પ્રત્યેક બીજક તેમાંથી જે જોઈએ તે પોતાને માટે આકર્ષી લે છે. આ તત્ત્વોમાંથી લીમડાનું અને ઇંદ્રવારણાનું બીજ, કડવા અણુઓને આકર્ષી કડવા વિષજેવા લીમડાને અને ઇંદ્રવારણાને રચે છે, આંબાનો ગોટલો અને કેળનું બીજ મધુર અણુઓને આકર્ષી અમૃતજેવી મિષ્ટ કેરીઓ તથા કેળાં સ્રજે છે, આંબલીનો કચૂકો તથા લિંબુનું બીજક ખાટા અણુઓને ખેંચી દાંતને ખટવી નાંખે એવી આંબલી તથા લિંબુને બનાવે છે, અને ગુલાબ તથા મોગરાનાં બીજકો સુગંધમય પરમાણુઓને આકર્ષી મગજને ભારે પ્રસન્નતા ઉપજાવનાર ગુલાબ તથા મોગરાનાં પુષ્પોની રચનાને કરે છે. પૃથ્વી આદિ તત્ત્વોમાં સર્વ ભર્યું છે; ખેંચનાર બીજક પોતાના સ્વભાવપ્રમાણે જેવું ખેંચે છે, તેવું તેને મળે છે.

૧૧૫. કુદરત આખા વિશ્વમાં એક જ નિયમે પ્રવર્તે છે; અને તેથી કરીને વનસ્પતિના અસંખ્ય ભેદ હોવામાં જે મહાનિયમનું સામ્રાજ્ય જોવામાં આવે છે, તે જ નિયમ કુદરતની અન્ય સૃષ્ટિ જે પ્રાણીઓની છે, તેમાં પણ પ્રવર્તે છે. **क** સુંદર આકૃતિવાળો છે અને **ख** કદરૂપો છે, **ग** ઊંચો છે અને **घ** ઠીંગણો છે, **च** મૂર્ખ છે અને **छ** વિદ્વાન્ છે, **ज** સદ્‍ગુણી છે અને **झ** દુર્ગુણી છે, **ट** ધનવાન્ છે અને **ठ** નિર્ધન છે, **ड** શૂરત્વવાળો છે અને **ढ** બીકણબિલાડી છે, **त** ઉદ્યોગી છે અને **थ** આળસુ પથરો છે, એવા મનુષ્યોમાં આકૃતિના, સ્વભાવના, ગુણના અને સ્થિતિ આદિના અસંખ્ય ભેદો હોવામાં પણ મનુષ્યોના બીજકોનો ભેદ એ જ કારણ છે. ફળનો ભેદ બીજકનો ભેદ હોવા વિના હોઈ શકતો નથી.

૧૧૬. વૃક્ષો જેમ પોતાનું પોષણ, વૃદ્ધિ વગેરે પૃથ્વી, જળ, વાયુ, સૂર્ય આદિમાંથી મેળવે છે, તે જ પ્રમાણે મનુષ્યો પણ પોતાનું પોષણ, વૃદ્ધિ આદિ

એ જ તત્ત્વોમાંથી મેળવે છે. પરંતુ વૃક્ષો અને મનુષ્યોમાં ભેદ છે. વૃક્ષોનો ભેદ કેવળ તેઓના સ્થૂલ શરીરના ભેદવડે મનુષ્યો જાણે છે; મનુષ્યોનો ભેદ તેઓના સ્થલ શરીરમાં હોવા ઉપરાંત તેઓની વિવિધ ક્રિયાવડે હોય છે. વૃક્ષોમાં જ્યારે એકલું સ્થૂલ શરીર જ પોષણ, તથા વૃદ્ધિ વગેરેને પામતું જણાય છે, ત્યારે મનુષ્યોમાં સ્થૂળ શરીરની વૃદ્ધિ તથા પોષણ થવા ઉપરાંત માનસિક શરીરની તથા આધ્યાત્મિક શરીરની વૃદ્ધિ તથા પોષણ થતાં અનુભવમાં આવે છે. વૃક્ષોનું જ્યારે એકલું સ્થૂલ શરીર ક્રિયા કરતું હોય છે, અને તેમનાં માનસિક તથા આધ્યાત્મિક શરીરો ગાઢ સુષુપ્તિમાં હોય છે, ત્યારે મનુષ્યોનાં તે ત્રણે શરીરોમાં ક્રિયા વગેરેના ભેદો જણાય છે. મનુષ્યોનાં આ માનસિક તથા આધ્યાત્મિક શરીરને પોષણ આપનાર, વૃક્ષોને પોષણ આપનાર જે પૃથ્વીજળ વગેરે તત્ત્વો છે, તે ઉપરાંત એક ભિન્ન તત્ત્વ છે, અને તે તત્ત્વ તે **પરમતત્ત્વ અથવા પરમાત્મા** છે.

૧૧૭. જેમ પૃથ્વી આદિ તત્ત્વોમાં અસંખ્ય ગુણધર્મો રહ્યા હોય છે, તેમ આ **પરમતત્ત્વ અથવા પરમાત્મામાં** અસંખ્ય ગુણધર્મો રહ્યા છે, અને તેથી જ શાસ્ત્રો તથા સત્પુરુષો **પરમાત્માને** અનંતશક્તિસંપન્ન કહે છે. જેમ પૃથ્વી આદિ તત્ત્વોમાંથી બીજકો પોતાની જાતિના પ્રમાણમાં તેમાંથી ખાટો, ખારો, તીખો, વગેરે રસ ખેંચી તેવાતેવા ગુણધર્મવાળાં ફળને પ્રકટાવે છે, તેમ આ અનંતશક્તિસંપન્ન **પરમતત્ત્વમાંથી** મનુષ્યો પોતાને પ્રાપ્ત બીજકના પ્રમાણમાં સારાં અથવા નરતાં, યોગ્ય અથવા અયોગ્ય ગુણધર્મવાળાં બળને આકર્ષી તેવાં તેવાં ગુણધર્મવાળાં ફળનો અનુભવ કરે છે. વસ્તુતઃ પૃથ્વીને લીમડાને કડવો કરવાની અને આંબાને ગળ્યો કરવાની પક્ષપાતબુદ્ધિ હોતી નથી; તે બીજકો પોતે જ પોતાની મેળે કડવો તથા ગળ્યો રસ આકર્ષી કડવાં તથા ગળ્યાં ફળોને ઉપજાવવામાં કારણ હોય છે, તેમ મનુષ્યોને કાળા કે ગોરા, ઊંચા કે નીચા, મૂર્ખ કે વિદ્વાન્, દરિદ્ર કે ધનવાન્—એમ વિવિધ ભેદવાળા કરવાની પક્ષપાતબુદ્ધિ **પરમાત્મામાં** છે નહિ, પણ મનુષ્યો પોતે જ પોતાની મેળે સર્વ ગુણધર્મના મહોદધિ **પરમાત્મામાંથી** તે તે ગુણધર્મ તથા સ્થિતિને પ્રાપ્ત કરી લે છે.

૧૧૮. જે બીજકવડે મનુષ્યો **પરમાત્મામાંથી** નિર્ધન સ્થિતિરૂપી કે ધનવાન્ સ્થિતિરૂપી, વિદ્વાનની સ્થિતિરૂપી કે અવિદ્વાનની સ્થિતિરૂપી, અને એવી જ અસંખ્ય પ્રકારની ભિન્ન ભિન્ન સ્થિતિઓરૂપી રસને આકર્ષીને, નિર્ધન કે ધનવાન્, વિદ્વાન્ કે અવિદ્વાન્, રોગી કે નીરોગ થાય છે, તે બીજકને સત્શાસ્ત્રો

તથા મહાપુરુષો 'મન' એ નામથી ઓળખે છે. 'મન' એ નામનું બીજક મનુષ્યોની વિવિધ સ્થિતિઓમાં હેતુ હોય છે. જેમ વનસ્પતિનાં અસંખ્ય બીજકો, જે મૂળ તત્ત્વોનાં (પાણી, અગ્નિ, પૃથ્વી, વાયુ) બનેલાં છે તે તત્ત્વો સર્વ બીજકોમાં એક જ હોય છે, પણ તે તત્ત્વોનાં પ્રમાણમાં તથા સંયોગમાં ભેદ થવાથી અસંખ્ય પ્રકારના બીજકોમાં ભેદ પડી જાય છે અને તેથી જુદાં જુદાં વૃક્ષો ઊગે છે, તેમ સર્વ મનુષ્યોનાં મન, જે તત્ત્વોમાંથી બને છે, તે તત્ત્વો એક જ પ્રકારનાં હોવા છતાં, મનુષ્યોએ પોતાની ભિન્ન ભિન્ન ક્રિયાવડે આ મનના અસંખ્ય ભેદ પાડી નાંખ્યા છે, અને તેથી તેઓની અસંખ્ય પ્રકારની ભેદવાળી સ્થિતિઓ જોવામાં આવે છે.

૧૧૯. ફળમાત્રને ઉત્પન્ન કરનાર કારણ ક્રિયા હોય છે; અને ક્રિયાનું મૂળ કારણ મન હોવાથી, ફળને ઉત્પન્ન કરનાર મન જ છે, એ સિદ્ધ થાય છે. લાકડાંનો એક મોટો ભારો ચીરવાની ક્રિયા કરનાર, લાકડાં ચીરનાર મનુષ્યના હાથ છે, પરંતુ તે હાથને, ચીરવાની ક્રિયા કરવા માટે પ્રેરનાર મન છે. મનનો અભાવ હોય છે, ત્યાં હાથ કે કોઈ અવયવ ક્રિયા કરી શકતો નથી. મુડદામાં મનનો અભાવ હોવાથી, તથા નિદ્રામાં પડેલા મનુષ્યનું મન અજ્ઞાનના પડદામાં વીંટળાયલું હોવાથી શરીર ક્રિયા કરવા અસમર્થ હોય છે; અર્થાત્ ક્રિયાનું કારણ મન હોવાથી સુખ અથવા દુઃખઃરૂપ ફળને પ્રકટાવનાર મન જ છે, એ સિદ્ધ છે. સુખ અથવા દુઃખના મધુર અથવા કટુ, અસંખ્ય પ્રકારનાં ફળો જે બીજક આપે છે, તે બીજક મનુષ્યનું મન છે.

૧૨૦. અને આમ છતાં સર્વોત્તમ સુખને ઇચ્છનાર મનુષ્યપ્રાણીનો મોટો ભાગ, આ મનની કેટલી થોડી કાળજી રાખે છે ? પ્રાતઃકાળથી તે જાગ્રત્ થાય છે, ત્યારથી તે નિદ્રામાં અસાવધ થાય છે ત્યાંસુધી તે કેવી ક્રિયાઓમાં જોડાયેલું રહે છે, તે પ્રતિ મનુષ્યો કેટલું થોડું લક્ષ રાખે છે ? સુખને પ્રાપ્ત કરવાના અને દુઃખને દૂર કરવાના અસંખ્ય બહારના ઉપાયો કરે છે, પણ મનને સુધારવાનો જે સાચો અને સફળ ઉપાય, તેને સેવવામાં તેઓ કેટલી અસાવધાનતા રાખે છે ? વૃક્ષની શાખા અને પત્રને રમણીય કરવા તેઓ પ્રયત્ન સેવે છે, પણ જેમાં જળ સિંચવાથી તેઓ રમણીય અને પ્રફુલ્લ થાય છે, તે મૂળપ્રતિ તેઓ બેદરકારી રાખી, તેઓ તેને સડી જવા તથા ઉધેઈ લાગવા દે છે.

૧૨૧. જેમ બીજકમાં જેવા પ્રકારનાં તત્ત્વોનો સંયોગ થયો હોય છે, તે સંયોગપ્રમાણે તેનાં મૂળ જમીનમાં નંખાય છે, અને તે મૂળ પછી પૃથ્વીમાંથી

પોતાના સ્વભાવ પ્રમાણેનો રસ આકર્ષે છે, તેમ મનુષ્યોએ મનને જે પ્રકારનું કેળવ્યું હોય છે, તે પ્રમાણેના વિચારોને તથા ક્રિયાને તે સેવે છે, અને તે વિચાર તથા ક્રિયાવડે પરમાત્મામાંથી ફળને પ્રાપ્ત કરી લે છે. જેમ બાવળનું બીજક બાવળ ઉપર કાંટા જ આણે છે, કેળની કોમળતા આણતું નથી, તથા ફળમાં પરડા ઉપજાવે છે, પણ કેળાંને ઉત્પન્ન કરતું નથી, તેમ મનના અયોગ્ય વિચારો તથા તે વડે થતી વાણીની તથા શરીરની અયોગ્ય ક્રિયાઓ તનનાં, ધનનાં, તથા માનસિક ઊંચાં સુખોને પ્રકટાવતી નથી, પરંતુ દુઃખોને જ પ્રકટાવે છે.

૧૨૨. યોગ્ય ક્રિયાઓમાં મનને સર્વદા જોડાયલું રાખવું, એ જ આ જગત્માં મનુષ્યોનું કર્તવ્ય છે. નિશાળોમાં અને પાઠશાળાઓમાં પ્રાથમિક અને ઊંચી કેળવણી લેઈને, વિદ્યાના, કળાના અને તત્ત્વજ્ઞાનના ગ્રંથોનો ભારે અભ્યાસ કરીને, અને તત્ત્વજ્ઞ મહાપુરુષોના સમાગમ કરીને અને તેમના ઉપદેશો શ્રવણ કરીને, જે કરવાનું છે, તે એ જ છે કે મન નિરંતર શુદ્ધ વિચારમાં, તથા શુદ્ધ ક્રિયામાં જોડાયલું રહે, એવું બળ પ્રાપ્ત કરવું.

૧૨૩. ક્રિયા સુખ અથવા દુઃખ એ બેમાંથી એક ફળને પ્રકટાવે છે. સુખના વ્યાવહારિક સુખ તથા પારમાર્થિક સુખ એવા બે ભેદ હોવાથી વ્યાવહારિક સુખને પ્રકટાવનારી ક્રિયા, શુદ્ધ ક્રિયા, ગણાય છે, અને પારમાર્થિક સુખને પ્રકટાવનારી ક્રિયા સર્વોત્તમ શુદ્ધ ગણાય છે; અને દુઃખને પ્રકટાવનારી ક્રિયા અશુદ્ધ જ ગણાય છે.

૧૨૪. મનુષ્યના મોટા ભાગપ્રતિ દૃષ્ટિ નાંખી જોઈશું તો સ્પષ્ટ થશે કે તેઓ દિવસના અષ્ટ પ્રહરમાં ઘણો જ થોડો સમય સર્વોત્તમ શુદ્ધ ક્રિયામાં ગાળતા હોય છે, કંઈક સમય શુદ્ધ ક્રિયામાં ગાળે છે, અને પુષ્કળ સમય અશુદ્ધ ક્રિયામાં ગાળે છે. તેઓ એકલા હોય છે ત્યારે તેઓનું મન ક્વચિત જ સદ્વિચારને સેવતું હોય છે. મિત્રોમાં બેસે છે ત્યારે તેઓ કોઈ પણ વ્યવહારનું કે પરમાર્થનું ઉત્તમ ફળ ન પ્રકટે, એવી નિર્માલ્ય વાતો અને વિચારોમાં કલાકોના કલાકો ગાળી નાંખે છે. તેઓ પોતાના ઉપર સુગંધમય મનોહર ગુલાબનું પુષ્પ આવે કે સ્વાદિષ્ટ આફૂસની કેરી આવે એવો રસ પૃથ્વીમાંથી આકર્ષતા નથી, પણ ઇંદ્રવારણાનાં કડવાં ફળ ઉત્પન્ન થાય એવો રસ આકર્ષે છે; અને આ પ્રમાણે વ્યવહારના ઉત્તમ સુખને કે પરમાર્થના સત્સુખને અનુભવ્યા વિના કાળે કરીને મરણને વશ થાય છે.

૧૨૫. વ્યવહારનાં કે પરમાર્થનાં સર્વોત્તમ સુખ મળે, એવાં સાધનો પરમકૃપાળુ પરમાત્માએ તમને આપ્યા છતાં શા માટે તે સાધનોનો ઉપયોગ કરવામાં પ્રમાદને સેવો છો, અને "મારું દુઃખ ટળતું નથી" એવી બૂમો પાડ્યા કરો છો ? ઘડો, દોરડું અને કૂવો પ્રાપ્ત છતાં તથા બે હાથ, નેત્ર અને જળને કૂવામાંથી ખેંચવાનું સામર્થ્ય પ્રાપ્ત છતાં, તૃષાના દુઃખની બૂમો જેમ કોઈ અજ્ઞાન મનુષ્ય પાડે, તેમ દુઃખના રાત્રિદિવસ પોકાર શા માટે પાડ્યા કરો છો, અને જયાં ત્યાં સુખના ઉપાય પૂછ્યા કરો છો ? નિશ્ચયપૂર્વક માનો કે દુઃખ પોતાના પ્રયત્નવિના અન્ય કોઈ ઉપાયે ટળતું નથી. બીજા મનુષ્યો દુઃખ ટાળવાની યુક્તિ માત્ર આપે છે; પરંતુ યુક્તિને સેવવાનું કામ તેમનું નથી. જેને દુઃખને ટાળવાની ઇચ્છા હોય છે, તે મનુષ્યે પોતે દુઃખને ટાળવાની યુક્તિને સેવવી જ પડે છે. ક્ષુધા ટાળવાને માટે ભૂખ્યા મનુષ્યે પોતે અન્ન ખાવું જ જોઈએ. બીજા મનુષ્યના અન્નના ગ્રહણ કરવાથી ક્ષુધાતુરની ક્ષુધા ટળતી નથી. આવો સર્વસામાન્ય નિયમ વિશ્વમાં પ્રસિદ્ધ છતાં દુઃખ ટાળવાને માટે અન્યના ઉપર આધાર રાખવાની કુટેવ, જે બીજું કંઈ જ નથી પણ એક પ્રકારની આળસ જ છે, તેને શા માટે સેવ્યા કરો છો ? બ્રહ્માંડમાં કે બ્રહ્માંડની બહાર–ગમે ત્યાં–જોશો, તોપણ તમને સુખ કે દુઃખનું કારણ મનવિના અને તે દ્વારા થતી યોગ્યાયોગ્ય ક્રિયાવિના અન્ય કશું જ જડવાનું નથી. પ્રારબ્ધથી સુખદુઃખ આવે છે કે પુરુષાર્થથી સુખદુઃખ આવે છે, ગમે તે કારણથી સુખદુઃખ આવે છે, એમ માનો, પણ પ્રારબ્ધનું કે પુરુષાર્થનું સર્વનું મૂળ મન જ છે. મનવિના સુખદુઃખનું કારણ અન્ય કોઈ છે જ નહિ. આમ છે તો પછી શા માટે મનને જ અનુકૂળ કરવાના એક જ ઉપાયને સેવતા નથી, અને નકામાં ફાંફાં માર્યા કરો છો ?

૧૨૬. ઘરમાં કે બહાર, જયાં જયાં દૃષ્ટિ નાંખી જોઈએ છીએ ત્યાં ત્યાં અસંખ્ય મનુષ્યો મનના તરફ જે અસાધારણ બેદરકારી બતાવે છે, તે જોઈ તેઓની દુઃખી અવસ્થાથી આશ્ચર્ય થતું નથી. સુખ કે દુઃખના ઊપજવા સાથે આ મનને જાણે કશો જ સંબંધ ન હોય તેમ તેઓ વર્ત્યા કરે છે. ગમે તેવા વિચારોને મનમાં પ્રવેશવા દેતાં તેઓને જરા પણ સંકોચ થતો નથી. જમવા બેઠા હોય ત્યાં જો એક કૂતરું આવે તો તેઓ લાકડી લઈને ઊભા થાય છે, ઢેડની કે ભંગિયાની છાયા પડે તો ખાવાનું સઘળું ફેંકી દે છે, અને તત્કાળ સ્નાન કરે છે, પરંતુ શ્વાન, ઢેડ કે ભંગિયાના સ્પર્શથી થતી હાનિકરતાં અનંતગુણ હાનિને

કરનાર અયોગ્ય વિચારોની મોટી ચાંડાલની સેનાને પોતાના પવિત્ર હૃદયમંદિરમાં પ્રવેશતી જોઈને તેમને લેશ પણ કમકમી આવતી નથી, પણ ઊલટા તેઓ આ ચાંડાલોને પોતાના હૃદયમાં પ્રવેશતાં પુષ્પવડે વધાવી લે છે. તેઓ બાહ્ય મળનો હાથને સ્પર્શ થતાં સાત વાર માટીથી તેને ધુએ છે, અને દિવસમાં દશ વાર નદીમાં ડૂબકાં મારે છે, પરંતુ પોતાના હૃદયમંદિરમાં અયોગ્ય વિચારરૂપી મળના ટોપલાઓને પોતાની મેળે જ લાવી લાવીને નાંખે છે. અમુક સમયે મન કેવા વિચારો કરે છે, અને તે વિચારોને અનુસરીને ઇન્દ્રિયો કેવી ક્રિયા કરે છે, તેનું તેમને જરા પણ ભાન હોતું નથી. છાણના ઉકરડામાં આળોટતાં છતાં, જેમ દારૂના પીનારને તેના નઠારા વાસનું ભાન હોતું નથી, તેમ તેઓને પોતાના હૃદયમંદિરની ભ્રષ્ટતાનું ભાન હોતું નથી.

૧૨૭. આ અવિવેકી મનુષ્યોનું મન જડ વિષયોમાં આખો દિવસ રમણ કર્યા કરે છે. ઘણા મનુષ્યો નવરા પડે છે ત્યારે ખાવાની વાતોમાં જ કલાકના કલાક ગાળી નાંખે છે. ફલાણે દિવસે શિખંડ બહુ સારો થયો હતો, અને અમુક દિવસે પૂરણપોળી બહુ સારી થઈ હતી, સુરતની બરફીની બલિહારી છે, અને વડોદરાની જલેબી અને ચેવડા આગળ સઘળું રદ છે, અમારે ત્યાં બટાકાનું શાક સારું થાય છે, અને ફલાણાને ત્યાં કઢી સારી થાય છે, આ અને આવી અસંખ્ય પ્રકારની ખાવાની વાતોમાં જ તેઓ જીવનનું સાર્થક માને છે. આજે આઇસક્રીમ બનાવ્યું હોય તો શરીરમાં ઠીક ઠંડક થાય, અથવા ફાલસાનું કે લીંબુનું શરબત પીધું હોય તો આ ઉકળાટ કંઈક શમે, આ અને એવા જ બીજા વિચારોમાં તેઓને અત્યંત આનંદ ભાસે છે. ચાર જણ એકઠા મળ્યા હોય છે, તો આવી વાતોમાં તેઓ કલાકના કલાક ગાળી નાંખે છે; અને આઇસક્રીમ બનાવવાના પૈસા હોય છે તો બાર વાગતાથી ચાર વાગતા સુધી તેના જ હલ્લામાં, કોઈ મહાભારત કાર્ય આરંભ્યું હોય તેની પેઠે ઘૂમ્યા કરે છે. હમણાં આઇસક્રીમ થશે, અને તેને ખાઈને સ્વર્ગના અમૃતપાનથી પણ અધિક આનંદને ભોગવીશું, એવા વિચારોમાં પ્રફુલ્લ વદને આમથી તેમ ઘૂમાઘૂમ કરે છે. અહહ ! અજ્ઞાનનું સામ્રાજ્ય મનુષ્યોના હૃદયમાં કેવું પ્રબળપણે વ્યાપી ગયું છે !

૧૨૮. મનની અને શરીરની આ ચાર કલાકની ક્રિયા, જે ફળના ભોગને માટે મનુષ્યો આમ સ્થળે સ્થળે સેવે છે, તે ફળ, તેને પ્રાપ્ત કરવા માટે ગાળેલો સમય અને શ્રમના પ્રમાણમાં શું જોઈએ એટલું હોય છે ? આ ચાર કલાકનો આથી વધારે સારો ઉપયોગ શું મનુષ્ય પ્રાણી કરી શકે એમ નથી ? પેટમાં ઠંડક

ઊપજવા જેવા ક્ષણિક સુખને માટે, સમયનો આવો દુરુપયોગ, પશુથી પોતાને શ્રેષ્ઠ માનનાર મનુષ્યપ્રાણીને શું શોભા આપનાર ગણી શકાય એમ છે ? અને આમ છતાં આવી અસંખ્ય ક્રિયાઓમાં મનુષ્યો, કોટિ દ્રવ્ય આપતાં પણ ન મળે એવા મોંઘા આયુષને પથરાની પેઠે ખરચી નાંખે છે. સર્વ સુખના મૂળ મનરૂપી હીરાને તેઓ ધૂળમાં રગદોળે છે. ખાવાપીવામાં, લગ્નના અને જ્ઞાતિભોજનના ઉત્સવોમાં દિવસના દિવસો કોડીના મૂલ્યે ખરચી નાખે છે. અને આ સર્વનું પરિણામી ફળ કશું જ હોતું નથી, પણ માત્ર જીભનો ક્ષણિક આનંદ હોય છે. ચિરસ્થાયી વાસ્તવિક સુખનો તેમાં ગંધ પણ હોતો નથી.

૧૨૯. આવા વિચારોમાં અને આવી ક્રિયામાં નિરંતર જોડાતું રહેતું મન ઉચ્ચ સુખનો શી રીતે અનુભવ કરે ? ખાળકૂંડીના મલિન જળને ઉછાળી અત્તરના સુવાસને શી રીતે ગ્રહણ કરે ? વિષ્ટાનો શરીરે લેપ કરી ચંદનના લેપનું સુખ શી રીતે અનુભવે ? રેતીને ચાવી સાકરનો સ્વાદ શી રીતે ગ્રહણ કરે ? અને તોપણ અસંખ્ય મનુષ્યો આવી ક્રિયાઓ કરતા છતાં સુખને ઇચ્છે છે. બાવળને વાવે છે, અને આમ્ર ઉપર ઊગતી કેરીઓ વેડવા આશા રાખે છે, અને કેરીને બદલે કાંટા આવેલા જોઈને, કેરી કેમ ન આવી, એવા શોકના ઉદ્ગારો કાઢ્યા કરે છે.

૧૩૦. મનને યોગ્ય વિચારમાં જોડો, અને ઇંદ્રિયોને યોગ્ય ક્રિયામાં પ્રવર્તાવો. એ જ સુખનો ખરો ઉપાય છે. પાંચ મિનિટ કે પા કલાક યોગ્ય વિચાર અને યોગ્ય ક્રિયામાં જોડો, એટલું જ પૂર્ણ નથી, પણ અષ્ટ પ્રહર યોગ્ય વિચાર અને યોગ્ય ક્રિયામાં જોડો. સંતત દીર્ઘ કાળનો પ્રયત્ન જ સુખને આપે છે.

૧૩૧. વિચાર અને ક્રિયા એ મનરૂપી વૃક્ષનાં મૂળ છે. જેમ વૃક્ષનાં મૂળ, ભૂમિમાંથી રસને ચૂસે છે, તેમ મનવૃક્ષનાં વિચાર અને ક્રિયારૂપી મૂળ, સુખ અથવા દુ:ખરૂપ ફળને ઉત્પન્ન કરનાર રસને સર્વત્ર વ્યાપી રહેલા પરમતત્ત્વમાંથી ચૂસે છે. યોગ્ય વિચાર અને યોગ્ય ક્રિયારૂપી મૂળ સુખરૂપ ફળને પ્રકટાવનાર રસને આકર્ષે છે; અયોગ્ય ક્રિયા અને અયોગ્ય વિચાર, દુ:ખરૂપ ફળને પ્રકટાવનાર રસને આકર્ષે છે. સુખ જોઈતું હોય તો યોગ્ય વિચાર અને યોગ્ય ક્રિયાને સેવો, દુ:ખ જોઈતું હોય તો અયોગ્ય વિચાર અને અયોગ્ય ક્રિયાને સેવો. તમે જ પોતે પોતાને તારનાર છો. તમે જ પોતે પોતાને મારનાર છો. તમારા શુદ્ધ વિચાર તથા ક્રિયા તમને તારે છે, તમારા અશુદ્ધ વિચાર તથા ક્રિયા તમને મારે છે. સુખદુ:ખની કૂંચી તમારા હાથમાં છે, અને તે બીજી કોઈ નથી, પણ મન જ છે.

૧૩૨. પ્રત્યેક ક્ષણે સાવધાન રહી મનની તથા શરીરની ક્રિયાને જુઓ. અમુક વિચાર તથા અમુક ક્રિયા કયું ફળ આપશે, તે વિષે નિર્ણય કરો. તમારા વિચાર તથા ક્રિયા તમારા મનુષ્યત્વને ન છાજતાં જણાયે તત્કાળ તેથી નિવૃત્ત થાઓ. કામ, ક્રોધ, ચિંતા, ભય આદિ અયોગ્ય વિચારોની તથા તે વડે થતી અયોગ્ય ક્રિયાઓની જાળમાં મનને બાંધી ન રાખો. ઈશ્વરચિંતન, તત્ત્વવિચાર, શ્રદ્ધા, નિર્ભયતા, પ્રસન્નતા, શાસ્ત્રાભ્યાસ આદિ શુદ્ધ વિચારો તથા શુદ્ધ ક્રિયાના આકાશમાં મનને ઊડવા દો. પશુપણાને ઓળંગી તમે મનુષ્યપણામાં આવ્યા છો, તો પશુપણામાં પાછા ન જાઓ, પણ મનુષ્યપણામાં રહીને તેથી પણ ઊંચું જે દેવપણું અથવા ઈશપણું અથવા બ્રહ્મપણું તેમાં જવાને પ્રયત્નશીલ થાઓ. શુદ્ધ વિચાર અને શુદ્ધ ક્રિયા એ દેવત્વ, ઈશિત્વ, અને બ્રહ્મત્વને અનુભવવાનો રાજમાર્ગ છે.

૧૩૩. મનુષ્યોનો મોટો ભાગ, વિવિધ ક્લેશ તથા દુઃખોથી પ્રજળતો, તથા સુખ અને અભ્યુદયને ઇચ્છતો છતાં પણ તે ઉભયથી રહિત રહેતો જોઈને મને આશ્ચર્ય થતું નથી. જેની જેવી યોગ્યતા હોય છે તેના પ્રમાણમાં જ તેને સુખ મળે છે. યોગ્યતાથી અધિક સુખ કોઈને કદી પ્રાપ્ત થયેલું પૂર્વે કદી અનુભવમાં આવ્યું નથી, અને ભવિષ્યમાં અનુભવમાં આવશે નહિ.

૧૩૪. કર્મનો અનુલ્લંઘનીય નિયમ સર્વત્ર વ્યાપી રહ્યો છે. જે મનુષ્ય જે પ્રકારનું કર્મ કરે છે, તે પ્રકારનું જ ફળ તેને પ્રાપ્ત થાય છે. આકડો વાવનાર આમ્રફળને વેડતો નથી, અને આંબો વાવનારને બાવળિયાની શૂળો વાગતી નથી. દુષ્કર્મ કરીને સુખાનુભવ કરવાની આશા રાખનારની આશા કલ્પે પણ સફળ થતી નથી, અને સત્ક્રિયા કરનારને દુઃખ અથવા દુઃખનું ભય કાળાંતરે પણ વ્યથિત કરતું નથી. કર્મ પોતાના યોગ્ય અથવા અયોગ્ય પ્રકાર પ્રમાણે જ સુખ અથવા દુઃખરૂપ ફળ અવશ્ય પ્રકટાવે છે જ. આ નિયમમાં અપવાદના પ્રવેશનો ત્રિકાળ અસંભવ છે.

૧૩૫. મનુષ્યો ઉત્તમ કર્મનો આશ્રય ગ્રહણ કરતા નથી, અર્થાત્ સદુદ્યોગને સેવતા નથી અને સુખની ઇચ્છા રાખે છે, તે શી રીતે સફળ થાય ? દીપક પ્રકટાવવાનો પ્રયત્ન સેવ્યા વિના અંધકાર શી રીતે ટળે ? પાકની સામગ્રી પ્રયત્નથી સંપાદન કર્યા વિના અને ચૂલો સળગાવી રસોઈ કર્યા વિના ક્ષુધાની નિવૃત્તિ શી રીતે થાય ? ન જ થવી સંભવે, એમ સર્વ મનુષ્યો કહે છે, અને તોપણ તેના તે જ મનુષ્યો પોતાનો ઇષ્ટ અર્થ જે સુખ તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આળસ અને પ્રમાદ સેવે છે.

૧૩૬. હજાર મનુષ્યોના સમૂહમાં વાતો કરવામાં કુશળ એવા ૯૯૯ મનુષ્યો અથવા પૂરેપૂરા હજાર મનુષ્યો પણ મળી આવે છે, પરંતુ પ્રયત્ન કરનાર એક પણ મળવો બહુ દુર્લભ થઈ પડે છે. આમ કરવાથી અમુક ફળ થાય છે, અને અને તેમ કરવાથી ફલાણું સુખ મળે છે, એ પ્રમાણે છાતી ઠોકીને કહેનારા હજારો મનુષ્યોનો તોટો નથી; પણ પ્રયત્ન કરીને તે વર્ણવવામાં આવતા ફળને અથવા સુખને પોતાનામાં પ્રકટાવ્યું હોય એવો એક પણ મનુષ્ય હજારોમાંથી પણ મળતો નથી. સાપ જાય અને લિસોટા રહે તેમ પ્રજામાંથી પ્રયત્ન—સાચો પ્રયત્ન જતો રહ્યો છે, અને વાતો રહી છે. સાચે સર્પ જે કરી શકે છે, તે લિસોટા જેમ કોઈ કાળે પણ કરી શકતા નથી તેમ શુદ્ધ પ્રયત્ન જે કરી શકે છે, તે વાતો કદી પણ કરવા સમર્થ થઈ શકતી નથી.

૧૩૭. મારા પ્રવાસમાં, એક પ્રસંગે મારે કેટલાક મનુષ્યોના સમુદાયમાં કેટલોક કાળ સ્થિતિ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો. આ મનુષ્યો પ્રાતઃકાળથી ઊઠતા ત્યારથી તે રાત્રીએ શય્યામાં સૂતા ત્યાંસુધીમાં પોતાનો અભ્યુદય થાય એવો શુદ્ધ પ્રયત્ન ક્વચિત જ સેવતા જણાતા. તેઓ તેમણે રચેલા ઉપવનમાં આખો દિવસ બેસી રહેતા, અને સ્વભાવથી નીકળતી અત્યંત તુચ્છ વાતોમાં પોતાના મનને જોડતા આખો દિવસ વ્યતીત કરતા. સ્વાદેન્દ્રિયને પ્રસન્ન કરવાની નવી નવી યુક્તિઓ તેઓ રચતા, અને તેની સિદ્ધિ થતી ત્યારે તેમને બત્રીસે કોઠે દીવા પ્રકટેલા જણાતા, અને તેમનો તે દિવસ સફળ થયો હોય તેમ તેઓ સમજતા. કોઈ દિવસ તેઓ લીંબુનું, નારંગીનું, દાડિમનું, ફાલસાનું કે બદામનું શરબત કાઢતા, તો કોઈ દિવસ આઇસક્રીમ બનાવીને તેઓની અસંતુષ્ટ વૃત્તિને સંતુષ્ટ કરતા. કોઈ દિવસ બરફી, પેંડા, જલેબી, હલવો, ચેવડો વગેરે પદાર્થોના સેવનવડે પોતાના આનંદની કળાને ખીલવતા, તો કોઈ દિવસ, રસરોટલી કે બિરંજપૂરી, કે શિખંડપૂરી વગેરે ભોજનવડે તેઓનાં સંકોચાતાં હૃદયકમળને વિકસિત કરવાનો પ્રયત્ન સેવતા. ક્વચિત્ રાગતાનમાં મસ્ત રહેતા, તો ક્વચિત્ નાટકો જોવામાં જ અનેક રાત્રીઓ વ્યતીત કરતા. આવી નિષ્ફળ અથવા યથાર્થ કહીએ તો ભવિષ્યમાં દુઃખને પ્રકટાવનારી ક્રિયાઓમાં તેઓ પોતાના જીવનનો મુખ્ય ભાગ ગાળતા. અને આમ છતાં આ મનુષ્યો બુદ્ધિહીન હતા એમ ન હતું. તેમાંના કેટલાકે તો ઉચ્ચ શિક્ષણ લીધું હતું. કેટલાક ઉત્તમ ગ્રંથકાર હતા. કેટલાક ઉત્તમ કવિ હતા. કેટલાક સારા વક્તા હતા. તેમાંનો એકેએક મનુષ્ય તેમણે સ્થાપેલી એક સભામાં અનુક્રમે વ્યાખ્યાન આપતો હતો. તેમનાં વ્યાખ્યાન શ્રવણ કરવાનો

મારે પણ યોગ આવતો હતો. ' આયુષનું સાર્થક્ય શી રીતે કરવું ? ' 'સમયનો સદુપયોગ ન કરવાથી કેવી ભયંકર હાનિઓ થાય છે,' 'અભ્યુદયના ઉપાયો,' 'સુદૃઢ આરોગ્ય શી રીતે પ્રાપ્ત કરવું,' 'શુદ્ધ વિચાર સેવવાની પ્રત્યેક મનુષ્યને અનિવાર્ય અગત્ય છે,' 'આળસ અને પ્રમાદથી થતા અલાભ તથા ઉદ્યોગના લાભ,' વિષયલોલુપતા સર્વ મનુષ્યોએ ત્યાજ્ય છે,' 'બાહ્ય શૌચ તથા આંતર શૌચ,' 'ઇશ્વરભક્તિનું માહાત્મ્ય,' 'સુખેચ્છકે સંયમ જ સેવ્ય છે,' જીવન્મુક્ત કોને કહેવા,' 'નાટકો જોવાથી થતાં નુકસાન,' 'કર્તવ્ય, પ્રાપ્તવ્ય અને જ્ઞાતવ્યનું સ્વરૂપ,' આ વગેરે અનેક ઉત્તમ વિષયોઉપર જે ગાંભીર્યથી, વિદ્વત્તાથી, અને અંતઃકરણની લાગણીથી તેઓ વ્યાખ્યાન આપતા હતા, તે જોઈને તથા સાંભળીને ક્વચિત જ કોઈને શંકા થાય કે જનસમુદાયમાં જે બોધ તેઓ આપતા હતા તેથી કેવળ વિરુદ્ધ જ તેમનું ખાનગી જીવન હશે. તેઓના બોધને અને આચારને ઉત્તર ધ્રુવ તથા દક્ષિણ ધ્રુવ જેટલું અંતર હશે, એવું ક્વચિત જ કોઇને અનુમાન થાય. પરંતુ વસ્તુતઃ તેમ જ હતું. સમયના સદુપયોગનું વ્યાખ્યાન કરનાર, પ્રહરના પ્રહર માલવિનાના તડાકા માર્યા કરતા અને મિતાહાર એ સુદૃઢ આરોગ્યને આપનાર છે, એમ લાંબા લાંબા હાથ કરી શ્રોતાઓને દૃઢાવવાનો પ્રયત્ન કરનાર ભોજનકાળે દૂધપાકના કે શિખંડના સાત સાત પડિયા ઉઠાવી જતા, અને ઉપર ઘીનું ભોજન હોય ત્યારે બશેર સુધી વિષ્ણુતેજ(ઘી)-ની આહુતિ, પ્રાણાગ્નિહોત્રમાં એકે સપાટે અર્પી દેતા. એ જ પ્રમાણે ભ્રાતૃભાવ રાખવાનું કે પ્રાણીમાત્રમાં સર્વાત્મભાવ રાખવાનું વ્યાખ્યાન કરનાર દિવસમાં સોવાર પોતાના સંબંધમાં આવનાર સાથે લડતા, તેમને કઠોર વચન સંભળાવતા અને ઘણે પ્રસંગે કોઇના દોષોના પુરાણની કથા, તેની અવિદ્યમાનતામાં સવારથી સાંજ સુધી ગાતા. સ્વલ્પમાં જે બોધ તેઓ અન્યને આપતા, તે બોધના મનોહર રંગથી માત્ર તેમની વાણી જ રંગાયલી જણાતી, પણ તેમનું અંતર કાળા કામળા જેવું જ તેમના વર્તનથી જ્યારે ત્યારે જોવામાં આવતું.

૧૩૮. પ્રિય વાચક ! આ ચિત્ર કોઈ અમુક વ્યક્તિઓનું છે, એમ જાણશો નહિ. એ મારું અને તમારું પોતાનું જ ચિત્ર છે.તમે અને હું આમ જ વર્તીએ છીએ. અન્યને બોધ આપતાં આપણે ગરુડ બની જઈ ગગનમાં ઊડીએ છીએ, પરંતુ તે બોધ પ્રમાણે વર્તન કરવાનું આપણને પોતાને પ્રાપ્ત થતાં આપણે કીડા થઈ છાણમાં અને માટીમાં આળોટીએ છીએ. બોધ આપવામાં આપણે બૃહસ્પતિ બનીએ છીએ; બોધપ્રમાણે વર્તન કરવામાં આપણે વાણી અને વર્તનનો ભેદ રાખનાર

કોઈ ધૂર્તનું પણ વિસ્મરણ કરાવીએ છીએ. આપણા ચાવવાના અને દેખાડવાના દાંત ભિન્ન ભિન્ન છે.

૧૩૯. મનુષ્યોનું વાણીનું બળ વધ્યું છે; આચારમાં આમળા જેવડું મીંડું પડ્યું છે. વાણીમાં પ્રતાપનું કે પૃથુરાજનું શૌર્ય વ્યાપી રહ્યું છે, આચારમાં પુંશ્ચલીની કાયરતા છવાઈ રહી છે. વાણીમાં નાયાગરાના ધોધ જેવો પ્રબળ પ્રવાહ વહે છે; આચારમાં જળના બિંદુવિનાનું મારવાડનું કે કચ્છનું રેતીનું રણ દૃષ્ટિએ પડે છે. વાણીરૂપ મ્યાન, રત્ન તથા મૌક્તિકવડે અત્યંત સુશોભિત કર્યું છે; આચારરૂપ તરવાર, ખરા લોઢાની તીખી અસિ હોવાને બદલે મોરનું પીછું છે.

૧૪૦. મનુષ્યો જે જાણે છે તેને આચારમાં મૂકવામાં આળસ તથા પ્રમાદને સેવે છે, એ જ તેમની દુઃખી સ્થિતિને સ્થિર રહેવામાં હેતુ છે. જાણેલું આચારમાં મૂકવામાં આવતાં અભ્યુદયનો રથ સ્ટીમ–એન્જિન સાથે જોડાય છે. જાણેલું આચારમાં મૂકવામાં ન આવતાં દુઃખના ખાડામાં ઊંધા વળી ગયેલા ગાડાને, સીધા થવાનો તથા તે ખાડામાંથી બહાર નીકળવાનો કદી પણ યોગ આવતો નથી. અભ્યુદયનું રહસ્ય એક જ નાના વાક્યમાં શમાયલું છે, અને તે એ કે ' જાણેલું આચારમાં મકવું.'

૧૪૧. મનુષ્ય જ્યારે વ્યર્થ બોલવાનું છોડી દે છે, અને સુખના જાણેલા ઉપાયોને આચારમાં મૂકવા માંડે છે, ત્યારે તેના દુષ્ટ ગ્રહો તેને અનુકૂળ થવા માંડે છે, અને તેનું મંદ પ્રારબ્ધ પણ પલટાઈને ઉજ્જવળ પ્રારબ્ધ થઈ જાય છે. શુદ્ધ આચાર અથવા શુદ્ધ પ્રવૃત્તિ અથવા શુદ્ધ પુરુષાર્થ લોહનું સુવર્ણ કરે છે, પાષાણનો સ્પર્શમણિ કરે છે, કીટનો બ્રહ્મ કરે છે. શુદ્ધ આચારનો અભાવ, એ જ દુઃખરૂપી હિમાલયના પાયામાં રેડેલો સીસાનો રસ છે.

૧૪૨. હાલ જે સ્થિતિ તમને પ્રાપ્ત છે, તેથી ઊંચી સુખની સ્થિતિ પ્રાપ્ત કરવાનો એક પણ ઉપાય શું તમારા જાણવામાં નથી? એક તો શું પણ સેંકડો ઉપાય તમે જાણો છો. તમે જાણો છો કે સદ્‌ગુણ સુખમાત્રનો હેતુ છે, અને દુર્ગુણ દુઃખમાત્રનું કારણ છે. આ જાણેલું તમે આચારમાં મૂકવાનો દૃઢ પ્રયત્ન કર્યો છે? તમે સદ્‌ગુણોને શોધી શોધીને તમારા હૃદયમાં સ્થાપ્યા છે, અને દુર્ગુણોનાં મૂળ, સર્વ પ્રકારના પ્રયત્નથી, તમારા હૃદયમાંથી ઉખેડી નાંખ્યાં છે? તમે જાણો છો કે ભક્તિ, યોગ, અથવા તત્ત્વવિચાર મનુષ્યનાં દુઃખમાત્ર હણી તેને જીવતાં જ મોક્ષ આપે છે. તમે જાણો છો કે ઐહિક અથવા પાર-

લૌકિક એવું એક પણ સુખ નથી, જે આ ત્રણમાંથી એકના પણ યથાર્થ સેવનથી ન પ્રાપ્ત થાય. પરંતુ એ તમારું જાણેલું શું ' પોથીમાંનાં રીંગણાં જેવું ' નથી ? જાણેલું આચારમાં મૂકી, તેથી પ્રાપ્ત થનારા લાભના તમે પોતે ભોક્તા ન થયા, તો એ જાણવાથી અધિક શું ? તમે જાણો છો કે ઇંદ્રિયોનો સ્વૈરાચાર અર્થાત્ તેમનું સ્વચ્છંદી વર્તન શારીરિક, માનસિક, તથા આધ્યાત્મિક બળનો અત્યંત ક્ષય કરનાર છે, તથા સર્વોત્કૃષ્ટ કલ્યાણના માર્ગથી મનુષ્યને નિરંતર વિમુખ રાખનાર છે; પરંતુ ઇંદ્રિયોના પ્રત્યેક સ્વૈરાચાર સમયે તમે તેમને રોકવાનો લેશ પણ પ્રયત્ન ન કરો, પણ ઊલટો તે સ્વૈરાચાર પુષ્ટ થાય, એવા જ પ્રયત્નને સેવો તો તમારું જ્ઞાન, ઝાકળના મોતી જેવું, જોવામાં અત્યંત મનોહર, પણ ઉપયોગ કાળે ક્ષણમાં અળપાઈ જાય એવું અસ્થિર નથી શું ? જ્ઞાનનું મૂલ્ય વાતોના ફડાકા મારવામાં નથી, પણ તેને આચારમાં મૂકી તેથી થતા લાભને પ્રકટાવવામાં જ છે, એ તમારા જેવા બુદ્ધિમાને એક ક્ષણ પણ વિસ્મરણ કરવાનું નથી.

૧૪૩. વાતો કરીને મોટા સિદ્ધ અથવા જ્ઞાની મહાત્મા ગણાવાને મનુષ્યો જેટલો પ્રયત્ન સેવે છે, તેનો અર્ધ અથવા ચતુર્થાંશ પ્રયત્ન પણ જો તેઓ કૃતિ કરવામાં—પોતાના પ્રાપ્ત જ્ઞાનને આચારમાં મૂકવામાં—સેવતા હોય તો તેઓ કેટલા અલ્પ સમયમાં સર્વોત્કૃષ્ટ સ્થિતિ જે બ્રહ્મમયતા તેને પ્રાપ્ત થઈ રહે ? અને વાતો કરવાનું જ્ઞાન સંપાદન કરવામાં જેટલો પરિશ્રમ પડે છે, તેથી અધિક પરિશ્રમ શું તે જ્ઞાનને આચારમાં મૂકવામાં પડે છે ? ઉપરથી જોતાં તેવું ભાસે છે ખરું, પરંતુ જેઓ જ્ઞાનને આચારમાં ઉતારવાનો પ્રયત્ન સેવે છે તેમને અલ્પ સમયમાં જ સ્પષ્ટ થાય છે કે શબ્દજ્ઞાન સંપાદન કરવાના ભગીરથ પરિશ્રમ આગળ આચારમાં મૂકવાનો પરિશ્રમ બહુ જ ન્યૂન છે. આરંભમાં દુસ્તર ભાસે છે, પરંતુ જેમ જેમ માર્ગ કપાય છે, તેમ તેમ સુતર અને સુકર ભાસે છે.

૧૪૪. સુખનો ઉપાય એક જ છે, અને તે વાતો નથી, પણ જાણેલા જ્ઞાનને આચારમાં મૂકવું એ જ છે. જેમ ખરાં વડાં ક્ષુધાની નિવૃત્તિ કરે છે અને પુષ્ટિ આપે છે, પણ વાતોનાં વડાં કરતાં નથી અને આપતાં નથી તેમ શુદ્ધ આચાર જ દુઃખને ટાળે છે અને સુખને પ્રકટાવે છે, પણ વાતોથી કશું જ થતું નથી. વાતો શ્રોતાના હૃદયને ક્ષણવાર જ હરણ કરે છે, પરંતુ આચાર તેમનાં હૃદયનું જીવનપર્યંત આકર્ષણ કરે છે. વાતો સોનાનો ઢોળ ચડાવેલા

પીતળના પાત્રજેવી ઉપરથી જ ચળકાટવાળી છે, પરંતુ આચાર મૂલ્યવાન શુદ્ધ સુવર્ણના પાત્ર જેવો સ્થાયી સૌંદર્યવાળો છે.

૧૪૫. આજથી જ, આ ક્ષણથી જ, સુખના જે ઉપાય જાણતા હો તેને આચારમાં મૂકવા માંડો. તમે પ્રાપ્ત કરેલું જ્ઞાન અન્યને મોહ પમાડવા માટે નથી અથવા તમે મહા પંડિત છો, એવી જગતમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે નથી, પણ તમારા પોતાના સુખ માટે છે. તમે પોતે દુઃખી રહ્યા, તમારા જ્ઞાનથી તમારું પોતાનું દુઃખ ન ટળ્યું, તો પછી જેમ વંધ્યા સ્ત્રીથી માંડેલો ગૃહસ્થાશ્રમ નિષ્ફળ છે, તેમ તમારું જ્ઞાન નિષ્ફળ છે. તમારા ભંડારમાં કરોડો સુવર્ણ મુદ્રિકાઓ હોય, પણ તેમાંથી એક કપર્દિકા સરખી પણ તમારા ભૂખે મરતા કુટુંબને માટે અન્ન લાવવામાં તમારાથી ન ખરચાય, અને તેમના ઉદરમાં એક એક હાથના ઊંડા ખાડા સર્વદા પડ્યા રહે, તો એ તમારો ભંડાર સામાન્ય જનોક્તિપ્રમાણે શું 'પૂળો મૂકવા' જેવો તમને નથી લાગતો ? સાવધાન થાઓ, વાતોને ત્યજો, અને આ ક્ષણથી જ તમારા પ્રાપ્ત જ્ઞાનને આચારમાં ઉતારો.

૧૪૬. સડેલા અથવા બગડેલા પદાર્થો કોઈ બુદ્ધિમાન્‌ને ખાવા આપ્યા હોય તો ભાગ્યે જ તે તેને ખાય છે. સર્વ બુદ્ધિમાન્ મનુષ્યો જાણે છે કે બગડેલો આહાર શરીરને નુકસાન કરે છે, અને તેથી શુદ્ધ આહારના પદાર્થો મેળવવાને માટે તેઓ સર્વદા અત્યંત કાળજી રાખે છે; અને આમ છતાં મનનો આહાર જે વિચારો, તેમની શુદ્ધિને માટે હજારમાંથી એકાદ મનુષ્ય પણ ભાગ્યે જ કાળજી રાખે છે.

૧૪૭. જેમ ખાવાના પદાર્થો શરીરને પોષે છે, તેમ વિચારો મનને પોષે છે, અને જેમ ખાવાના પદાર્થો બગડેલા હોય છે, તો શરીરને હાનિ થાય છે, તેમ વિચારો બગડેલા હોય છે, તો મનને હાનિ થાય છે. અને શરીરને થયેલી હાનિકરતાં મનને થયેલી હાનિ હજારગણી મોટી હોય છે. કારણ કે આપણા સુખદુઃખનો ખરો આધાર આપણું મન જ છે. સુખેચ્છક મનુષ્યોએ આ વાતનું એક ક્ષણ પણ વિસ્મરણ કરવું ઘટતું નથી.

૧૪૮. એવું કહેવાય છે કે 'ઊંટ આકડાવિના અને બકરી કાંકરાવિના સઘળું જ ખાય છે.' અને તોપણ તેઓ પોતાના શરીરને પોષનાર વનસ્પતિ જ ખાય છે. વનસ્પતિવિના ગમે તે કચરો તેઓ કદી જ ખાતાં નથી. વિચારના સંબંધમાં મનુષ્યોનો મોટો ભાગ ઊંટ અને બકરીકરતાં પણ ચઢી જાય છે. તેઓ વિચારોને

ગ્રહણ કરવામાં ક્વચિત જ વિવેક વાપરે છે. તેઓ કાનવડે, વિશેષ કરીને સઘળા જ વિચારો સાંભળે છે, અને નેત્રવડે પુસ્તકોમાં અને વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સઘળા જ વિચારો વાંચે છે. મનને પુષ્ટ કરે અને તેનું આરોગ્ય વધારે એવો આહાર મનને વર્તમાન સમયમાં બહુ જ થોડા મનુષ્યો આપે છે.

૧૪૯. શરીરનું આરોગ્ય વધારનારા પથ્ય આહારનું જ્ઞાન જેમ મનુષ્યોને ઉપયોગી છે, તેમ મનનું આરોગ્ય વધારનારા પથ્ય વિચારોનું જ્ઞાન પણ તેમને તેટલું જ અથવા તેથી પણ અધિક ઉપયોગી છે. પ્રસન્નતા, શ્રદ્ધા, મૈત્રી અર્થાત્ સર્વ સાથે અવિરોધ, નિર્ભયતા, વિવિધ વિપત્તિના પ્રસંગોમાં હિંમત, પ્રાણીમાત્ર ઉપર પ્રેમભાવ, એ વગેરે સદ્‌ગુણો એ મનનો પથ્ય આહાર છે. જે જે વિચારોવડે આ સદ્‌ગુણો દબાઈ જાય છે, તે સર્વ વિચારો કુપથ્ય છે, અને જે જે વિચારોવડે આ સર્વ સદ્‌ગુણો વિકાસને અને વૃદ્ધિને પામે છે તે સર્વ વિચારો પથ્ય છે.

૧૫૦. સર્વ પ્રકારના કુપથ્ય વિચારોને બુદ્ધિમાને દૃઢતાથી અંતઃકરણમાં પ્રવેશ કરતાં અટકાવવા જોઈએ. અંતઃકરણને દાબી નાંખે, નાહિંમત કરી નાંખે, ભયાકુલ અથવા શોકાકુલ કરી નાંખે, એવા વિચારો જે સ્થળમાં ચાલતા હોય ત્યાં એક ક્ષણ પણ ઊભા ન રહેવું, અને ઊભા રહેવાનો પ્રસંગ આવે તો કાનને બંધ કરી નાંખવા. શ્રવણે પડેલા આવા વિચારોનું એકાંતમાં સ્મરણ કદી પણ ન કરવું. સર્વ પ્રયત્નથી તેમને ભૂલી જવા. સ્મરણમાં આવે તો પ્રયત્નપૂર્વક મનને બીજા કામમાં જોડવું. કુપથ્ય વિચારો એ અંધકાર છે, અને પથ્ય વિચારો એ સૂર્યનો પ્રકાશ છે. અંધકારમાં જીવનનો નાશ થાય છે, અને પ્રકાશમાં જીવન પોષાય છે, અને આમ હોવાથી કુપથ્ય વિચારો મરણ અને મરણના જેવાં દુઃખો પ્રકટાવે છે, અને પથ્ય વિચારો જીવન અને જીવનજન્ય અનેક સુખો પ્રકટાવે છે.

૧૫૧. જ્યાં જાઓ ત્યાં સુખનું જ સંકીર્તન કરો. દુઃખસંબંધી વાતોનો પરિત્યાગ કરીને, જેને મળો તેની સાથે સુખની જ વાતો કરો. વિપત્તિનું વાદળ તમારા અથવા અન્યના મસ્તક ઉપર ઝઝૂમી રહેલું જુઓ, તોપણ સુખની જ વાતો કરો. વિપત્તિનું વાદળ તમારા પર ત્રુટી પડ્યું હોય, અને લોકો જે સ્થિતિને દુઃખનાં માથે ઝાડ ઊગ્યા જેવી ગણતા હોય તે સમયે પણ સુખ સંબંધી જ વિચારો અને વાતો કરો. સુખ પ્રાપ્ત હોય અથવા સુખ પ્રાપ્ત થવાનો સંભવ

હોય ત્યારે અધિક સુખની વાતો કરો. બીજાઓને જ્યારે શોકાતુર જુઓ ત્યારે તેમને પ્રસન્નતાને પ્રકટાવવાનો અત્યાગ્રહ કરો. તેમના શોકના વિષયની તેમના આગળ વાત ન કાઢો, પણ સુખની જ વાતો કાઢો. તેમનો શોક સત્વર ઓછો થશે.

૧૫૨. સ્થળે સ્થળે સુખસંબંધી જ વાતો કરો. તે સર્વદા લાભને જ કરે છે. અંધકાર દર્શાવવાનું છોડી દઈને સર્વને સૂર્યનો પ્રકાશ જ દર્શાવો; અને સર્વ તમને પણ સૂર્યનો પ્રકાશ જ દર્શાવશે.

૧૫૩. સર્વ આગળ સુખની જ વાતો કાઢો. એથી તમારું આરોગ્ય સુધરશે, તમારી માનસિક શક્તિઓ અધિક તેજસ્વી થશે, અને તમે જ્યાં જશો ત્યાં સર્વ તમારા પ્રતિ આકર્ષાશે. દુઃખની નિરંતર વાતો કરવાથી શરીર બેડોળ અને કદરૂપું થાય છે, અને સુખની નિરંતર વાતો કરવાથી શરીરનું સૌંદર્ય વધે છે. વળી સુખની નિરંતર વાતો કરવાથી જે શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક લાભ તમને થાય છે, તે જ લાભ, તમારી સુખસંબંધી વાતો જેઓ પ્રીતિપૂર્વક સાંભળે છે, તેમને પણ થાય છે.

૧૫૪. સુખની જ વાતો કરો, અને તમારા મનને નિરંતર પ્રસન્ન રહેવાનો અભ્યાસ પડી જશે. તમારા ઉદાહરણથી બીજા હજારો, સુખનું જ સંકીર્તન કરતાં શીખશે. એક દીપક કેટલા અસંખ્ય દીપકો પ્રકટાવે છે, એ શું તમે નથી જાણતા ? ઉત્તમ જીવન ગાળનારો એક જ મનુષ્ય તે જ પ્રમાણે, પોતાના સંબંધથી હજારોને ઉત્તમ જીવન ગાળનારા કરી મૂકે છે.

૧૫૫. બીજાઓને નાહિંમત અને નિરાશ થયેલા જોઈને તેમના આગળ તેમનામાં હિંમત અને આશા પૂર્ણ વેગથી પુનઃ પ્રકટે એવી સુખની જ વાતો કરો. સર્વને માટે ભવિષ્યમાં અસાધારણ સુખ રહેલું હોય છે. તેને વર્તમાનમાં આણવાનો પ્રયત્ન નહિ કરવાથી જ ઘણા મનુષ્યો દુઃખી રહે છે. તેમના આગળ સુખની વાતો કરીને ભાવિમાં રહેલાં સુખોને તેઓ જુએ તેમ કરો. જ્યારે મન નિરાશ અને નાહિંમત થયેલું હોય છે, ત્યારે તે અંધ હોય છે. તે સ્થિતિમાં તે કેવળ અંધકાર જ જુએ છે. સુખની વાતોવડે મનમાં જ્યારે પ્રસન્નતાનો પ્રકાશ પ્રવેશાવવામાં આવે છે, ત્યારે મનનું અંધત્વ નાશ થાય છે. તેને નેત્ર આવે છે. તે પોતાના ભાવિમાં રહેલાં સુખને જોઈ શકે છે. તેથી સર્વ પ્રસંગે, સર્વ સ્થળે, સર્વની સાથે સુખની જ વાતો કરો.

૧૫૬. હજારો મનુષ્યોનાં અંતઃકરણનો દુઃખમય અંધકાર ટાળવો, અને

સુખના માર્ગમાં તેમને મૂકી દેવા, એના જેવું સત્કર્મ બીજું કોઈ તમને જણાય છે? આવું સત્કર્મ કેવા અનવધિ ફળને ઉપજાવતું હોવું જોઈએ? આવું સત્કર્મ કરવામાં શું દ્રવ્યની કે એવા જ કોઈ શ્રમથી મળનાર સાધનની અગત્ય છે? ના, એવા કોઈ સાધનની અગત્ય નથી. સુખની જ જ્યાં ત્યાં વાતો કરો, અને તમને સ્પષ્ટ થશે કે આવું સત્કર્મ તમે નિત્ય જ કરો છો.

૧૫૭. ક્લેશ, કંકાસ, વિપત્તિ કે અવ્યવસ્થાના ભરસમુદ્રમાં તમે બેઠા હો તોપણ સુખની જ વાતો કરો. કલેશ, કંકાસ વગેરે અલ્પ સમયમાં નિવૃત્ત થશે. દુઃખના વિષયની વાતો બદલીને સુખના વિષયની વાતો કાઢવી, એ કામ ઘણું જ સહેલું છે. કોઈએ પ્રથમ આગેવાની કરવી જોઈએ. તરત જ દુઃખની વાતો બંધ પડીને સુખની વાતો ચાલવા માંડશે. સારી વાત ચાલતી હોય છે, એટલામાં કોઈ ભૂતની વાત કાઢે છે તો તરત જ સારી વાત બંધ પડી ભૂતની વાતો ચાલવા માંડેલી શું તમે નથી અનુભવી? દુઃખની વાત બંધ પાડીને સુખની વાતોનો પ્રસાર પણ એ જ રીતે કરી શકાય છે. જ્યાં જાઓ ત્યાં સુખની વાત કાઢવાની આગેવાની કરવાનું કદી પણ વીસરી જતા નહિ.

૧૫૮. કઠણ દહાડા આવ્યા છે, વરસ વરસને ખાતું આવે છે, ધંધારોજગારમાં રસકસ નથી, એ વગેરે વાતો ન કરો, પણ અભ્યુદયની અર્થાત્ ચઢતીના દિવસોની જ વાતો કરો. વરસ વરસને ખાતું આવતું હોય અને ધંધારોજગારમાં રસકસ ન રહ્યા હોય તો મનુષ્યે પોતે જ પોતાના પ્રયત્નથી તેવી સ્થિતિ ટાળવી જોઈએ. ભવિષ્યમાં સારા દિવસો આવશે એવી મનુષ્યમાં જો શ્રદ્ધા પ્રકટે છે, તો સારા દિવસો આવવાના તે વિચાર કરે છે, તથા તેવા દિવસો માટે પ્રયત્ન પણ કરે છે. શ્રદ્ધાથી જ તેના મનમાં આશાના અંકુરો ફૂટે છે, અને તેના પ્રયત્નને વેગ મળે છે; અને આવી શ્રદ્ધા સારા દિવસો આવવાની મનુષ્યોઆગળ વાતો કરવાથી જ પ્રકટે છે.

૧૫૯. આ વર્ષે વૃષ્ટિ ઘણી જ સારી થશે, એવું ખેડૂતને કહેવાથી તે કેવો ઉત્સાહમાં આવી જાય છે, અને પ્રસન્નતાથી ખેતી કરવાનાં સર્વ સાધનો એકઠાં કરે છે! એથી ઊલટું વરસાદ નહિ આવવાની વાત તેના હાથપગ ભાગી નાંખે છે, અને તેના વિચારનું વાતાવરણ ચિંતાકુલ કરી મૂકે છે. દુઃખનાં કારણો એકત્ર થઈને જેટલાં દુઃખો ઉત્પન્ન કરે છે, તેના કરતાં દુઃખનો ભય વધારે દુઃખોને ઉપજાવે છે; અને અભ્યુદયની વાતો કરવાથી દુઃખનો ભય દૂર કરી શકાય છે.

૧૬૦. આરોગ્યની જ જ્યાં ત્યાં વાતો કરો. ગામની હવા બગડી છે, હવે તાવ ચાલશે, હવે ઢીંકણું થશે અને હવે રમકડું થશે, એવી એવી વાતો ન કરતાં આરોગ્યની જ વાતો કરો. આરોગ્યની વાતો એ સૌથી ઉત્તમમાં ઉત્તમ ઔષધ છે. બીજાં કારણોથી જેટલા વ્યાધિઓ પ્રસરે છે, તેના કરતાં મંદવાડની વાતોથી વધારે પ્રસરે છે. લોકો જ્યારે મંદવાડની વાતો કરતા, અને મંદવાડનું ચિંતન કરતા બંધ પડી જશે, ત્યારે તેમને મંદવાડ આવતો પણ બંધ પડી જશે. આરોગ્યની જ વાતો કરો, અને આરોગ્યનું જ ચિંતન કરો, અને તમે સ્થિર આરોગ્યનો અનુભવ કરશો.

૧૬૧. માંદા માણસઆગળ આરોગ્યની વાતો કાઢો, અને તેને આરોગ્યનું ચિંતન કરવાની તમે ફરજ પાડવાના; અને જે કોઈ આરોગ્યનું ચિંતન કરે છે, તે આરોગ્યવાન્ મનુષ્યના જેવું જ જીવન ગાળવા માંડે છે, અને જે આરોગ્યવાન્ મનુષ્યના જેવું જ જીવન ગાળવા માંડે છે, તેને આરોગ્ય જ મળે છે.

૧૬૨. જ્યારે તમારા મિત્રો અને સંબંધીઓ પોતાના કે બીજાઓના મંદવાડની લાંબી લાંબી કથાઓ ભારે રસથી તમને કહેવા માંડે ત્યારે તત્કાળ આરોગ્યની વાત કાઢીને, ડોહોવાયલા પાણીને સ્વચ્છ કરો. આરોગ્યની જ વાતો કહેવાનો અને સાંભળવાનો આગ્રહ ધરો. મંદવાડકરતાં આરોગ્ય વધારે વ્યાપેલું તથા વધારે બળવાન છે, અને તેથી વાતો કરવા માટે અત્યંત મહત્ત્વનો વિષય તે છે, એ સિદ્ધ કરો. જેનું પ્રમાણ અધિક હોય તેનો જ પક્ષ બળવાન ગણાય છે. મંદવાડકરતાં આરોગ્યનું પ્રમાણ અધિક છે, માટે આરોગ્ય બળવાન છે. આરોગ્યની વાતો વડે આરોગ્યના અધિક પ્રમાણને વિશેષ અધિક કરો.

૧૬૩. જ્યારે જગત્માં દુર્ગુણ અને દુરાચાર અધિક પ્રમાણમાં જોવામાં આવે ત્યારે સદ્ગુણ અને સદાચારની જ વાતો કરો. જ્યારે સદ્ગુણ અને સદાચાર અધિક પ્રમાણમાં જોવામાં આવે ત્યારે પણ તેથી અધિક પ્રમાણમાં સદ્ગુણ અને સદાચારની વાતો કરો. સદ્ગુણની વાતો કરવાથી લોકો સદ્ગુણસંબંધી વિચારો કરતા થશે. તેઓ સદ્ગુણના લાભનું ચિંતન કરતા થશે. વિચાર અને ચિંતન કરવા માંડતાં થોડા જ સમયમાં તેઓને સદ્ગુણ પ્રાપ્ત કરવાની ઇચ્છા થશે, અને મનુષ્યોને સદ્ગુણી થવાની જ્યારે ઇચ્છા પ્રકટે છે ત્યારે તેઓ સદ્ગુણી થવાનો પ્રયત્ન કરે છે, અને સદ્ગુણી થાય જ છે.

૧૬૪. નિરંતર સદ્ગુણની વાતો કરવાથી તમે હજારો મનુષ્યોનાં મન શુદ્ધ કરી શકશો; અને આ હજારો પાછા બીજા લાખોનાં મન તેવી જ રીતે

શુદ્ધ કરશે. આથી સદ્દગુણની જ વાતો કરવાથી તમે જગત્‌નું જે કલ્યાણ કરો છો, તેની સીમા જ નથી.

૧૬૫. જ્યારે જગત્ અસત્ય અને છળપ્રપંચથી ભરેલું જણાય, અને ઘોર કળિકાળ પ્રસરી રહેલો ભાસે ત્યારે પણ સત્યનું જ અને સત્યના મહિમાનું જ ગાન કરો. અસત્ય વ્યાપવાથી સત્ય કંઈ નાશ પામતું નથી. સત્ય તો સર્વત્ર સર્વ સામર્થ્યયુક્ત વ્યાપી રહ્યું જ છે. તેને દૃષ્ટિએ આણવા માટે તેની જ વાતો કરો. અસત્યનાં અને છળપ્રપંચનાં ચિત્રો લોકોઆગળ ન ધરો, કારણ કે અસત્ય અને છળપ્રપંચનાં ચિત્રો નિરંતર તેમની આગળ ધરવાથી તેઓ અજાણપણે અસત્ય અને છળપ્રપંચના જ માર્ગમાં દોરાય છે. લોકોના વિચારોના પ્રવાહની દિશા તમે બદલી શકો એમ છે. નિરંતર સદ્દગુણની વાતો કર્યા કરવાથી સમગ્ર મનુષ્યપ્રજાને સદ્દગુણમાં પ્રીતિવાળી તમે કરી શકશો; અને તેમ થતાં કળિકાળ-માં પણ તમે સત્યયુગને પ્રવર્તેલો જોશો.

૧૬૬. તમે જે પ્રકારે વાત કરો છો તે પ્રકારે તમે મનુષ્યના મનને દોરી શકો છો. તમારા શબ્દો જે દિશાને દર્શાવે છે, તે દિશામાં તેનું મન ગયા વિના રહેતું જ નથી. દોષની, દુરાચારની, વ્યાધિઓની, અને વિપત્તિની વાતો કર્યા કરો, અને ઘણા મનુષ્યો તે તરફ તણાયા જવાના. સદ્દગુણની, સદાચારની, આરોગ્યની, અને સંપત્તિની વાતો કર્યા કરો, અને ઘણા મનુષ્યો સદ્દગુણ, સદાચાર, આરોગ્ય અને સંપત્તિતરફ આકર્ષાઈ તે પ્રાપ્ત કરવા મથવાના.

૧૬૭. રાજા બહુ જુલમી છે, એવી વાતો નિરંતર કર્યા કરવાથી પ્રજાઉપર અધિક જુલમ કરવા રાજા પ્રેરાય છે. પ્રજા રાજદ્રોહી છે, એવો રાજા તરફથી વારંવાર પોકાર ઉઠાવવામાં આવતાં રાજભક્ત પ્રજા રાજદ્રોહ કરવા પ્રેરાય છે, અને પોકાર કાયમ રહે છે તો પ્રજા રાજદ્રોહી થયા વિના રહેતી નથી. વાતો રાજાપ્રજાની કેવી સ્થિતિ કરી મૂકે છે, તેનું તાજું ઉદાહરણ હાલની બ્રિટિશ રાજસત્તા અને હિંદુસ્તાનની હાલની પ્રજા છે.

૧૬૮. પ્રજા રાજા સામે કાવતરાં ન કરતી હોય તથાપિ પ્રજા કાવતરાં કરે છે, એવો પ્રજા ઉપર વારંવાર આરોપ મૂકવામાં આવે છે, તો પ્રજા કાવતરાંખોર થઈ જાય છે. બંગાળામાં થોડા સમયથી ઊડતા પ્રાણઘાતક ગોળાઓના જન્મનું તથા ત્યાંના સત્તાધીશોના જુલમનું કારણ આવી વાતોથી જન્મને પામ્યું છે, એ કોઈ પણ વિચારવાનને સ્પષ્ટ થયા વિના રહે તેમ નથી.

૧૬૯. વર્તમાનપત્રકારો ઘણી વાર પોતાના શબ્દોથી પ્રજામાં અથવા આખી દુનિયામાં એવો અનર્થ પ્રસારી મૂકે છે કે જેવો અનર્થ પ્લેગ અને મરકી પણ ભાગ્યે પ્રસારતાં હોય. દુઃખ અને ત્રાસની વાતો નિરંતર કરીને ઘણાં વર્તમાનપત્રો આરંભનાં દુઃખ અને ત્રાસને સહસ્રગુણ અથવા લક્ષગુણ વધારી મૂકે છે. વર્તમાનપત્રોમાં વર્ણેલી દુઃખ અને ત્રાસની વાતો લોકો વાંચે છે, અને તે સંબંધી નિરંતર વાતો કરે છે; અને જેની તેઓ વાતો કરે છે, તેના જેવી જ તેમના મનની સ્થિતિ થતી હોવાથી ઠામ ઠામ દુઃખ અને ત્રાસ, ચેપી રોગની પેઠે પ્રસરી જાય છે.

૧૭૦. જ્યારે દુઃખ અને ત્રાસની લોકો બૂમો પાડે ત્યારે નિરંતર સમીપ રહેલાં સુખ અને શાંતિતરફ તેમનું ધ્યાન ખેંચવાનું કદી પણ વિસ્મરણ કરશો નહિ. અમર્યાદ સુખ અને શાંતિ સર્વત્ર વ્યાપી રહેલાં છે, પણ કાળાં ચશ્માં પહેરનારને જેમ સઘળું જ કાળું દેખાય છે, તેમ દુઃખ અને ત્રાસની બૂમો પાડનારને સઘળે દુઃખ અને ત્રાસ જ દેખાય છે. તેનું ધ્યાન દુઃખ અને ત્રાસ તરફ વળેલું હોવાથી તે સુખ અને શાંતિને જોઈ શકતો નથી. તેના ધ્યાનને તે તરફ વાળો, અને તે સુખ અને શાંતિને જોશે એટલું જ નહિ, પણ અધિક અધિક સુખ અને શાંતિ શી રીતે પ્રાપ્ત કરવાં તેનો માર્ગ પણ તેને સ્પષ્ટ જણાશે. સુખનો વિચાર કરો, અને સુખ પ્રતિદિન વૃદ્ધિને પામતું જણાશે. તેની જ વાતો કરો, અને સઘળા જ તે સંબંધી ચિંતન કરવા માંડશે.

૧૭૧. શાંતિની વાતો કરો. ઘરમાં કે દેશમાં અશાંતિ અને અવ્યવસ્થા પ્રસરી ગયાં હોય તેમને નિવારવાનો કદી નિષ્ફળ ન જાય એવો એ એક જ ઉપાય છે. મનુષ્યોના ઘરસંસારમાં પ્રવેશેલા ક્લેશ અને કંકાસને ટાળવાનો રામબાણ ઉપાય એના જેવો એકે નથી. પોતાના ઘરમાં સહજ ક્લેશ અથવા અશાંતિનું કારણ ઉપજતાં જેઓ તે સંબંધી જ્યાં ત્યાં ફરી ફરી વાતો કરવા લાગે છે, તેમને સ્વલ્પ સમયમાં સમજાય છે કે તે ક્લેશ પ્રતિદિન ઊંડાં અને ઊંડાં મૂળ નાંખતો જાય છે. જ્યારે મનુષ્ય ક્લેશનું ચિંતન કરે છે, ત્યારે તેના અંતઃ-કરણમાં ક્લેશ જ વ્યાપી રહે છે. જ્યારે તે ઘણો સમય શાંતિના વિચારો કરે છે, ત્યારે તેના અંતઃકરણમાં શાંતિ જ વ્યાપી રહે છે, અને જો આગ્રહથી અને ખરી નિષ્ઠાથી તમે તેના આગળ શાંતિની વાતો કરો છો, તો શાંતિના વિચારો કર્યા વિના તેનાથી રહેવાતું જ નથી.

૧૭૨. વિજયની જ જ્યાં ત્યાં વાતો કરો, અને તમારા સંબંધમાં આવનાર સર્વના હૃદયમાં વિજય પ્રાપ્ત કરવાનો આવેશ તમે પ્રકટાવશો. તમારી વાતો સાંભળનાર સર્વ મનુષ્યના માનસિક અને શારીરિક બળને વિજયની સિદ્ધિ કરવા તરફ જ તમે ખેંચી જશો. કોઈના આગળ કદી પણ ન વદો કે આ કરવું અશક્ય છે. સર્વ જ શક્ય છે, એમ સર્વના આગળ વદો. જેઓ વિજયની વાતો કરે છે, તેઓ વિજયને પ્રત્યક્ષ કરવામાં સર્વદા મદદ કરે છે.

૧૭૩. પ્રત્યેક મનુષ્યને વિજય મળવો જ જોઈએ, કારણ કે તે મેળવવાની તેનામાં યોગ્યતા છે. વિજયનો કોઈને અધિકાર નથી, એવું છે જ નહિ, ઊલટો વિજયઉપર સર્વનો જન્મથી જ હક છે. આમ છતાં, નિષ્ફળતાનો ભય, એ સર્વને વિજયપ્રાપ્તિમાં મોટામાં મોટી આડખીલી થઈ પડ્યો છે. વિજયની વાતો કરવાથી આ આડખીલીને તમે દૂર કરી શકશો.

૧૭૪. વિજયપ્રાપ્તિના નવા અને વધારે અનુકૂળ સંભવો જ્યાં ત્યાં મળે એમ છે. ભૂતકાળમાં લીધેલાં ભૂલભરેલાં પગલાંને ભૂલી જાઓ, અને આ નવા અને અનુકૂળ સંભવોની જ વાતો કરો. ભૂતકાળમાં બનેલા પ્રસંગોને જો આપણે ભૂલી જતા નથી તો ભૂતકાળમાં તે બનેલા છતાં વર્તમાન કાળમાં જ તે બનતા હોય એમ આપણને ભાસે છે, અને તેથી વીતી ગયેલા દુઃખનું વીતી જવું ન થતાં, તે વર્તમાનમાં ઊભું જ રહે છે. વિજયપ્રાપ્તિના નવા અને વધારે અનુકૂળ સંભવોની વાતો, ભૂતકાળની નિષ્ફળતાને ભુલાવે છે, અને વિજયપ્રતિ આપણને પગલાં ભરતા કરે છે.

૧૭૫. વધારે સારાં કાર્ય કરવા માટે લોકો પ્રેરાય એવું કરવામાં જ વાણીનો ઉપયોગ કરો. તેઓના આગળ કાળી બાજુ ન ધરો, પણ સર્વદા ઊજળી બાજુ જ ધરો. તેઓનાથી ન થઈ શકે એવાં કામો તરફ તેમનું લક્ષ ન ખેંચો; પણ તેમનાથી થઈ શકે, એવાં કામો તરફ ખેંચો. આમ કરતાં ક્રમે ક્રમે તેઓ વધારે કઠિન કામ કરી શકશે. થઈ શકે એવાં કાર્યો કરવામાં મનુષ્યોને જોડી દેવાથી તેઓનો સઘળો બડબડાટ અને ફફડાટ બંધ પડી જાય છે. આ કઠણ છે, અને પેલું કઠણ છે, એવો બડબડાટ કરવાની જેમને ટેવ પડી ગઈ હોય છે, તેઓ જ્યાં હોય છે ત્યાંથી એક ડગલું પણ આગળ વધી શકતા નથી. ઘણે પ્રસંગે તેઓ પાછા હઠતા જતા જોવામાં આવે છે. આથી થઈ શકે એવી વાતોતરફ મનુષ્યોનું લક્ષ ખેંચવું, એ તેમની ઉત્તરોત્તર અસાધારણ ઉન્નતિ કરે છે.

૧૭૬. એ એક સ્થાપિત વાર્તા છે કે જ્યારે સુખનું એક દ્વાર બંધ થઈ જાય છે ત્યારે બીજું ઊઘડે છે. કોઈ કોઈ વખત એક નહિ પણ ઘણાં દ્વાર ઊઘડે છે. આ પ્રમાણે દ્વારો ઊઘડવાં, એ આ પ્રકૃતિમાં સ્થપાયલો નિયમ જ છે. પ્રાણીપદાર્થની ઉન્નતિને માટે એ નિયમ અણુઅણુમાં પ્રવર્તી રહ્યો છે. આખા વિશ્વમાં નિત્ય આગળ વધવાની ઇચ્છા થયા જ કરે છે, અને તેથી કરીને જ્યારે જ્યારે કોઈ મનુષ્યનું ઉન્નતિને પામવાનું એક દ્વાર બંધ થાય છે, ત્યારે ત્યારે તેને માટે બીજું દ્વાર ઉઘાડવાને માટે ઉપરનો નિયમ ક્રિયાયુક્ત થાય છે. આથી સિદ્ધ થાય છે કે વિશ્વવ્યવસ્થામાં જે જે નિયમો છે, તે મનુષ્યનું અહિત કરનારા નથી, પણ એકેએક નિયમ તેનું હિત સાધનારો છે. આથી જે મનુષ્ય સુખની, શાંતિની, વિજયની, અભ્યુદયની, વૃદ્ધિની અને આરોગ્યની વાતો કરે છે, તે વિશ્વવ્યવસ્થામાં પ્રવર્તતા નિયમોને અનુકૂળ વર્તે છે, અને કુદરતનો મહાન ઉદ્દેશ સિદ્ધ કરવામાં તે મદદ કરે છે. અને વિશ્વવ્યવસ્થાપક સત્તાના મદદગાર થવાનું ઉચ્ચ માન સંપાદન કરવાનું કોને ન ગમે?

૧૭૭. જ્યારે તમે દુઃખની, નિષ્ફળતાની, વ્યાધિની અથવા પાપની વાતો કરો છો ત્યારે તમે વિશ્વવ્યવસ્થાપક સત્તાના નિયમોની અને તેના મહાન્ ઉદ્દેશની વિરુદ્ધ વર્તો છો. આમ થતાં તમે વિશ્વની પ્રત્યેક વસ્તુની વિરુદ્ધ વર્તો છો, અને તેના પરિણામમાં તેઓ પણ તમારી વિરુદ્ધ વર્તન કરવાની. આથી જે કંઈ કાર્ય તમે કરવા માંડવાના તેમાં અવશ્ય નિષ્ફળ થવાના. પરંતુ ઉપર વર્ણેલો માર્ગ ગ્રહણ કરતાં કેવો ઉત્તમ પરિણામ આવે છે!

૧૭૮. બોલનાર અને સાંભળનાર બંને ઉપર શબ્દોની અત્યંત ભારે અસર થાય છે—પછી તે શબ્દ મુખથી બોલેલો હોય, કે મનમાં બોલેલો હોય કે લખેલો હોય. તમારા લક્ષને સારી અથવા નઠારી દિશાતરફ ખેંચવાનું કામ શબ્દ કરે છે, અને જે દિશાતરફ તમારું લક્ષ ખેંચાય છે, તે તરફ તમારું આખું જીવન ખેંચાય છે. આમ હોવાથી શબ્દો બોલતાં અને સાંભળતાં અત્યંત વિચારને કરજો. સુખની, શાંતિની, અને વિજયની જ વાતો કરજો, અને તેવી જ વાતો સાંભળજો.

૧૭૯. તમે જે વિચારો નિત્ય સેવો છો, તે વિચારોનું તમારી આજુબાજુ એક વાતાવરણ બંધાય છે. આ વિચારનું વાતાવરણ એ એક ઘરજેવું હોય છે, અને ઈંટમાટીના ઘરમાં જેમ મનુષ્યો રહે છે, તેમ આ વિચારના ઘરમાં,

તમારા વિચારનાં સજાતીય તત્ત્વો આવીને રહે છે. વિચાર એ લોહચુંબકજેવો એક આકર્ષક પદાર્થ છે. તે પોતાના જેવા જ વિચારોને પોતાના પ્રતિ આકર્ષે છે, અને તે વડે બળ અને વૃદ્ધિને પામે છે. પ્રેમના વિચારો કરો, અને પ્રેમના મહાસમુદ્રનાં મોજાં તમારા તરફ વહેતાં ચાલ્યાં આવશે. જો તમે સુખી થવા ઇચ્છતા હો તો પ્રેમ વિરુદ્ધ એક પણ વિચારને કદી ન સેવો, કારણ કે દ્વેષ મનુષ્યને બંધનમાં રાખે છે, અને એકલો પ્રેમ જ તેને મુક્ત કરે છે.

૧૮૦. સઘળો સમય પોતાને જ પૂર્ણ કરવામાં મનુષ્યે સર્વ સમય ગાળવાની સર્વથી પ્રથમ અગત્ય શાથી છે, તેનું કારણ આ છે: જાગતાં, ઊંઘતાં, બેસતાં, ઊઠતાં, ખાતાં, પીતાં, એમ સર્વ સમય આ દેહમાં, તેમ જ હવે પછી અનંત કાળ સુધી મનુષ્યને સઘળો સમય પોતાની સાથે જ રહેવાનું છે. એવી એક પણ ક્ષણ નથી કે જેમાં તેને પોતાનાથી સહજ પણ દૂર રહેવાનો સમય આવે. આમ હોવાથી બીજાઓને રાજી કરવાને માટે, અથવા આળસ અને પ્રમાદથી, મનુષ્યે પોતાની અને પોતાને રહેવાનું સ્થાન જે આ દેહ તેની અંતર્બાહ્ય ઉપેક્ષા કરવી, એ આત્મઘાત કરવા તુલ્ય છે; પોતાના પગ ઉપર પોતાને હાથે જ કુહાડો મારવા બરાબર છે.

૧૮૧. મલિન આત્મા સાથે રહેવું, એ નરકમાં રહેવા તુલ્ય છે. કામ, ક્રોધ, લોભ, દ્વેષ વગેરે વિવિધ દોષોવાળા આત્મા સાથે નિવાસ કરવો, એમાં અને નરકમાં નિવાસ કરવામાં કશો ફેર નથી. પોતાને પૂર્ણ અને શુદ્ધ કરવાથી આપણે આપણને નરકમાંથી સ્વર્ગમાં લઈ જઈએ છીએ; અને આ પ્રમાણે આપણને નરકમાંથી સ્વર્ગમાં લેઈ જનાર આ જગત્માં આપણા વિના બીજું કોઈ જ નથી.

૧૮૨. જેમ મનુષ્ય વધારે બુદ્ધિમાન હોય છે, તેમ તેને સત્યપ્રતિ વધારે પૂજ્યભાવ હોય છે; તે જ પ્રમાણે જેમ મનુષ્ય વધારે અજ્ઞાન તેમ તેને ભ્રમ અને ભ્રાંતિપ્રતિ વધારે પૂજ્યભાવ હોય છે.

૧૮૩. મનુષ્યને પોતાના આત્માજેવું અત્યંત મૂલ્યવાન જગત્માં બીજું કંઈ જ નથી. આથી તેણે આત્માપ્રતિ પૂજ્યભાવ રાખવો જોઈએ. તેની અવનતિ અથવા દુર્દશા થાય, એવી એક પણ કૃતિ તેણે ન કરવી જોઈએ. જે જે જ્ઞાનથી પોતાને લાભ થશે એવુ ભાસે તે તે જ્ઞાનને તેણે તત્કાલ આચારમાં

ઉતારવું જોઈએ, અને આ પ્રમાણે તેણે અજ્ઞાન અને તેથી પ્રકટતાં દુઃખોનો જય કરી પૂર્ણ થવું જોઈએ.

૧૮૪. તમે આ પરમેશ્વરે રચેલા જગત્‌માં રહેતા નથી, પણ જે જગત્ તમે પોતે રચ્યું છે, તેમાં જ નિરંતર રહો છો. તમારું રચેલું આ જગત્ તમારા વિચારપ્રમાણે જ રચાયું હોય છે. પરમેશ્વરે કેરીને કે દૂધને વાયુ કરનારાં રચ્યાં નથી, પણ તમે તમારા વિચારવડે જ તેમને તેવાં રચી લો છો. મહાપુરુષોને આ જગત્ સૌંદર્ય, સુખ, અને આનંદથી પૂર્ણ ભાસે છે, કારણ કે તેમણે પોતાના વિચારથી આ જગત્‌ને તેવું જ કરી લીધું હોય છે. તમને આ જગત્ દુઃખ, વ્યાધિ, અને મૃત્યુથી ભરેલું ભાસે છે; કારણ તમે તમારા વિચારવડે તેને તેવું જ રચી લીધું છે. પૂર્ણ પુરુષો પોતાની ભૂમિકાપરથી જગત્‌ને પૂર્ણ જુએ છે; અપૂર્ણ મનુષ્યો પોતાની દોષવાળી ભૂમિકાઉપરથી જગત્‌ને અપૂર્ણ જુએ છે.

૧૮૫. દુષ્ટ દુર્જન મનુષ્ય સર્વોત્તમ સાધુ પુરુષમાં પણ એકે શુભ લક્ષણ જોતો નથી. સર્વોત્તમ સાધુ પુરુષ, દુષ્ટ દુર્જનમાં લેશ પણ દુર્જનતા જોતો નથી, પણ તેના આત્મામાં રહેલી નિર્દોષતાપ્રતિ જ દૃષ્ટિ નાખે છે.

૧૮૬. પ્રત્યેક મનુષ્ય પોતે જે ભૂમિકામાં હોય છે, તે ઉપરથી જ જગત્‌ને સારું અથવા નઠારું જુએ છે. તમને જગત્‌માં જ્યાં ત્યાં દોષ જ દૃષ્ટિએ આવતા હોય તો તે એટલું જ સિદ્ધ કરે છે કે તમે જે ભૂમિકામાં છો તે ઘણી નિકૃષ્ટ છે. તમને જગત્‌માં જ્યાં ત્યાં ગુણનું જ ભાન થતું હોય તો તમે તમારી પોતાની જ ઉત્કૃષ્ટ ભૂમિકાનું ભાન કરાવો છો. યુધિષ્ઠિર અને દુર્યોધનનાં ઉદાહરણો આ વિષયમાં બળવાન પ્રમાણરૂપ છે. યુધિષ્ઠિરને આખી સભામાંથી એક પણ દુર્જન દૃષ્ટિએ આવ્યો ન હતો; દુર્યોધનને આખી સભા દુર્જનોથી ભરપૂર ભાસી હતી.

૧૮૭. આજે તમને એક મનુષ્ય સજ્જન અને વિવિધ સદ્‌ગુણોથી વિભૂષિત લાગે છે. કાલે તમને તેનો તે મનુષ્ય દુર્જન અને વિવિધ દુર્ગુણોથી કલંકિત ભાસે છે. આજે તમને તમારું ઘર સ્વર્ગના જેવું સુખદ ભાસે છે; કાલે તમને તેથી પ્રજ્વલિત અગ્નિજેવો સંતાપ થાય છે. આજે તમને એક વસ્તુ અત્યંત સુંદર જણાય છે; કાલે તેની તે વસ્તુ તમને અત્યંત કુરૂપ જણાય છે. શું આ મનુષ્ય, ઘર, અને વસ્તુ બદલાય છે? નહિ, પ્રિય બંધુ! નહિ. તમારું અંતઃ-

કરણ જ તમને જુદાં જુદાં વિરુદ્ધ ભાન કરાવે છે. અંતઃકરણને નીચી ભૂમિકા-પરથી ઊંચી અને વધારે ઊંચી ભૂમિકામાં લેઈ જાઓ; અને આજે જે તમને દુઃખદ અને દોષવાળું જણાય છે, તે સુખદ અને નિર્દોષ જણાશે.

૧૮૮. પોતાને માટે જેમ બને તેમ ઊંચામાં ઊંચી કલ્પના કરવાથી અને તે કલ્પનામાં આરૂઢ રહેવાનો અખંડ પ્રયત્ન કરવાથી જ મનુષ્ય ઉચ્ચ ભૂમિકામાં આવતો જાય છે; અને આમ હોવાથી જ પરમ કલ્યાણકારક વેદાંતશાસ્ત્ર મનુષ્યોને પોતાના બ્રહ્મસ્વરૂપનો નિરંતર વિચાર કરવા પ્રબોધ આપે છે. પોતાનો અનધિકાર માની પોતાના બ્રહ્મસ્વરૂપનો વિચાર ન કરવો, એ નીચી ભૂમિકામાં સડ્યા કરવા તુલ્ય છે. જેઓ અનધિકારની શંકાથી, વસ્તુતઃ પોતે બ્રહ્મસ્વરૂપ છતાં, તેનો વિચાર કરવાથી વિમુખ રહે છે, તેઓને અધિકાર આવવાનો સમય, પાસે આવવાને બદલે વેગળો જતો જાય છે.

૧૮૯. તમારાં નેત્ર એ ઈશ્વરનાં નેત્ર છે, એમ માનો; તમારા કર્ણ એ ઈશ્વરના જ કર્ણ છે, એમ માનો; તમારા હસ્ત એ ઈશ્વરના જ હસ્ત છે, એમ માનો; તમારો સ્વર એ ઈશ્વરનો જ સ્વર છે, એમ માનો; અને આમ તમારામાં જે કંઈ છે, તે ઈશ્વરમય છે એમ માનો. જે પ્રમાણમાં આ સત્યને તમે તમારા અણુઅણુમાં દૃઢીભૂત કરશો, તે પ્રમાણમાં તમે તમારા પોતાનામાં ઈશ્વરત્વને પ્રકટાવશો.

૧૯૦. જ્ઞાનીમાં અને અજ્ઞાનીમાં જે ભેદ છે, તે આ જ છે. જ્ઞાની જ્યારે પોતાને સર્વાંગ બ્રહ્મમય જુએ છે, અને તેવું જ ભાન કરે છે, ત્યારે અજ્ઞાની પોતાને સર્વાંગ એક તુચ્છ કીડા જેવો જુએ છે, અને તેવું જ ભાન કરે છે. જ્ઞાનવાન પોતાનામાં બ્રહ્મત્વનું ભાન કરતો હોવાથી તેની પ્રત્યેક ક્રિયા, તેના પ્રત્યેક શબ્દ અને તેના પ્રત્યેક વિચાર તેના બ્રહ્મત્વને શોભાવે એવા થાય છે; અજ્ઞાની પોતાનામાં તુચ્છ કીડાનું ભાન કરતો હોવાથી તે જે કરે છે, જે બોલે છે, અને જે વિચારે છે, તે એક તુચ્છ કીડાના જેવું જ હોય છે.

૧૯૧. નેત્રવડે સર્વપ્રતિ અત્યંત પ્રેમની દૃષ્ટિથી જુઓ; પરમેશ્વરનાં નયન આના કરતાં અધિક શું જોઈ શકે એમ છે? વાણીવડે પ્રેમનાં મૃદુ વચનો જેની તેની સાથે બોલો; પરમેશ્વરની વાણી આના કરતાં અધિક શું વદી શકે એમ છે? વિચારવડે આખા જગતનું હિત ઇચ્છો; પરમેશ્વરનું મન આથી વધારે શું વિચારી શકે એમ છે?

૧૯૨. નિશાળો, નાટકગૃહો, દેવાલયો, સભાઓ, કચેરીઓ, મિલો, આગગાડીઓ, ટ્રામો અને એવી જ સઘળી બંધ જગાઓમાં શરીરના તથા મનના વ્યાધિઓને ઉત્પન્ન કરનારું વાતાવરણ હોય છે. અનેક મનુષ્યો તેવે સ્થળે એકઠાં થવાથી તેઓના પ્રશ્વાસથી ત્યાંનું વાતાવરણ વિકારી થવાથી શરીરના વ્યાધિઓ થાય છે, તથા તેઓના અવ્યવસ્થ વિચારોથી વિચારનું વાતાવરણ વિકારી થવાથી માનસ વ્યાધિઓ થાય છે. જ્યાં સદ્વિચારો અખંડપણે સેવાતા હોય એવાં સ્થળોનું વાતાવરણ જ આરોગ્ય, સુખ, અને કલ્યાણને આપનારું છે. જે સ્થળમાં પ્રધાનપણે સદ્વિચારો જ સેવાયા કરતા હોય છે, તે સ્થળનું વાતાવરણ બ્રહ્મલોકના જેવું જ હોય છે. આવા વાતાવરણમાં પ્રવેશનારને કલ્યાણ જ પ્રાપ્ત થાય છે.

૧૯૩. ઉઘાડાં સ્થળોમાં ભરવામાં આવતી સભાઓમાં ઓછા વિકારને કરનારું વાતાવરણ હોય છે, કારણ કે તે તરત જ વીખરી જાય છે. એથી ઊલટું ઘણા મનુષ્યોને એકઠા થવાનાં બાંધેલાં મકાનો, તેમાં ઉત્પન્ન થતા વિચારોને સંચય થવાના પટારા છે, અને જેઓનું અધ્યાત્મબળ જોઈએ તેવું, વૃદ્ધિને પામેલું નથી હોતું, તેવા મનુષ્યો જો આવાં સ્થળોમાં કેટલીક વાર રહે છે, તો તેમને શરીરના કે મનના વ્યાધિઓ થયા વિના રહેતા જ નથી.

૧૯૪. બીજાઓએ જે આપણું અહિત કરેલું આપણે માનતા હોઈએ છીએ, તેનું ચિંતન કરવાને બદલે, તેમણે આપણું જે હિત કર્યું હોય તેનું જ જો આપણે ચિંતન કરીએ, અને જે લક્ષણો આપણા પાડોશીઓમાં આપણને ગમતાં નથી, તેમની વાતો કરવાને બદલે, અર્થાત્ તેમના દોષોનું કથન કરવાને બદલે જો આપણે તેમનામાં રહેલા ગુણોનું જ કથન કરીએ તો કેવો પરિણામ આવે? જો જગત્‌માં પ્રત્યેક મનુષ્ય આમ કરે તો આ મૃત્યુલોક નરકમાંથી બદલાઈને આજે જ સ્વર્ગ થઈ રહે.

૧૯૫. આપણા વિચારો બીજાના અંતઃકરણમાં ઠસાવતી વખતે, તેમને તે ન સ્વીકારે માટે, તેના ઉપર ક્રોધ કરવો, તેના કરતાં, આપણે હારવું એ વધારે સારું છે.

૧૯૬. દુર્ગુણો અને દુષ્ટાચરણોને જોઈને ક્રોધ કરવો, એ યોગ્ય છે, એમ કેટલાક કહે છે, પણ તે ખરું નથી. કારણ કે ક્રોધ જાતે જ દુર્ગુણ હોવાથી ગમે તે કારણથી તેને સેવવામાં આવે તોપણ તે સદ્‌ગુણ થતો નથી. ક્રોધને વશ થનાર મનુષ્યનો મનઉપર સંયમ નથી, એ સહજ સ્પષ્ટ થાય છે. ક્રોધ પ્રકટતાં

વિચારશક્તિ શૂન્ય થઈ જાય છે, ન્યાયબુદ્ધિ અળપાઈ જાય છે, અને મનુષ્ય શાંતિથી વિચાર કરવાને અસમર્થ થાય છે. ક્રોધી મનુષ્ય અવ્યવસ્થ વિચારોનો ગુલામ છે. જેમાં બીજાઓને નિયમમાં રાખવાના હોય છે, એવી જગાને માટે તે નાલાયક છે, કારણ કે જે પોતાને યોગ્ય નિયમમાં પ્રવર્તાવી શકતો નથી, તે અન્યને શું પ્રવર્તાવી શકે ? પ્રધાનની જગામાં ક્રોધી મનુષ્યો હોવાથી ઘણા દેશોની યુદ્ધમાં ઊતરવાથી ખુવારી થઈ છે. ક્રોધી સ્વભાવે હજારોનાં ગૃહની શાંતિનો વિનાશ કર્યો છે. અંતઃકરણમાં જ્યાંસુધી ક્રોધ હોય છે ત્યાંસુધી તેમાં શાંતિનું સ્વર્ગ કદી પણ પ્રકટતું નથી. તે સુખ, સંપત્તિ, જ્ઞાન વગેરેનો નાશ કરે છે, અને નિર્દોષને અપરાધી કરે છે. બુદ્ધિમાનમાં પણ જ્યારે ક્રોધ પ્રકટે છે ત્યારે તે મૂર્ખના જેવાં આચરણ કરે છે. સદાચરણી મનુષ્યમાં જ્યારે તે પ્રકટે છે ત્યારે તે તેની પાસે અનેક દુરાચારો સેવાવે છે. ભક્તમાં જ્યારે તે પ્રકટે છે ત્યારે તે તેને તેની ભક્તિથી ભ્રષ્ટ કરે છે. ક્રોધ દીર્ઘ કાલના પ્રેમને ક્ષણમાં તોડી નાંખે છે, અને નિરંતર સ્નેહથી સાથે રહેનાર મનુષ્યોને એકએકનાં મુખ પણ કદી ન જુએ, એવી સ્થિતિમાં આણી મૂકે છે. પોતાના મન ઉપર જેને અંકુશ નથી એવો ક્રોધી મનુષ્ય, સિંહ અને વ્યાઘ્રકરતાં પણ વધારે ભયંકર છે. જે ક્રોધને પોતાના અંતરમાં સ્થાન આપે છે તે સઘળા પ્રકારના વ્યાધિઓને, દોષોને, અને નિષ્ફળતાને પોતાનામાં પ્રવેશવાનાં દ્વાર ઉઘાડાં મૂકે છે. સ્વલ્પમાં ક્રોધને સેવનાર મનુષ્યના અધ્યાત્મબળની પેઢી દેવાળું કાઢે છે.

૧૯૭. નોકરીમાં તમારો પગાર શા માટે નથી વધતો, તેનું કારણ તમે જાણવા ઇચ્છો છો ? સાંભળો, તેનું કારણ આ છેઃ–'તમારા ઉપરીપ્રત્યે તમે પ્રેમરહિત કઠોર લાગણી ધરાવો છો.' તમે તેના પ્રતિ પ્રતિકૂળ ભાવને ધરાવો છો, એ વાતની તમારા ઉપરીને ખબર નથી, એવું ક્ષણવાર પણ અનુમાન કરશો નહિ. તમે ઉપરથી 'જી હા, જી હા' કરો છો, અને ડાહ્યું ડાહ્યું બોલો છો, પણ તમારા આંતરભાવને તે બરાબર જાણે છે; અને અંતઃકરણમાં પ્રતિકૂળ ભાવવાળો માણસ પોતાનું કે પારકાનું કામ સર્વોત્તમ પ્રકારે કરી શકવા અસમર્થ છે, એવી તેને ખાતરી હોય છે. આથી જ તમારો પગાર વધારવાની ભલામણ કરવાની તેને ઇચ્છા થતી નથી. ઉપરથી તે તમારા પ્રત્યે જેવો કડક સ્વભાવવાળો અને જુલમગાર જણાય છે, તેવો જ જો તે તેના હૃદયના ઊંડા ભાગમાં હોત તો તો તેણે ક્યારનું તમને કહી દીધું હોત કે મારા પ્રત્યે અને તમારા કામ પ્રત્યે પ્રેમભાવ દર્શાવતો રહો, નહિ તો બીજે કોઈ સ્થળે

નોકરી ખોળી લો. પણ તેમ તે નથી કરતો, તેનું કારણ એ છે કે તે હૃદયમાં માયાળુ સ્વભાવનો છે. તમારા ઉપરીના દોષો જોવાનું તમારું કામ નથી. તેટલા માટે તે તમને પગાર આપતો નથી. નોકરીમાં રહીને તેના દોષો જોવા તેના કરતાં નોકરી છોડી દેવી, એ હજાર દરજ્જે સારું છે. તમારું કર્તવ્ય તમને મળેલું કામ સર્વોત્તમ રીતે કરવાનું છે. તેનો બદલો કેવી રીતે આપવો, તેનો નિર્ણય કરવાનું કામ તમારા ઉપરીનું છે. તમને મળેલું કામ સર્વોત્તમ રીતે પ્રસન્નતાથી તમે ન કરી શકતા હો તો તરત તમારે રાજીનામું આપવું સારું છે. ઉપરી અને કામ બંનેપ્રતિ પ્રતિકૂલ ભાવ રાખીને વધારે પગાર અને વધારે માનની જો તમે આશા રાખતા હો તો તમારા જેવું મૂર્ખ અન્ય કોઈ નથી. વધારે પગાર મેળવવાનું, અથવા ઉદયને પ્રાપ્ત કરવાનું પ્રથમ પગથિયું, તમારા પોતાના અંતઃકરણને પલટી નાખવું, એ છે. અને જે કંઈ આપણને પ્રાપ્ત થાય તેને પ્રસન્નતાપૂર્વક વધાવી લેવાથી જ અંતઃકરણની સ્થિતિ પલટાય છે. પ્રતિકૂલ ભાવ, એ એક વિષ છે, અને તેને ધરનારને જ તે ચઢીને, તેના ઉદયના સર્વ સંભવોનું મૃત્યુ કરે છે. પગાર વધવામાં અથવા વ્યવહારમાં ઉદય થવામાં અંતઃકરણના મનોભાવ કશું જ કરતા નથી, એવા ગાંડાઇભિરેલા વિચારને વશ વર્તશો નહિ. ઉદયનો સઘળો આધાર તમારા અંતઃકરણની સ્થિતિ ઉપર જ છે.

૧૯૮. પ્રાણીપદાર્થની સાથે તમે પોતે વિરોધને ધરતા બંધ પડો, અને તેઓ તમારી સાથે વિરોધને ધરતાં બંધ પડશે.

વિરોધ અથવા દ્વેષને ધરવાને લીધે જ આપણી ઉન્નતિનાં દ્વાર ઊઘડતાં નથી. આપણને ખરાબ ઘર, ખરાબ સ્ત્રી, ખરાબ શરીર, ખરાબ વસ્તુઓ વગેરે જે કંઈ ખરાબ મળ્યું હોય છે, તે પ્રતિ આપણે નિરંતર અણગમો દર્શાવીએ છીએ. 'આપણને મળેલી આ ખરાબ વસ્તુઓ માટે આપણે નિરંતર અસંતુષ્ટ રહીએ છીએ, અને જેના તેના આગળ અસંતોષના ઉદ્ગાર કાઢીએ છીએ. આપણને પ્રાપ્ત પ્રાણીપદાર્થપ્રતિ આ પ્રકારનો વિરોધ અથવા દ્વેષ દર્શાવીને આપણે ગર્ભિત રીતે એવું સૂચવીએ છીએ કે વધારે ઉત્તમ વસ્તુઓને માટે આપણે લાયક છતાં કોઈએ બળાત્કારથી આ ખરાબ પ્રાણીપદાર્થો આપણને પધરાવી દીધા છે. હવે વસ્તુતઃ સર્વોત્તમ પ્રાણીપદાર્થો માટે આપણે લાયક છીએ, એમાં કશો જ સંશય નથી, પરંતુ આપણી યોગ્યતા જ્યાંસુધી આપણે બહાર દર્શાવીએ નહિ ત્યાંસુધી આપણને સર્વોત્તમ પદાર્થો ન મળે એ સ્પષ્ટ જ છે. હાલ આપણને જે પદાર્થો મળેલા છે, તે જેટલી યોગ્યતા આપણે બહાર દર્શા-

વેલી છે, તે યોગ્યતાના પ્રમાણના જ મળેલા છે. જો આપણે સર્વોત્તમ પદાર્થો જોઈતા હોય તો આપણામાં રહેલી સર્વોત્તમ યોગ્યતાને આપણે બહાર દર્શાવવી જ જોઈએ; અને પ્રત્યેક વિચારવાન્‌ને એ સ્પષ્ટ ભાસ્યા વિના રહે તેમ નથી કે અસંતોષના ઉદ્‌ગારો કાઢવાથી કંઈ યોગ્યતા પ્રકટાવી શકાતી નથી; સંતોષ અને પ્રસન્નતાના ઉદ્‌ગારો જ યોગ્યતા દર્શાવે છે.

૧૯૯. તમને હાલ જે સ્થિતિ પ્રાપ્ત થઈ છે, તે તમારી યોગ્યતાપ્રમાણેની જ થઈ છે. આથી ઉત્તમ સ્થિતિ જો તમારે જોઈતી હોય તો હાલની સ્થિતિને પરમપ્રસન્નતાપૂર્વક વધાવી લેઈને તેમાં તમારાં જે કર્તવ્યો હોય તેને ખરા પ્રેમથી સાધો. પાંચમા ધોરણમાં બેસવાને યોગ્યતાવાળા વિદ્યાર્થીને તે ધોરણમાં બેસાડચા પછી તેનું કર્તવ્ય તે ધોરણનાં પુસ્તકોનો પરમપ્રેમપૂર્વક અભ્યાસ કરવાનું છે. તે ધોરણનાં પુસ્તકોનો અભ્યાસ જેમ અધિક પ્રેમ અને પ્રસન્નતાપૂર્વક તે કરે છે, તેમ છઠ્ઠા ધોરણમાં ચઢવાને તે સત્વર લાયક થાય છે. આમ ન કરતાં જો તે પાંચમા ધોરણનાં પુસ્તકોનો, શિક્ષકનો, અને નિશાળની ઓરડીનો દોષ કાઢચા કરે છે, અને પાંચમા ધોરણપ્રતિ વિરોધ અથવા અણગમો દર્શાવ્યા કરે છે, તો છઠ્ઠા ધોરણમાં ચઢવાની તેનામાં કદી પણ યોગ્યતા આવતી નથી એટલું જ નહિ પણ તેને પાંચમા ધોરણમાં જ સબ્રા કરવું પડે છે. તે જ પ્રમાણે આ સંસારરૂપી શાળામાં પણ આપણને જે સ્થિતિ પ્રાપ્ત થઈ હોય છે તે સ્થિતિનાં કર્તવ્યો જો આપણે ઉત્તમ પ્રકારે કરીએ છીએ તો જ તેનાથી ચઢિયાતી સ્થિતિ આપણને પ્રાપ્ત થાય છે; અન્યથા આપણને પ્રાપ્ત હલકી સ્થિતિમાં આપણે સર્વદા સબ્રા કરવું પડે છે.

૨૦૦. મનુષ્યોનો મોટો ભાગ ફળપ્રતિ જ નિરંતર દૃષ્ટિ રાખનાર હોય છે, પરંતુ જે કર્તવ્ય મને પ્રાપ્ત છે, તેને હું સર્વોત્તમ પ્રકારે કરું છું કે કેમ, તે પ્રતિ કોઈ વિરલની જ દૃષ્ટિ હોય છે. આથી ઘણા જ ઓછા મનુષ્યોનો જગત્‌માં સર્વોત્તમ અભ્યુદય જોવામાં આવે છે. ફળને માટે પ્રયત્ન કરનારા મનુષ્યોમાં પણ સાચો પ્રયત્ન કરવાની દાનત ઘણા જ થોડાની હોય છે; મોટો ભાગ તો ઉપરચોટિયા પ્રયત્નથી આખો લાડવો સ્વાહા કરી જવાને તકાવનારો હોય છે. આવા મનુષ્યો તન દઈને અભ્યાસ ન કરનાર અને કોપી કરીને પરીક્ષામાં પાસ થઈ જવાને ઇચ્છનાર વિદ્યાર્થીજેવા છે. આવી રીતે પ્રસંગે પાસ થવાય છે, પરંતુ અભ્યાસ કરીને પાસ થનાર વિદ્યાર્થીની યોગ્યતામાં અને કોપી કરીને પાસ થનારની યોગ્યતામાં બહુ જ અંતર રહે છે. યોગ્યતા પ્રાપ્ત કરવાને અર્થે જ

આ જગત્માં જીવોનો પુનઃ પુનઃ અવતાર હોય છે, અને સાચી યોગ્યતા ફળને પ્રાપ્ત કરવાથી પ્રાપ્ત થતી નથી, પરંતુ સાચો પ્રયત્ન કરવાથી જ થાય છે, એ સદ્વિવેકીએ નિરંતર સ્મરણમાં રાખવું અગત્યનું છે. પ્રયત્ન જ યોગ્યતા અર્પનાર હોવાથી મનુષ્યે પ્રયત્ન કરવાનું પ્રાપ્ત થતાં કંટાળવું નહિ જોઈએ, પણ પ્રહર્ષ સેવવો જોઈએ. પ્રહર્ષપૂર્વક પ્રયત્નને સેવતાં મનુષ્યની યોગ્યતા પ્રતિક્ષણ વૃદ્ધિને પામે છે, અને યોગ્યતા વધતાં આપણી જે હલકી સ્થિતિ હોય છે, તે એની મેળે જ, જેમ સર્પના શરીર ઉપરથી કાંચળી ઊતરી જાય છે, તેમ આપણાથી અળગી થાય છે.

૨૦૧. 'હું મહેનત કરી કરીને મરી જાઉં છું, પણ મારી કોઈ કદર કરતું નથી,' એવું વચન બોલનાર મનુષ્ય સાચી મહેનત કરતો નથી. તેની નજર પોતાની 'કદર' કરાવવા ઉપર હોય છે. મહેનત કરવાના સમયમાં 'કદર' ઉપર સેંકડો વાર તેનું ચિત્ત જઈ જઈને ઠેક્યા કરે છે. કોણ કહી શકશે કે આમ દ્વિધા ચિત્તથી કરેલો પ્રયત્ન તે સાચો પ્રયત્ન છે? સાચા પ્રયત્નમાં ફળપ્રતિ દૃષ્ટિ હોતી જ નથી. પ્રયત્નમાં રહેલી રમણીયતાઅર્થે જ જે પ્રયત્ન સેવાય છે, તે સાચો પ્રયત્ન છે. કર્મમાં અર્થાત્ પ્રયત્નમાં જ મનુષ્યનો અધિકાર છે, ફળમાં નથી, એ શાસ્ત્રવચન અત્યંત સત્ય છે.

૨૦૨. જે કલ્યાણકારક સત્તા વિશ્વમાં વ્યાપી રહી છે, તે સત્તાએ તમારી યોગ્યતા જોઈને જ આ સ્થિતિમાં તમને મૂક્યા છે. જો તમારી આથી વધારે યોગ્યતા હોત તો તમારો કોઈ ચક્રવર્તી નૃપતિને ત્યાં કે કોઈ કોટીપતિ શ્રીમાનને ત્યાં જન્મ કરત. ઉભયમાંથી એકે સ્થળે અથવા તમારા ઇચ્છેલે સ્થળે નથી કર્યો, એ જ સિદ્ધ કરે છે કે તમે આ સ્થિતિને જ યોગ્ય છો, અને આ સ્થિતિનાં કર્તવ્યો તનમનથી કરવાથી જ તમારી ઉન્નતિ છે, એમ તે સર્વજ્ઞ સત્તાનો નિશ્ચય છે. આમ છે તો હવે બડબડવું છોડી દો, અસંતોષના ઉદ્ગારો કાઢવા બંધ કરો, અને તમારી યોગ્યતાનું જ તમને મળ્યું છે, એમ જાણીને તે સ્થિતિનાં કર્તવ્યો સાધવા કટિ કસો. વિશ્વવ્યવસ્થાપક સત્તાની જે ઇચ્છા છે, તેને જ તમારી પણ ઇચ્છા કરો, અને પ્રસન્નતાપૂર્વક તે ઇચ્છાને અનુસરો. આ અને આ રીતે જ તમે તમારી પ્રાપ્ત સ્થિતિને બદલી શકશો. એ વિના અન્ય કોઈ માર્ગ નથી.

૨૦૩. અને આ માર્ગે અનુસરતાં વર્ષે, દશે વર્ષે કે વીસે વર્ષે પણ તમારી સ્થિતિ ન બદલાય, તમારું ધારેલું ઉત્તમ ફળ સમીપ આવેલું ન જણાય, અથવા

મરણપર્યંત પણ સમીપ આવવાનું કોઈ ચિહ્ન ન જણાય તોપણ તમારા ધૈર્યનો અને શાંતિનો ત્યાગ કરશો નહિ. ભગીરથનું દૃષ્ટાંત સ્મરણ કરી પુનઃ પ્રયત્નનો વેગ વધારશો. પ્રયત્નને છોડી દેવામાં વિજયના સર્વ સંભવો એકદમ બંધ પડી જાય છે, ત્યારે પ્રયત્નને ચાલુ રાખવામાં તે મોડાવહેલા પણ ફળે જ છે.

૨૦૪. મુક્તિ, સ્વતંત્રતા, અખંડ સુખ, આ સર્વ એક જ સ્થિતિને દર્શાવનારા શબ્દો છે. આ કલ્યાણકારક સ્થિતિને પ્રાપ્ત કરવી, એ જ જીવમાત્રનો મુખ્ય ઉદ્દેશ છે. આ સ્થિતિને પ્રાપ્ત કરનાર જે અવિચલ શાંતિનો અનુભવ કરે છે, તે શાંતિ વાણીવડે અવાચ્ય છે, તથા મન અને બુદ્ધિવડે અગમ્ય છે. આ અવિચલ શાંતિના ઉચ્ચ પ્રદેશમાં આ સંસારની ભારે ધમાચકડીનો અભાવ છે. તે રજસ્ અને તમસ્ ઉભયથી રહિત છે. ચિન્મય શાંત પ્રકાશ ત્યાં વ્યાપી રહ્યો છે.

૨૦૫. શાંતિના આ ઉચ્ચ પ્રદેશે પહોંચવાને માટે આપણે પ્રત્યેકે એક નહિ પણ અસંખ્ય પગથિયાં ચઢવાનાં છે. જે સ્થિતિમાં હાલ આપણે છીએ તે સ્થિતિનાં કર્તવ્યો, તે આ અસંખ્ય પગથિયાંમાંનાં થોડાં પગથિયાં છે. આ પ્રત્યેક પગથિયાંઉપર આપણે શાંતિથી અને ધૈર્યથી ચઢવાનું છે. દશવિશ પગથિયાં સામટાં કૂદી ઝટ હું આખી નિસરણી ચઢી જાઉં, એવી તાલાવેલી કરનાર ઊંચે ન જતાં, હોય છે તે પગથિયાંઉપરથી પણ હેઠો પડે છે, અને વળી પછડાય છે. આથી તાલાવેલી કરશો નહિ, તેમ જ દોડશો નહિ તેમ જ કૂદકો મારશો નહિ. કાળ અનંત છે, એમ જાણીને ધૈર્યથી એકેક પગલું ચઢજો. મોટાં કામો ધૈર્યથી જ સધાય છે, તાલાવેલીથી નહિ. પ્રાપ્ત સ્થિતિનાં નાનાં નાનાં કર્તવ્યો સર્વોત્તમ પ્રકારે કરવાં, એનું નામ ધૈર્યથી એક પગથિયું ચઢવું એ છે. પ્રાપ્ત સ્થિતિમાં અપ્રસન્નતા, અસંતોષ, અણગમો, દ્વેષ ત્યજવાં એનું નામ બીજું પગથિયું ચઢવું એ છે. બીજાઓનાં ખોતરણાં કાઢવાં છોડી દઈને, બીજાનાં હૃદયને દંશ કરે એવાં વચનો વદવાનાં ત્યજી દઈને, પ્રાપ્ત કર્તવ્યપ્રતિ જ એકાગ્ર દૃષ્ટિ રાખવી, એનું નામ ત્રીજું પગથિયું ચઢવું એ છે. ફળ ન જણાય તોપણ વ્યાકુલ ન થવું, વિપત્તિનાં વાવાઝોડાં થાય તોપણ મનને વ્યગ્ર ન થવા દેવું, એનું નામ ચોથું પગથિયું ચઢવું, એ છે. ન ગમતાં કામો પણ આપણે કરવાનાં આવી પડવાથી પ્રેમથી તેમને કરવાં, ન ગમતા પ્રાણીપદાર્થોસાથે આપણો સંબંધ થઈ જવાથી તેમની સાથે પ્રેમથી વર્તવું, એનું નામ પાંચમું પગથિયું ચઢવું એ છે. આવાં આવાં કર્તવ્યની નિસ-

રણીનાં અનેક પગથિયાં છે. શાંતિથી એકએક પગથિયાઉપર ચઢજો. નિસરણી ઘણી ઊંચી દેખાય છે, અને તેને અસંખ્ય પગથિયાં હોય એવું દેખાય છે, તોપણ કેટલાંક પગથિયાં સાવધાનતાથી ચઢતાં તમને સમજાશે કે કાં તો નિસરણી ટૂંકી થઈ છે, અથવા તમે હજારો પગથિયાં ઉપર ચઢી આવ્યા છો. શિખર જણાય છે. અલ્પ સમયમાં અવિચલ શાંતિનો પ્રદેશ દૃષ્ટિએ પડે છે.

૨૦૬. નિરંતર અધિક ઊંચાં ઊંચાં સુખની વાટ જોયા કરો. જેમ અધિક અધિક શુભને પ્રાપ્ત થવાની તમે આશા રાખો છો, તેમ તમને અધિક અધિક શુભ પ્રાપ્ત થયાં જાય છે. આ માનસશાસ્ત્રનો, કદી નિષ્ફળ ન જાય એવો નિયમ છે. આમ હોવાથી જે જે શુભ વસ્તુઓની આપણે કલ્પના કરી શકતા હોઈએ, તથા જેમનો ઉપભોગ કરવાનું આપણામાં સામર્થ્ય હોય તે સર્વ વસ્તુઓ આપણને પ્રાપ્ત થનાર જ છે, એવો નિશ્ચય રાખી તેમને પ્રાપ્ત થવાની આપણે વાટ જોયા જ કરવી જોઈએ. આમ છતાં આપણે અંતઃકરણને એવું બળવાન કરી રાખવું જોઈએ કે જેટલું આપણે ધાર્યું હોય તેના કરતાં આપણને ઘણું ઓછું મળે તોપણ આપણને નિરાશા ન થાય. અમુક વ્યાપારમાં આપણે એક હજાર રૂપૈયા નફો મળવાની આશા રાખી હોય, અને તોપણ તેમાં આપણને માત્ર સો રૂપૈયા અથવા પચાસ રૂપૈયા જ નફો મળે તો આપણે નાહિંમત થઈ જવું ન જોઈએ. જો આપણે તે વ્યાપારમાં જરા પણ નફાની આશા ન રાખી હોત તો આપણને હાલ જે સો અથવા પચાસ મળ્યા છે, તે પણ ન મળત. જેની જેની તમારે જરૂર હોય તે સર્વને પ્રાપ્ત થવાની આશા રાખો; ધાર્યા પ્રમાણે પદાર્થો મળે, અથવા જેટલી આશા રાખી હોય તેના કરતાં ઘણા જ ઓછા મળે, તે ઉપર જરા પણ ધ્યાન આપ્યા વિના જેની તમારે જરૂર હોય તેની નિરંતર વાટ જોયા જ કરો; અને તમને અનુભવ થશે કે જે તમને પ્રાપ્ત થાય છે, તેનું પ્રમાણ પ્રતિવર્ષ અધિક અને અધિક થતું જાય છે.

૨૦૭. જ્યારે માથાઉપર કાળું વાદળું ઝઝૂમી રહેલું જણાય, અને સંપત્તિને બદલે વિપત્તિ તમારા સામે દાંતિયાં કરતી જણાય ત્યારે ચિંતાવડે વ્યાકુળ ન થાઓ, વ્યગ્રતાને વશ થઈને હાંફ્લાફાંફલા ન બની જાઓ, અને આ આવનાર વિપત્તિના ભારથી તમે છૂંદાઈ જશો, એવા વિચારને એક ક્ષણ વાર પણ તમારા અંતઃકરણમાં પ્રવેશવા ન દો. આવે પ્રસંગે પૂર્વના કરતાં પણ વધારે દૃઢ નિશ્ચયવાળા થાઓ, છાતી અને માથું ટટાર રાખો, તમારા પોતાનામાં

અપૂર્વ શ્રદ્ધાને ધરો, અને કોઈ દિવસ પણ નહિ દર્શાવ્યું હોય એવું તનનું તથા મનનું બળ દર્શાવો. આવે પ્રસંગે ઢગલા જેવા થઈ જવું, અર્થાત્ મનની દુર્બળ સ્થિતિ કરવી, એ અત્યંત હાનિને કરનાર છે. એમ કરવાથી આપણે આપણે હાથે જ વિપત્તિના મુખમાં જઈને પડીએ છીએ. જેઓ આવે પ્રસંગે નાહિંમત થઈ જાય છે, અને વિપત્તિના ભયથી ઢગલા જેવા થઈ જાય છે, તેઓ પોતાના મનની અત્યંત દુર્બળ સ્થિ ત કરી નાંખે છે; અને આ દુર્બલ સ્થિતિ તેમને અલ્પ સમયમાં વિપત્તિના હાથમાં રમવાના દડાજેવા કરી મૂકે છે. એથી ઊલટું આવા પ્રસંગોમાં જો મનની દૃઢ નિશ્ચયવાળી બળવાન સ્થિતિ આગ્રહથી રાખી રહેવામાં આવે છે તો તે વિપત્તિને સમીપ આવતી અવશ્ય અટકાવે છે, અને વિપત્તિ આવતી અટકે છે તથા સંપત્તિ મળે છે, એટલું જ નહિ પણ સંપત્તિની સાથે આપણા મનનું બળ પણ ઘણું જ વધેલું આપણને જણાય છે.

૨૦૮. શબ્દોથી અથવા હાવભાવથી સામા માણસના અંતઃકરણમાં જે અર્થ આપણે દૃઢપણે ઠસાવીએ છીએ તેનું નામ દ્યોતન છે. દ્યોતનનો યોગ્ય ઉપયોગ કરતાં આવડવો એ એક મોટી કળા છે; અને નિયમિત રીતે વિધિપૂર્વક જો આ કળાનો ઉપયોગ કરવામાં આવે છે તો તેથી અત્યંત સંતોષકારક પરિણામ પ્રકટે છે. ગયેલું આરોગ્ય પાછું મેળવવામાં, મનનો વિકાસ કરવામાં તથા સદાચરણી થવામાં દ્યોતન અત્યંત ઉપયોગી થઈ પડે છે, એટલું જ નહિ પરંતુ પ્રેમનું તથા મિત્રતાનું સંરક્ષણ કરવામાં તથા તેમને પ્રાપ્ત કરવામાં પણ તે તેવું જ ઉપયોગી હોય છે. એક પક્ષથી દ્યોતનનો સદુપયોગ જેમ આશ્ચર્યકારક લાભને પ્રકટાવે છે, તેમ અન્ય પક્ષે તેનો દુરુપયોગ નહિ ધારેલી હાનિને ઉપજાવે છે. ઘણી સ્ત્રીઓ પોતાના પતિને નિત્ય કહે છે, "તમને તો મારું મોઢું જ હવે ગમતું નથી. પહેલાં તો તમે મારી સાથે હસતા, બોલતા, તથા બે ઘડી નિરાંતે વાતો કરતા, પણ હમણાં બે મહિનાથી હું જોઉં છું કે તમારો મારા ઉપરથી પ્રેમ દિવસે દિવસે ઓછો થતો જાય છે."

૨૦૯ આ પ્રકારનાં સ્ત્રીનાં પોતાના પતિપ્રતિનાં વચનો, એ પ્રતિકૂળ દ્યોતન છે. જ્યારે કોઈ સ્ત્રી પોતાના પતિને આવા ભાવનાં વચનો કહે છે, ત્યારે તે તેના અંતઃકરણમાં તેનો પ્રેમ ઓછો કરનાર વિચારનાં આંદોલનોને પ્રકટાવે છે. પતિના મનમાં પૂર્વે કંઈ જ હોતું નથી. કોઈ કામમાં ગૂંથાયાથી તેને પોતાની પત્નીસાથે હાસ્યવિનોદ કરવાનો સમય મળ્યો હોતો નથી. તેનો પ્રેમ

તેના ઉપર પૂર્વના જેવો જ હોય છે; પરંતુ 'તમને હવે મારું મોં ગમતું નથી' એવા પ્રતિકૂળ દ્યોતનનું વિષ નિત્ય જો તેના કાનમાં રેડ્યા કરવામાં આવે છે તો તેના પ્રેમઉપર તેની અસર થાય છે. તે ધીરે ધીરે ઓછો થવા માંડે છે. તે પુરુષની પોતાની પત્નીઉપર પ્રેમ કરવાની ઇચ્છા છતાં પણ તેના ઉપર તેને અભાવ ઊપજતો જાય છે, અને તેનું મોં તેને ગમતું નથી. પતિને પણ સમજાતું નથી કે મારો પ્રેમ મારી પત્નીઉપરથી શાથી ઓછો થઈ ગયો.

૨૧૦. પતિના સ્ત્રીસાથેના વર્તનમાં, અથવા સ્ત્રીના પતિસાથેના વર્તનમાં કોઈ તુચ્છ કારણને લીધે સહજ ફેર પડવાથી, આ પ્રકારનું પ્રતિકૂળ દ્યોતન કરવાથી ઘણાં સ્ત્રીપુરુષોના શુદ્ધ પ્રેમમાં વિચ્છેદ પડવાનાં અસંખ્ય દૃષ્ટાંતો વ્યવહારમાં મળી આવ્યા વિના રહેતાં નથી. 'તારું ચિત્ત હમણાંનું કોણ જાણે કોનામાં ભમે છે' એવા પ્રતિકૂળ દ્યોતનથી ઘણા પુરુષોએ પોતાની નિર્દોષ સદાચરણી સ્ત્રીને દુરાચારના માર્ગનો મોહ લગાડ્યો હોય છે, તથા તે જ પ્રમાણે 'હમણાંના તમે ઘેર થોડું શાથી રહો છો, તેનું કારણ હું જાણું છું'' એવાં માર્મિક વચનો વદીને ઘણી સ્ત્રીઓએ પોતાના નિષ્કલંક સદ્ગુણી પતિને દુર્ગુણના પંથમાં પ્રેર્યા હોય છે.

૨૧૧. જ્યારે મનુષ્યનું મન આડી દિશામાં વહેતું આપણને જણાય ત્યારે તે તરફ આપણે તેનું ધ્યાન ખેંચવું ન જોઈએ. એમ કરવાથી તે આડી દિશામાં તેનું મન વધારે આગળ વહેવા માંડવાનું; અને આપણો ઘંટીટંકારો નિત્ય ચાલ્યા કરે છે, તો જે ખાડામાંથી તે મનુષ્યને ઉગારવાનો આપણો પ્રયત્ન હોય છે, તે ખાડાના મધ્યમાં જ તે મનુષ્યને પડેલો આપણે જોઈએ છીએ. દ્યોતનના નિયમો નહિ જાણનાર મનુષ્યો આમ બને છે ત્યારે ધૂંવાપૂંવા થઈ જાય છે. તેઓ તે આડે માર્ગે જનારઉપર કઠોર વચનોના પ્રહાર કરે છે. તેઓને આશ્ચર્ય થાય છે કે આટલી અ ટલી ચેતવણી આપવા છતાં પણ આ મનુષ્ય કેટલો દુષ્ટ છે કે જરા પણ સુધરતો નથી. પરંતુ તેઓને ભાન નથી કે તેનામાં પ્રકટેલી દુષ્ટતાનું કારણ તેઓ પોતે જ છે—તેઓનું પ્રતિકૂળ દ્યોતન છે.

૨૧૨. જે આડે માર્ગે જતો હોય તેને ધક્કો મારવાની જરૂર નથી, પણ પાછો બોલાવવાની—સન્માર્ગમાં પાછો આણવાની—જરૂર છે. પ્રતિકૂળ દ્યોતન તેને ધક્કો મારીને આડા માર્ગમાં વધારે દૂર કાઢે છે. અનુકૂળ દ્યોતન જ તેને સન્માર્ગમાં પાછો સ્થાપે છે.

૨૧૩. તમારી સ્ત્રીનો અથવા તમારા પતિનો તમારા ઉપર ઓછો પ્રેમ થતો જાય છે, એવું તમને ભાન થાય કે તરત તે વાતને વીસરી જાઓ. તમારી સ્ત્રીને અથવા તમારા પતિને આ સંબંધમાં એક અક્ષર પણ ન કહો. પૂર્વના કરતાં પણ તેની સાથે વધારે પ્રેમવાળું વર્તન કરો. 'તમને મારું મોં ગમતું નથી.' એવું કઠોર વચન કહેવાને બદલે કહો કે "તમે મારા ઉપર હમણાંનો બહુ જ પ્રેમ રાખો છો, નહિ વારુ? તમારા સાચા પ્રેમની મારું મન સાક્ષી પૂરે છે, અને તેથી મને બહુ જ સંતોષ થાય છે." તમારાં આવાં વચનોથી તમે તેના મનમાં તમારા ઉપર તેનો અધિક પ્રેમ થાય એવા વિચારના વેગને ગતિ આપો છો, અને તેથી તેનો તમારા ઉપર પ્રેમ વધતો જાય છે. તમારા ઉપરના તેના પ્રેમને તમે ધક્કો મારીને વેગળો કાઢી મૂકતા નથી, પણ અનુકૂળ દ્યોતનથી પાછો બોલાવો છો, અને તે નિરંતર વૃદ્ધિને પામે એવા ઉપાયને યોજો છો.

૨૧૪. પતિ, પત્ની, માતા, પિતા, ગુરુ, શિષ્ય, મિત્ર વગેરે વિવિધ સંબંધોમાં અનુકૂળ દ્યોતન વાપરવાની કળાને સિદ્ધ કરો. પરંતુ દ્યોતનને, સમજ્યા વિના, હદઉપરાંત વાપરતા નહિ. નિયમિત પ્રમાણમાં અને યોગ્ય સમયે વાપરેલું દ્યોતન જ સફળ થાય છે.

૨૧૫. હડહડતી જૂઠી વાતને પણ દ્યોતનવડે બીજાઓને સાચી મનાવી શકાય છે. કોઈ મનુષ્ય અત્યંત પ્રમાણિક હોય પરંતુ તે ઠગ છે, ધુતારો છે, એવું દ્યોતન જો નિત્ય કોઈ આપણને કર્યા કરે તો કેટલેક દિવસે તેના પ્રમાણિકપણામાં આપણને સંશય ઉત્પન્ન થાય છે. કોઈ સ્ત્રી પતિવ્રતા હોય પરંતુ તે દુરાચારી છે, એવાં વચનો નિત્ય આપણા કાનમાં કોઈ નાંખ્યા કરે તો અલ્પ સમયમાં તે સ્ત્રીના પવિત્રાચારમાં આપણને શંકા પ્રકટે છે. દ્યોતનવડે અનેક દુર્જનોએ આ પ્રમાણે મિત્રોમિત્રોમાં વેરને પ્રકટાવ્યાં છે, શુદ્ધ સ્નેહવાળાં દંપતીમાં કલહ પ્રકટાવ્યો છે, રાજા તથા તેના પ્રધાનવચ્ચે કુસંપ કરાવ્યો છે, ગુરુમાં શિષ્યોની અશ્રદ્ધાને ઉત્પન્ન કરી છે; સ્વલ્પમાં અનેક અનર્થોને ઊભા કર્યા છે.

૨૧૬. બીજાઓને હાનિ કરે, એવું દ્યોતન કરતાં જેમ આપણે સાવધ રહેવાની જરૂર છે, તેજ પ્રમાણે બીજાઓતરફથી કરવામાં આવતાં પ્રતિકૂળ દ્યોતન ગ્રહણ કરતાં પણ આપણે તેટલી જ સાવધાનતા સેવવાની જરૂર છે. આપણા મિત્રઉપર શુદ્ધ સ્નેહ રાખવાનું આપણું કર્તવ્ય જો આપણે સમજતા હોઈએ, તો પછી તેનું ભૂંડું આપણા આગળ જો કોઈ બોલે તો આપણે

તે પ્રતિ જરા પણ કાન ન માંડવો જોઈએ. આપણા માતાપિતાપ્રતિ શુદ્ધ ભક્તિ જો આપણે રાખવી હોય તો પછી તેમના અવગુણ ગાનાર આપણી પ્રતિકૂળ સ્ત્રી અથવા સંબંધીનું એક પણ વચન આપણે આપણા કાનમાં ન પ્રવેશવા દેવું જોઈએ. આપણા ગુરુમાં ઈશ્વરબુદ્ધિ જો આપણે સ્થાપી હોય અને તેમાં જ આપણું હિત આપણે નિશ્ચય કર્યું હોય તો પછી તેમની નિંદાના એક પણ વચનને આપણે આપણા કાનમાં આવવા દેવું નહિ જોઈએ. અસાવધાનતાથી જો આપણે આમ થવા દઈએ છીએ તો પરિણામે દ્યોતનના પૂર્વોક્ત નિયમપ્રમાણે આપણને આપણા સાચા મિત્રમાં, આપણાં પૂજ્ય માતાપિતામાં તથા આપણા ઇષ્ટ સદ્દગુરુમાં દોષનું ભાન થાય છે, અને તેમ થતાં આપણું અહિત થવાનો સંભવ આવે છે. આથી જ શાસ્ત્રમાં ગુરુની આપણા આગળ જો કોઈ નિંદા કરે તો તેને તાડન કરવાની, તથા તેવું સામર્થ્ય ન હોય તો ત્યાં એક ક્ષણ પણ ઊભા ન રહેવાની આજ્ઞા કરી છે.

૨૧૭. કેટલાક અજ્ઞાન મનુષ્યો બીજાનાં ગમે તેવાં દ્યોતનો કેટલાં અનર્થ કરનારાં હોય છે, તે જાણ્યાવિના રાજી થતા થતા તેને સાંભળ્યા કરે છે. પરિણામે તે જ દ્યોતનો તેમના અંતઃકરણમાં ઊંડાં મૂળ નાંખે છે, અને તેમ થતાં જે વાત પ્રથમ તેઓ ખોટી માનતા હતા, તેને સાચી માને છે, અને આ પ્રમાણે પોતાને હાથે જ પોતાનું અહિત સાધે છે.

૨૧૮. દ્યોતનનો ખોટો ઉપયોગ કરવાથી ઘણી વાર ભારે કલહનાં મૂળ રોપાય છે. પુત્રનો માતા ઉપર સ્નેહ છતાં પણ, પોતાની પત્નીપ્રતિ તેનું પ્રેમયુક્ત વર્તન જોઈ માતા, વારંવાર પુત્રના આગળ તથા અન્ય સંબંધીઓ આગળ કહ્યા કરે છે કે 'છોકરાને અને વહુને મા વચમાં એક આડખીલીજેવી થઈ પડી છે. મારી સાથે પા ઘડી પણ હસી ખુશીને વાત કરતો નથી, અને વહુને દેખી કે બત્રીસે કોઠે દીવા થઈ જાય છે વગેરે.' આવાં આવાં અનેક અયોગ્ય દ્યોતનથી પુત્રના અંતઃકરણમાં વિરોધને જાગ્રત કરી તેને નિરંતર પોષણ આપ્યા જ કરે છે. દ્યોતનનો સદુપયોગ કરતાં માતાને જો આવડતો હોય તો પુત્રનો પોતાના પ્રતિ બાળપણમાં જેવો પ્રેમ હોય છે તેવો જ પ્રેમ તે અંતપર્યંત રક્ષી શકે છે, એટલું જ નહિ પણ વિરોધ થવાના પ્રસંગો આવતાં છતાં પણ તે પ્રસંગોને તે તત્કાળ સુખરૂપ કરી શકે છે.

૨૧૯. તમારા મિત્રનું, સ્ત્રીનું, પતિનું કે ગમે તે સંબંધીનું વર્તન તમને પ્રતિકૂળ જણાય તો તે સંબંધમાં મૌનને જ સેવજો, અથવા જો બોલવું જ

હોય તો તે પ્રસંગમાં જે શુભ અંશ રહેલો હોય તેને શોધી કાઢી તે પ્રતિ તેનું લક્ષ ખેંચજો. વધારે પ્રેમ દર્શાવનારા, વધારે મમતા દર્શાવનારા અને વધારે સમભાવને દર્શાવનારા થજો, અને ખોટો ડોળ કરશો નહિ, પણ અંતઃકરણમાંથી જ પ્રેમ, મમતા તથા સમભાવને પ્રકટાવજો. શાંત થજો, અને અંતકરણમાં પ્રસન્નતાને પ્રકટાવજો, અને જાણે કશું જ બન્યું ન હોય તેમ તમારું નિત્યનું કામ કર્યા કરજો. જે કંઈ બોલો તે બહુ વિચારપૂર્વક બોલજો, અને અન્યના અંતઃકરણને પ્રસન્નતા ઉપજાવનાર શબ્દોવિના એક પણ શબ્દને મુખમાંથી બહાર કાઢશો નહિ. અલ્પ સમયમાં ઘેરાયલું વાદળ વીખરાઈ જશે; પણ કદાચ ન વીખરાય તો ધૈર્ય ધરજો. થોડો સમય ધૈર્ય ધરવાથી તમને કંઈ હાનિ થવાની નથી. પરિણામે તમારો જ વિજય થવાનો છે.

૨૨૦. વ્યવહારમાં અંતઃકરણમાં ગ્લાનિ થવાના અનેક પ્રસંગો આવે છે. આવે પ્રસંગે બીજાનું બોલવું જેમ આપણને રુચતું નથી, તેમ આપણને પોતાને પણ કોઈની સાથે બોલવું રુચતું નથી. આવી ગ્લાનિને અંતઃકરણમાં કદી પણ પ્રકટવા દેશો નહિ. કદાચ તે પ્રકટવાનો સંભવ આવે તો તત્કાળ પ્રસન્નતાના વિચારો કરજો, અને અન્યને પ્રસન્નતા થાય એવા શબ્દો સાવધાનતા રાખીને બોલજો. આવી સાવધાનતા ન રાખવાથી ઘણા મનુષ્યો દીર્ઘ કાળના સ્નેહને એક ક્ષણમાં તોડી નાંખે છે. અંતઃકરણની વ્યગ્રતાને લીધે તેઓ ન બોલવાનાં વચનો બોલી બેસે છે. પતિ સ્ત્રીને કહે છે, 'જા અહીંથી તારું કાળું કર; તારું મોં મને ન બતાવીશ.' સ્ત્રી પતિને કહે છે, 'તમે હમણાં મારું નામ ન દેશો.' અહીં દુઃખથી બળી જઈએ છીએ તેમાં દાઝ્યા ઉપર ડામ દેવાનો તમારો આ શો સ્વભાવ પડ્યો છે! જાઓ, તમે તમારું કામ કરો, અને મને મારે પડી રહેવા દો.' આવાં કઠોર વચનો પ્રતિકૂળ ઘોતનને પ્રકટાવ્યા વિના રહેતાં નથી. સ્ત્રીએ પતિઉપર તેમ પતિએ સ્ત્રીઉપર અંતઃકરણમાં એક ક્ષણ પણ અભાવને ન ઉપજવા દેવો જોઈએ. આવો અભાવ કોઈ દિવસ ન ઉપજે માટે તેમણે આત્મદ્યોતનવડે પોતાના પ્રેમને નિરંતર બળવાન કર્યા કરવો જોઈએ. સ્ત્રીએ દિવસમાં અનેક વાર પોતાના મન સાથે બોલવું જોઈએ કે 'મારા પતિ મને પ્રતિક્ષણ પ્રાણ કરતાં પણ અધિક પ્રિય થતા જાય છે. તે દિવસે દિવસે અધિક સુસ્વભાવને ધારણ કરતા જાય છે.' પતિએ પણ દિવસમાં અનેક વાર આત્મદ્યોતન કરવું જોઈએ કે 'મારી પત્ની મને પ્રતિદિન અધિક અને અધિક પ્રિય થતી જાય છે. તેનામાં સદ્ગુણો પ્રતિક્ષણ વૃદ્ધિને પામતા જાય છે.' આવા અભ્યાસનાં ઉત્તમ ફળ ઉત્પન્ન થયા વિના રહેતાં જ નથી.

૨૨૧. વિચારના અને વર્તનના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં દ્યોતનનો સદુપયોગ કરવાની ઉપર જે સૂચના કરવામાં આવી છે તેથી એવો ભાવ ગ્રહણ કરવાનો નથી કે આખો દિવસ અમુક ગોઠવી રાખેલાં વાક્યો આપણે મનમાં તથા મુખથી બોલ્યા કરવાં. વસ્તુતઃ પ્રત્યેક ક્ષણે જે કંઈ ક્રિયા આપણે કરીએ છીએ, જે કંઈ શબ્દ આપણે બોલીએ છીએ, અને જે કંઈ વિચાર આપણે કરીએ છીએ, તે દ્યોતન છે. જે કંઈ આપણે કરીએ છીએ, બોલીએ છીએ અથવા વિચારીએ છીએ તે પ્રત્યેક ક્રિયા, શબ્દ, અને વિચાર આપણા પોતાના મનમાં, અથવા જેમના સંબંધમાં આપણ આવીએ છીએ તેમના મનમાં તે જ જાતના ગુણને ઉત્પન્ન કરે છે. હવે પ્રશ્ન એ છે કે શું ઉત્પન્ન કરવાની આપણી ઇચ્છા છે ? સંસારમાં જે દુઃખો અને કલહો નિત્ય આપણે જોઈએ છીએ તેમની વૃદ્ધિ કરવાની અને તેમને સ્થિર રાખવાની જો આપણી ઇચ્છા હોય તો મન, વાણી તથા શરીરના આપણે એવા વ્યાપારો કરવા જોઈએ કે જેથી તે દુઃખોની વૃદ્ધિ થાય, એથી ઊલટું સંસારમાંથી દુઃખોને ઓછાં કરી સુખને ઉત્પન્ન કરવાની, તેને સ્થિર રાખવાની, તથા તેની વૃદ્ધિ કરવાની જો આપણી ઇચ્છા હોય તો મન, વાણી, તથા શરીરથી આપણે એવા વ્યાપાર કરવા જોઈએ કે જેથી દુઃખો ઓછાં થાય, અને સુખની વૃદ્ધિ થાય. જેવા આપણે વિચાર કરીએ છીએ, જેવી આપણે વાણી વદીએ છીએ અને જેવી આપણે ક્રિયા કરીએ છીએ, તે દિશામાં જ આપણી ગતિ થાય છે. અને પ્રત્યેક સદ્વિવેકી મનુષ્યની ઇચ્છા સુખપ્રતિ જ ગમન કરવાની હોવાથી આપણે મનમાં, વાણીમાં તથા વર્તનમાં સુખનું જ દ્યોતન કરવું જોઈએ.

૨૨૨. હું સત્સ્વરૂપ છું, ચિત્સ્વરૂપ છું, અને આનંદસ્વરૂપ છું, એવા વિચારો ઘણાં વર્ષસુધી તમે અખંડ સેવ્યા કરો તો તમે શું ધારો છો કે કેવો પરિણામ આવશે ? શું તમે એમ ધારો છો કે તમે દિવસે દિવસે અસત્, અજ્ઞ, અને દુઃખી થતા જશો ? શું તમે એમ ધારો છો કે આવું ચિંતન કરવાથી દિવસે દિવસે તમે અધિક અને અધિક ભ્રષ્ટ થતા જશો ? ઊલટું શાસ્ત્રથી અને અનુભવથી પણ તમને નિશ્ચય થયો છે કે આવા અખંડ આત્મદ્યોતનથી મનુષ્ય ક્રમે ક્રમે જીવત્વથી છૂટીને બ્રહ્મત્વને પ્રાપ્ત થતો જાય છે. જેવા વિચારો કરવાની આપણને ટેવ પડી જાય છે, તે વિચારોના સ્વરૂપપ્રમાણે જ કાં તો આપણે ઊંચે ચઢીએ છીએ અથવા કાં તો નીચે પછડાઈએ છીએ. સામાન્ય પ્રકારના વિચારો કર્યા કરો, અને તમે સામાન્ય છો, એવું તમારા પોતાને માટે ભાન કર્યા કરો,

અને તમે તમને તેવા થયેલા અલ્પ સમયમાં જોશો; તમારી મુખમુદ્રા હલકા પ્રકારની થવા માંડશે; તમારાં કૃત્યોમાં ધીરે ધીરે લઘુતા આવતી જશે; તમારાં નેત્રમાંથી, વાણીમાંથી, વર્તનમાંથી સર્વમાંથી પ્રતાપ અને પ્રૌઢતા ઓછાં થવા માંડશે, અને તમે એક સામાન્ય પ્રકારના મનુષ્ય થઈને રહેશો. એથી ઉલટું તમારી મહત્તાના વિચારો કરવા માંડો, અને તમારી મહત્તાનું તમારા અંતરમાં ભાન કરો, અને અલ્પ સમયમાં જગત્‌માં તમે ગુણવાળા, પ્રતાપવાળા, અને મહત્તાવાળા પુરુષતરીકે પ્રસિદ્ધ થશો. તમારા મનનાં સઘળાં વલણો ઉચ્ચતા-પ્રતિ વહેવા માંડશે; તમે અધિક અને અધિક સામર્થ્યયુક્ત મહત્તાને અને શ્રેષ્ઠતાને ઇચ્છવા માંડશો અને તમારા આખા શરીરમાં તમને મહત્તાનું દર્શન થવા માંડશે.

૨૨૩. જે મનુષ્ય ઉચ્ચ વિચારોને નિરંતર કરે છે, અને ઉચ્ચ જીવનનું ભાન કરવાનો નિરંતર પ્રયત્ન સેવે છે, તેની આકૃતિ અથવા બાહ્ય સ્વરૂપ સામાન્ય મનુષ્યના જેવું હોતું નથી. કદાચ તેની મુખમુદ્રા મોહ ઉપજાવે એવી ન પણ હોય તથાપિ તેના મુખઉપર પ્રૌઢતા રમી રહી હોય છે; તેના શરીરના હલનચલન વગેરે વ્યાપારોમાં જોનારને ઉચ્ચતાનું ભાન થાય છે, અને તે જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ઉચ્ચ પુરુષતરીકે નિરાળો પડે છે. તે નિરંતર અધિક અને અધિક મહત્તાને અને સામર્થ્યને પ્રાપ્ત કરતો રહે છે. તેનામાં અમુક ગુણો સ્વભાવસિદ્ધ છે તેથી આમ થાય છે, એમ કંઈ નથી, પરંતુ ઉચ્ચ અને અધિક ઉચ્ચ વિચારો કરવાનો તેણે પોતાના મનને અભ્યાસ પાડ્યો છે, તેથી આમ થાય છે. વિચારની ઉચ્ચ સ્થિતિમાં પોતાના મનને રમાડ્યા કરવાનો પ્રયત્ન કરવાથી, પોતાનામાં જે અત્યંત ઉચ્ચ અને સર્વોત્કૃષ્ટ છે, તેને તે બહાર આણીને ક્રિયાશીલ કરે છે, અને તેથી કરીને તેનું શરીર, મન તથા વર્તન વધારે પ્રૌઢ અને વધારે પ્રતાપ-વાળું થતું જાય છે. તેનામાં ઉત્કૃષ્ટતા દિવસે દિવસે અધિક પ્રમાણમાં આવતી જાય છે, કારણ કે ઉત્કૃષ્ટતાને તેણે પોતાના ધ્યેયરૂપે લીધેલી છે, અને ધ્યાતા ધ્યેયરૂપે થાય છે, અર્થાત્ જેનું મનુષ્ય ધ્યાન કરે છે, તેના જેવો જ તે થાય છે, એવો સિદ્ધાંત હોવાથી તે અંતર્બહિર્ ઉત્કૃષ્ટ થઈ રહે છે.

૨૨૪. અંતરમાં જે પ્રકારનું મનુષ્ય ભાન કરે છે, તે પ્રકારના વિચારો તેને આવ્યા કરે છે. અમુક પ્રકારના વિચારો કરવાને માટે આપણે તે પ્રકારનું અંત-રમાં ભાન કરવું જોઈએ. જે સ્થિતિઓનું આપણે અંતરમાં વારંવાર અને ઊંડું ભાન કરીએ છીએ, તે સ્થિતિ પ્રમાણેના જ વિચારો કરવાની આપણને ટેવ

પડી જાય છે. આમ હોવાથી જો આપણે આપણા મનને ઉચ્ચ ગુણવાળું અને મહાન કરવું હોય તો આપણામાં ઉચ્ચ ગુણો અને મહત્તા છે, એવું આપણે અખંડ અંતરમાં ઊંડું ભાન કરવું જોઈએ. અને આ ઉચ્ચ ગુણો અને મહત્તા આપણામાં વસ્તુતઃ નથી, એમ કંઈ નથી. આપણામાં તે છે જ. આપણામાં જે વસ્તુતઃ નથી, તે આપણામાં છે, એવી કંઈ આપણે ખોટી કલ્પના કરવાની નથી. શું આપણામાં આત્મા નથી? અને આત્માથી વધારે ઉત્કૃષ્ટ અને વધારે મહાન આ જગતમાં બીજું શું છે? આત્મા જ સર્વ ઉચ્ચ ગુણોનો અને મહત્તાનો મહાસાગર છે. જે કંઈ ઉત્કૃષ્ટ છે, જે કંઈ અસાધારણ છે, અને જે કંઈ ચમત્કારિક છે, તે સર્વ આત્મામાં છે, અને આત્મા આપણામાં હોવાથી અથવા આપણે જ આત્મા હોવાથી જે કંઈ ઉત્કૃષ્ટ, અસાધારણ, અને ચમત્કારિક છે, તે સર્વ આપણામાં છે. આથી આપણામાં ઉત્કૃષ્ટતાનું, મહત્તાનું અથવા અસામાન્યતાનું ભાન કરવું, એમાં અસત્ય જેવું અથવા ખોટી કલ્પના કરવા જેવું કંઈજ નથી. એમાં મિથ્યા અભિમાન ધરવા જેવું કે ખોટો દંભ કરવા જેવું કંઈ જ નથી. આથી જ સત્શાસ્ત્રો જીવને પોતાનામાં બ્રહ્મત્વનું ભાન કરવાનો નિરંતર ઉપદેશ આપે છે; અને જ્યારે મનુષ્ય પોતાના અંતરમાં પોતાની ઉચ્ચતાનું અને મહત્તાનું ભાન કરે છે, ત્યારે તે પોતાના બ્રહ્મત્વનું જ અલ્પ અંશમાં ભાન કરતો હોવાથી તેનું તે વર્તન કેવળ સત્શાસ્ત્રાનુસાર જ છે. આમ હોવાથી જેઓ પોતાનમાં પોતાની નિકૃષ્ટતા અથવા અધમતાને જોયા કરે છે, તેઓ પોતાના પ્રતિ પોતાના કર્તવ્યધર્મનું લેશ પણ પાલન કરતા નથી, પરંતુ જેઓ પોતાનામાં પોતાની ઉત્કૃષ્ટતાને જુએ છે, તેઓ જ પોતાના પ્રતિ પોતાના કર્તવ્યધર્મનું સર્વાંશે પાલન કરે છે.

૨૨૫. આ પ્રકારે પોતાના કર્તવ્યનું પાલન કરનારને અર્થાત્ સન્માર્ગે ચાલનારને આરંભમાં ઘણી વાર કષ્ટ પડતું જોવામાં આવે છે, તેનું શું કારણ? આમ પ્રસંગોપાત્ત બનતું જોવામાં આવે છે, એ ખરું છે પણ તેનું કારણ સ્પષ્ટ છે. જ્યારે મનુષ્ય જૂનું ઘર તોડીને નવું બાંધવા માંડે છે ત્યારે ઠેકાણે ઠેકાણે માટી, ઈંટો, તથા લાકડાના ઢગલા જ જોવામાં આવે છે. સર્વ સ્થળે પારવિનાની અવ્યવસ્થા હોય છે ઠરીને ઠામ બેસવાની એક તસુ જગા પણ હોતી નથી. અવિચારની જૂની ઇમારત તોડીને સદ્વિચારની નવી ઇમારત બાંધનારને પણ આવો જ અનુભવ થાય છે. આ અનુભવથી સદ્વિવેકીએ ગભરાવાનું નથી, અને તે અવ્યવસ્થાને જ જોજો કરવાનું નથી. આ અવ્યવસ્થા ભણી દૃષ્ટિ રાખનારને

પોતાનું આખું જીવન દુઃખથી પૂર્ણ થઈ ગયેલું જ જણાવાનું. આથી અવ્યવસ્થાને ન જોતાં, નવી ઇમારત બાંધનાર જેમ તે બાંધવા ભણી જ દૃષ્ટિ રાખે છે, અને નિત્ય થોડી થોડી બંધાતી જતી જોઈ પ્રસન્નતાને સેવે છે, તેમ પોતે આરંભેલા ઉચ્ચ ઉદ્દેશને સિદ્ધ કરવા તરફ જ સદ્વિવેકીએ દૃષ્ટિ રાખવી જોઈએ, અને તે ઉદ્દેશને નિત્ય થોડો થોડો સિદ્ધ થતો જોઈ પ્રસન્નતાને સેવવી જોઈએ. પડેલી ઇમારતનાં રોડાં તથા માટીના ઢગલા ન જોતાં, નવી ઈંટો, નવાં લાકડાં વગેરે સામાનને જોવો જોઈએ, અને નવી ઇમારત ચણવાનું કામ ધમધોકાર ચલાવવું જોઈએ. અલ્પ સમયમાં રોડાં તથા માટીના ઢગલા જતા રહી સુંદર ભવ્ય ભવન તૈયાર થયેલું દૃષ્ટિએ આવશે.

૨૨૬. જેઓ સદ્વિચાર તથા સત્ક્રિયાને સેવવારૂપ નવો માર્ગ ગ્રહણ કરે છે, તેઓને વિપત્તિ આવવી જ જોઈએ, એવો કંઈ નિયમ નથી. પરંતુ મનુષ્ય જ્યારે નવો માર્ગ ગ્રહણ કરે છે, ત્યારે સઘળું જ તેને નવું હોય છે, અને તેથી અનુભવરહિત મનુષ્યોથી થવી સંભવે, એવી તેનાથી ભૂલો થઈ જાય છે. સન્-માર્ગમાં પ્રવેશતાં તત્કાળ તેમાં કુશળતા આવી જતી નથી. દીર્ઘ કાળથી આડે માર્ગે વહેવાનો પ્રબળ અભ્યાસ એકદમ છૂટતો નથી, અને તેથી જીવનમાં અવ્યવસ્થા અથવા દુઃખનું ભાન થાય, એ સ્વાભાવિક છે. આમ છતાં સન્માર્ગ-માં જો આપણે દૃઢ આગ્રહવાળા છીએ અને પરિણામે વિજયને પ્રાપ્ત કરવાના આપણા સામર્થ્યમાં અમર્યાદ શ્રદ્ધાને ધરીએ છીએ તો ક્રમે ક્રમે આપણું આખું જીવન વ્યવસ્થાવાળું અને સુખરૂપ થતું જાય છે. મુખ્ય આપણે જે સાવધાનતા રાખવાની છે તે એ છે કે વિપત્તિને આવેલી જોઈને ગભરાઈ જવું નહિ, અને સન્માર્ગને ત્યજવો નહિ. એકવાર સન્માર્ગને ગ્રહણ કર્યા પછી અને તેમાં પ્રતિક્ષણ આગળ વધવાનો નિશ્ચય કર્યા પછી ગમે તેમ થાય તોપણ તે નિશ્ચયથી ચલિત ન થવું. આવી રીતે વર્તતાં અવ્યવસ્થા, દુઃખો અને વિઘ્નો અળપાઈ ગયા વિના રહેશે જ નહિ. જે ઉચ્ચ ઉદ્દેશ સિદ્ધ કરવા ધાર્યો તેને નહિ ત્યજો, તો તે ઉદ્દેશની સિદ્ધિથી પ્રાપ્ત થનારું ફળ પણ તમને નહિ ત્યજે. ઉચ્ચતાને પ્રાપ્ત કરવાને તમે ઊંચે ચઢવા માંડો, અને ઉચ્ચતા તમને ભેટવાને નીચે ઊતરવા માંડશે, અને તમારો ઉભયનો જ્યારે સંયોગ થશે ત્યારે વિપત્તિઉપર તમને સામ્રાજ્ય પ્રાપ્ત થશે. તે સમયે પ્રારબ્ધરૂપી પવનથી ગમે તે દિશામાં ઉડાડવામાં આવતા સૂકા પાંદડા જેવા તમે નહિ રહો, પરંતુ પ્રારબ્ધના પણ પતિ થઈ તમારી ઇચ્છાનુસાર તમે તેને પ્રેરશો.

૨૨૭. જ્યારે આ સંસાર તમને દુઃખથી ભરેલો લાગે અને જીવવા કરતાં મરવામાં વધારે સુખ રહેલું છે, એમ ભાન થાય, ત્યારે નક્કી માનજો કે તમારા જ્ઞાનતંતુઓ દુર્બળ પડી ગયા છે, અને તેમને બળવાન કરવાની જ તમારે જરૂર છે. તમને સંસાર દુઃખરૂપ જણાવામાં અને મરણ સુખરૂપ ભાસવામાં આ વિના બીજું કશું જ કારણ નથી. જ્યારે તમારો મજ્જાશય (જ્ઞાનતંતુઓનો સમૂહ nervous system) બળવાન સ્થિતિમાં હોય છે, અને તમારામાં જીવનતત્ત્વ સંપૂર્ણ રીતે ભરેલું હોય છે, ત્યારે જીવવામાં આનંદ જ ભાસે છે, પ્રત્યેક વસ્તુ સુંદર જણાય છે, અને ગમે તેવો પ્રતિકૂળ પ્રસંગ પણ મનમાં વિકળતાને પ્રકટાવતો નથી. તમને જીવવું ગમે છે, અને ઘણાં વર્ષ જીવવું ગમે છે, એટલું જ નહિ પણ તમારામાં રહેલા શ્રેષ્ઠ બળની પરીક્ષા થાય એટલા માટે ભારે દુઃખના પ્રસંગો તમારા ઉપર આવે એવી પણ તમને ઇચ્છા થાય છે.

૨૨૮. મજ્જાશયને અથવા જ્ઞાનતંતુઓના સમૂહને નીરોગ, બળવાન અને સારી સ્થિતિમાં રાખવાને માટે દિવસમાં બે વાર, દશ કે પંદર મિનિટ મનને તથા શરીરને કેવળ શાંત રાખવાનો અભ્યાસ સેવો. આખા શરીરને સંપૂર્ણ રીતે શિથિલ કરી નાંખો, અને સહજ સ્વભાવથી પૂર્ણ શાંતિ અને વિશ્રાંતિવાળી સ્થિતિમાં પ્રવેશ કરો. શાંત થવાનો કશો પણ પ્રયત્ન ન કરો; માત્ર શાંતિનું ભાન કરો, અને અંતરમાં શાંત અને સ્વસ્થ થવાનો ઉદ્દેશ રાખો. પૂર્ણ શાંતિની કલ્પના કરવાથી, જાણે તેવી સ્થિતિમાં હું છું, એવું ધારવાથી, શાંતિનું ભાન થશે. આ પ્રકારનો અભ્યાસ કરવાથી કુદરતને શરીરના તથા મનના સઘળા ભાગમાં પૂર્ણ સ્વાસ્થ્યને પ્રકટાવવાનો અનુકૂળ યોગ પ્રાપ્ત થશે, અને મજ્જાશયની અશક્તિ, દુર્બળતા કે વ્યાધિને ઉત્પન્ન કરનાર કારણનો મૂળમાંથી નાશ થશે. જ્યારે શરીરને અંતર્ તથા બહિર્ પૂર્ણ વિશ્રાંતિવાળું કરવામાં આવે છે ત્યારે કુદરતની આરોગ્યને તથા બળને ઉત્પન્ન કરનારી ક્રિયા પૂર્ણપણે ચાલે છે, અને આવી સ્થિતિમાં કુદરત જે લાભ કરે છે, તે જોઈને આપણને આશ્ચર્ય થાય છે.

૨૨૯. નિદ્રાકાળે આપણું શરીર તથા મન પૂર્ણ વિશ્રાંતિ લેતી સ્થિતિમાં હોવાં જોઈએ, પરંતુ તેવું હોતું નથી. અને તેનું કારણ એ કે મનની વિકળ સ્થિતિમાં જ ઘણી વાર આપણે નિદ્રાવશ થઈએ છીએ. આથી પ્રાતઃકાળે જ્યારે આપણે ઊઠીએ છીએ ત્યારે આપણે થાકેલા જ હોઈએ છીએ, અને નિદ્રાપૂર્વે આપણા જ્ઞાનતંતુઓની જેવી શ્રમિત અવસ્થા હતી તેવી જ પ્રાતઃકાળે જાગ્રત થયા પછી પણ હોય છે. પરંતુ જ્યારે પૂર્ણ શાંત થવાનો આપણે

આપણને અભ્યાસ પાડીએ છીએ ત્યારે નિદ્રા આવવા પૂર્વે આપણે આપણા શરીરને તથા મનને પૂર્ણ શાંત સ્થિતિમાં મૂકી દઈએ છીએ, અને તેથી આપણને જે નિદ્રા આવે છે તે ખરેખરી શાંતિથી ભરેલી અને પૂર્ણ બળ આપનારી હોય છે. આ કારણથી જે મનુષ્ય શરીરને તથા મનને પૂર્ણ શાંત કરીને નિત્ય નિદ્રાવશ થાય છે, તેને મજ્જાશયની દુર્બળતાના કોઈ વ્યાધિ કદી પણ થતા નથી.

૨૩૦. જ્યારે દિવસમાં બે વાર, પૂર્વોક્ત પ્રકારે, શરીરને તથા મનને અલ્પ સમય શાંત પાડી દઈને કુદરતને તેમાં બળને ભરવા દેવામાં આવે છે, ત્યારે શરીર તથા મન ઉભયનું કામ કરવાનું સામર્થ્ય ઘણું જ વૃદ્ધિને પામે છે. મનુષ્યોનો મોટો ભાગ પોતાના પૂર્ણ સામર્થ્યનો લગભગ અર્ધો ભાગ જ માત્ર કામમાં યોજે છે, કારણ કે તેનું પુષ્કળ બળ આડુંઅવળું વહી જતું હોય છે, અને કામમાં યોજી શકાય એવી હાલતમાં હોતું નથી. આથી કરીને દિવસમાં બે વાર પ્રશાંત પડી રહેવાની ઉપર વર્ણેલી ક્રિયા પોતાની ઉન્નતિને ઇચ્છનાર સાહસિક પુરુષોને સુવર્ણ તથા રત્નના ભંડાર કરતાં પણ વધારે મૂલ્યવાન છે, કારણ કે તેને આચારમાં મૂકનાર સર્વને તે ઉત્તમ આરોગ્ય તથા અધિક કામ કરવાનું સામર્થ્ય આપ્યા વિના રહેતી જ નથી. અને આરોગ્ય તથા કામ કરવાની યોગ્યતા જેનામાં હોય છે, તેને આ જગત્‌માં કશું જ દુર્લભ રહેતું નથી. આ ક્રિયા સેવીને જો તમે સહજ સાવધાન રહેશો તો જીવનબળથી પૂર્ણ થયેલા તમારા શરીરમાં કદી પણ વ્યાધિ થશે નહિ. જ્યારે શરીરમાં જીવન બળ ઓછું થાય છે, ત્યારે જ શ્લેષ્મ થાય છે, ખાધું પચતું નથી અને શરીરના ભિન્ન ભિન્ન અવયવોથી પોતપોતાના વ્યાપાર બરાબર નહિ થઈ શકવાથી તેમનામાં રોગ ઉત્પન્ન થાય છે. પરંતુ જો તમે દિવસમાં કેટલીક વાર શરીરને તથા મનને શાંત, અક્રિય કરશો તો કુદરત તમારામાં નવું બળ ભરશે, અને ઉત્તમ પ્રકારે કામ કરવાને માટે, ઉત્તમ પ્રકારે જીવન ગાળવાને માટે, અને સંસારનાં સુખોનો સર્વદા અનુભવ કરવાને માટે તમને તમારામાં જોઈએ તેટલું સામર્થ્ય હંમેશાં જણાશે.

૨૩૧. કંઈપણ ઉચ્ચ અભિલાષા, કંઈપણ ઉચ્ચ વસ્તુને પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ, મનુષ્યના સુખને માટે અનિવાર્ય ઉપયોગનો છે. જે મનુષ્ય નિત્ય થોડો થોડો આગળ વધતો નથી, તે મનુષ્ય જીવતો છતાં પણ જીવતો નથી; અને જે મનુષ્ય પોતાને અપ્રાપ્ત એવી કોઈ પણ ઉચ્ચ વસ્તુને પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ ધરતો નથી—મેળવવા યોગ્ય કોઈ ઉચ્ચ વસ્તુને મેળવવાની પ્રબળ અભિલાષા જે મનુષ્ય ધરતો નથી, તે મનુષ્ય કદી પણ થોડો થોડો આગળ વધતો નથી.

પોતાના જીવનને નિત્ય અધિક અધિક ઉચ્ચ કરનાર મનુષ્ય જ જીવે છે, બીજા સર્વ જીવતા છતાં મરેલા છે, નકામા છે, જગત્‌ને ભારરૂપ છે. જો તમે નિત્ય થોડા થોડા આગળ વધતા નહિ હો તો તમે માર્ગમાં જ અટકી રહ્યા છો, એમ નક્કી જાણજો, અને જ્યાંસુધી કોઈ ઉચ્ચ ઉદ્દેશને સિદ્ધ કરવા તમારામાં અભિલાષા નહિ પ્રકટે ત્યાંસુધી તમે એક ડગલું પણ આગળ વધી શકવાના નહિ. અને જે મનુષ્ય કોઈ ઉચ્ચ ઉદ્દેશને સિદ્ધ કરવાને માટે એકનિષ્ઠાથી અખંડ કામ કર્યા જ કરે છે, તે ગમે તે સ્થિતિમાં હોય અથવા ગમે તે કામ કરતો હોય તોપણ જગત્‌ના સુખ અને કલ્યાણમાં નિરંતર વૃદ્ધિને કર્યા જ કરે છે. આમ હોવાથી, જીવનનો ઊંચામાં ઊંચો હેતુ, કોઈ અપ્રાપ્ત વસ્તુને પ્રાપ્ત કરવાને અખંડ પ્રયત્ન સેવ્યા કરવો, એ જ છે, એવું કોઈ વિદ્વાને જે કહ્યું છે, તે કેવળ સત્ય છે.

૨૩૨. મેળવવાની વસ્તુ જેમ વધારે ઉચ્ચ હોય છે, તેમ આપણો ઉદ્દેશ વધારે ઉચ્ચ ગણાય છે. જેમ આપણો ઉદ્દેશ વધારે ઉચ્ચ હોય છે, તેમ તેને સિદ્ધ કરવાનો આપણે વધારે પ્રયત્ન કરવાનો હોય છે; અને જેમ આપણે અધિક પ્રયત્ન કરીએ છીએ તેમ આપણે અધિક સંપાદન કરીએ છીએ. ઉચ્ચ અભિલાષા ધરવાથી શરીર, મન તથા આત્માનાં સર્વ સામર્થ્યો ઉચ્ચ વસ્તુને અર્થે જ પ્રયત્નશીલ થાય છે, અને જ્યારે મનુષ્યનું સર્વસ્વ ઉચ્ચને અર્થે પ્રયત્નશીલ થાય છે ત્યારે ઉચ્ચ અને અધિક ઉચ્ચ ફળ અવશ્ય ઉત્પન્ન થાય જ છે. ઉચ્ચ મનોરાજ્યવિનાનો મનુષ્ય સંસારસાગરની છોળોમાં આમતેમ તણાયા કરે છે, પણ જે મનુષ્યે ઉચ્ચ મનોરાજ્ય બાંધ્યું હોય છે, અને તે મનોરાજ્યમાં જોયેલી ઉચ્ચ વસ્તુને પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરવાનો જેણે દૃઢ નિશ્ચય તથા શ્રદ્ધા ધર્યાં હોય છે, તે મનુષ્ય પરિણામે તે ઉચ્ચ વસ્તુને પ્રાપ્ત કરે જ છે. ગઈ કાલ ભલે તેને નિષ્ફળતા મળી હોય, આજે ભલે તેને નિષ્ફળતા મળતી હોય; આવતી કાલ ભલે તે નિષ્ફળ જાય; સેંકડો વાર કે હજારો વાર ભલે તે નિષ્ફળ થાય, તોપણ પરિણામે તેને વિજય પ્રાપ્ત થવાનો જ. કોઈ મહાન અને ઉચ્ચ ઉદ્દેશને સિદ્ધ કરવાને શ્રદ્ધા તથા દૃઢ નિશ્ચય કમર બાંધીને એકવાર આગળ પડ્યાં કે પછી નિષ્ફળતા લાંબો વખત ટકી શકતી જ નથી. જેમ પ્રાતઃકાળે સૂર્ય ઉદય થયા વિના રહેતો નથી, તેમ આ નિયમ કદી પણ ખોટો પડતો નથી. આથી મારાં મનોરાજ્યો એકાદ દિવસે સફળ થવાનાં જ, એવું જાણીને જેની મરજી થાય તેણે આ નિયમને આચારમાં ઉતારવો.

૨૩૩. બીજાઓની ઉન્નતિ જોઈને વર્ષોનાં વર્ષસુધી તેમની ઈર્ષ્યા કરતા, અને નિરાશાના નિઃશ્વાસ નાંખતા આપણે બેસી રહીએ, તોપણ તેથી આપણને કશો જ લાભ થતો નથી. ઊલટું આવી ક્રિયામાં આપણા આયુષ્યનો તથા બળનો આપણે વ્યર્થ ક્ષય કરી નાંખીએ છીએ. બીજાઓનો ઉદય જોઈને નિસાસા નાંખવામાં વ્યર્થ સમય ગાળવાને બદલે તમારો સઘળો સમય અને મન તમારી કામ કરવાની યોગ્યતા વધારવામાં યોજો.

૨૩૪. બીજાઓને તમારાથી આગળ જતા રોકવાનો પ્રયત્ન કરવાથી તમે તમારો કશો સ્વાર્થ કે હિત સાધી શકવાના નહિ. બીજાઓ તમારાથી વધારે વેગથી આગળ જતા હોય અને તમારી સઉથી આગળ રહેવાની ઇચ્છા હોય તો તમારું કર્તવ્ય એ જ છે કે બીજાઓ જેટલા વેગથી ચાલે છે, તેના કરતાં વધારે વેગથી આગળ ચાલવું. બીજા પોતાનાથી આગળ નીકળી ન જાય માટે આખી જનશ્રેણી(સવારી procession)ની ગતિ અટકાવવાનો જે મનુષ્ય પ્રયત્ન કરે છે, તે ખરેખર, મૂર્ખ છે.

૨૩૫. બીજાનું હિત કરવા જે મનુષ્ય પોતાના હિતનો ભોગ આપે છે, તે કોઈનું પણ કશું જ હિત કરતો નથી; અને તેનું કારણ સ્પષ્ટ છે. સ્વાત્માર્પણનો અર્થ, ઘણા ધારે છે, તેમ આપણી અત્યંત ઇચ્છાના વિષયને બીજાને આપી દેવો, એ નથી. પરંતુ જેની આપણે ખાસ જરૂર નથી, તે બીજાને આપવું, એવો છે. આપણા જીવનની અથવા આપણી આર્થિક સંપત્તિ છલકાઈ જતી હોય તેમાંથી અન્યને આપવું, એમાં આપણે કશો ભોગ આપતા નથી. એ તો માત્ર આપણો આવિષ્કાર(expression આપણામાં રહેલા ઉત્તમ ગુણ વગેરેને બહાર પ્રકાશમાં આણવાં તે) છે, અથવા જેને 'સધ્ધર ઠેકાણે નાણાં જમે મૂકેલાં' ગણીએ તેવું છે; અને પરિણામે તેનું ઉત્તમ ફળ સર્વદા આપણને મળે જ છે. પરંતુ તમારા પોતાના શરીરને તથા વ્યવહારને ઉત્તમ પ્રકારની વ્યવસ્થામાં રાખવાને માટે જેની તમને અનિવાર્ય અગત્ય છે, તેવી વસ્તુઓ જ્યારે તમે અન્યને આપી દો છો ત્યારે તમે સ્વાત્મસુખનો ભોગ આપો છો. પણ આવો ભોગ કોઈએ પણ આપવો યોગ્ય નથી. તમારા પોતાના બળને ઓછું કરો, અને તમે તમારી ઉપયોગિતાને ઓછી કરો છો.

૨૩૬. જ્યારે સામાન્ય મનુષ્ય અંધકારવાળી દુઃખદ સ્થિતિમાં આવે છે, ત્યારે તે પોતાના માનસ દીપકની વાટને નીચે ઉતારી નાંખી અંધકારમાં અંધકાર

વધારી મૂકે છે; અર્થાત્ તે નિરાશ થઈ જાય છે, ચિંતા કરવા માંડે છે, અને હવે આથી પણ ભારે વિપત્તિ આવશે, એવી વાટ જોતો બેસે છે. પણ આવે પ્રસંગે જ આપણા માનસદીપકના પૂર્ણ પ્રકાશની આપણે જરૂર હોય છે. આથી વિપત્તિનાં અંધકારમાં જ્યારે આપણે આવી પડીએ ત્યારે આ દીપકની વાટને જેટલી ઊંચી ચઢે, એટલી ઊંચી આપણે ચઢાવવી જોઈએ. અન્ય શબ્દોમાં કહીએ તો તમારી આજુબાજુ જ્યારે સર્વત્ર અંધકાર ભાસે ત્યારે તમારી માનસ સૃષ્ટિને તમારાથી બને તેટલી પ્રકાશિત કરજો. આનંદથી, શ્રદ્ધાથી, આત્મ-વિશ્વાસથી, શુભાશાથી, અને દૃઢ નિશ્ચયથી તમારા મનને સભર ભરી નાંખો. આમ કરવાથી અંધકારમાં ગોથાં ખાવાને બદલે તમે પ્રકાશમાં આવશો, અને તમારા માર્ગને તમે સ્પષ્ટ જોઈ શકશો.

૨૩૭. સાચા સામર્થ્યવાળા અને સાચી ઉત્કૃષ્ટતાવાળા મનુષ્યોનો જગત્માં સર્વદા સ્વીકાર થાય છે. તેઓની કદી ઈર્ષ્યા કે ઉપેક્ષા કરવામાં આવતી નથી. યોગ્યતાવાળા, બુદ્ધિવાળા અને સામર્થ્યવાળા પુરુષે પોતાને માટે સર્વોત્કૃષ્ટ પદ શોધવાનો પ્રયત્ન કરવાની કશી જ અગત્ય નથી; કારણ કે સર્વોત્કૃષ્ટ પદ તેને શોધતું તેને ઘેર આવે છે, અને જ્યાંસુધી તે તેનો સ્વીકાર કરતો નથી, ત્યાંસુધી તેને પીછો મૂકતું નથી. જે મનુષ્ય પોતે આગળ નીકળવાનો, અને જે ઉચ્ચ પદને માટે તે અયોગ્ય છે, તે ઉચ્ચ પદને બળાત્કારથી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે, તે મનુષ્યને સંસારમાં ઘણી નિરાશા પ્રાપ્ત થાય છે, અને ઘણી ઠોકરો વાગે છે; અને ઉન્નતિની ઇચ્છાવાળા મનુષ્યોનો મોટોભાગ ન્યૂનાધિક અંશમાં આ પ્રકારનો હોય છે. પરંતુ જે મનુષ્ય પોતાનું સામર્થ્ય વધારવા ઉપર પ્રથમ ધ્યાન આપે છે, તે મનુષ્ય નિરંતર વૃદ્ધિને પામતા તેના બળને લીધે, સર્વદા આગળ નીકળી આવ્યા જ કરે છે. પોતાનો સ્વીકાર કરવાની તેને જગત્ને ફરજ પાડવી પડતી નથી. જગત્ને તેનો ઉપયોગ હોય છે, અને તે અરણ્યમાં રહેતો હોય છે, તોપણ જગત્ તેનું મૂલ્ય જાણે છે.

૨૩૮. તમારી આજુબાજુનાં મનુષ્યોના ક્ષુદ્ર વ્યવહારો બારીકીથી અવ-લોકવાની શું તમને ટેવ છે ? કોઈ મનુષ્ય પોતાના ગજવામાંથી પોતાનો રૂમાલ કાઢે છે, અને પોતાને કપાળે થયેલો પરસેવો લોહી નાંખે છે, તે વખતે આદિથી તે અંતસુધી તેની ક્રિયા શું તમારાં નેત્રો જુએ છે ? કોઈ મનુષ્ય ગજવામાંથી બીડી કાઢી, દીવાસળીવડે તેને સળગાવી, પીએ છે, અથવા એવી જ કોઈ માલ-વિનાની ક્રિયા, જે તમારા કશા જ ઉપયોગની નથી, તેવી ક્રિયા તમારા સમક્ષ

કરે છે ત્યારે ધ્યાન આપીને તેની પ્રત્યેક ક્રિયા શું તમે અવલોકો છો ? મનુષ્યોના મોટા ભાગને થોડા કે ઘણા પ્રમાણમાં આવી ટેવ પડી ગઈ હોય છે, અને તેઓ નાના મનવાળા હોય છે, તેનું આ એક કારણ છે. અવલોકન કરવાની ટેવ, એ બહુ લાભકારક ટેવ છે, પણ શું અવલોકવું અને શું ન અવલોકવું, તેનો મનુષ્યનામાં વિવેક હોવો જોઈએ. તેવો વિવેક નથી હોતો ત્યારે મનુષ્યો જે કંઈ નજરે પડે તેના ઉપર પોતાની દૃષ્ટિ નાંખે છે, અને નિર્માલ્ય વસ્તુઓ તથા ક્રિયાઓના સંસ્કારને પોતાના અંતઃકરણમાં દૃઢાવે છે. જે વસ્તુ આપણા ઉપયોગની હોય તેનું જ આપણે અવલોકન કરવું જોઈએ. પોતાના મનનો વિકાસ કરવાને ઇચ્છનાર મનુષ્યે જે તે વસ્તુઉપર અને જે તે ક્રિયાઉપર પોતાની વૃત્તિને સ્થાપવી નહિ જોઈએ. પોતાના મનને મહાન કરવાની ઇચ્છાવાળા મનુષ્યે ખોટી જિજ્ઞાસાને સંતોષવાને ખાતર જ પોતાના સમયનો અને વિચારનો ક્ષય ન કરવો જોઈએ. જે નજરે ચડ્યું અથવા જે સંબંધમાં આવ્યું તેને જાણવાની ખોટી જિજ્ઞાસાવાળું મહત્ મન હોતું નથી. બીજા મનુષ્યોના દેહવ્યવહાર ઉપર મહત્ મન કદી ધ્યાન આપતું નથી. હાલ કદાચ કેવળ તુચ્છ જણાતી હોય તોપણ જે ઉચ્ચ થવાના ક્રમમાં હોય તેવી બાબતોની સાથે જ મહત્ મન સંબંધવાળું થાય છે. આ પ્રકારનો નિયમ હોવાથી તુચ્છ વસ્તુઓ અને ક્રિયાઓ ઉપર ચોંટતાં આપણાં નેત્રોને તથા વૃત્તિને આપણે અંકુશમાં રાખવાં જોઈએ.

૨૩૯. અને બાહ્ય વસ્તુઓઉપર ચોંટતાં તમારાં નેત્રને તથા તમારી વૃત્તિને જેમ તમારે અંકુશમાં રાખવાનાં છે, તેમ તમારા અંતઃકરણમાં ઊઠતા વિવિધ પ્રસંગોનાં ચિત્રોઉપર તમારી માનસ દૃષ્ટિને તથા તમારી વૃત્તિને સ્થાપતાં તમારે સાવધાનતા સેવવાની છે. ગમે તેવા નિરુપયોગી અને તુચ્છ પ્રસંગોને વારંવાર સ્મર્યા કરવાથી તમારું મન તુચ્છ અને નિર્માલ્ય જ રહે છે. મનને મહત્ કરવાને માટે તેને અંતરમાં પણ મહદ્ વસ્તુઉપર જ સ્થાપવું જોઈએ. આથી જ સત્-શાસ્ત્રોનું શ્રવણ, મનન તથા નિદિધ્યાસન, ઈશ્વરચિંતન, તત્ત્વાભ્યાસ વગેરે સત્ક્રિયાઓ સુખેચ્છકે સંતત સેવવા યોગ્ય છે, એમ મહાપુરુષો આગ્રહપૂર્વક પ્રબોધે છે.

૨૪૦. પ્રેમ અને માયાથી ભરેલું હૃદય, વાણી અને ક્રિયા મનુષ્યના જીવનને સર્વદા અધિક ઉચ્ચ કરે છે. મહત્ મનની સાથે હૃદય જ્યારે મોટું અર્થાત્ પ્રેમ-વાળું હોય છે ત્યારે મહત્ મન મહત્તર એટલે અધિક મોટું થાય છે, પણ જગતનાં પુષ્કળ મનુષ્યો માયાનો અને પ્રેમનો અનુચિત પ્રસંગમાં ઉપયોગ

કરનારાં હોય છે. આથી પ્રેમ શુભના બળને અને સૌંદર્યને વધારવાને બદલે અશુભના અગ્નિમાં કાષ્ઠને સીંચે છે. ચોમાસાના ચાર માસ વૃક્ષોને વરસાદની ઝડીમાં ઉઘાડા રહેવું પડવાથી વૃક્ષોઉપર પ્રેમવાળી એક સ્ત્રીને જેમ અત્યંત પરિતાપ થયો હતો તેવો ખોટો પરિતાપ કરાવનારો પ્રેમ ઘણા મનુષ્યોમાં હોય છે. ઘણાં માબાપ આવા ખોટા પ્રેમને વશ થઈને પોતાના બાળકનું પેટ ભરાયું છતાં તેને પાંચસાત ગ્રાસ વધારે ખવડાવે છે; જમી ઊઠ્યાને અર્ધો કલાક પણ વીત્યો ન હોય તોપણ બરફી કે લાડુ કે એવો જ કોઈ પદાર્થ બાળક માગતાં તે તેને આપે છે, અને બાળકને હાનિ કરનાર અનેક ક્રિયાઓ પ્રેમને વશ થઈ કરે છે. ચા હાનિને કરનાર છે, એવું દૃઢ રીતે જાણનાર એક પિતાને પોતાના પુત્રને પ્રેમથી ચા પાતાં અનેક વાર આ લેખકે જોયો છે; પુત્રે એક વાર કોઈ સ્થળે ચા પીવાથી તે તેને ગળી લાગવાથી વારંવાર તે સ્થળે તે ચા પીવા જતો, અને ચાનાં નુકસાન જાણનાર પ્રેમવશ પિતા, પુત્રના સ્વચ્છંદાચરણને જાણતાં છતાં પણ તેને રોકવા પ્રવૃત્ત થતો નહિ, એટલું જ નહિ પણ પુત્રને ચા મળે એવાં સ્થળોમાં સ્વેચ્છાથી પણ તે તેને તેડી જતો. પ્રેમી પિતાનો પુત્રને પ્રસન્ન રાખવા વિના આમ કરવામાં બ જો કશો જ હેતુ ન હતો, પણ આ પ્રેમ પુત્રના સુખને સાધી આપનાર છે કે દુઃખને તે પ્રતિ પિતાનું અલક્ષ જ રહેતું.

૨૪૧. વ્યવહારમાં કે પરમાર્થમાં ઉન્નતિ પ્રાપ્ત કરવાને માટે એકાગ્રતા, એ એક સઉથી અગત્યનું સાધન છે; અને ઉભયમાં મનુષ્યોની આગળ વૃદ્ધિ ન થવામાં, બીજા કોઈ કારણના કરતાં, એકાગ્રતાની ખામી એ જ એક પ્રબળ કારણ છે, એમ કહેવામાં કશો જ સંકોચ થતો નથી. આ સાથે વળી એમ પણ નિઃશંકપણે કહી શકાય એમ છે કે વ્યવહારમાં તથા પરમાર્થમાં મનુષ્યો જે કાંઈ સિદ્ધ કરી શકે છે, તેના કરતાં સેંકડે દશગણું અથવા ત્રણસેંગણું, જો તેઓ એકાગ્રતાને કેળવવા ઉપર ખાસ ધ્યાન આપે તો સિદ્ધ કરી શકે.

૨૪૨. એકાગ્રતાના સંબંધમાં વિવિધ લેખકોએ વિવિધ લેખો લખ્યા છે, પરંતુ તે સર્વથી વસ્તુતઃ થોડો જ લાભ થયો છે; કારણ કે તે સર્વ લેખો મનને એકાગ્ર કરવાનો બોધ કરે છે. પરંતુ જે કારણ એકાગ્રતાને ઉત્પન્ન કરે છે, તે કારણને કેવી રીતે પ્રકટાવવું, તે તેઓ શીખવતા નથી. મનની એકાગ્રતા અથવા એકાગ્રતા-વાળી માનસિક સ્થિતિ એ એક કાર્ય છે, અને અનન્યાસક્ત (એક જ વસ્તુમાં પ્રેમપૂર્વક જોડાયલા) ચિત્તવડે તે ઉત્પન્ન થાય છે. આથી ચિત્તને અર્થાત્ ધ્યાનને (Attention) કોઈ એક વસ્તુમાં સંપૂર્ણ પ્રકારે જોડી રાખવા માટે કંઈ પણ કર્યા

વિના, એકાગ્રતા કરવાનો પ્રયત્ન કરવાથી માત્ર એટલો જ પરિણામ આવે છે કે આપણે આપણા સંકલ્પબળથી આપણી વૃત્તિઓને બળાત્કારથી આપણા સ્વાધીનમાં રાખી શકીએ છીએ. જો કે આ રીતે ક્ષણિક અને નહિ જેવી એકાગ્રતા સિદ્ધ થાય છે તોપણ તેથી મનને પોતાને તો હાનિ જ થાય છે. જ્યારે સંકલ્પશક્તિ મન ઉપર પોતાનું બળ વાપરે છે ત્યારે સામાન્ય રીતે મનનું તેમ જ તેની જુદી જુદી શક્તિઓનું બળ તથા તેજસ્વીપણું ઘટે છે.

૨૪૩. આપણા શરીરના કોઈ પણ ભાગઉપર આપણે બળાત્કાર વાપરવો ન જોઈએ, પરંતુ જે વસ્તુની આપણને ઇચ્છા હોય તેના આવશ્યક કારણની નિયમિત પ્રકારે ઉત્પત્તિ કરીને તે વસ્તુ આપણે સંપાદન કરવી જોઈએ. એકાગ્રતા કરવાનો પ્રયત્ન કરવો, એ કારણને ઉત્પન્ન કર્યા વિના બળાત્કારથી કાર્યને ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવા તુલ્ય છે, અને તેથી તેમ કરવાથી લાભ ન થતાં ઘણી હાનિ થાય છે.

૨૪૪. એકાગ્રતા કરવાની જે વિવિધ પ્રચલિત રીતિઓ છે, તે સર્વ, કોઈ પણ વાતમાં મન ધ્યાન દઈને જોડાય, તેટલા માટે જે જોઈએ, તે કરવાનું ન સૂચવતાં માત્ર મનને ધ્યાનપૂર્વક જોડવાનો પ્રયત્ન કરવાનું જ સૂચવે છે. આવી રીતોનો પ્રબોધ કરનારાઓને આચારમાં મૂકી શકાય એવા માનસ શાસ્ત્રનું અથવા અધ્યાત્મશાસ્ત્રનું જ્ઞાન હોતું નથી, અને તેથી તેઓ જાણતા હોતા નથી કે બળથી કોઈ વિષયમાં મનને જોડી રાખવાથી શૂન્યમનસ્કતા (absentmindedness ક્યા વિષયમાં મનને જોડી રાખ્યું છે તેનું અભાન) અને એકાગ્રતાનો કેવળ અભાવ ઉત્પન્ન થાય છે.

૨૪૫. જ્યારે જ્યારે કોઈ પદાર્થઉપર તમે તમારું ધ્યાન ચોંટેલું રાખો છો (કોઈ વિષયઉપર ધ્યાનને જોડેલું તમે રાખી શકવાના નહિ) ત્યારે ત્યારે તમારું મન ગમે તેવા માલવિનાના વિચારોમાં ચઢી જાય છે, વિચારની સ્પષ્ટ શ્રેણી બંધ પડી જાય છે, અને ઉપયોગી કાર્યો ઉપરથી વિજ્ઞાનનો અંકુશ ખસી જાય છે. કોઈ નિર્ણય કરેલા વિષયઉપર તમારા મનને ક્યાં સુધી જોડી રાખવાનું તમારામાં સામર્થ્ય છે, તેની અજમાયશ કદી પણ કરતા ના; તેમ જ જે વિષયોમાં તમને જરા પણ રસ ન હોય તે સંબંધી વિચાર કરવાની તમારા મનને કદી પણ ફરજ પાડતા ના. આ વિષયોઉપર ધ્યાન આપવાથી તમને લાભ થાય એમ હોય તો તેમાં સ્વાભાવિક અને પ્રબળ રસને પ્રથમ પ્રકટાવો; અને આવો રસ એક ઘણી સાદી ક્રિયાના અભ્યાસવડે તમે તમારામાં પ્રકટાવી શકશો.

૨૪૬. સર્વોત્તમ પરિણામ પ્રકટાવવાને માટે જે કામ આપણે કરતા હોઈએ તે કામ આપણે અનન્યાસક્ત ચિત્તવડે (undivided attention) કરવું જોઈએ, અર્થાત્ બીજા કશામાં ધ્યાન ન જાય, એવી રીતે કરવું જોઈએ. પણ આપણા કામમાં આપણું આત્તું ધ્યાન એની મેળે લાગવું જોઈએ. બળથી આપણા ધ્યાનને આપણા કામમાં જોડવાનો જો આપણે પ્રયત્ન કરીએ છીએ તો આપણે આપણા મનને ડહોળી નાંખીએ છીએ, અને તેમ થતાં આપણે સર્વ પ્રકારની ભૂલો કરીએ છીએ. કોઈ પણ વિષયમાં અથવા વસ્તુમાં સ્વાભાવિક રીતે સરળપણે અને ઉત્સાહપૂર્વક સંપૂર્ણ રીતે આપણું ધ્યાન આપણું મન લગાડે, એટલા માટે તે વિષયમાં અથવા વસ્તુમાં પ્રબળ રસને આપણે પ્રકટાવવો જોઈએ. કારણ કે કોઈ વિષયમાં જ્યારે આપણે સંપૂર્ણ રસને ધરતા થઈએ છીએ ત્યારે અનન્યાસક્ત ચિત્તવડે ધ્યાન આપવાનો પ્રયત્ન કર્યા વિના સ્વભાવથી જ આપણું ધ્યાન તે વિષયમાં સર્વાંશે જોડાઈ જાય છે. સ્વતઃ પ્રકટનાર ધ્યાન આવું હોય છે, અને આવું જ ધ્યાન એકાગ્રતાને પ્રકટાવે છે.

૨૪૭. કેટલાક મનુષ્યો એવું કહેતા સાંભળવામાં આવે છે કે અમારી મનને એકાગ્ર કરવાની શક્તિ ઉત્તમ પ્રકારની છે, પણ તેઓ જે કહે છે તેવો તેમનાં વચનનો અર્થ નથી, તેમણે એમ કહેવું જોઈએ કે જે કાંઈ કામ કરવાનું અમને પ્રાપ્ત થાય છે તેમાં સંપૂર્ણ રસપૂર્વક જોડાવાની અમારામાં શક્તિ છે; કારણ કે એકાગ્રતાની કૂંચી એ છે. કોઈ પણ વિષયમાં પ્રબળ રસ ચિત્તને તે વિષયમાં સર્વાંશે જોડે છે; અને ચિત્ત જ્યારે આ પ્રકારે જોડાય છે, ત્યારે એકાગ્રતા પ્રકટે છે.

૨૪૮. જ્યારે મનની એકાગ્રતાવાળી સ્થિતિ હોય છે ત્યારે મનનાં સઘળાં સામર્થ્યો એક જ વિષય અથવા વસ્તુ ઉપર એકાગ્ર થાય છે, અને તે સમયે હાથમાં લીધેલા એક જ કામઉપર મન પોતાનું સઘળું બળ વાપરે છે. હાથમાં લીધેલા ગમે તે કામને સિદ્ધ કરવા ઇચ્છનાર પુરુષનું, 'હાલ મારે આ એક જ કામ કરવાનું છે' એ જ વર્તનસૂત્ર હોવું જોઈએ; અને આ સૂત્રથી તે કદી જરા સરખો પણ ચસકતો નથી તો કોઈ પણ કામની સિદ્ધિ કરવામાં તે કદી પણ નિષ્ફળ જતો નથી. પણ પૂર્વે કહ્યા પ્રમાણે સંકલ્પનું બળ વાપરીને કોઈ પણ એક કામમાં મનનાં સામર્થ્યોને જોડવાં ન જોઈએ; રસથી પ્રકટેલા ધ્યાનવડે આ એકાગ્રતા ઉત્પન્ન થવી જોઈએ.

૨૪૯. હાથમાં લીધેલા એક જ કામમાં સંપૂર્ણ રસવાળા થવું, એ એકાગ્રતાની કૂંચી છે; અને હાથમાં લીધેલા કામમાં અત્યંત રસ ઉત્પન્ન કરે, એવો અંશ કયો છે, તે શોધી કાઢવાથી આ રસવૃત્તિ જાગ્રત કરી શકાય છે. એવો આ જગત્‌માં એક પણ વિષય અથવા વસ્તુ નથી કે જે અમુક દૃષ્ટિબિંદુથી જોતાં આપણને રસવાળો ન ભાસે. આથી તે વિષયમાં રહેલા રસવાળા ભાગો શોધી કાઢવાનો પ્રયત્ન કરો; અને તે શોધવા માંડતાં, પ્રયત્ન કર્યા વિના જ તમને તે વિષયમાં સંપૂર્ણ રસ પ્રકટશે. આમ આ અત્યંત સરળમાં સરળ ઉપાયથી આપણું ચિત્ત આપણે હાથમાં લીધેલા વિષયમાં અનન્યાસક્ત થાય છે, અને જરા પણ વિશેષ પ્રયત્ન કર્યા વિના, આપણું સઘળું માનસ બળ જે એક કામ કરવાનો આપણે પ્રયત્ન કરતા હોઈએ છીએ તેમાં એકાગ્ર થાય છે.

૨૫૦. વ્યવહારમાં તથા પરમાર્થમાં આપણો સર્વોત્તમ ઉદય કરવા માટે બીજું જે કરવાની આપણે અગત્ય છે તે એ કે વસ્તુઓની આપણે એવા પ્રકારની વ્યવસ્થા કરવી કે તેઓ સર્વ આપણું હિત જ કરવાને માટે એકત્ર થઈને પ્રવૃત્તિ કરે. કશાને પણ આપણા વિરુદ્ધ આપણે પ્રવૃત્તિ કરવા દેવી ન જોઈએ, પરંતુ સઘળી વસ્તુઓને આપણા અનુકૂળ પ્રવૃત્તિ કરવાને પ્રેરવી જોઈએ; અને સઘળી વસ્તુઓ આપણી સેવા કરવાને સર્વદા તત્પર છે, તેથી આપણા અનુકૂળ, સઘળી વસ્તુઓની એકત્ર પ્રવૃત્તિ કરાવવી સંભવિત છે. તત્ત્વજ્ઞ પુરુષોતરફથી એવું કહેવામાં આવ્યું છે કે જે મનુષ્ય કેવળ શુભને જ ઇચ્છે છે, તેનું હિત કરવાની જ સઘળી વસ્તુઓ એકત્ર થઈને પ્રવૃત્તિ કરે છે; અને શુભની તેની ઇચ્છા બળવાન, દૃઢ, કશાથી પણ ન ડગે એવી, અને ખરા અંતઃકરણની હોવી જોઈએ, એટલા શબ્દો જો આપણે ઉપરના કથનમાં ઉમેરીએ તો તે કથન કેવળ સત્ય છે.

૨૫૧. કેવળ શુભને જ ઇચ્છનારા ઘણા મનુષ્યો મળી આવે છે, પરંતુ તેમની ઇચ્છા એટલી દુર્બળ, એટલી નિર્વીર્ય અને એટલી અસ્થિર હોય છે કે તે વસ્તુઓના તથા આજુબાજુના સંજોગોના ઉપર કશી જ સત્તા ચલાવી શકતી નથી.

પરંતુ જ્યારે કોઈ મનુષ્ય કેવળ શુભને જ ઇચ્છે છે, અને તે ઇચ્છામાં પોતાનું સમગ્ર જીવન નાંખે છે ત્યારે તેના જીવનની સાથે સંબંધને ધરાવતી પ્રત્યેક વસ્તુ સ્વભાવથી જ તેને અનુસરે છે, અને શુભને ઉત્પન્ન કરવાના તેના પ્રયત્નને સર્વ રીતે મદદ કરે છે. જ્યારે એક જ દિશામાં સમગ્ર જીવનને વાળવામાં આવે છે ત્યારે તે જીવનના સંબંધની સઘળી વસ્તુઓ તે દિશામાં ગતિ કરવા માંડે છે; અને જેને

માટે આખું જીવન પ્રવૃત્ત થાય છે, તેને માટે જીવનનો પ્રત્યેક ભાગ પણ પ્રવૃત્ત થાય છે. આ સમજવું સહેલું છે; તેથી જે મનુષ્ય કેવળ શુભની જ ઇચ્છા કરે છે, અને તેની સિદ્ધિમાં પોતાનું સમગ્ર જીવન અર્પે છે, તેનું શુભ કરવા સમગ્ર વસ્તુઓ એકત્ર થઈને પ્રવૃત્ત થાય છે, એ કથનમાં નિગૂઢ વિષયજેવું કંઈ જ નથી. પણ આપણને વધારે લાભકારક વાર્તા તો એ છે કે આ કથનને આચાર-માં મૂકતાં આપણને તેનો તરત લાભ જણાવા માંડે છે.

૨૫૨. જ્યારે જ્યારે મન સામાન્ય બાહ્ય સ્થિતિઓની મર્યાદાનું અતિક્રમણ કરે છે, ત્યારે ત્યારે તેને એ વાર્તા સ્પષ્ટ થાય છે કે આપણી ભીતર અને આપણી આજુબાજુ સર્વત્ર કોઈ વધારે ઉત્કૃષ્ટ સત્તા અથવા સામર્થ્ય છે, અને જો આપણી ઇચ્છા થાય તો આ સામર્થ્યનો આપણે ઉપયોગ કરી શકીએ એમ છે.

આ સામર્થ્યમાંથી કેટલું આપણે આપણા ઉપયોગમાં લેઈ શકીએ એમ છે, તેનો આધાર તે સામર્થ્યની સાથે જેટલો નિકટનો સંબંધ આપણે બાંધીએ, અને તેના અસ્તિત્વનું જેટલું પૂર્ણપણે ભાન કરીએ તેના ઉપર છે.

૨૫૩. પોતાપણાનો સામાન્ય રીતે વ્યવહારમાં જેટલો અર્થ થાય છે, તે અર્થ પ્રમાણે જે મનુષ્ય પોતાના ઉપર આધાર રાખે છે, તે મનુષ્ય પોતાના સામર્થ્યનો ઘણો જ થોડો અંશ ઉપયોગમાં લે છે, અને તેથી જેટલું સિદ્ધ તેણે કરવું જોઈએ તેટલું તે કરતો નથી. પોતાનામાં રહેલા ઉચ્ચતર સામર્થ્યની ઉપેક્ષા કરવાથી મર્યાદાવાળા બાહ્ય શરીરના વ્યાપારો જેટલાં સામર્થ્યો ઉત્પન્ન કરવાને શક્તિમાન છે, તેટલાં જ સામર્થ્યનો તે માત્ર ઉપયોગ કરી શકે છે; અને આ કારણથી જેમાં જેમાં તે પ્રવૃત્તિ કરે છે, તે સર્વમાં પોતાની મર્યાદાવાળી શક્તિની હેડમાં પોતાને સપડાઈ ગયેલો તે જુએ છે. મહાન કાર્યો કરવાને બદલે, તુચ્છ કાર્યો કરતો તે ટાંટિયા ઘસડતો ચાલે છે; અને તેના ભીતર જુઓ તો અત્યંત મોટાં સામર્થ્યો બહાર નીકળવાની વાટ જોતાં પડ્યાં હોય છે; અને તે સામર્થ્યો તે કેવાં? તેને અસાધારણ પ્રતિભાસંપન્ન કરી મૂકે એવાં; તેને દુનિ-યામાં થઈ ગયેલા અનેક મહાપુરુષોના જેવો મહાપુરુષ કરી મૂકે એવાં; તેને ઈશ્વરના જેવો સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન કરી મૂકે એવાં.

૨૫૪. આપણા ભીતર એક ઉચ્ચતર સામર્થ્ય છે; અને આ ઉચ્ચતર સામર્થ્ય આપણા પ્રત્યેક કાર્યમાં આપણને મદદ કરી શકે એમ છે. ખરું કહીએ તો આપણા ભીતર રહેલા આ વિશાળ મહાન સામર્થ્યની સાથે આપણે એવા તો

નિકટના સંબંધમાં આવી શકીએ એમ છે કે તે સામર્થ્યના આપણે હંમેશના સ્વામી થઈએ છીએ. જો કે આરંભમાં જ્યારે જ્યારે વિશેષ બળની આપણને જરૂર પડે છે ત્યારે ત્યારે જ અધિક બળ આપણામાં આવેલું આપણને જણાય છે, પરંતુ થોડો સમય વીતતાં આ ઉચ્ચતર બળના મૂળની સમીપમાં રહેવાનો આપણને એવો તો અભ્યાસ પડી જાય છે કે જ્યારે જ્યારે આપણે તેના પ્રતિ દૃષ્ટિ નાંખીએ છીએ ત્યારે ત્યારે આપણે તે સામર્થ્યથી ભરાઈ જઈએ છીએ.

૨૫૫. જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે આ ઉચ્ચતર સામર્થ્યની મદદ મેળવવાને માટે પ્રથમ તો આપણે તે સામર્થ્યમાં શ્રદ્ધા ધરવાની અગત્ય છે. શ્રદ્ધા આપણા મનને ઊંચે ચઢાવીને તે ઉચ્ચતર સામર્થ્યના છેક જીવનપર્યંત લેઈ જાય છે, અને આમ કરીને આ સામર્થ્યના અસ્તિત્વનું આપણને ભાન કરાવે છે. બીજું જે કરવાની આપણે અગત્ય છે તે એ કે જ્યારે જ્યારે તે સામર્થ્યનું આપણને ભાન થાય ત્યારે ત્યારે તે સામર્થ્ય આ છે, એમ જાણવું, અને વધારે ઉત્કૃષ્ટ સામર્થ્ય તરીકેનો યશ તેને આપવો. આમ કરવાની અત્યંત અગત્ય છે, કારણ કે જ્યારે જ્યારે આપણે ઉચ્ચતરને ઉચ્ચતરરૂપે ઓળખીએ છીએ ત્યારે ત્યારે જે વસ્તુતઃ ઉચ્ચતર છે, તેની સાથે આપણે આપણા મનનો પૂર્ણપણે સંબંધ બાંધીએ છીએ. ત્રીજું જે કરવાની આપણે અગત્ય છે તે એ કે જ્યારે જ્યારે આ સામર્થ્યની આપણને ઇચ્છા થાય ત્યારે ત્યારે તે સામર્થ્યને **પ્રકટવાની આશા રાખવી**-વાટ જોવી. આશા રાખવાથી અથવા વાટ જોયા કરવાથી આપણી વૃત્તિ ઉચ્ચતર સામર્થ્યના પ્રદેશમાં પ્રવેશે છે, અને એ રીતે ઉચ્ચતર સામર્થ્યને પ્રાપ્ત કરે છે. પરિણામ એ આવે છે કે આપણે એવા સામર્થ્યથી પૂર્ણ થઈએ છીએ કે જેથી આપણામાં રહેલી પ્રત્યેક માનસિક શક્તિનું તેમ જ વિવિધ કામ કરવાની આપણી યોગ્યતાનું બળ અત્યંત આશ્ચર્યકારક રીતે વૃદ્ધિને પામે છે.

૨૫૬. કોઈ પણ મહત્ત્વનું કામ કરવા માંડતાં પહેલાં આપણા ભીતરરહેલા આ ઉચ્ચતર સામર્થ્યની સાથે આપણે એકતાવાળું થવું જોઈએ. તેને પ્રાપ્ત થવાની વાટ જોયા કરવી જોઈએ, તેના ઉપર આધાર રાખવો જોઈએ, અને પૂર્ણ શ્રદ્ધાથી તેને ગ્રહણ કરવું જોઈએ. પરિણામપ્રતિ જો આપણે દૃષ્ટિ નાખશું તો આપણને ઘણો જ ફેરફાર જણાશે. આપણને જણાશે કે આ ઉચ્ચતર સામર્થ્યના વાતાવરણમાં કામ કરવાથી આપણે પૂર્વ કરતાં વધારે કામ કર્યું છે, અને વધારે સારું કામ કર્યું છે.

૨૫૭. જેઓને આ વાતમાં સંશય હોય તેમણે અજમાયશ કરી જોવી. તેઓને ખાતરી થશે અને એટલો તો લાભ થયેલો જણાશે કે પછીથી ભીતરમાં રહેલા આ ચમત્કારિક સામર્થ્યમાંથી પોતાનાથી બને તેટલું અધિકમાં અધિક સામર્થ્ય લીધા વિના તેઓ કોઈ કામ કરવાનો ફરીને કદી પણ પ્રયત્ન નહિ કરે.

૨૫૮. વધારે ઉચ્ચ અને વધારે શુભ પ્રાપ્ત કરવામાં ભય એ એક મોટામાં મોટું વિઘ્ન છે. કારણ કે તે પોતે ઘણાં દુઃખોને સાક્ષાત્ ઉત્પન્ન કરે છે, એટલું જ નહિ, પરંતુ મનમાં જેવા થવાનું સામર્થ્ય છે, તેવા થતાં પણ તેને અટકાવે છે. સંસારમાં સર્વોત્તમ સ્થિતિને પ્રાપ્ત કરવાના સંભવવાળા ઘણા મનુષ્યોને ભયે તુચ્છ સામાન્ય મનુષ્યો રાખ્યા છે; અને હજારમાં એવો એક પણ મનુષ્ય ભાગ્યે જ મળી આવશે કે જેની ઉન્નતિમાં ભયે થોડો અથવા ઘણો પ્રતિબંધ નહિ કર્યો હોય. આથી ભયને જીતવો, એ ઉત્કૃષ્ટ પ્રકારનું જીવન કરવા ઇચ્છનાર મનુષ્યનું એક મોટામાં મોટું કર્તવ્ય છે.

૨૫૯. ભયનું કારણ અનિશ્ચિતપણું અથવા સંશય છે. મારું હિત જ થવાનું, એવી જો આપણને સંપૂર્ણ ખાતરી હોય છે, તો આપણને કોઈ જાતનો કશો પણ ભય થતો નથી; પણ કાલ કોણ જાણે શું થશે, તે આપણે જાણતા હોતા નથી તેથી, અને પુષ્કળ પ્રતિકૂળ પ્રસંગો નિત્ય બન્યા જ કરે છે તેથી, આપણા ઉપર પણ તેવું કંઈક આવી પડે, એવો આપણને નિરંતર ભય રહે છે; પણ આવા સંશયનું અથવા અનિશ્ચિતપણાનું કારણ શું? આપણી ઇચ્છાપ્રમાણે જ જગત્માં સઘળું કેમ ન બને? આપણે જગત્ની વસ્તુઓને અધીન છીએ અને તેમની સેવા કરવાને સર્જાયા છીએ, કે જગત્ની વસ્તુઓ આપણે અધીન છે, અને આપણી સેવા કરવાને સર્જાઈ છે?

૨૬૦. વિજયને કેમ ઉત્પન્ન કરવો, એ જ્યારે આપણે જાણીએ છીએ, અને વિજયને ઉત્પન્ન કરવાને અખંડ પ્રયત્નશીલ થઈએ છીએ ત્યારે આપણને નિષ્ફળતાનો જરા પણ ભય રહેતો નથી. કારણ કે, નિષ્ફળતાનો સંભવ જ નથી, એવું આપણે જાણીએ છીએ. દુઃખો અને પ્રતિકૂળતાઓના સંબંધમાં પણ એમ જ છે. જ્યાંસુધી તમે કંઈ વધારે સારું ઉત્પન્ન કર્યા કરશો ત્યાંસુધી તેઓ નહિ આવે; અને તમારા જીવનની પ્રત્યેક ક્ષણે વધારે સારું કરવાનું તમારામાં સામર્થ્ય છે.

૨૬૧. જે આયુષ્‌ની પ્રત્યેક ક્ષણ સત્ફળને ઉત્પન્ન કરનાર કૃતિમાં બુદ્ધિ-

પૂર્વક યોજવામાં આવે છે, જેમાં મનુષ્યની સર્વ શક્તિઓનો સર્વદા સદુપયોગ જ થાય છે, જે આયુષ્ કોઈ ઉચ્ચ ઉદ્દેશને સિદ્ધ કરવામાં જ નિરંતર વ્યતીત કરવામાં આવે છે, અને જેમાં પોતાનાથી કરવામાં આવતાં શુભ કર્મોનાં શુભ ફળ પ્રાપ્ત થવાની અવશ્ય ખાતરી હોય છે, તે જ આયુષ્ વાસ્તવિક આયુષ્ છે.

૨૬૨. મનનો પ્રત્યેક વ્યાપાર શરીરઉપર અમુક પ્રકારની અસર ઉત્પન્ન કરે છે. જ્યારે તે વ્યાપાર દુર્બળ અથવા ઉપરચોંટિયો હોય છે ત્યારે તેની અસર શરીરઉપર એટલી થોડી થાય છે કે આપણને તેની ખબર પડતી નથી. પરંતુ જ્યારે તે વ્યાપાર બળવાન અને અંતરના ઊંડા ભાગમાંથી થાય છે ત્યારે તેની અસર એટલી તો પ્રકટપણે થાય છે કે ગમે તેને પણ તે સ્પષ્ટપણે જણાયા વિના રહેતી નથી. પરંતુ આ અસર શરીરની ભીતરના વિવિધ અવયવોના વ્યાપારઉપર અથવા જ્ઞાનતંતુઓના સમૂહઉપર જ માત્ર થાય છે, એવું કંઈ નથી. મનના બળવાન વ્યાપારની અસર શરીરના એકેએક અણુઉપર થાય છે, અને ભારેમાં ભારે જબરાં ઓસડો ખાવાથી જ માત્ર જે રાસાયનિક ફેરફારો શરીરમાં થાય છે, તેવા ફેરફારો ઘણી વાર મનના બળવાન વ્યાપારથી શરીરઉપર થાય છે. પરંતુ મનના વ્યાપારની શરીરઉપર જે અસર થાય છે તે હમેશાં ચોક્કસ નિયામાનુસાર થાય છે, અને તેથી પ્રત્યેક માનસિક વ્યાપારથી થતી શરીરિક અસરનું મનુષ્યને જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે પોતાના શરીરને સારું રાખવાને માટે મનના વ્યાપારોઉપર સાવધાનતા રાખવાની કેટલી અગત્ય છે, તે તેને સ્પષ્ટ થાય છે.

૨૬૩. સ્વાર્થવૃત્તિ શરીરનાં સઘળાં પુટ (cells) ને સંકોચી નાંખે છે, એ વાર્તા હવે સારી રીતે સિદ્ધ થઈ ચૂકી છે. મનનો સ્વાર્થયુક્ત ભાવ આકુંચનને કરનારો છે. તેનામાં મનુષ્યને પોતાની અંદર આકર્ષવાનો, તથા પોતાના એકલાને માટે જ જીવન ગાળવાની વૃત્તિ ઉત્પન્ન કરવાનો સ્વભાવ છે. જ્યારે શરીરનાં પુટો સંકોચાઈ જાય છે, ત્યારે શરીર ચીમળાઈ જાય છે, અને તેમ થતાં વૃદ્ધાવસ્થા આવે છે, તથા અપક્ષય થાય છે. પુટોનું આકુંચન ઘણીવાર રોગને ઉત્પન્ન કરે છે, કારણ કે ચીમળાઈ ગયેલાં અથવા આકુંચિત પુટો શરીરમાં નકામાં છે, અને સઘળાં નકામાં પુટો શરીરમાં કચરારૂપે ભરાઈ રહે છે. વળી ચીમળાઈ ગયેલાં પુટો શરીરના આરોગ્યવાળા તથા નિયમિત વ્યાપારમાં પ્રતિબંધ કરે છે, અને તેથી જો રોગ કદાચ નથી થતો, તોપણ શરીર દુર્બળ તો થાય જ છે; અને દુર્બળ પડી ગયેલું શરીર વધારે દિવસ પૂર્ણ આરોગ્યવાળું રહી શકતું નથી. સ્વાર્થવૃત્તિની

મગજના પુટો ઉપર પણ તેવી જ અસર થાય છે. સ્વાર્થવાળું મન હમેશાં સંકોચવાળું રહે છે, અને આવું મન મહત્તાને પ્રાપ્ત કરી શકતું નથી, કારણ કે વિશાળ મન થયા વિના મહત્તા કદી આવતી નથી. મહત્તાને પ્રાપ્ત કરવાને માટે મગજના અને મગજની સઘળી શક્તિઓનો વિકાસ કરવો પડે છે, અને તેમનો વિકાસ કરવાને માટે મગજનાં પુટનો નિરંતર વિસ્તાર કરવો પડે છે; પરંતુ સ્વાર્થવૃત્તિ મગજનાં પુટને સર્વદા સંકોચતી હોવાથી સ્વાર્થી મનુષ્ય કદી મહાન થઈ શકતો નથી.

૨૬૪. ક્રોધથી અથવા સંતાપથી પચનક્રિયા બગડે છે, એ સિદ્ધ કરવાની હવે ફરી જ જરૂર નથી, કારણ કે આ માસિકનાં પૃષ્ઠોમાં અનેક પ્રસંગે તે નિર્વિવાદ રીતે સિદ્ધ કરવામાં આવ્યું છે. કેટલીક જાતના આહારના પદાર્થો સર્વદા આપણને અનુકૂળ આવતા નથી, એ વાર્તા સાચી છે, તોપણ તેમાં દોષ તે પદાર્થોનો હંમેશાં હોતો નથી. કોઈ કોઈ પ્રસંગે આહારના પદાર્થોનો દોષ હોય છે, પરંતુ સોમાં નવ્વાણુ પ્રસંગોમાં દોષ આપણા મનની સ્થિતિનો હોય છે. હૃદયને ધક્કો લાગે એવી ખબર ઓચિંતી સાંભળવામાં આવતાં ભૂખ કેવળ શાથી મરી જાય છે, તથા અત્યંત સ્વાદવાળા ખાવાના પદાર્થોનું આબેહૂબ વર્ણન સાંભળવાથી, પેટ ભરીને ખાઈ લેવાને એક જ કલાક થયો હોય છે, તોપણ મનુષ્યને શાથી ભૂખ લાગે છે, તેનું કારણ જેઓ મનની જઠર ઉપર અસર થતી નથી એવું માને છે, તેમણે આપવાની જરૂર છે. સ્વાદિષ્ટ પદાર્થોનો આપણે જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે આપણા મુખમાં શાથી પાણી આવે છે, તેનું કારણ ઘણાને ખબર નહિ હોય, પરંતુ તે નિર્વિવાદ રીતે સિદ્ધ કરે છે કે મનના વ્યાપારો શરીરના વિવિધ રસોને વધારવાને અથવા ઘટાડવાને સમર્થ છે. અવલોકન કરનાર સર્વને સ્પષ્ટ થયું છે કે નિત્યનાં ચીડિયાં મનુષ્યોની પચનશક્તિ સારી હોતી નથી, અને તેથી જ ઘણાં દુર્બળ મનુષ્યોના સંબંધમાં આપણે એવું વચન બોલાતું સાંભળીએ છીએ કે ' એના બળેલા સ્વભાવને લીધે ખાતાંપીતાં છતાં પણ એ શરીરે લોહી લેતો નથી.' આવા બળેલા સ્વભાવના મનુષ્યોનો આહાર બરાબર પચીને તેનું રુધિર થતું નથી, કારણ કે મનના સંતાપથી, જઠરમાંથી પાચક રસ ઓછો ઝરે છે, એટલું જ નહિ, પરંતુ તે રસમાં તે જ કારણથી રાસાયનિક ફેરફાર થઈ જાય છે. સંતાપથી ઊલટી સ્થિતિ જે પ્રસન્નતા અથવા આનંદ, તે પચનક્રિયામાં શાથી મદદ કરે છે, તે આથી સ્પષ્ટ થયા વિના નહિ રહે.

૨૫૬. સુસ્ત મનવાળા મનુષ્યોનું યકૃત્ સુસ્ત થઈ જાય છે. તે જ પ્રમાણે જડતાવાળું અચંચળ મન બંધકોશને ઉત્પન્ન કરે છે. આનું કારણ એ છે કે જ્યારે મન સુસ્ત, જડ, અથવા અચંચળ રહે છે ત્યારે જુદાં જુદાં જ્ઞાનતંતુઓનાં ચક્રો લગભગ જડ જેવાં થઈ જાય છે, અને આ જ્ઞાનતંતુનાં ચક્રોની શરીરના ભિન્ન ભિન્ન અવયવો ઉપર અને તેમના વ્યાપારઉપર સત્તા ચાલતી હોવાથી, તેઓ જડ થતાં શરીરના ઘણા ભાગો જડ થાય છે. આથી મગજનાં તેમ જ જ્ઞાનતંતુનાં ચક્રોનાં સઘળાં સુસ્ત પુટોને જાગ્રત કરવાં,–તેમનામાં ચંચળતા આણવી–એ સારી પચનક્રિયા થવામાં અત્યંત મદદ કરનાર છે.

૨૬૬. ક્રોધ રુધિરમાં 'યુરિક ઍસિડ' (Uric acid, એક જાતનું મૂત્રમાં જણાતું ઝેર) ને ઉત્પન્ન કરે છે અને યુરિક ઍસિડ સંધિવાને ઉત્પન્ન કરે છે. આમ છતાં સર્વ પ્રકારના સંધિવા કંઈ ક્રોધથી થતા નથી, પરંતુ ક્રોધ પરોક્ષ રીતે સંધિવાને ઉત્પન્ન કરે છે, તેથી કદી ક્રોધ ન કરવો, એ ડહાપણ-ભરેલું છે. ક્રોધના અત્યંત પ્રબળ આવેગો શરીરનાં જીવદ સામર્થ્યોમાં અવ્યવસ્થા અને ક્ષોભને ઉત્પન્ન કરે છે. આ સામર્થ્યો પછી ઉન્મત્ત થઈને શરીરનાં લાખ્ખો દુર્બળ પુટોનો ક્ષય કરી નાખે છે. આ સઘળાં નાશ પામેલાં પુટો કચરારૂપે લોહીમાં ભળે છે, વધારે નાની રક્તવાહિનીઓના માર્ગને પૂરી દે છે, અને વેદનાને તથા સોજાને ઉત્પન્ન કરે છે. ક્રોધ વળી રુધિરને હદઉપરાંત ઉષ્ણ કરે છે, હૃદયના વ્યાપારને વધારે છે, અને શરીરના કેટલાક ભાગમાં લોહીની ગતિને અત્યંત વધારી મૂકે છે, અને કેટલાક ભાગમાં છેક જ મંદ પાડી નાંખે છે. પણ આટલું જ કરીને તે અટકતો નથી. તે શરીરનાં જીવદ સામર્થ્યને ખરેખર બાળી નાંખે છે, અને તેથી જ પુષ્કળ ક્રોધના અંતમાં મનુષ્યને પોતાના શરીરમાં દુર્બળતાનું ભાન થાય છે.

૨૬૭. દુરાગ્રહને અથવા હઠને અથવા જકને ધરનારો મનુષ્ય અજાણતાં કુદરતનાં સામર્થ્યોના સામે થાય છે, અને આ રીતે તે સામર્થ્યોને તેઓનો નિયમિત વ્યાપાર કરવામાં પ્રતિબંધ કરે છે. જ્યારે મન કોઈ પણ પ્રકારની હઠને અથવા આડાઈને ધરે છે, ત્યારે તેના શરીરમાં ચાલતો પ્રત્યેક વ્યાપાર થોડો અથવા ઘણો મંદ પડી જાય છે. આથી સ્પષ્ટ થાય છે કે હઠીલું મન મહત્તા-વાળું થઈ શકતું નથી, એટલું જ નહિ પરંતુ જ્યાંસુધી મનુષ્ય હઠને સેવે છે ત્યાંસુધી તેના શરીરનો પણ ઉત્તમ પ્રકારે વિકાસ થઈ શકતો નથી.

૨૬૮. ગર્વની અથવા અભિમાનની વૃત્તિ શરીરમાં કૃત્રિમ સ્થિતિઓને

ઉત્પન્ન કરે છે, અને આ કૃત્રિમ સ્થિતિઓ વિસ્ફોટક, વ્રણ, માંસાર્બુદ વગેરેને પ્રસંગે ઉત્પન્ન કરે છે. અભિમાનથી ભરેલો મનુષ્ય જાતે સુધરીને પોતાના શરીરનો સુંદર કરવાનો પ્રયત્ન કરતો નથી, પરંતુ પોતાના શરીરઉપર કોઈ કૃત્રિમતા ઉમેરીને સુંદર દેખાવાનો પ્રયત્ન કરે છે. શરીરઉપર કૃત્રિમતાની વૃદ્ધિ કરવાની આ ઇચ્છા ઘણી વાર એટલી તો પ્રબળ અને ઊંડી થાય છે કે તેનાં શરીરમાં ઘણાં જ ઊંડાં મૂળ નંખાય છે. તેમ થતાં કુદરત પોતે પણ મનની નકલ કરે છે, અને શરીરપર રસોળી, વ્રણ વગેરે કૃત્રિમ વધારાને પ્રકટાવવાનો પ્રયત્ન કરે છે. ઘણે પ્રસંગે, આ પ્રયત્નમાં તે સફળ થાય છે. આમ છતાં અત્ર એવું કહેવાનો આશય નથી કે જેના જેના શરીરઉપર આવા વ્યાધિ થયા હોય છે તેને તેને તે સર્વ વ્યાધિ અભિમાનને ધરવાથી થયા હોય છે. આવા વ્યાધિ થવાનાં અનેક કારણો હોય છે; પરંતુ અભિમાનની વૃત્તિ, હાલ શરીરનો ઘાટ જે પ્રકારનો છે, તેમાં 'કંઈક ઉમેરવાનો' વેગ શરીરમાં ઉત્પન્ન કરે છે; અને આ વેગ જ્યારે ઘણો બળવાન થાય છે ત્યારે જે કરવા તરફ તેનું વલણ થયું હોય છે, તેને તે ઉત્પન્ન કર્યા વિના રહેતો નથી. આ કારણથી આપણે સઘળા પ્રકારના ગર્વ અને મિથ્યાભિમાનથી નિરંતર દૂર રહેવું જોઈએ.

૨૬૯. દ્વેષની વૃત્તિમાં છૂટા કરવાનું સામર્થ્ય રહેલું હોય છે, અને જ્યારે આ વૃત્તિ અત્યંત પ્રબળ થાય છે ત્યારે શરીરના પ્રત્યેક ભાગમાં તે ન્યૂનાધિક અંશમાં સ્પષ્ટ થાય છે. શરીરમાં પોતાનામાં વિરોધ પ્રકટે છે; સામ્ય ટળી જાય છે; જે સામર્થ્યોએ સંપસંપીને કામ કરવું જોઈએ, તેઓ પરસ્પરથી છૂટાં પડી જાય છે, અને આરોગ્યને, પૂર્ણતાને, અને શાંતિને જે પૂર્ણ ઐક્યની જરૂર છે, તેવા પૂર્ણ ઐક્યપૂર્વક શરીરના કોઈ પણ બે વ્યાપાર કામ કરી શકતા નથી. સર્વોત્તમ પરિણામને પ્રકટાવવાને માટે શરીરની અને મનની સઘળી વસ્તુઓએ ઐક્યપૂર્વક કામ કરવું જોઈએ, પણ દ્વેષવૃત્તિ સર્વને વિખૂટાં પાડી નાંખે છે, અને તેથી તે રોગને તથા નિષ્ફળતાને બંનેને કરે છે. જેને ન્યાયયુક્ત ક્રોધ કહેવામાં આવે છે, તે ક્રોધ પણ, તેનો હેતુ ગમે તે હોય, તોપણ, તેવો જ પરિણામ ઉત્પન્ન કરે છે. આથી ક્રોધ કદી ન્યાયયુક્ત હોઈ શકતો જ નથી.

૨૭૦. પરિતાપ અથવા ચિંતા પુટોને ચિમળાવી નાંખે છે, તેમને કઠણ કરી નાંખે છે, અને તેમને હાડકાના જેવા એક જાતના પદાર્થના રૂપમાં પલટી નાંખે છે. આ કારણને લીધે જ ચિંતા એ વૃદ્ધાવસ્થાને આણનાર એક મુખ્ય કારણ

ગણાય છે. જ્યાં ચિંતા નથી ત્યાં શરીરઉપર કરચલીઓ પડતી નથી. ચિંતા જ્ઞાનતંતુઓ ઉપર સાક્ષાત્ અસર કરીને તેમને નરમ કરી નાંખે છે, અને તેથી જ્ઞાનતંતુઓમાં પીડા થાય છે, એટલું જ નહિ પણ જરાજરામાં ચિડાઈ જવાય, એવો સ્વભાવ થઈ જાય છે. વાતશૂલનું ચિંતા વિના ભાગ્યે જ બીજું કોઈ કારણ હોય છે, અને ચિંતા જ્ઞાનતંતુઓના જેટલા રોગો ઉત્પન્ન કરે છે, તેટલા રોગો ભાગ્યે જ બીજા કોઈ કારણથી થતા હશે. ખેદ, ગ્લાનિ, નિરાશા, ઉત્સાહભંગ, નાઉમેદી વગેરે એવી જ મનની બીજી સ્થિતિઓ પણ ચિંતાજેવા જ પરિણામોને પ્રકટાવે છે. જો કે કંઈક સ્વાર્થનો અંશ તેમાં રહેલો હોય છે, તોપણ તે સર્વ, ચિંતાનાં જ જુદાં જુદાં રૂપ છે. તેઓનો સ્વભાવ મનને ભોંયભેગા કરી નાંખવાનો છે, એટલું જ નહિ, પણ શરીરની પણ તેવી જ સ્થિતિ કરવાનો છે. ચિંતા શરીરના અણુઓને પૂર્વે કહ્યું, તેમ સૂકવી નાંખે છે, તેમને ચિમળાવી નાંખે છે, અને કઠણ કરી નાંખે છે. આથી શરીરમાં જડતા આવી જાય છે, અને આ જડતાને આપણે ભૂલથી ઘડપણ નામ આપીએ છીએ. ચિંતાનો સમૂળ નાશ કરો, અને ઘણા લાંબા સમયસુધી યુવાન રહેવાનું કામ સહેલું જણાશે.

૨૭૧. જે વસ્તુઓ આપણા સ્વામિત્વની નથી, તે વસ્તુઓની ઇચ્છામાંથી ઈર્ષ્યા અને અસૂયા પ્રકટે છે. આ કારણથી ઈર્ષ્યાવાળા મનુષ્યને જંતુઓના સંબંધથી થનારા વ્યાધિઓ, ચેપી રોગો, મહામારી વગેરે થવાનો ઘણો જ સંભવ હોય છે. ઈર્ષ્યા જે વસ્તુની આપણને ઇચ્છા હોય છે, તે વસ્તુને આપણાથી દૂરની દૂર રાખે છે, પરંતુ જેની આપણને ઇચ્છા હોતી નથી, તે વસ્તુને આપણા પ્રતિ આકર્ષી આણે છે. ઈર્ષ્યાવાળો મનુષ્ય પોતાના અપ્રિય સ્વભાવને લીધે બીજાને અણગમો ઉપજાવે છે; તેનો અપ્રિય સ્વભાવ તેના શરીરને દુર્બળ કરે છે, અને સઘળી સારી વસ્તુઓને તેની પાસેથી ભગાડી મૂકે છેઃ અને આજુબાજુના પ્રદેશમાં ચાલતા રોગોનો નબળા શરીરઉપર જ ઝટ હુમલો થાય છે.

૨૭૨. શોક શરીરના પુટોનો ક્ષય કરી નાંખે છે, અને તેમાં પણ મગજના પુટોનો મુખ્યત્વે કરીને ક્ષય કરી નાંખે છે. શોકનો વિચાર હાનિસ્વરૂપ છે, અને સજાતીય સજાતીયને ઉત્પન્ન કરે છે તેથી શોકનો વિચાર જ્યાં જ્યાં પ્રવર્તે છે, ત્યાં ત્યાં હાનિને પ્રકટાવે છે, અર્થાત્ તે શરીરના સર્વ ધાતુઓને ક્ષીણ કરે છે. શોકને સેવનારા મનુષ્યોને તેમના શરીરમાં આ પ્રકારની હાનિ થયાનો અનુભવ થયા વિના રહેતો જ નથી, અને બીજા જોનારાઓ પણ તેમનાં નેત્રમાં તથા

મુખમાં પડેલા ખાડાથી તેમના અંતઃકરણની શોકનિમગ્ન સ્થિતિને તત્કાળ કળી જાય છે. શોકથી કશો જ લાભ થતો નથી, પણ ઊલટી સર્વ પ્રકારે હાનિ જ થાય છે. આથી શોકાશ્રુને લોહી નાખવાં એ જ સર્વોત્કૃષ્ટ બુદ્ધિનું ચિહ્ન છે; અને શોકનો કેવી રીતે જય કરવો, તેનું ગમે તે મનુષ્ય જ્ઞાન પ્રાપ્ત કરી શકે એમ છે.

૨૭૩. ભયની વૃત્તિને સેવવી એ મનને અયોગ્યતાની કૃત્રિમ સ્થિતિમાં મૂકવા બરાબર છે. જે મનુષ્ય ભયને સેવે છે તે અચલપણે પોતાના સ્થાનમાં ટકી શકતો નથી, પણ શત્રુને આવતો દેખીને નાસવા માંડે છે, અથવા તો તેને શરણે જાય છે. પ્રતિકૂળ સ્થિતિનો ભય ધરવો, એ પ્રતિકૂળ સ્થિતિને પોતાના માથાઉપર સંપૂર્ણ રીતે ચઢી બેસવા દેવા તુલ્ય છે. પ્રતિકૂળ સ્થિતિ ખરી ન હોય પણ આપણા મને કલ્પી કાઢી હોય તોપણ તેનો ભય ધરવાથી તેવો જ પરિણામ આવે છે. જેનો આપણે ભય ધરીએ છીએ, તેના આપણા મનમાં ઊંડા સંસ્કાર પડે છે અને મનમાં જેના સંસ્કાર અથવા બીજક પડે છે, તે પછી મનમાં ઊગી નીકળે છે, અને આપણા બાહ્ય શરીરમાં વૃક્ષરૂપે પ્રકટે છે. આ પ્રકારનો નિયમ હોવાથી જેનો આપણે ભય ધરીએ છીએ, તે આપણા ઉપર આવી પડે છે. લોકોમાં પણ આ જ ભાવને સૂચવનારી કહેવત ચાલે છે કે 'જે ભૂતથી બીએ છે, તેને તે સઉથી પહેલું વળગે છે,' અર્થાત્ વિપત્તિથી ભય પામનાર મનુષ્ય વિપત્તિને પોતાના ઉપર સત્વર આકર્ષી આણે છે. ભયવાળી સ્થિતિમાં થતી ક્રિયા સર્વદા દુર્બળ હોય છે, અને જ્યારે ભયનું પ્રમાણ ઘણું વધારે હોય છે ત્યારે તો તે શરીરને શિથિલ અને છેક જ બળવિનાનું કરી મૂકે છે. જેમને આ સંબંધમાં સંશય રહેતો હોય તેમણે અત્યંત ભયાકુલ મનુષ્યની પચન ક્રિયા કેવી થાય છે, તેનું નિરીક્ષણ કરવું. તેને ખાતરી થશે કે પચનેન્દ્રિયના સઘળા રસોમાં ભય કેવો ભારે રાસાયનિક ફેરફાર કરી મૂકે છે. મનની સઘળી પ્રતિકૂળ સ્થિતિઓમાં ભય સઉથી વધારેમાં વધારે હાનિ કરનાર છે, અને તેનું કારણ એ છે કે તેની અંતઃકરણમાં ઘણી જ ઊંડી અસર થાય છે. અને જેની ઘણી ઊંડી અસર થાય છે, તેના આપણા આંતર મનઉપર સર્વદા ઘણા દૃઢ સંસ્કાર પડે છે. આમ છતાં, સર્વ કાળ, સર્વમાં પૂર્ણ શ્રદ્ધા ધરવાથી ભયનો આપણા મનમાંથી સમૂળ નાશ કરી શકાય છે.

૨૭૪. પ્રતિકૂળ માનસિક સ્થિતિઓની અસર નિવારવાને માટે, આંતર મનઉપર તે સ્થિતિઓની વિરોધી સ્થિતિઓના સંસ્કાર પાડવા જોઈએ. આ પ્રકારનો અભ્યાસ સેવવાથી અયોગ્ય વિચાર કરવાનો સ્વભાવ પણ થોડા વખતમાં છૂટી જશે, અને વળી અનુકૂળ માનસિક સ્થિતિઓનું બળ વધશે.

૨૭૫. યોગ્ય પ્રકારની અનુકૂળ માનસ સ્થિતિઓ પ્રથમ તો શરીરની અવ્યવસ્થા ટાળીને તેને વ્યવસ્થામાં મૂકે છે; અને પછી શરીરમાં એવા પ્રકારના રાસાયનિક ફેરફાર કરે છે કે જેથી પછી ધીરે ધીરે સઘળી ઇંદ્રિયો અને માનસિક શક્તિઓ પોતપોતાના વ્યાપાર સંપૂર્ણ યથાર્થ પ્રકારે કરે છે. સ્વલ્પમાં, તેઓ મનના અને શરીરના પ્રત્યેક ભાગને વિશુદ્ધ કરીને અને તેમનો વિકાસ કરીને, ઊંચા પ્રકારના મનને તથા શરીરને ઉત્પન્ન કરે છે.

૨૭૬. યથાર્થ પ્રકારનો માનસ વ્યાપાર કરવાથી શરીર વિશુદ્ધ કરી શકાય છે; અને આમ નિત્ય ચાલતાં જીવવાનો આનંદ વધતો જતો જણાય છે. વ્યાધિ, દુર્બળતા, અને શરીરમાં બેચેની થવાનો સ્વભાવ ઘટી જાય છે, અને આત્માને પોતાનાં અમર્યાદ સામર્થ્યોને બહાર જણાવવાનાં સાધન જે આ શરીર તથા મન છે, તે વધારે અને વધારે પૂર્ણતાવાળાં થતાં જાય છે.

૨૭૭. ઘણી વાર જેને આપણે ભૂલો કહીએ છીએ, તે ભૂલો હોતી નથી; માત્ર આપણી તે સમયની દૃષ્ટિને જ તે ભૂલરૂપ જણાવાથી આપણે તેની ભૂલમાં ગણના કરીએ છીએ. એકને જે ભૂલરૂપ જણાય છે, તે બીજાને સાચું જણાય છે, અને એકને જે સાચું જણાય છે, તે બીજાને ભૂલરૂપ જણાય છે.

૨૭૮. કોઈપણ ક્રિયાનો પરિણામ જ્યાંસુધી હાનિકારક નથી આવ્યો, ત્યાંસુધી તે ક્રિયા કરવામાં તે મનુષ્યે ભૂલ કરી છે, એમ કહેવું, એ ડહાપણ-ભરેલું નથી. આરંભમાં જે ભૂલજેવું જણાય છે, તે ઘણી વાર પરિણામ આવતાં, અત્યંત ખરામાં ખરું કાર્ય જણાય છે. આથી બહારનું સ્વરૂપ જોઈને કોઈ વાતનો નિર્ણય બાંધી દેવો, એ ભુલાવામાં નાંખનાર છે.

૨૭૯. એક શતકની પ્રજાએ કરેલી ભૂલો કોઈ કોઈ વાર બીજા શતકની પ્રજાને ગુણકારક થઈ પડે છે, અને તે જ પ્રમાણે કોઈ શતકની પ્રજાએ વિચાર-પૂર્વક કરેલાં ઉત્તમ કામો, બીજા શતકની પ્રજાને મહાહાનિકારક થઈ પડે છે. આથી બીજાઓમાં તથા આપણામાં જે આપણને ભૂલજેવું જણાતું હોય તે પ્રતિ ક્ષમાબુદ્ધિ રાખવી, અને તેનું વિસ્મરણ કરવું, એ લાભકારક છે. આ સાથે આપણાથી બનતું સર્વોત્તમ કરવું એ અધિક લાભકારક છે.

૨૮૦. આપણા પોતાના વિવિધ દૃષ્ટિબિંદુથી ખોટી જણાતી પ્રત્યેક વાત ખોટી હોતી નથી; માત્ર પ્રતિકૂળ પરિણામને પ્રકટાવનાર બાબત જ ખોટી હોઈ શકે છે; પરંતુ આપણે સ્મરણમાં રાખવું જોઈએ કે પ્રતિકૂળ પરિણામને પ્રકટાવ-

નાર કંઈ ક્રિયા જ હંમેશાં હોતી નથી; અનેક ઉદાહરણોમાં, ક્રિયા જ ખોટી હોય છે, માટે દુઃખો જણાય છે, એમ કંઈ હોતું નથી, પણ ક્રિયાના સંબંધમાં આપણે ખોટો વિચાર કર્યો હોય છે, તેથી દુઃખ જણાયું હોય છે. કોઈ મનુષ્ય યોગ્ય ક્રિયા કરતો હોય અને તોપણ જો તે ધારે કે હું અયોગ્ય ક્રિયા કરું છું તો તે ખોટા વિચારને કેટલાક પ્રમાણમાં ઉત્પન્ન કરે છે, અને તેના પરિણામમાં તેને દુઃખ આવે છે. ખરી ક્રિયા કરવા છતાં પણ તે વાત આપણે જાણતા નથી, અને આપણે ખોટું જ કર્યું છે એવું દૃઢપણે માન્યા કરવાથી આપણા જીવનમાં પૂરેપૂરાં પચીસ ટકાજેટલાં દુઃખો આપણે આપણા ઉપર આણીએ છીએ.

૨૮૧. પરંતુ આ ઉપરથી આપણે એવું અનુમાન ખેંચી કાઢવાનું નથી કે ખોટી ક્રિયાને ખરી ક્રિયા આપણે માનીશું તો તેનું ખોટું ફળ આપણને નહિ મળે. કોઈ પણ ક્રિયાના ફળમાં આપણા વિચારથી તિલમાત્રજેટલો પણ ફરક પડતો નથી; પણ આપણા વિચારો નવી ક્રિયાઓને પ્રકટાવે છે, અને આ ક્રિયાઓ તેઓ જે પ્રકારની હોય છે, તે પ્રકારનાં ફળને ઉત્પન્ન કરે છે. આથી કોઈ ક્રિયા ખરી છતાં પણ જ્યારે તે ખોટી છે, એવો આપણે વિચાર કરીએ છીએ, ત્યારે આપણે એક નવી ખોટી ક્રિયા ઉપજાવીએ છીએ; અને જે આપણને દુઃખ આવે છે, તે આ પાછળથી ઉપજાવેલી ખોટી ક્રિયાથી જ આવે છે. અને આ પાછલી માનસ ક્રિયા કોઈ કોઈ વાર એટલી તો બળવાન હોય છે કે સારી ક્રિયાથી પ્રકટનારા સારા ફળને તે સર્વ પ્રકારે તોડી નાંખે છે.

૨૮૨. કેવળ શુદ્ધ નિયમનો ભંગ થયો છે, એવી તમારી ખાતરી ન થાય ત્યાંસુધી કોઈ ભૂલને, તે ભૂલ છે, એવો તમારા મનને કદી પણ વિચાર કરવા ન દો; ભૂલનું સંપૂર્ણ વિસ્મરણ કરી દેવું, અને આપણા મનને સુધારવામાં અને તેને નિર્દોષ કરવામાં વૃત્તિને સંપૂર્ણ અંશે જોડી દેવી, એ જ યોગ્ય છે. દુઃખમાંથી બહાર નીકળવાનો ટૂંકામાં ટૂંકો રસ્તો એ છે કે ભૂલને ભૂલી જવી, અને ખરું કામ કરવામાં આપણા સઘળા બળને વાપરવું.

૨૮૩. ભૂલોના સંબંધમાં જ્યાંત્યાં પારવિનાનો ઠપકો અને ઉપદેશ આપવામાં આવે છે, અને લગભગ સઘળા મનુષ્યો પોતાના જાણવા પ્રમાણે અને માનવા પ્રમાણે જે સઉથી સારું તેમને લાગે છે, તે જ કરે છે, તે ઉપર ઘણું જ થોડું ધ્યાન આપવામાં આવે છે. સઘળી બાબતોમાં એકમત થવાને માટે, આપણે સઘળી બાબતોને એક જ દૃષ્ટિબિંદુથી જોવી જોઈએ; પરંતુ પ્રજાના હાલના વિકાસમાં આમ થવું સંભવિત નથી. તોપણ આટલું તો દરેક

મનુષ્ય જાણી શકે એમ છે જ કે પોતાના દૃષ્ટિબિંદુથી પોતે જે કંઈ કરે છે, તે કરવાના જેમ તેને કારણો હોય છે, તેવાં જ બીજાઓ પણ પોતાના દૃષ્ટિબિંદુથી જે કામો કરે છે, તે કરવાનાં તેમને પણ કારણો હોય છે. આથી સ્પષ્ટ થાય છે કે વિચારની કોઈ પણ ખરી શ્રેણીમાં તો બીજાઓનાં કામો ઉપર કોઈ પણ પ્રકારની ટીકાને વાસ્તવિક સ્થાન મળી શકે તેમ નથી.

૨૮૪. ભૂલોસંબંધી વાતો કરવાથી મનમાં ખોટા વિચારોના સંસ્કાર પડે છે. આ સંસ્કારનો પરિપાક થતાં તેઓ ભૂલો પ્રકટાવે છે. ભૂલોનો ભય ધરવાથી આપણે ભૂલો થવાના માર્ગમાં જ એકદમ ધસીએ છીએ, અને ભૂલો કરીએ છીએ; અને ખરી ભૂલો હોય, છતાં પણ જો ગંભીરપણે આપણે તેમનો વિચાર કરીએ છીએ, તો જે કારણથી ભૂલો થઈ હોય છે, તે કારણને આપણે સ્થિર કરીએ છીએ, એટલું જ નહિ પણ સુધારો કરવાના કુદરતના પ્રત્યેક પ્રયત્નને પાછો પાડીએ છીએ.

૨૮૫. ક્ષમા આપવી, એ આવેશથી પ્રકટતો મનોભાવ નથી. એ યથાર્થ શાસ્ત્રાનુકૂલ વિચાર છે–સાધન છે. ખરી અથવા ખોટી, પ્રત્યેક ભૂલને માટે પોતાને તેમ જ બીજા પ્રત્યેક મનુષ્યને તત્કાળ ક્ષમા આપવાનો અભ્યાસ, એના જેવાં વિશેષ લાભકારક આ જગત્માં બીજાં થોડાં જ સાધનો હશે. જે મનુષ્ય તત્કાળ ક્ષમા આપે છે, તે પ્રત્યેક પ્રતિકૂળ સ્થિતિમાંથી તત્કાળ મુક્ત થાય છે, કારણ કે ખોટા કામની ક્ષમા આપવી, એનો અર્થ જ એ છે કે મનમાંથી ખોટાનું સંપૂર્ણ અભાન કરવું. ક્ષમાના વ્રતનું સેવન એ શુદ્ધિ કરનાર ક્રિયા છે, અને તેની શરીર તથા મન ઉભયઉપર ઉત્તમ અસર થાય છે.

૨૮૬. તમારાથી બને તેટલું સર્વોત્તમ શુદ્ધ વર્તન કરો, અને જ્યારે તમને સમજાય કે કોઈ કાર્યમાં તમારી ભૂલ થઈ છે, ત્યારે વધારે સારું વર્તન કરવાનો પૂર્વના કરતાં પણ વધારે દૃઢ નિશ્ચય કરો. તમારાથી થોડી ભૂલો થશે, અને જ્યારે થશે ત્યારે તેઓ હાનિકારક ફળ ઉપજાવશે તે પહેલાં તેઓમાં સુધારો થશે. જેની આપણને ઇચ્છા હોય છે, તેના તરફ જ્યારે આપણે સંપૂર્ણ તનમનથી આગળ વધીએ છીએ ત્યારે જેની આપણને ઇચ્છા નથી, તેનો આપણે સર્વદા આપણા જીવનમાંથી નાશ કરીએ છીએ.

૨૮૭. કશું પણ નકામું ગયું, એમ માનશો નહિ. જે દિવસે કોઈ પણ ઉપયોગી કાર્ય થયેલું આપણને જણાતું નથી, તે દિવસ પણ પ્રસંગે બીજા

દવસે પ્રાપ્ત થયેલી કોઈ મોટી કાર્યસિદ્ધિના હેતુભૂત હોય છે. આગલે દિવસે કશું જ કરવામાં ન આવેલું હોવાથી બીજે દિવસે મોટાં પરાક્રમો ઘડવાનાં અનેક ઉદાહરણો છે.

૨૮૮. ઉપરથી પ્રવૃત્તિરહિત દેખાતી સ્થિતિનો મોટો ભાગ, પ્રવૃત્તિરહિત હોતો નથી. જીવનની સપાટી શાંત જણાતી હોય, પણ અંદરના ઊંડાણના ભાગો કંઈ અસાધારણની તૈયારીઓ કરતા હોય છે. જેણે જીવનનો સદુપયોગ કરવાનો નિશ્ચય કર્યો હોય છે, અને તદનુસાર જે વર્તતો હોય છે, તેના જીવનમાં આ પ્રકારનું સર્વદા બન્યા કરતું જ હોય છે.

૨૮૯. વિકાસને પામતા મનવાળા પુરુષને ઘણી વાર એવી ક્ષણો આવતી જણાય છે કે જેમાં તેને પોતાનામાં રહેલા સામર્થ્યનું તથા પોતે પ્રાપ્ત કરેલા ગુણોનું ભાન જતું રહ્યું હોય એમ લાગે છે; આખા શરીરમાં શૂન્યતા ભાસે છે, અને હું જાણે કંઈ જ ન હોઉં, અને આ જગત્‌માં મારો કશો જ ઉપયોગ ન હોય, એવું તેને ભાન થાય છે. પરંતુ આ ભાન કેવળ ઉપરટપકેનું, અને ભ્રાંતિકારક હોય છે; અને બુદ્ધિમાને તેના ઉપર બિલકુલ ધ્યાન ન આપવું જોઈએ. આવી ક્ષણો સૂચવે છે કે કુદરતને સપાટીઉપરના જીવનને શાંત રાખવાની જરૂર પડી છે; **અંતરની ઊંડાણના અગાધ પ્રદેશમાં કંઈક થતું હોય છે.** અને જીવનના સઘળાં સામર્થ્યો, તે મહાન કાર્યમાં મદદ કરવાને ઊંડાં પ્રવેશી ગયાં હોય છે. આવા સમયમાં જો બાહ્ય મનને શાંત રાખવામાં આવે છે તો અંદરના ભાગમાં ચાલતા મહાન કામમાં ડખળ થતું નથી; અને જ્યારે તે કાર્ય સમાપ્ત થાય છે, ત્યારે પૂર્વના કરતાં પણ વધારે સામર્થ્ય બહાર પ્રકટ થયાનું ભાન થાય છે.

૨૯૦. આવી વિલક્ષણ ક્ષણો આવે છે ત્યારે ઘણા મનુષ્યો બળાત્કારથી કાર્ય કરવાનો પ્રયત્ન કરે છે, પણ આમ કરવું એ જે સામર્થ્યોની હાલ અંતરના પ્રદેશમાં અગત્ય છે, તેમને સપાટીઉપર આણવું એ છે. વૃદ્ધિના નિયમોથી જે સામર્થ્યો જ્યાં આકર્ષાઈને ગયાં છે, ત્યાં જ તેમને રહેવા દો, અને થોડા કલાકમાં પાછો પ્રત્યાઘાત થશે. નવા જીવનનું ભાન થશે, મન પૂર્વના કરતાં વધારે બળવાન અને વધારે તેજસ્વી થશે, અને જે કામ થોડા સમય ઉપર આપણે કરી શક્યા ન હતા, તે કામ બળાત્કારથી તે સમયે કર્યું હોત અને જેવું થાત, તેના કરતાં અનેકગુણ વધારે સારું થશે, એટલું જ નહિ, પણ પોતાની મેળે અનાયાસ થઈ જશે. આથી, હાનિ થતી નથી, પણ સર્વ લાભ જ થાય છે.

૨૯૧. કોઈ જાણવા જેવી ઉત્તમ વાત આપણા જાણવામાં આવે છે ત્યારે આપણને એમ થાય છે કે આ વાત થોડાં વર્ષ પૂર્વે જણાઈ હોત તો કેવું સારું ! જે હલકું હતું, તેને આટલા દિવસ સુધી વ્યર્થ વળગી રહ્યા, અને આટલાં વર્ષ નકામાં પાણીમાં ગાળ્યાં ! પણ શું એ વર્ષો આપણે પાણીમાં ગાળ્યાં છે ? કદાચ એ વર્ષોમાં આપણે વધારે ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કરી શક્યા હોત; આપણામાં વધારે ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કરવાનું સર્વદા સામર્થ્ય છે, પરંતુ ભૂતકાળમાં આપણે જે અનુભવ કર્યો હોય છે, તે નકામો હોતો નથી. આપણા વિકાસમાં એ અનુભવની આપણને જરૂર જ હતી, અને તેથી એ વર્ષો પાણીમાં ગયાં નથી. ભૂતકાળમાં આપણને એ અનુભવ ન થયો હોત, ભૂતકાળમાં જે હલકા પ્રકારનું આપણે જાણ્યું હતું, તે જો આપણા જાણવામાં ન આવ્યું હોત, તો આજે જે ઉત્તમ વાત આપણા જાણવામાં આવી છે, તે સમજવા જેટલું તથા તેની કદર કરવા જેટલું પણ આજે આપણામાં સામર્થ્ય ન હોત. આથી કરીને પશ્ચાત્તાપની કશી જ જરૂર નથી; પહેલાં આમ જાણ્યું હોત તો કેવું સારું થાત, એવો ઉદ્વેગ કરવાનું પ્રયોજન નથી. પશ્ચાત્તાપ અને ઉદ્વેગ કરવાને બદલે આપણે પ્રત્યેક પ્રાપ્ત પ્રસંગને માટે પરમેશ્વરનો અખંડ ઉપકાર માનવો જોઈએ. પ્રત્યેક પ્રસંગમાં આપણું હિત કરવાનું સામર્થ્ય રહેલું છે; પ્રત્યેક પ્રસંગ આપણને ઉપયોગી થઈ પડવાને સજ્જ હોય છે, અને તેથી પ્રત્યેક પ્રસંગને માટે આભારી થવું એ જ આપણને ઉચિત છે.

૨૯૨. આપણે આપણાં વર્ષો પાણીમાં ગાળ્યાં, એ પ્રકારનો નિશ્ચય સેવ્યા કરવાથી આપણાં વર્ષો પાણીમાં ગાળવાની આપણને ટેવ પડે છે. જે આપણે કર્યું હોય છે, તેનો નિરંતર વિચાર કર્યા કરવાથી તેનું તે જ ફરીને કરવાનો મનમાં સ્વભાવ બંધાય છે. એથી ઊલટું, હાલની ઊંચી સ્થિતિએ જે પ્રસંગોએ આપણને પહોંચાડ્યા છે, તે પ્રસંગોને માટે ઈશ્વરનો આભાર માનવાથી હાલ કરતાં પણ આપણને વધારે ઊંચી સ્થિતિમાં લઈ જનાર પ્રસંગોનું આપણે દ્વાર ઉઘાડીએ છીએ.

૨૯૩. પ્રત્યેક વસ્તુને માટે આભાર માનવાથી, પ્રત્યેક વસ્તુ જેમાંથી ઉત્પન્ન થાય છે, તે મૂળની આપણે વધારે સમીપ આવીએ છીએ; અને પ્રત્યેક વસ્તુના મૂળની વધારે સમીપ આવવાથી પ્રત્યેક વસ્તુ આપણને અધિકને અધિક પ્રમાણમાં મળવા માંડે છે.

૨૯૪. જગત્‌ના વિચારમાં અખંડ થતા ફેરફારથી જેઓ વધારે બીકણ

છે, તેઓને નિરંતર ભય રહે છે કે રખેને આપણે આડે માર્ગે ચઢી જઈશું. તેઓને કોઈના પણ નવા વિચારોને વાંચતાં શંકા થાય છે કે રખેને આ વાંચીશું તો આપણા આજ સુધીના સેવેલા કલ્યાણકારક નિશ્ચયો બદલાઈ જશે, અને આપણે ઊંધે રસ્તે દોરવાઈ જઈશું. આથી તેઓ પોતે નિશ્ચય કરેલા વિચારો વિના બીજું કશું જોતા કે વિચારતા નથી. વિશાળ જગત્‌માં કેવી કેવી નવી વિચારશ્રેણીઓ નીકળે છે, થોડાં વર્ષ ટકે છે, વળી બદલાય છે, વળી નવી નીકળે છે, તેના જ્ઞાનથી તેઓ કમનસીબ રહે છે. પણ આપણે જે માનીએ છીએ તેમાં આપણા આડા માર્ગે વહેવાનો ભય રહ્યો નથી; પણ જે આપણે માનીએ છીએ તે પ્રમાણે આપણે જે વર્તન કરીએ છીએ, તેમાં તથા આપણા વિચારો બદલવાનો જ્યારે આપણે નિશ્ચય કરીએ છીએ ત્યારે તેમ કરવામાં આપણો શો હેતુ છે, તેમાં આપણા આડે માર્ગે વહેવાનો ભય રહ્યો છે. જ્યાંસુધી જીવન, પ્રેમ, અને સત્યને શોધવાનો આપણો ઉદ્દેશ છે ત્યાંસુધી કોઈ પણ વિચારના ક્ષેત્રમાં પ્રવેશતાં આપણને કશી ચિંતા નથી; બીજાઓના મોહ પમાડે એવા વિચારોના વિશાળ પ્રદેશમાં ગમે તેટલા દૂર આપણે પ્રવાસ કરી આવીશું. તોપણ આપણે ખરા માર્ગમાં જ રહ્યા કરીશું.

૨૯૫. આત્મસંયમની અર્થાત્ મનને વશ રાખવાની ખૂબી એ છે કે તે બે ધારવાળા ખડ્ગની પેઠે બન્ને રીતે ઉપયોગમાં આવે છે. મનનો વ્યાપાર ન કરવો હોય ત્યારે વૃત્તિને ક્રિયારહિત રાખવાનું તેનામાં સામર્થ્ય છે, એટલું જ નહિ પરંતુ જ્યારે મનને કોઈ વ્યાપારમાં જોડવું હોય ત્યારે તેની સઘળી શક્તિઓને તેમાં જોડવાનું તથા જેટલો સમય જોડવું હોય તેટલો સમય જોડવાનું તેનામાં સામર્થ્ય છે.

૨૯૬. જેણે પોતાના મનઉપર અંકુશ પ્રાપ્ત કર્યો છે, એવો પુરુષ જે સમયે, જે કામ, જેટલો સમય કરવું હોય તે સમયે, તે કામ, તેટલો સમય કરી શકે છે; પરંતુ જે કામ તેને કરવાની મરજી હોતી નથી, તે કામ તેને કરવું પડતું નથી, કારણ કે જે કામ તેને જે સમયે કરવું હોય છે, તે કામ કરવાનો તે સમયે તે આરંભ કરી શકે છે અથવા તો તે કામને તે સમયે તે અટકાવી શકે છે.

૨૯૭. આત્મસંયમ સિદ્ધ કરનાર પુરુષના મનમાં કંઈ પણ મૃતવત્ અથવા જડવત્ હોતું નથી; પ્રવૃત્તિ કરવાની જ્યારે જરૂર પડે છે ત્યારે પ્રવૃત્તિ કરવાને સઘળું જ તત્પર હોય છે; પરંતુ મનની કોઈ શક્તિના વ્યાપારની જ્યાં-સુધી જરૂર નથી હોતી ત્યાંસુધી તે શક્તિ શાંતપણે તેને અધીન રહે છે, અને

ક્રિયારહિત પડી રહે છે. આમ છતાં, સંયમી પુરુષને પોતાના મનને વશમાં રાખવાને બળ વાપરવું પડતું નથી. તેને જે કરવું હોય છે, અથવા નથી કરવું હોતું તેને તે સરળપણે કરે છે અથવા નથી કરતો.

૨૯૮. બીજાઓના ખોટા જણાતા વિચારોનો અથવા નિશ્ચયોનો તિરસ્કાર ન કરો. તિરસ્કારવૃત્તિ મનને હાનિને કરનારી છે, અને તેથી કોઈ પણ વસ્તુનો તિરસ્કાર કરવાથી આપણે આપણું પોતાનું જ અહિત કરીએ છીએ.

૨૯૯. બીજા મનુષ્યની મિત્રતા અથવા પ્રેમ આપણા ઉપર કાયમ રહે, એવી જો આપણી ઇચ્છા હોય તો આપણે ઈર્ષ્યાને ધરનારા ન થવું જોઈએ. ઈર્ષ્યામાં સામા મનુષ્યને આપણી પાસેથી ધક્કો મારીને વેગળા કરવાનું બળ રહેલું છે, અને તેથી જો આપણે તેને સેવીએ છીએ તો જે મનુષ્યને આપણે અત્યંત પ્રિય સમજીને નિરંતર આપણી પાસે રાખવાને ઇચ્છીએ છીએ તેને પણ તે ધક્કો મારીને આપણાથી દૂર કાઢી મૂકે છે. ઈર્ષ્યા આપણા અંતઃકરણમાં અશાંતિ ઉત્પન્ન કરે છે, એટલું જ નહિ, પરંતુ આપણી આજુ-બાજુ પ્રબળ વિરોધી વાતાવરણ ઉત્પન્ન કરે છે, અને આવા વાતાવરણમાં રહેનાર કોઈ પણ મનુષ્યના મિત્રો લાંબો વખત, તેના મિત્રો રહી શકતા નથી. મન આકર્ષવાની તેમ જ ધક્કો મારીને વેગળા ખસેડવાની એમ બે પ્રકારની ક્રિયા એકી વખતે કરી શકતું નથી. ઈર્ષ્યાની અને અદેખાઈની ખટાશથી જ્યાં-સુધી આપણું મન તથા શરીર ભરેલાં હોય છે, ત્યાંસુધી આપણે કોઈનો પ્રેમ સંપાદન કરી શકતા નથી તથા આપણા મનમાં માધુર્ય આવતું નથી.

૩૦૦. હાલ તમે છો તેના કરતાં વધારે મોટા થાઓ, અને જે તમારે જોઈતું હશે તે તમને મળશે; તમારો ઉદ્દેશ સફળ થશે; તમારા લક્ષ્યસ્થાને તમે પહોંચશો. તમારી ધારણાઓને સિદ્ધ કરવામાં જો તમે નિષ્ફળ થયા હો તો તેનું એક જ કારણ છે અને તે એ કે તમે બહુ જ નાના રહ્યા છો, પરંતુ તમે ઇચ્છો તેવા મોટા થઈ શકો એમ છે, એ જાણીને તમે પ્રસન્ન થશો.

૩૦૧. તમારામાં મહત્તાને પ્રકટાવો, અને તમારી લઘુતા જતી રહેશે. તમારામાં ગુપ્ત રહેલી મહત્તાને જેમ જેમ તમે બહાર કાઢતા જશો, અને તેનો અનુભવ કરતા જશો, અર્થાત્ જેમ જેમ તમે અધિક મોટા થતા જશો તેમ તેમ સર્વ પ્રકારનાં બંધનો, સર્વ પ્રકારની વિપત્તિઓ, સર્વ પ્રકારના રોગો, સર્વ પ્રકારની વ્યથાઓ, સર્વ પ્રકારની નિષ્ફળતાઓ સ્વલ્પમાં જે જે તમને નથી ગમતું તે તે સર્વ તમારા જીવનમાંથી નાશને પામશે. આમાં ન સમજાય એવું

કશું જ નથી. જેમ જેમ પ્રકાશનું બળ વધે તેમ તેમ અંધકાર ઓછો થવો જ જોઈએ.

૩૦૨. પૂર્વ શતકકરતાં આ શતકમાં અનેક મનુષ્યોનાં મન જાગ્રત થવા માંડ્યાં છે, અને જે કૂંચી મેળવવાથી હાલ જે તેઓ જાણતા નથી, પણ જેને જાણવાની હાલ તેઓનામાં પ્રબળ ઇચ્છા પ્રકટી છે, તે જાણવાને તેઓ શક્તિમાન થાય એમ છે, તે કૂંચીને પ્રાપ્ત કરવાને તેઓ સર્વ પ્રયત્ન કરી રહ્યા છે; અને જેમ હંમેશ બને છે તેમ આ કૂંચીને માટે તેઓ ગગનને ખૂંદી વળ્યા છે, પરંતુ કૂંચી તો તેઓના પગઆગળ જ સર્વદા પડી રહેલી હોય છે.

૩૦૩. તે કૂંચી આ છે: **વધારે મહાનને જાણવાની જો આપણી ઇચ્છા હોય તો આપણે આપણી માનસિક યોગ્યતાને વધારે મોટી કરવી જોઈએ.** નાના મને અર્થાત્ ઓછી શક્તિવાળા મને જીવનનાં રહસ્યો સમજવાનો પ્રયત્ન કરવો, એ નકામો છે; અને તોપણ આપણામાંના ઘણા આવો જ પ્રયત્ન કર્યા કરે છે, અને તેનો પરિણામ એ આવે છે કે આપણે વાતો ઘણી કરીએ છીએ, પણ આપણને અનુભવજ્ઞાન ઘણું જ ઓછું છે.

૩૦૪. જે વિષય જાણવાની હાલ આપણને ઇચ્છા છે, તે વિષય જો આપણને ન સમજાતો હોય તો આપણે નિશ્ચય કરવો જોઈએ કે તે વિષય સમજવા જેટલું આપણું મન મોટું નથી; તે ઘણું જ નાનું છે. જે દોષ છે તે આ સ્થળે જ રહેલો છે. આથી જ્ઞાનને માટે, અનુભવને માટે, સત્યને માટે આપણા લઘુ મનને હદઉપરાંત મહેનત આપવાને બદલે આપણે આપણાં મનને મોટાં કરવાનો અને તેમનો વિકાસ કરવાનો તત્કાળ પ્રયત્ન કરવા માંડવો જોઈએ. જ્યારે મન વધારે વિસ્તારવાળું થાય છે, ત્યારે તે વધારે જ્ઞાનને સંપાદન કરી શકે છે; પણ જ્યાંસુધી તે નાનું રહ્યા કરે છે ત્યાંસુધી તે વધારે જ્ઞાનને સંપાદન કરી શકતું નથી.

૩૦૫. જ્ઞાનને શોધવાની આપણે જરૂર નથી; અનુભવજ્ઞાનને માટે આંખો તાણવાની આપણે અગત્ય નથી. વિસ્તાર પામતા–વૃદ્ધિને પામતા મનમાં અધિક અને અધિક સત્ય પોતાની મેળે પ્રકાશને પામતું જાય છે; અને જેમ કાચની હવેલી ગમે તેટલી મોટી હોય તોપણ સૂર્યને તેમાં પોતાનો પ્રકાશ ભરવાનું સહજ છે, તેમ મનુષ્યે પોતાનું મન ગમે તેટલું મોટું કર્યું હોય તોપણ તેમાં સત્યને પોતાનો પ્રકાશ ભરવાનું સહજ છે.

૩૦૬. જે કાંઈ આપણે જાણવું હોય તે સર્વ આપણા અંતઃકરણમાં પ્રકાશવાને આ જગત્‌માં તૈયાર છે, પરંતુ જ્યાંસુધી તે જાણવાના સામર્થ્યનો વિકાસ કરવામાં આપણે પ્રમાદ સેવીશું ત્યાંસુધી આપણે અજ્ઞાનમાં જ ગોથાં ખાધા કરીશું. આમ હોવાથી આ સર્વ, માનસિક યોગ્યતાઉપર, સમજશક્તિઉપર, બુદ્ધિઉપર, આંતર દૃષ્ટિઉપર અવલંબીને રહેલું છે. સત્યનો માર્ગ કોઈ એવો ગુપ્ત અને અગમ્ય માર્ગ નથી કે પરમેશ્વરના અનુગ્રહપાત્ર માત્ર થોડા જ મનુષ્યો તેને જાણી શકે. આ મહાન માર્ગ તે બીજું કંઈ જ નથી, પણ મનની વૃદ્ધિ કરવાનો, મનનો વિકાસ કરવાનો, મનને કેળવવાનો માર્ગ છે. જેનું મન વિકાસને પામ્યા કરે છે, તે મનુષ્ય તેને હમણાં જ જે જાણવું હોય છે, તે જાણે છે, કારણ કે જાણવાની તેની ઇચ્છા જેટલા વેગથી વૃદ્ધિને પામે છે, તેટલા જ વેગથી તેની જાણવાની યોગ્યતા પણ વૃદ્ધિને પામે છે.

૩૦૭. પ્રત્યેક મનુષ્ય પોતાના મનનો વિકાસ કરી શકે એમ છે; અને તેમ કરવાના ઘણા માર્ગ અને રીતો છે; પરંતુ સઉથી સહેલામાં સહેલો માર્ગ એ છે કે જે થોડી વાતો આપણને સાચી જણાઈ હોય તેમને આપણા નિત્યના જીવનમાં આચારમાં મૂકવી. આ માર્ગ જેમ સહેલામાં સહેલો છે, તેમ સર્વોત્તમ પણ છે, કારણ કે કોઈ વાતને આચારમાં ઉતારવાને માટે જે બળનો આપણે ઉપયોગ કરીએ છીએ તે બળ આપણામાં નિરંતર પૂર્ણ રીતે વૃદ્ધિને પામે છે. **જે આપણે જાણતા હોઈએ, તેને આચારમાં મૂકવું, એ જ વધારે જાણવાના સામર્થ્યની વૃદ્ધિ કરવાનો માર્ગ** છે. આ જ મનનો વિકાસ કરવાની, મનની યોગ્યતા વધારવાની, મનની વૃદ્ધિ કરવાની કૂંચી છે. જ્ઞાનને માટે અથવા હાલ જે તમે જાણતા નથી તે જાણવાને માટે હાયવરાળ કરવામાં નકામો સમય ન ગાળો. હમણાં તમે કંઈક જાણો છો. તે કંઈક, ભલે ગમે તેટલું નિર્માલ્ય હોય તોપણ તેને આચારમાં મૂકો. આમ આચારમાં મૂકવાથી, તમે જાણેલી વાતથી વધારે ઊંચી વાત જાણવાનું તમારા મનમાં સામર્થ્ય આવશે; પછી તે 'વધારે ઊંચી વાતને' પાછી આચારમાં મૂકો. આમ થતાં તમારા મનનું, તેથી પણ વધારે ઊંચી વાત જાણવાનું સામર્થ્ય થશે. પાછી આ 'તેથી પણ વધારે ઊંચી વાતને' આચારમાં મૂકો, એટલે વળી તમારું મન અધિક વિકાસને પામશે; આમ તે નિત્ય વિકાસને પામતું જશે, તે એટલે સુધી કે જે વાત તેને જાણવી હશે તેને તે સમજી શકશે; તેને કશું જ અગમ્ય નહિ રહે.

૩૦૮. જ્યારે તમારું મન તમારા ઉચ્ચ ઉદ્દેશને ત્યજીને આડુંઅવળું ભટકતું

તમને જણાય, અને ઊંચી બાબતોમાં પ્રેમ કરવાને બદલે હલકા વિષયોમાં રમવા માંડે ત્યારે તમારી વૃત્તિ આંતર મનઉપર નાંખજો, અને ત્યાં જે મહાન સત્તા રહેલી છે, તેને જાગ્રત કરવાનો પ્રયત્ન કરજો. તમારા આત્મસ્વરૂપનું ભાન કરવાનો પ્રયત્ન કરજો, અને તમારા સઘળા વિચારોને નીચેના પ્રદેશમાંથી લાવી લાવીને આત્માના ઉચ્ચ પ્રદેશમાં સ્થાપજો. જેનો તમે અનુભવ કરવા ઇચ્છતા હો, તેનું પુનઃ પુનઃ દૃઢતાથી રટણ કરજો. અને જે સ્થિતિમાં તમારી ઇચ્છેલી વસ્તુનો તમને અનુભવ થાય, તે ઉચ્ચ સ્થિતિમાં તમારું મન અલ્પ સમયમાં આવશે. આ પ્રકારનો નિયમ છે, અને આ નિયમનું આગ્રહથી પાલન કરનાર ગમે તે મનુષ્ય નીચા પ્રદેશોમાં ભટકતા પોતાના મનને રોકીને ઊંચા પ્રદેશોમાં સ્થાપવા સમર્થ થશે.

૩૦૯. પ્રત્યેક વિચારમાં તેનું પોતાનું વાસ્તવિક બળ હોય છે, પણ તે બળને વસ્તુઓઉપર, સ્થિતિઉપર અને આજુબાજુના પ્રસંગોઉપર કદી પણ ન વાપરવું જોઈએ. વિચારના બળનો આપણા પોતાના બળની વૃદ્ધિ કરવામાં–આપણો પોતાનો વિકાસ કરવામાં જ–ઉપયોગ કરવો જોઈએ. આપણા પોતાના બળની વૃદ્ધિ કરવાની ઇચ્છાથી આપણાં વિચારનાં સઘળાં સામર્થ્યોને આપણા પોતાના પ્રતિ જ વાળવાં જોઈએ; અને આમ કરવું, એ તમારા વિચારના બળનો સદુપયોગ કર્યો ગણાય છે. બહારની સ્થિતિઓને અથવા વસ્તુઓને પોતાને વશ વર્તાવવાને માટે વિચારના બળનો ઉપયોગ કરવો, એ તેનો દુરુપયોગ છે, અને ક્ષય છે. પરંતુ મનુષ્યોનો મોટો ભાગ આમ કરવાનો જ પ્રયત્ન કરે છે, અને તે કારણથી તે ઘણું જ થોડું સિદ્ધ કરે છે.

૩૧૦. પ્રતિકૂળ પ્રસંગોને જોઈને ઉદ્વેગ ધરવામાં, નિરાશ થવામાં, અથવા હિંમત હારી જવામાં કોઈને કશો જ લાભ નથી. હિંમત હારી જનાર મનુષ્ય પોતે દુર્બળ મનનો છે, એવું સિદ્ધ કરે છે, અને દુર્બળ મન પ્રાપ્ત સંકટોની સામે કદી પણ બાથ ભીડી શકતું નથી. પોતાની હિંમતને, પોતાના નિશ્ચયને, પોતાની પ્રસન્નતાને, અને પોતાની શ્રદ્ધાને ટકાવી રાખનાર મન જ પ્રત્યેક વિપત્તિનો જય કરી શકે છે, કારણ કે આવું મન જ સર્વદા બળવાન રહ્યા કરે છે. નિષ્ફળતા પ્રાપ્ત થવાનું મુખ્ય કારણ, દુઃખનાં વાદળાં ઝઝૂમી રહ્યાં હોય છે તે સમયે હિંમત હારી જવી, એ છે, પરંતુ આ પ્રમાણે હિંમત હારી જવાથી મન એવું તો દુ-ર્બળ થઈ જાય છે અને ગભરાઈ જાય છે કે તેનામાંથી તેનું સામર્થ્ય અને વિવેક-શક્તિ જતાં રહે છે. આમ છતાં આ બંનેની દુઃખના સમયમાં જ આપણને ખરી

જરૂર તો હોય છે. આ કારણથી ગમે તેમ થાય તોપણ આપણે વિપત્તિના અનુમાનથી કદી પણ હિમંત હારી જવી ન જોઈએ, અથવા ઢગલાજેવા થઈ જવું ન જોઈએ.

૩૧૧. દુઃખના વખતમાં હિંમત હારી ન જવાય, પણ હિંમત રાખી શકાય એટલા માટે આપણે જાણવું જોઈએ કે જો આપણે મનઉપર લેઈશું તો ગમે તેવી વિપત્તિની સામે બાથ ભીડવાનું આપણમાં પૂર્ણ સામર્થ્ય છે. વળી આપણે સ્મરણમાં રાખવું જોઈએ કે નિષ્ફળતા એ શું છે, એવા શબ્દનો જે કદી પણ ઉચ્ચાર કરતો નથી, તેને પ્રત્યેક વસ્તુ સાહાય્ય અર્પે છે. દુઃખનાં ચઢી આવેલાં કાળાં વાદળાંમાં તમને પ્રકાશનું કિરણ ન જણાય તો વાદળાંની અંદર થઈને પેલી પાર દૃષ્ટિ નાંખજો. ત્યાં તમને અત્યંત તેજસ્વી પ્રકાશ દૃષ્ટિએ આવશે. વળી બહાર તમને તેજસ્વી કિરણો ન જણાય તો તમારા પોતાના મનમાં તમે અત્યંત તેજસ્વી પ્રકાશ ઉત્પન્ન કરી શકો એમ છે. કલ્પનાવડે આવો પ્રકાશ ઉત્પન્ન કરો, અને તેમાં તમારા મનને એકાગ્ર કરવાથી અલ્પ સમયમાં તમારા મનનો અંધકાર નષ્ટ થઈ તમારી સમગ્ર વૃત્તિઓ પ્રકાશિત થઈ જશે; અને તમારે અંધકારમાં બાથોડિયાં મારવાં છૂટી જશે એટલું જ નહિ પણ તમારો ભવિષ્યનો માર્ગ પણ તમને અત્યંત સ્પષ્ટ થશે.

૩૧૨. જ્યારે તમને વિપત્તિ સમીપ આવેલી જણાય ત્યારે તમે પોતે સર્વ પ્રકારે સર્વોત્તમ થાઓ. જો તમે સર્વોત્તમ થશો તો તમારો વાંકો દિવસ ફરવા માંડશે; પણ જો તમે બગડતા ચાલશો, અને નીચી અને વધારે નીચી ભૂમિમાં ઊતરતા જશો તો તમારો કેવળ વિનાશ થતા પર્યંત તમારા દિવસો વધારે અને વધારે બગડતા ચાલશે. સ્મરણમાં રાખો કે તમારા જીવનમાં જે કંઈ બને છે અથવા નથી બનતું, તે તમારા વર્તનપ્રમાણે જ બને છે, અથવા નથી બનતું; આથી તમારે નિરંતર વધારે ઊંચી અને ઊંચી ભૂમિકામાં ચઢવું જોઈએ, અને પ્રતિદિન વધારે શ્રદ્ધા, વધારે નિશ્ચય, વધારે પ્રસન્નતા, વધારે હિંમત, વધારે ઉત્સાહ, વધારે વીર્ય અને વધારે વિશુદ્ધિ ધર્યા કરવાં જોઈએ. જ્યારે શ્રદ્ધા ડગુમગુ થતી જણાય ત્યારે પૂર્વ કરતાં પણ વધારે શ્રદ્ધાને ધરો; ઊંચે ચઢો, અને વધારે ઊંચા અને વધારે બળવાન વિચારોના પ્રદેશમાં નિવાસ કરો, અને મનની તથા આત્માની વધારે ઉચ્ચ શક્તિઓપ્રતિ મનને વધારે પૂર્ણ રીતે અભિમુખ રાખો. અને આ સઘળું કરવા સાથે પરમેશ્વરના ઉપર આધાર રાખો. પરમાત્મામાં પૂર્ણ અભેદના ભાનપૂર્વક જીવન ગાળ્યા વિના કોઈપણ મનુષ્ય સર્વોત્તમ થઈ

શકતો નથી. આ કંઈ કલ્પના નથી, અથવા અંધશ્રદ્ધાથી ઠોકી બેસાડેલો સિદ્ધાંત નથી, પરંતુ યથાર્થ શાસ્ત્રીય નિશ્ચય છે.

૩૧૩. તમારો ઇચ્છેલો વિષય તમને ન મળે ત્યારે ખેદને ધરતા મનને તત્કાળ તેમ કરતાં રોકો. વાણીઉપર એવો અંકુશ મૂકી દો કે કોઈ કાળે પણ તે શોકનો ઉદ્દ્ગાર ન કાઢે; કારણ કે સર્વ પ્રસંગોમાં અને સર્વ સમયોમાં સર્વોત્તમ રહ્યા કરવાથી જ તમને વધારે સારાની અવશ્ય પ્રાપ્તિ થાય છે. ખેદને ધરવાથી પદાર્થોઉપરનો આપણો અંકુશ આપણે ખોઈ બેસીએ છીએ, અને તે અંકુશને પાછો પ્રાપ્ત કરવામાં ઘણો સમય જાય છે, અને ઘણો નવો પ્રયત્ન કરવો પડે છે. પરંતુ પૂર્વના જેવા જ દૃઢ નિશ્ચયવાળા અને શ્રદ્ધાવાળા રહ્યા કરવાથી પૂર્વના કરતાં વસ્તુઓઉપર આપણને વધારે બળવાન અંકુશ પ્રાપ્ત થાય છે, અને આમ થતાં આપણો સિકંદર ફરવામાં માત્ર થોડો સમય જ વીતવાની પછી અગત્ય રહે છે.

૩૧૪. આ જગત્માં વ્યવહારમાં આપણને જે જે વસ્તુઓ મળે છે, તે સર્વ માટે આપણે મનુષ્યજાતિઉપર થોડો અથવા ઘણો આધાર રાખવો પડે છે. આથી જેના જેના સંબંધમાં આપણે આવવાનું થાય તે સર્વની સાથે યોગ્ય પ્રકારે સંબંધવાળા થવાની આપણને અત્યંત અગત્ય છે. જ્યારે લોકોસાથે આપણો સંબંધ થાય ત્યારે આપણાથી બને તેટલું સર્વોત્તમ વર્તન આપણે તેમની સાથે ચલાવવું જોઈએ, નહિ તો તેઓ આપણી સાથે સર્વોત્તમ વર્તન અવશ્ય નહિ જ ચલાવવાના. બીજાઓનો આપણામાં વિશ્વાસ બેસે એવું વર્તન આપણે રાખવું જોઈએ, અને આપણે આપણા સંબંધમાં આવનાર પ્રત્યેક મનુષ્યને આપણી યોગ્યતા બતાવી આપવી જોઈએ; પરંતુ ઉદાસ, ઉદ્વિગ્ન અને દુઃખી ચહેરાથી ફરનાર મનુષ્યમાં કોઈનો વિશ્વાસ બેસતો નથી. તે જ પ્રમાણે 'આ કરતાં તો મને મોત આવ્યું હોત તો સારું થાત' એવા ભાવનાં વચનો બોલીને તથા વર્તન કરીને સર્વના ઉપર પોતાનો કંટાળો દર્શાવનાર મનુષ્ય બીજાઓને પોતાની યોગ્યતા દર્શાવી શકતો નથી. જગત્ને શ્રદ્ધાવાળા, વિપત્તિથી દબી ન જનારા, ઇચ્છેલો વિષય ન મળતાં લાંબું મુખ કરી ન રડનારા, અને જેમ પરાભવ મળે તેમ વધારે આગ્રહથી, ઉત્સાહથી અને દૃઢ નિશ્ચયથી પ્રયત્ન કરનારા મનુષ્યો જોઈએ છે; અને આવા જ મનુષ્યને તે પોતાની ઉત્તમ અને વહાલામાં વહાલી વસ્તુઓ પણ આપે છે.

૩૧૫. જે મનુષ્ય બીજાના સમભાવથી અથવા દયાથી અથવા કરુણાથી

વિજયને પ્રાપ્ત કરવાની આશા રાખે છે, તે મનુષ્ય નિષ્ફળ જાય છે. દુઃખમાં બીજાની દયાની તમારે જરૂર છે, એવું જગત્‌ને જણાતાં તેઓ તમને નાલાયક ગણે છે, અને નાલાયકને જે પદ ઉચિત હોય છે, તે પદમાં જ તેઓ તમને મૂકે છે. યોગ્યતા જ આપણને વધારે ઊંચું પદ આપે છે, કંઈ દયાળુ મનુષ્યોની દયા પ્રકટાવનારા શબ્દો દીન મુખ કરી બોલવાથી, તે શબ્દો વધારે ઊંચું પદ આપતા નથી. યોગ્યતા જ ઉદયને અથવા સુખને આપનાર છે, કંઈ ઉદાર મનુષ્યોને કરેલી દીનતાથી ભરેલી અરજીઓ નહિ. સ્વલ્પમાં જે પોતે સર્વોત્તમ થાય છે, અને સર્વોત્તમ થઈને બીજાઓ સાથે સર્વોત્તમ વર્તન ચલાવે છે, તેને જ સામું સર્વોત્તમ સુખ મળે છે.

૩૧૬. મારા ઉપર દયા કરો, મારા ઉપર કરુણા કરો, મારા પાપીના સામું જુઓ, એમ રાત્રિદિવસ ધંટીટંકારો ચલાવનાર અને સામાના અનુગ્રહને ઇચ્છનાર મનુષ્યને અનુગ્રહની પ્રાપ્તિ થતી નથી, પરંતુ જે નિરંતર માયાળુ વર્તન રાખે છે, તેના પ્રતિ જ સર્વ, અધિકમાં અધિક માયા દર્શાવે છે. કકડા રોટલાને માટે મહોલ્લાઓમાં કરુણ સ્વરથી પોકાર મારતા ફરતા ભિખારીઓને જુઓ અને ખાતરી કરો કે દયાને માટે દયાની યાચના કરવાથી દયાની પ્રાપ્તિ થાય છે ? યોગ્યતા પ્રાપ્ત કરવાથી જ બીજાઓ આપણા ઉપર પ્રેમ, દયા, કરુણા, જે કહો તે, કરે છે. બીજાઓના ઉપર સમભાવ દર્શાવવામાં કદી પણ પાછી પાની ન કરવાથી જ, બીજાઓ આપણા પ્રતિ વાસ્તવિક સમભાવ દર્શાવે છે.

૩૧૭. ક્યાં જવું અને શું કરવું, તેનો કશો પણ ઉપાય તમને ન સૂઝે ત્યારે નિશ્ચય કરજો કે તમારું અંતઃકરણ વિકળ થયું છે. આવે પ્રસંગે શાંત થાઓ. નેત્ર મીચી અંતઃકરણમાં ઊંડા ઊતરો, અને મનનાં બાહ્ય તોફાનો સઘળાં ભૂલી જઈને ત્યાં પ્રવર્તતી અપૂર્વ શાંતિમાં વિલીન થાઓ. ક્યાં જવું અને શું કરવું, તે તમારા અંતરના ઊંડા ભાગમાં સ્પષ્ટ છે, પણ તોફાની પવનમાં પુષ્કળ હિલોળે ચઢેલું મન તેને જોવાને અસમર્થ થઈ ગયું છે.

૩૧૮. દરરોજ સવારે થોડો સમય, અથવા વધારે સારું તો એ છે કે સવારે, બપોરે, સાંજે તથા રાત્રે સૂતી વખતે એમ ચાર વાર થોડો થોડો સમય, અંતરમાં ઊતરી પ્રશાંત પડી રહેવાનો અભ્યાસ કોઈએ કદી પણ છોડી દેવો ન જોઈએ. દિવસમાં પ્રસંગોપાત્ત આંતરે આંતરે વિચારના વેગને સંપૂર્ણ શમાવી દઈને મનને અક્રિય રાખવાથી મન શુદ્ધ થાય છે, તથા વિચારનું બળ

વધે છે. વળી તેથી આપણા સામર્થ્યની પણ વૃદ્ધિ થાય છે, કારણ કે આંતર જીવનની પ્રશાંતિમાં પ્રવેશ કરવો, એનો અર્થ એ છે કે પરમાત્માના અગાધ સામર્થ્યનો સ્પર્શ કરવો.

૩૧૯. પ્રત્યેક મનુષ્યનામાં, તેના વર્તમાન વ્યવહારને તે બરાબર ચલાવે એવો સીધો રસ્તો દર્શાવનાર જોઈએ તેટલી બુદ્ધિ હોય છે; અને આ બુદ્ધિને જો ગભરાવી નાંખવામાં ન આવે તો તે ભાગ્યે જ ભૂલો કરે છે. પરંતુ તે નિરંતર પોતાના મનના પ્રકાશને ડહોળી નાખે છે, અને તેથી તેનાથી થતી સઘળી ભૂલોનો દોષ તે આ પ્રકાશની અપૂર્ણતાના ઉપર નાંખે છે. આથી પ્રકાશના સામર્થ્યને વધારીને પ્રકાશની અપૂર્ણતાને સુધારવાનો તે પ્રયત્ન કરે છે, પણ તેમ કરવાથી તે ઊલટી વધારે ભૂલો કરે છે; કારણ કે જ્યાંસુધી સામર્થ્ય આડે માર્ગે વહેતું હોય છે ત્યાંસુધી જેમ તેને વધારવામાં આવે છે, તેમ તે વધારે આડું જાય છે. આવા સમયમાં પ્રશાંત થઈ જવું, એ જ ઉપાય છે. મનમાં ઝગઝગતા જ્યોતિને શાંતિથી પ્રકાશવા દો, અને તેનાં કિરણો તમારા વર્તમાન જીવનના સર્વ પ્રસંગોને પ્રકાશિત કરશે. બુદ્ધિના સામર્થ્યને તમારે વધારવાની જરૂર નથી, પણ મનમાં ચાલતી ધમાધમને ઓછી કરવાની જરૂર છે. *અંતરમાં ઊતરીને શાંત થતાં શીખો, અને તમને સમજાશે કે તમારું મન એક ચમત્કારિક વસ્તુ છે, અને તમારા વ્યવહારના ગમે તેવા ગૂંચવાડા ભરેલા પ્રશ્નનો નિવેડો આણવાનું તેનામાં સામર્થ્ય છે.

૩૨૦. આપણા જીવનમાં પ્રસંગે એવી પણ ક્ષણો આવે છે કે જે સમયે આ જગત્‌માં આપણને કશું જ સારું લાગતું નથી; પરંતુ આમ લાગવામાં દોષ કેવળ આપણી દૃષ્ટિનો છે. જ્યારે ઊંધી દૃષ્ટિથી આપણે જગત્‌ને જોઈએ છીએ ત્યારે દરેક વસ્તુ આપણને ઊંધી લાગે છે; જ્યારે આપણે અંધારામાં બેઠા હોઈએ છીએ ત્યારે આપણને બધું અંધકારમય જ ભાસે છે. પરંતુ પ્રકાશમાં આપણે આવી શકીએ છીએ, એટલું જ નહિ પણ સર્વદા પ્રકાશમાં રહી શકીએ છીએ; અને જ્યારે આપણે નિરંતર પ્રકાશમાં રહીએ છીએ ત્યારે આપણને પ્રત્યેક વસ્તુ સારી લાગે છે.

૩૨૧. જ્યારે આપણી દૃષ્ટિ સર્વવ્યાપક ચૈતન્યપ્રતિ અથવા પરમાત્મા-

---

* અંતરમાં ઊતરવાની ક્રિયાના વધારે સવિસ્તર વર્ણનને માટે વાંચો 'અધ્યાત્મબલપોષક ગ્રંથમાલા'—પ્રથમ અક્ષ: મૂલ્ય રૂ. ૧-૮-૦.

પ્રતિ રહે છે ત્યારે પ્રત્યેક વિચાર, પ્રત્યેક ક્રિયા અને પ્રત્યેક અનુભવ આપણા જીવનને ઉન્નત કરે છે. આવી દૃષ્ટિને કશું જ ખોટું જણાતું નથી, પણ ઊલટું સર્વ આનંદરૂપ જ જણાય છે. મનુષ્યની આ પ્રકારની દૃષ્ટિ તેના શરીરની, મનની અને આત્માની નિરંતર ઉન્નતિ સાધ્યા જ કરે છે. આ દૃષ્ટિ સર્વમાંથી શુભને જ શોધી લે છે, અને તેમાં આનંદમગ્ન રહે છે.

૩૨૨. જો કે સુખને માટે પ્રાણીઓઉપર કે પદાર્થોઉપર આધાર રાખવાની આપણે કશી જ જરૂર નથી તોપણ આપણું મન જ્યારે અનુકૂળ દૃષ્ટિવાળું અથવા સુખમય સ્થિતિમાં હોય છે ત્યારે પ્રાણીમાત્રના અને પદાર્થમાત્રના સંબંધથી આપણને સુખ ઊપજે છે. આથી એ સિદ્ધ થાય છે કે આપણા મનમાં જે હોય છે, તેને જ આપણે બાહ્ય જગત્‌માંથી હંમેશાં ગ્રહણ કરીએ છીએ. આપણા મનમાં જો દુઃખ હોય છે તો આખા જગત્‌માં જ્યાંત્યાં આપણને દુઃખ જ જણાય છે, અને તે જ પ્રમાણે આપણા મનમાં જો સુખ હોય છે તો આપણને સર્વત્ર સુખ જ જણાય છે.

૩૨૩. સુખને માટે વિષયોઉપર જે મનુષ્ય આધાર રાખે છે, તેને સુખને આપનાર વિષયો ક્યાંહિ પણ જડતા નથી; પરંતુ જ્યારે તે પોતાના અંતરમાં સુખને સૃજે છે, ત્યારે તેને સુખ આપનાર વસ્તુઓને જ તે પોતાના પ્રતિ આકર્ષે છે, અને તે જ વસ્તુઓ તેને પ્રાપ્ત થાય છે. તમારા અંતરમાં જે પ્રકારનું મનોરાજ્ય તમે અખંડ અનુભવો છો, તેને જ બાહ્ય જગત્‌માં તમે સ્થૂલ રૂપે પ્રત્યક્ષ કરો છો.

૩૨૪. બાહ્ય જગત્‌માં કંઈ ફેરફાર કરવાની તમારી ઇચ્છા થાય તો પ્રથમ તે ફેરફાર કરવાનો આરંભ તમારા આંતર મનમાં કરો. અખંડ વૃદ્ધિનો અને ઉન્નતિનો આ મુખ્ય અને પ્રથમ નિયમ છે. જેવા તમે બહાર દેખાવા ઇચ્છતા હો તેવા પ્રથમ તમે અંતરમાં થાઓ, અને બાહ્ય જગત્‌ને જેવું કરવા તમે ઇચ્છતા હશો તેવું કરવાનું તમારામાં બળ, બુદ્ધિ અને યોગ્યતા આવશે.

સદ્વિચારરત્નો

આપણા કરતાં વધારે ચઢિયાતી વ્યક્તિ ઉપર આધાર રાખવો, અથવા તેનો આશ્રય ઇચ્છવો, એ આપણને પોતાને દુર્બળ કરનાર છે, પરંતુ આપણા કરતાં વધારે ચઢિયાતી વ્યક્તિમાં અભેદ થઈને રહેવું, અર્થાત્ તે ચઢિયાતી વ્યક્તિમાં આપણું મર્યાદાવાળું પોતાપણું ગાળી નાખી, તેમાં એકાકાર થઈને રહેવું, એ આપણને અધિક બલવાન કરનાર છે. આ વ્યક્તિ આપણા કરતાં મનોબળ અથવા અધ્યાત્મબળમાં ચઢિયાતો મનુષ્ય હોય, દેવ હોય, ઈશ્વર હોય કે પરમાત્મા હોય તોપણ તે સર્વના સંબંધમાં આ જ નિયમ લાગુ પડે છે, અને તે એ કે કોઈને આધારે રહેવું, એ આપણને દુર્બળ કરનાર છે, અને તે કોઈમાં અભિન્ન થઈને તે રૂપે જ વર્તવું, એ આપણને સબળ કરનાર છે. ગુરુતા ઉપર આધાર રાખવો, એ લઘુતા આણનાર છે; ગુરુતામાં તન્મય થઈ રહેવું, અને તેવા ભાનપૂર્વક ક્રિયા કરવી, એ પોતાની ઉન્નતિ કરનાર અને અંતમાં પોતાનામાં ગુરુતા આણનાર છે.

* * *

પરમાત્મામાં જ્યારે એકાકાર થઈને આપણે રહીએ છીએ, અને હું જ પરમતત્ત્વ છું, એવું ભાન કરીએ છીએ ત્યારે પરમાત્માના સર્વોત્કૃષ્ટ ગુણ-ધર્મોસાથે આપણા મનનો સંબંધ થવાથી તે ધર્મો આપણા મનમાં આવે છે; અને આપણા મનમાં આવેલા આ ધર્મોને જ્યારે આપણે વિવિધ વ્યવહાર સેવતાં આચારમાં મૂકીએ છીએ ત્યારે તે ધર્મો પછી આપણા પોતાના જ સ્વભાવધર્મરૂપ થઈ જાય છે. આ પ્રમાણે આપણું જીવત્વ હઠતું જાય છે, અને આપણામાં બ્રહ્મત્વ પ્રકટ થતું જાય છે.

* * *

અસાધારણ વિજય અથવા લાભની પ્રાપ્તિને માટે બે વસ્તુની અગત્ય છેઃ— પ્રયત્ન કરવાનું અગાધ સામર્થ્ય, અને તે સામર્થ્યનો ક્રિયાવડે ઉપયોગ. અગાધ સામર્થ્ય પરમેશ્વરમાં પોતાના અભેદ ભાવનું ભાન કરવાથી આવે છે, અને તે ભાન-પ્રમાણે વર્તન કરવા માંડવાથી તે સામર્થ્યનો ઉપયોગ થતો અનુભવમાં આવે છે.

* * *

જેઓ પોતાના જીવભાવનું જ નિરંતર ભાન સેવ્યા કરે છે, અને તેથી આગળ એક તસુ પણ વધતા નથી, તેઓ પોતાના જીવત્વની પાછળ રહેલા અનંત શિવત્વમાં પોતાનો અભેદ કરવાથી કેવા અસાધારણ લાભ થાય છે, તેને જાણતા નથી. તેઓની શક્તિઓ જન્મથી તે મરણપર્યંત મર્યાદાવાળી જ

રહે છે. અમર્યાદમાં એકાકાર ન થવાથી અમર્યાદના ધર્મો તેમનામાં પ્રકટતા નથી. એથી ઊલટું જેઓ પોતાના મર્યાદાવાળા જીવત્વને મિથ્યા માને છે, અને અમર્યાદ શિવત્વને જ સાચું માને છે, અને તેમ માનીને તેમાં વારંવાર પોતાના હુંપણાને એકાકાર કરવાનો પ્રયત્ન સેવ્યા કરે છે, તેઓ દિવસે દિવસે અમર્યાદના ધર્મોને પોતાનામાં પ્રકટાવ્યા વિના રહેતા નથી.

* * *

મનુષ્ય ગમે તેવો બુદ્ધિમાન અથવા સત્તાસંપન્ન હોય તોપણ અમર્યાદ-આગળ તેની બુદ્ધિ અને સત્તા સમુદ્રના બિન્દુજેટલી છે; અને આથી અમર્યાદની પોતાના એક પણ વ્યવહારમાં ઉપેક્ષા કરવી એ તેને પોતાને જ હાનિ કરનાર છે. પોતાના મર્યાદાવાળા સામર્થ્યઉપર આધાર રાખવો, અને તે આધાર પણ જ્યારે આ મર્યાદાવાળું સામર્થ્ય અમર્યાદમાં એકાકાર થવાથી પ્રતિવર્ષ વધતું જવાના સર્વ સંભવો છતાં પણ રાખી રહેવો, એના જેવી મૂર્ખતા બીજી એકે નથી. સ્થૂલ શરીરનું અભિમાન ત્યજી સૂક્ષ્મ અને કારણ શરીરમાં સ્થિર થતાં પણ જ્યારે આપણને આપણામાં આશ્ચર્યકારક શક્તિઓ પ્રકટેલી ભાસે છે, તો પછી મહાકારણ શરીરમાં અને તેનાથી પણ પાર અમર્યાદમાં આપણા હું-પણાને સ્થિર રાખવાથી આપણામાં શું શું ઐશ્વર્ય પ્રકટવાં અસંભવ છે, તેનું ઉત્તર જડતું નથી.

* * *

અનન્ય ભક્તિ સાધવાનું, અથવા પોતાનું હુંપણું વિલાવીને પરમાત્મામાં અભેદ થવાનું સત્શાસ્ત્રો જે નિરંતર પ્રબોધે છે, તેનું કારણ આ જ છે. પરમાત્મામાં અભેદ એ પરમાત્માકાર જ કરે છે. ભક્તિ, યોગ અને તત્ત્વવિચારનો પરિણામ આ અભેદમાં જ આવે છે. આધાર રાખવો, એ ભક્તિનો એક પ્રકાર છે; પણ સર્વોત્તમ નહિ જ. અભેદ સ્થિતિએ આવવાનું એ પગથિયું છે. શ્રી કૃષ્ણ કહે છે કે ભક્તો મને પ્રિય છે, પણ તત્ત્વજ્ઞ અર્થાત્ મને પોતાના રૂપ જોનાર તો મારું સ્વરૂપ જ છે. હું અને તે એક જ છીએ.

* * *

મર્યાદાવાળા હુંપણામાં રહીને કોઈ ક્રિયા ન કરો, પણ અમર્યાદમાં હુંને વિલાવી, તેવા ભાનથી ક્રિયા કરો. અવકાશના સમયમાં વારંવાર અમર્યાદમાં એકાકાર થઈને ત્યાંથી સામર્થ્યને સંપાદન કરી વ્યવહાર કરો. પોતાને ક્ષુદ્ર કદી પણ ન ધારો, પણ ક્ષુદ્રની પાછળ મહાનને જોઈને તથા જાણીને તે ક્ષુદ્રને મહાનરૂપ કરી મૂકો. આવી રીતે જ ઉન્નતિ પામી શકાય છે.

છપાય છે ! ! છપાય છે ! !

નવલકથાથી વિશેષ રસિક: અદ્ભુત ચરિત-ગ્રંથ

શ્રી શ્રેયસ્સાધકઅધિકારિવર્ગના સંસ્થાપક

શ્રીમન્નૃસિંહાચાર્યજી

જેમના જ્ઞાનનો મહાતેજસ્વી પ્રકાશ સાઠસિત્તેર વર્ષથી માત્ર શ્રેયસ્સાધક વર્ગનાં જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતની સંસ્કારી જનતાનાં અંતઃકરણ પ્રકાશિત કરી રહ્યો છે એ અદ્ભુત મહાપુરુષનું—એ ઇશ્વિરાવતારી પુરુષશ્રેષ્ઠનું—આ જીવનચરિત છે. તેમના જન્મકાલથી આરંભી આજીવન જે ચમત્કારિક અને રસભરી ઘટનાઓ બનતી રહી છે, તેનું સુમધુર પ્રભાવશાલી ભાષામાં આ ગ્રંથમાં જે આલેખન થયું છે, તે વાંચી, તમે અપૂર્વ રસાનંદને અનુભવશો એટલું જ નહિ, અલ્પકાલ પણ તમે કોઈ દિવ્ય શિખરઉપર વિહરણ કરી બ્રહ્માનંદને અનુભવશો.

આજપર્યંત અપ્રકટ રહેલી તેમના જીવનની રસભરી કથાઓ વાંચતાં તમે આશ્ચર્યોની પરંપરામાં તલ્લીન બની રહેશો. એમનું અદ્ભુત બાલ્યજીવન, એમનો અલૌકિક વિદ્યાભ્યાસ, નિર્વિકલ્પ સમાધિનો અનુભવ, એમના ચમત્કારિક માંત્રિક પ્રયોગો, એમનું લાક્ષણિક વાદ-કૌશલ વગેરે એટલાં તો સુંદર છે કે પુસ્તક હાથમાં લઈ વાંચવાનો આરંભ કર્યા પછી તેના રસ-પ્રવાહમાં ઘસડાઈ તે પરિપૂર્ણ થતાં સુધી તમે આતુરતાપૂર્વક આગળ ને આગળ ગતિ કર્યા જ કરશો.

શબ્દો આથી વધારે સ્પષ્ટ કરી શકે નહિ. પુસ્તક વાંચતાં જ ઉપરનું કથન કેવળ સત્ય સમજાશે.

શ્રીમતી જયંતીદેવીએ આ ચરિત-ગ્રંથનું લખાણ વાંચી અત્યંત સંતોષાનંદ પ્રકટ કર્યો છે અને પ્રસંગે ઉદ્ગાર કાઢ્યો છે:

" **બાપજી**શ્રીના સંવાદોમાં તો જાણે **બાપજી** જ બોલી રહ્યા છે એમ લાગે છે! " (**શ્રીમન્નૃસિંહાચાર્યજીને** કુટુંબીઓ અને વર્ગનાં સર્વ **બાપજી** કહીને જ સંબોધતાં.)

આ એક જ ઉદ્ગાર ગ્રંથમાટે તમારી જિજ્ઞાસાને તીવ્ર-તીવ્રતર બનાવવા પૂર્ણ છે.

પુસ્તક ડેમી આઠપેજી (આ પુસ્તકપ્રમાણે) પૃષ્ઠ આશરે ૪૦૦ થશે. પાકું પૂઠું, સુંદર ચિત્રોથી અલંકૃત થશે. ફેધરવેટ (જાડા છતાં વજનમાં હલકા) કાગળો. ૨૦૦ ઉપરાંત પૃષ્ટ છપાઈ ચૂક્યાં છે.

॥ ॐ श्रीं ॥

શ્રી શ્રેયસ્સાધકઅધિકારિવર્ગના સદ્ગુરુ

શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીના રચેલા આકર્ષક ગ્રંથો

	मूल्य	पोस्टेज
श्री उपेन्द्रगिरामृत–प्रथम परिवाह	१– ८–०	०–२–०
श्री उपेन्द्रगिरामृत–द्वितीय परिवाह	१– ८–०	०–२–०
श्री दिव्यमूर्ति	१– ०–०	०–१–०
श्री सुदामाख्यान	०– ८–०	१–०–०
श्री शुकजनकाख्यान	०– ३–०	०–१–०
श्री सद्बोधमन्दार–प्रथम गुच्छ	२– ०–०	०–३–६
श्री सद्बोधमन्दार–द्वितीय गुच्छ	२– ०–०	०–३–६
नित्यसंदेश	१– ४–०	०–२–०
विद्युत् लेखा	१– ०–०	०–२–०
जीवनव्रत	०– २–०	०–०–६
साधनश्रेणी	०–१२–०	०–१–६
साधकोनो सूर्योदय	०– २–०	०–०–६
प्राणीमात्रप्रति विशुद्ध प्रेम धरवो ए सत्सुखनो सरल उपाय छे.	०– २–०	०–०–६
नवीन कर्तव्य	०– २–०	०–०–६
साधनोनी सिद्धि शाथी नथी थती ?	०– २–०	०–०–६
मातृहृदयवेदन	०– ८–०	०–२–०
गुरुभक्तिमाहात्म्य	०– ४–०	०–०–६
रसदर्शन. દરેકનું મૂલ્ય ૬થી ૧૨ આના, દરેકનું પોસ્ટેજ		०–१–०
संवाद :		
जवाबी श्रद्धा	०– ८–०	०–१–०
बालनी फाल	०– ४–०	"
महदाश्रय	०– ८–०	"

अधमोद्धरण	०-८-०	०-१-०
मंत्रब्रह्मत्व	०-८-०	,,
सेवनासिद्धि	०-६-०	,,
भक्तिबल	०-४-०	,,
जीवनपतनो	०-४-०	,,
संध्याबल	०-८-०	,,
चिरंजीवन	०-६-०	,,

कीर्तनादि साहित्य. દરેકનું મૂલ્ય ૪થી ૧૦ આના, પોસ્ટેજ જુદું.

रसाञ्जलि	१-०-०	०-१-०
चिन्तन गीता	०-४-०	०-०-६
विश्ववंद्यविभूतिवैभव प्रथम अविष्कार } उपेन्द्राचार्यजी जयन्तीदेवी	२-०-०	०-४-०

શ્રીમતી જયન્તીદેવીરચિત ગ્રંથો

श्रीजयन्तीपद्यपीयूष	१-०-०	०-२-०
श्रीउपेन्द्र भगवत् स्तोत्र	०-८-०	०-२-०

कीर्तनमञ्जरी દરેક છૂટા ભાગનું મૂલ્ય ૩થી ૮ આના, પોસ્ટેજ જુદું.

श्रीउपेन्द्रभगवत् स्तोत्रम्	०-१-६	०-१-०
श्रीउपेन्द्रलीलामृत	०-६-०	०-१-०

શ્રી શ્રેયસ્સાધકવર્ગના લેખક શ્રીમાન્ છોટાલાલ જીવનલાલના રચેલા રસપૂર્ણ ગ્રંથો

श्री योगिनीकुमारी–प्रथम विभाग	२-८-०	०-४-६
श्री योगिनीकुमारी–द्वितीय विभाग	३-४-०	०-५-६
श्री सुधास्रोतस्विनी–प्रथमकल्लोल	०-५-०	०-०-६
श्री सुधास्रोतस्विनी–द्वितीयकल्लोल	१-८-०	०-३-०
विज्ञानी रसिक वार्ताओ	०-१२-०	०-२-०
मंगलप्रेरित सन्देशा अथवा दूरदर्शकतत्त्वनुं अद्भुत प्रकाशन	१-०-०	०-२-०
अध्यात्मबलपोषक ग्रंथमाला–प्रथम अक्ष	१-८-०	०-२-०
विद्यार्थीनो साचो मित्र	१-०-०	०-१-६
बंधकोशनो उपाय	०-१-६	०-०-६

बालकोने केवी रीते केळववां ?	०– ५–०	०–०–६
ब्रह्मचर्य	०– १–६	०–०–६
रोग टाळवाना उपायो	०– १–६	०–०–६
प्लेगथी बचवानो कोई उपाय नथी शुं ?	०– १–६	०–०–६
ईश्वरभक्ति मनुष्योए शा माटे करवी ?	०– २–०	०–०–६
श्रेयस्साधकअधिकारिवर्ग ए शुं छे ?	०– १–६	०–०–६
मूर्तिपूजानुं खंडन करनारा मूर्तिपूजाना रहस्यथी केटला अज्ञान छे ?	०– १–६	०–०–६
दुग्धोपचार अथवा दूधना सेवनवडे सघळा रोगो टाळवानो उपाय	०– २–६	०–०–६
धनवान थवानी अमोघ कला	१– ०–०	०–१–०
श्री भारती प्रतिभा (श्री भारतीदेवी)	०– ८–०	०–२–०

શ્રી શ્રેયસ્સાધકઅધિકારિવર્ગના લેખકોના ગ્રંથો

श्री भारती अर्चन–अञ्जलि	०– ८–०	०–२–०
हृदयनिवेदन	०– ४–०	०–०–६
पुरुष अने स्त्री	१– ०–०	०–२–०
श्री सद्बोधस्रवन्ती	०– ४–०	०–१–०
श्री सदुपदेशश्रेणी ૬૨થી ૭૬ સુધીના દરેક ભાગનું મૂલ્ય ૮થી ૧૨ આના, દરેકનું		પોસ્ટેજ. ૦–૨–૦

સૂચીપત્રમાં જણાવેલાં પુસ્તકો મળવાનું સરનામું:—

વ્યવસ્થાપક : **શ્રી ઉપેન્દ્ર ભગવત્‌–સ્મારક ટ્રસ્ટ,**

શ્રી વિશ્વવંદ્ય–ઉદ્યાન, કારેલીબાગ, **વડોદરા**